# પદાર્થ પ્રકાશ

(ભાગ ૮)

બૃહત્સંગ્રહણિ

(પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

શ્રી ભુવનભાનુસૂરિ-જન્મશતાબ્દીએ નવલું નજરાણું
(વિ.સં. ૨૦૬૭ ચૈત્ર વદ-૬)

# પદાર્થ પ્રકાશ

## (ભાગ-૮)

## બૃહત્સંગ્રહણિ

**પદાર્થ-સંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ**

• સંકલન + સંપાદન •
પરમપૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
**આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

વિ.સં. ૨૦૬૬ વીર સં. ૨૫૩૬

• પ્રકાશક •
**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**
**સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ**

## પ્રાપ્તિસ્થાન


- **હેમ બી.એ. શાહ એન્ડ બ્રધર્સ**
  ૨, અરિહંત એપાર્ટમેન્ટ, એસ.વી. રોડ, ઈર્લા, પાર્લા (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦૦૫૬. ફોન : ૨૬૨૫૨૫૫૭
- **શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિ આરાધના ભવન**
  C/o. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ
  શત્રુંજય પાર્કની ગલીમાં, તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦.
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૬, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાનનગરનો ટેકરો, પાલડી,
  અમદાવાદ-૭. ફોન : ૨૬૬૩૯૧૮૯
- **પી.એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬.
- **બાબુભાઈ સરેમલજી બેડાવાળા**
  સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી,
  સાબરમતી, અમદાવાદ-૫. મો : ૯૪૨૬૫૮૫૯૦૪
- **ચંદ્રકાંત એસ. સંઘવી**
  ૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે, પાટણ-૩૮૪૨૬૫.
  (ઉ.ગુ.). ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩
- **ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
  બી-૬ સર્વોદય સોસાયટી, સાંઘાણી એસ્ટેટ, એલ.બી.એસ. માર્ગ,
  ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬. ફોન : ૨૫૦૦૫૮૩૭



પ્રથમ આવૃત્તિ • નકલ : ૧,૦૦૦

**મૂલ્ય : રૂા. ૭૫-૦૦**

**મુદ્રક : ભરત ગ્રાફિક્સ**
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો : ૯૯૨૫૦૨૦૧૦૬

# દિવ્યવંદના

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**પ્રેમસૂરીશ્વરજી** મહારાજા
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા
પરમ પૂજ્ય સમતાસાગર પંન્યાસપ્રવર
શ્રી **પદ્મવિજયજી** ગણિવર્ય
આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના

## શુભાશીષ

પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**જયઘોષસૂરીશ્વરજી** મહારાજાની
અમીદૃષ્ટિ સદા અમારી
ઉપર વરસતી રહો.

## ઉપકારી ઉપકાર તમારો
## કદિય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ
પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

પૂ. પ્રવર્ત્તિની શ્રી **વસંતપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી શ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી શ્રી **દિવ્યયશાશ્રીજી** મહારાજ

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના

卐

# પ્રકાશકીય

પદાર્થ પ્રકાશ ભાગ ૮ સહર્ષ પ્રકાશિત કરીએ છીએ. આમાં બૃહત્સંગ્રહણિના પદાર્થસંગ્રહ અને મૂળગાથા-શબ્દાર્થનું સંકલન કરાયું છે. આમાં દેવો, નારકીઓ, તિર્યંચો અને મનુષ્યો - આ ચારે ગતિના જીવોના આયુષ્ય, રહેવાના સ્થાનો, શરીરની અવગાહના, ઉપપાત-ચ્યવન સંખ્યા, ઉપપાત-ચ્યવન વિરહકાળ, ગતિ, આગતિ વગેરે પદાર્થોનું વિસ્તારપૂર્વક વર્ણન કરેલ છે. આજ સુધી જીવવિચાર-નવતત્ત્વથી માંડી છટ્ઠા કર્મગ્રંથ સુધીના પદાર્થો પદાર્થપ્રકાશ ભાગ ૧ થી ૭ માં પ્રકાશિત કરેલ છે, જે અભ્યાસુઓને અત્યંત ઉપયોગી થયા છે.

શાસ્ત્રીય પદાર્થોનો સંક્ષેપમાં સંગ્રહ કરી તેની ધારણા કરવી, યાદ કરવા, પરાવર્તન કરવું-આ પ્રથા સ્વ. પૂજ્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજે તથા સ્વ. પૂજ્ય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પઠન-પાઠન માટે ચાલુ કરેલ. આ પદ્ધતિથી અતિ અલ્પ પરિશ્રમે વધુ જ્ઞાન સંપાદન કરી શકાય છે.

બન્ને ગુરુભગવંતો પાસે આ રીતે જ્ઞાન મેળવી તૈયાર કરેલ તેની નોંધ પૂજ્ય ગુરુદેવશ્રી આચાર્ય વિજયહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ પાસે વર્ષોથી પડી હતી. અન્ય અભ્યાસુઓને પણ આ ઉપયોગી હોવાથી પૂજ્યોની પ્રેરણાથી અમે આને પ્રકાશિત કરીએ છીએ. પૂજ્ય ગુરુભગવંતોને તથા અન્ય જ્ઞાનાર્થીઓને આ પ્રકાશન સહાયક બને એ જ શુભ અપેક્ષા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના અમે ખૂબ જ ઋણી છીએ. આ પુસ્તકનું સંપૂર્ણ મેટર પંડિતવર્ય પારસભાઈ ચંપકલાલ શાહ એ તપાસી આપ્યું છે. તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

પૂજ્ય માતુશ્રી મૂળીબેને સુકૃતોના લાભ માટે સ્થાપેલ ટ્રસ્ટ દ્વારા શ્રુતભક્તિનો પણ વિશેષ લાભ મળતો રહે એ જ શ્રુતાધિષ્ઠાયિકા સરસ્વતી દેવીને પુનઃ પુનઃ પ્રાર્થના.

**લિ. સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટના**
**ટ્રસ્ટીઓ**

# મન સાધ્યુ તેણે સઘળું સાધ્યુ

**આનંદઘનજી મહારાજે કુંથુનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે -**

**'મન સાધ્યુ તેણે સઘળું સાધ્યુ, એહ વાત નહિ ખોટી;**
**એમ કહે સાધ્યુ તે નવિ માનું, એક હી વાત છે મોટી.**
**હો કુંથુ જિન ! મનડુ કિમ હિ ન બાજે, હો કુંથુ જિન ! મનડુ કિમહિ ન બાજે. ૮'**

મોક્ષે જવાની સાધનાઓમાં સૌથી મહત્ત્વની સાધના છે મનને વશ કરવાની સાધના. મન બહુ ચંચળ છે. તે સતત અશુભ વિચારોમાં આળોટ્યા કરે છે. તેથી આત્મા અશુભ કર્મો બાંધી સંસારમાં રખડે છે. માટે મન ઉપર સતત ચેકીંગ રાખી તેને સદા શુભ વિચારોમાં રમતું રાખવું જોઈએ. એ માટે શાસ્ત્રીય પદાર્થોનું ચિંતન જરૂરી છે. શાસ્ત્રીય પદાર્થોને જાણી, એમને કંઠસ્થ કરી, એમનુ પરાવર્તન કરવાથી, એમની ઉપર ચિંતન કરવાથી આત્માને ઘણો લાભ થાય છે.

શાસ્ત્રોમાં પદાર્થો બહુ વિસ્તારથી આપેલા છે. તેમને ટૂંકમાં અને સંપૂર્ણપણે સમજી શકાય અને પછી કંઠસ્થ કરી શકાય એ માટે ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૬ કર્મગ્રંથોના પદાર્થોનું સંકલન કરવાનું શરૂ કર્યું હતું. તે આજ સુધીમાં પદાર્થપ્રકાશ ભાગ ૧ થી ૭ રૂપે પ્રકાશિત થઈ ચુક્યા છે. તે ચતુર્વિધ સંઘમાં બહુ ઉપયોગી નીવડ્યા છે. ચતુર્વિધ સંઘમાં તેમનો ખૂબ લાભ મળે છે.

પદાર્થ પ્રકાશ શ્રેણીમાં આજે એક નવું કિરણ ઉમેરાઈ રહ્યું છે અને એ છે **'પદાર્થપ્રકાશ ભાગ-૮, બૃહત્સંગ્રહણિના પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ.'** આ આઠમા ભાગમાં બૃહત્સંગ્રહણિના બધા પદાર્થો ટૂંકમાં, સરળ ભાષામાં, સંપૂર્ણપણે આવરી લેવાયા છે.

બૃહત્સંગ્રહણિમાં મુખ્યપણે ચાર અધિકારો છે - દેવાધિકાર, નરકાધિકાર, મનુષ્યાધિકાર, તિર્યંચાધિકાર. આમાંથી દેવાધિકારમાં અને નરકાધિકારમાં ૯-૯ દ્વારો છે તથા મનુષ્યાધિકારમાં અને તિર્યંચાધિકારમાં

૮-૮ દ્વારો છે. આમ કુલ ૩૪ દ્વારોની વિચારણા આ ગ્રન્થમાં કરી છે. ત્યાર પછી અમુક વિશેષ પદાર્થો પણ જણાવ્યા છે.

બૃહત્સંગ્રહણિની જેમ સંગ્રહણિસૂત્રમાં પણ ચાર અધિકાર અને ૩૪ દ્વારોની વિચારણા કરી છે.

આ બન્ને ગ્રન્થોના પદાર્થો લગભગ સરખા છે.

આ બન્ને મૂળ ગ્રન્થો અને તેમની ટીકાઓના બધા પદાર્થોનું સંકલન અમે આ પદાર્થપ્રકાશ ભાગ-૮ માં કર્યું છે. અમુક સ્થળોએ બન્ને ગ્રંથોમાં મતભેદ છે તે મતભેદો તે તે સ્થળે જણાવ્યા છે.

ઘણા પદાર્થોને કોઠાઓ રૂપે સાંકળી લીધા હોવાથી સમજવામાં સરળતા રહે છે.

બૃહત્સંગ્રહણિના રચયિતા શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી મહારાજ છે. બૃહત્સંગ્રહણિની ટીકા શ્રીમલયગિરિ મહારાજે રચી છે. સંગ્રહણિસૂત્રના રચયિતા શ્રી શ્રીચન્દ્રસૂરિ મહારાજ છે. સંગ્રહણિસૂત્રની ટીકા શ્રીદેવભદ્રસૂરિ મહારાજે રચી છે. આ બન્ને મૂળકાર અને બન્ને ટીકાકાર મહાત્માઓને આજે કૃતજ્ઞતાભાવે નમન કરીએ છીએ, કેમકે એમના મૂળગ્રન્થો અને ટીકાગ્રન્થોના કારણે આજે આપણને સ્વાધ્યાયની સુંદર તક મળી છે.

પદાર્થસંગ્રહ પછી બન્ને મૂળગ્રન્થોની ગાથાઓ અને તેમના શબ્દાર્થો આપ્યા છે. તેથી ગાથા ગોખનારા પુણ્યાત્માઓ માટે પણ આ ગ્રંથ બહુ ઉપયોગી છે. બૃહત્સંગ્રહણિની ૩૬૭ ગાથાઓ છે અને સંગ્રહણિસૂત્રની ૩૪૭ ગાથાઓ છે.

ગાથા-શબ્દાર્થ પછી પુસ્તકને અંતે પદાર્થોને સમજવા ઉપયોગી ચિત્રો પણ આપ્યા છે.

આમ આ પુસ્તકના અભ્યાસથી બૃહત્સંગ્રહણિ અને સંગ્રહણિસૂત્રના પદાર્થો, ગાથાઓ અને શબ્દાર્થોનો સાંગોપાંગ બોધ થાય છે.

પદાર્થસંગ્રહની પહેલા આ પુસ્તકમાં આવતા વિષયોની વિસ્તૃત અનુક્રમણિકા આપી છે. તેથી વાચકવર્ગને કોઈપણ વિષય શોધવામાં ખૂબ સરળતા રહે છે.

ચતુર્વિધ સંઘે આ ગ્રન્થના અભ્યાસથી બૃહત્સંગ્રહણિના પદાર્થોને સમજવા, કંઠસ્થ કરવા, તેમનો પાઠ કરવો અને તેમની ઉપર ચિંતન કરવું. આમ કરવાથી મન શુભ ધ્યાનમાં રહેશે અને મુક્તિ નિકટ બનશે.

આ સંપૂર્ણ ગ્રન્થમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈપણ નિરૂપણ થયું હોય તો તેની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું.

આ પુસ્તકના પઠન-પાઠન દ્વારા સહુ આત્મકલ્યાણ સાધી શીઘ્ર મુક્તિગામી બને એ જ શુભાભિલાષા.

પંકજ સોસાયટી, અમદાવાદ
ચૈત્ર વદ-૧૩, વિ.સં. ૨૦૬૬

- પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-ચરણકિંકર
આચાર્ય વિજયહેમચન્દ્રસૂરિ

## પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા દ્વારા લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ

(૧) પદાર્થ પ્રકાશ ભાગ-૧
(જીવવિચાર-નવતત્ત્વ પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૨) પદાર્થ પ્રકાશ ભાગ-૨
(દંડક-લઘુ સંગ્રહણી પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૩) પદાર્થ પ્રકાશ ભાગ-૩
(૧લા, ૨જા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૪) પદાર્થ પ્રકાશ ભાગ-૪
(૩જા, ૪થા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫) મુક્તિનું મંગલદ્વાર
(ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનાનો સંગ્રહ)

(૬) શ્રીસીમંધરસ્વામીની આરાધના (મહિમાવર્ણન-ભક્તિગીતો વગેરે)

(૭) ચાતુર્માસિક અને જીવનના નિયમો

(૮) વીશ વિહરમાન જિન સચિત્ર

(૯) વીશ વિહરમાન જિન પૂજા

(૧૦) બંધનથી મુક્તિ તરફ
(બારવ્રત તથા ભવ-આલોચના વિષયક સમજણ)

(૧૧) નમસ્કાર મહામંત્ર મહિમા તથા જાપ નોંધ

(૧૨) પંચસૂત્ર (સૂત્ર ૧લુ) સાનુવાદ

(૧૩) તત્ત્વાર્થ ઉષા (લે.-પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.)

(૧૪) સાત્ત્વિકતાનો તેજ સિતારો (પ.પૂ. પદ્મવિજયજી મ.નું ચરિત્ર)

(૧૫) પ્રેમપ્રભા ભાગ-૧ (પૂ.આ. પ્રેમસૂરિ મ.ના ગુણાનુવાદ)

(૧૬) પ્રેમપ્રભા ભાગ-૨ (વિવિધ વિષયોના ૧૬૦ શ્લોકો સાનુવાદ)

(૧૭) પ્રેમપ્રભા ભાગ-૩ (બ્રહ્મચર્ય સમાધિ અંગે શાસ્ત્રીય શ્લોકો-વાક્યો-સાનુવાદ)

(૧૮) સાધુતાનો ઉજાસ
(લે.પૂ.પં. પદ્મવિજયજી મ.) (પ્રેમપ્રભાગ ભાગ-૪)

(૧૯) પરમપ્રાર્થના (અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીશી, આત્મનિંદા દ્વાત્રિંશિકા આદિ સ્તુતિઓનો સંગ્રહ)

(૨૦) ભક્તિમાં ભીંજાણા (પં. પદ્મવિજયજી ગણિવર્ય)
(વીરવિજયજી મ. કૃત સ્નાત્રનું ગુજરાતીમાં વિવેચન)

(૨૧) વૈરાગ્યશતક, ઈન્દ્રિયપરાજયશતક, સિંદૂરપ્રકર, ગૌતમકુલક સાનુવાદ (પૂ.આ. જયઘોષસૂરિ મ.સા.) (પ્રેમપ્રભા ભાગ-૫)

(૨૨) આદીશ્વર અલબેલો રે (પૂ. ગણિ કલ્યાણબોધિવિજયજી)
(શત્રુંજય તીર્થના ચૈત્યવંદનો-સ્તુતિઓ-સ્તવનોનો સંગ્રહ)

(૨૩) ઉપધાન તપવિધિ

(૨૪) રત્નકુક્ષી માતા પાહિણી

(૨૫) સતી-સોનલ

(૨૬) નેમિ દેશના

(૨૭) નરક દુઃખ વેદના ભારી

(૨૮) પંચસૂત્રનું પરિશીલન

(૨૯) પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)

(૩૦) પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)

(૩૧) અધ્યાત્મયોગી (આ.કલાપૂર્ણસૂરિજીનું સંક્ષિપ્ત જીવન દર્શન)

(૩૨) ચિત્કાર

(૩૩) મનોનુશાસન

(૩૪) ગુરુ દીવો, ગુરુ દેવતા (પ્રેમપ્રભા ભાગ-૬)

(૩૫) ભાવે ભજો અરિહંતને

(૩૬) લક્ષ્મી સરસ્વતી સંવાદ

(૩૭) પ્રભુ ! તુજ વચન અતિભલું (પ્રેમપ્રભા ભાગ-૭)

(૩૮-૪૦) અરિહંતની વાણી હૈયે સમાણી ભાગ-૧, ૨, ૩

(૪૧) સમાધિ સાર (પ્રેમપ્રભા ભાગ-૮)

(૪૨-૪૫) રસથાળ ભાગ-૧, ૨, ૩, ૪

(૪૬) સમતાસાગર (પૂ.પં. પદ્મવિ. મ.ના ગુણાનુવાદ)

(૪૭) પ્રભુ દરિસણ સુખ સંપદા

(૪૮) શુદ્ધિ (ભવ આલોચના)

(૪૯) પ્રભુ ! તુજ વચન અતિ ભલું ભાગ-૨ (પ્રેમપ્રભા ભાગ-૯)

(૫૦) ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો

(૫૧) કામ સુભટ ગયો હારી (પ્રેમપ્રભા ભાગ-૧૦)

(૫૨-૫૩) ગુરુની શીખડી, અમૃતની વેલડી ભાગ-૧, ૨
(પ્રેમપ્રભા ભાગ-૧૧, ૧૨)

(૫૪) પદાર્થપ્રકાશ ભાગ-૫
(ત્રણ ભાષ્યનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫૫) મહાવિદેહના સંત ભારતમાં

(૫૬) પદાર્થ પ્રકાશ ભાગ-૬
(પાંચમા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

(૫૭) પદાર્થ પ્રકાશ ભાગ-૭
(છઠ્ઠા કર્મગ્રંથનો પદાર્થસંગ્રહ તથા ગાથા-શબ્દાર્થ)

## અંગ્રેજી સાહિત્ય

(૧) A Shining Star of Spirituality
(સાત્ત્વિકતાનો તેજ સિતારોનો અનુવાદ)

(૨) Padartha Prakash Part-I (જીવવિચાર-નવતત્ત્વ)

(૩) Pahini-A Gem-womb Mother
(રત્નકુક્ષી માતા પાહિણીનો અનુવાદ)

## સંસ્કૃત સાહિત્ય

(૧) समतासागरचरितम् (પં. પદ્મવિજયજી મ.નું જીવન ચરિત્ર)

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.

# વિષયાનુક્રમ


| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| **(A)** | **શ્રી બૃહત્સંગ્રહણિનો પદાર્થસંગ્રહ** | **૧-૧૫૩** |
| ૧ | નવ દ્વારો | ૧ |
| **(B)** | **દેવાધિકાર** | **૨-૭૭** |
| ૨ | દેવોના પ્રકાર | ૨-૩ |
| ૩ | દ્વાર ૧-સ્થિતિ | ૪ |
| ૪ | ભવનપતિ-વ્યન્તર-જ્યોતિષ દેવ-દેવીની સ્થિતિ | ૫ |
| ૫ | વૈમાનિક દેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૬-૭ |
| ૬ | વૈમાનિક દેવલોકના પ્રતરો | ૮ |
| ૭ | સૌધર્મ દેવલોકના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૯ |
| ૮ | દેવલોકના દરેક પ્રતરમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવાનું કરણ | ૧૦ |
| ૯ | સનત્કુમાર-માહેન્દ્રના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૧ |
| ૧૦ | બ્રહ્મલોક-લાંતકના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૨ |
| ૧૧ | મહાશુક્ર-સહસ્રાર-આનતના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૩ |
| ૧૨ | પ્રાણત-આરણ-અચ્યુતના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૪ |
| ૧૩ | ગ્રૈવેયક-અનુત્તરના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૧૫ |
| ૧૪ | દ્વાર ૨-ભવન | ૧૬ |
| ૧૫ | ઈન્દ્રોની અગ્રમહિષીઓ | ૧૭ |
| ૧૬ | ભવનપતિ દેવો સંબંધી વિગત | ૧૮ |
| ૧૭ | વ્યન્તરોના પ્રકાર | ૧૯-૨૧ |
| ૧૮ | વાણવ્યન્તરેન્દ્રો, જ્યોતિષ વિમાનોની સંખ્યા | ૨૨ |
| ૧૯ | દ્વીપો-સમુદ્રોમાં ચન્દ્ર-સૂર્યની સંખ્યા | ૨૩ |
| ૨૦ | ચન્દ્ર-સૂર્યનું ચારક્ષેત્ર | ૨૪ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૧ | દિગંબર મતાંતર | ૨૫-૨૬ |
| ૨૨ | બીજો મતાંતર | ૨૭ |
| ૨૩ | મનુષ્યક્ષેત્રમાં ૬૬, ૯૭૫ કોટીકોટી તારા શી રીતે સમાય ? | ૨૮ |
| ૨૪ | જ્યોતિષવિમાનોના આકાર, વર્ણ, લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ | ૨૯ |
| ૨૫ | જ્યોતિષવિમાનોનું સ્થાન | ૩૦ |
| ૨૬ | જ્યોતિષવિમાનોને વહન કરનારા દેવો | ૩૧ |
| ૨૭ | જંબૂદ્વીપમાં તારા વિમાનોનું અંતર | ૩૨ |
| ૨૮ | બે પ્રકારના રાહુ | ૩૩ |
| ૨૯ | મનુષ્યક્ષેત્ર | ૩૪ |
| ૩૦ | દ્વીપ-સમુદ્રોના નામ | ૩૫ |
| ૩૧ | દ્વીપ-સમુદ્રોના અધિપતિ દેવો | ૩૬ |
| ૩૨ | સમુદ્રોની વિગત | ૩૭ |
| ૩૩ | વૈમાનિક દેવલોકના વિમાનો | ૩૮ |
| ૩૪ | બે પ્રકારના વિમાનો | ૩૯ |
| ૩૫ | વૈમાનિક દેવલોકના ઈન્દ્રક વિમાનો | ૪૦ |
| ૩૬ | આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યા જાણવા કારણ | ૪૧ |
| ૩૭ | વૈમાનિક દેવલોકના વિમાનો | ૪૨ |
| ૩૮ | પહેલા-બીજા દેવલોકના પ્રતરોમાં વિમાનો | ૪૩ |
| ૩૯ | ત્રીજા-ચોથા-પાંચમા દેવલોકના પ્રતરોમાં વિમાનો | ૪૪ |
| ૪૦ | છઠ્ઠાથી દસમા દેવલોકના પ્રતરોમાં વિમાનો | ૪૫ |
| ૪૧ | અગ્યારમા દેવલોકથી અનુત્તર સુધીના પ્રતરોમાં વિમાનો | ૪૬ |
| ૪૨ | સૌધર્મથી માહેન્દ્ર દેવલોકના દિશાગત વિમાનો | ૪૭-૪૮ |
| ૪૩ | વૈમાનિક દેવલોક સંબંધી વિગત | ૪૯ |
| ૪૪ | તમસ્કાય | ૫૦ |
| ૪૫ | કૃષ્ણરાજી | ૫૧ |
| ૪૬ | લોકાન્તિક દેવો | ૫૨ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૪૭ | દેવલોકના વિમાનોની લંબાઈ, પહોળાઈ અને પરિધિ . . | ૫૩-૫૪ |
| ૪૮ | ચૌદરાજલોકનું સ્વરૂપ . . . . . . . . . . . . . . . | ૫૫-૫૬ |
| ૪૯ | દ્વાર ૩-અવગાહના . . . . . . . . . . . . . . . . . . | ૫૭ |
| ૫૦ | વૈમાનિક દેવલોકમાં સ્થિતિ પ્રમાણે અવગાહના જાણવાનું કરણ . . . . . . . . . . . . | ૫૮ |
| ૫૧ | વૈમાનિક દેવલોકમાં સ્થિતિ પ્રમાણે અવગાહના . . . . . . | ૫૯ |
| ૫૨ | દ્વાર ૪ - ઉપપાતવિરહકાળ . . . . . . . . . . . . . . | ૬૦ |
| ૫૩ | દ્વાર ૫ - ચ્યવનવિરહકાળ . . . . . . . . . . . . . . | ૬૧ |
| ૫૪ | દ્વાર ૬-૭-૮ . . . . . . . . . . . . . . . . . . | ૬૨ |
| ૫૫ | દેવોમાં વિશેષથી ગતિ . . . . . . . . . . . . . . . | ૬૩ |
| ૫૬ | દેવલોકમાં જીવોનો ઉત્કૃષ્ટ-જઘન્ય ઉપપાત . . . . . . . . | ૬૪ |
| ૫૭ | દ્વાર ૯ - આગતિ . . . . . . . . . . . . . . . . . | ૬૫ |
| ૫૮ | અપરિગૃહીતા દેવીઓ . . . . . . . . . . . . . . . | ૬૬ |
| ૫૯ | દેવોની લેશ્યા . . . . . . . . . . . . . . . . . . | ૬૭ |
| ૬૦ | છ પ્રકારના સંઘયણ . . . . . . . . . . . . . . . | ૬૮ |
| ૬૧ | છ પ્રકારના સંસ્થાન . . . . . . . . . . . . . . . | ૬૯ |
| ૬૨ | જીવોનો આહાર . . . . . . . . . . . . . . . . . . | ૭૦ |
| ૬૩ | જીવોનો આહાર અને શ્વાસોચ્છ્વાસ . . . . . . . . . . . | ૭૧ |
| ૬૪ | દેવોને શ્વાસોચ્છ્વાસ અને આહાર કેટલા કાળે . . . . . . . | ૭૨ |
| ૬૫ | દેવોનું સ્વરૂપ . . . . . . . . . . . . . . . . . . | ૭૩ |
| ૬૬ | દેવોનું અવધિજ્ઞાનનું ક્ષેત્ર . . . . . . . . . . . . . . | ૭૪ |
| ૬૭ | જીવોના અવધિજ્ઞાનના ક્ષેત્રનો આકાર . . . . . . . . . . | ૭૫ |
| ૬૮ | દેવોના પૃથ્વીતલ ઉપર આવવાના અને ન આવવાના કારણો . . . . . . . . . . . . . . | ૭૬ |
| ૬૯ | મનુષ્યક્ષેત્રની ગન્ધ ૪૦૦-૫૦૦ યોજન ઉપર શી રીતે જાય ? . . . . . . . . . . . . . . . . . | ૭૭ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| (C) | **નરકાધિકાર** | ૭૮-૧૦૯ |
| ૭૦ | દ્વાર ૧ - સ્થિતિ | ૭૮ |
| ૭૧ | રત્નપ્રભાના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૭૯ |
| ૭૨ | શર્કરાપ્રભાના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૮૦ |
| ૭૩ | વાલુકાપ્રભાના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૮૧ |
| ૭૪ | પંકપ્રભાના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૮૨ |
| ૭૫ | ધૂમપ્રભા-તમઃપ્રભાના પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ | ૮૩ |
| ૭૬ | નરકમાં ક્ષેત્રસ્વભાવજનિત વેદના | ૮૪ |
| ૭૭ | નારકીને દશ પ્રકારની વેદના | ૮૫ |
| ૭૮ | નરકમાં પુદ્ગલોનો દશ પ્રકારનો પરિણામ | ૮૬ |
| ૭૯ | નરકમાં પરસ્પરોદીરિત વેદના | ૮૭ |
| ૮૦ | નરકમાં પરમાધામીકૃત વેદના | ૮૮ |
| ૮૧ | કઈ નરકમાં કેટલા પ્રકારની વેદના | ૮૯ |
| ૮૨ | દ્વાર ૨ - ભવન | ૯૦ |
| ૮૩ | નરકપૃથ્વીઓ શેની બનેલી છે ? | ૯૧ |
| ૮૪ | નરકપૃથ્વીઓમાં ઘનોદધિ વગેરેની જાડાઈ | ૯૨ |
| ૮૫ | નરકપૃથ્વીઓમાં નરકાવાસ | ૯૩ |
| ૮૬ | નરકપૃથ્વીઓમાં બે પ્રતર વચ્ચેનું અંતર | ૯૪ |
| ૮૭ | આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ જાણવા કરણ | ૯૫ |
| ૮૮ | પહેલી-બીજી નરકના નરકાવાસ | ૯૬ |
| ૮૯ | ત્રીજી-ચોથી નરકના નરકાવાસ | ૯૭ |
| ૯૦ | પાંચમી-છઠ્ઠી-સાતમી નરકના નરકાવાસ | ૯૮ |
| ૯૧ | દ્વાર ૩ - અવગાહના | ૯૯ |
| ૯૨ | પહેલી નરકના પ્રતરોમાં અવગાહના | ૧૦૦ |
| ૯૩ | બીજી નરકના પ્રતરોમાં અવગાહના | ૧૦૧ |
| ૯૪ | ત્રીજી-ચોથી નરકના પ્રતરોમાં અવગાહના | ૧૦૨ |
| ૯૫ | પાંચમી નરકના પ્રતરોમાં અવગાહના | ૧૦૩ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૯૬ | છઠ્ઠી-સાતમી નરકના પ્રતરોમાં અવગાહના | ૧૦૪ |
| ૯૭ | દ્વાર ૪-૫-૬-૭-૮ | ૧૦૫ |
| ૯૮ | કયા જીવો કઈ નરક સુધી જાય ? | ૧૦૬ |
| ૯૯ | દ્વાર ૯ - આગતિ. | ૧૦૭ |
| ૧૦૦ | નારકીઓની લેશ્યા | ૧૦૮ |
| ૧૦૧ | નારકીઓના અવધિજ્ઞાનનું ક્ષેત્ર. | ૧૦૯ |
| **(D)** | **મનુષ્યાધિકાર** | **૧૧૦-૧૧૯** |
| ૧૦૨ | દ્વાર ૧-૨ | ૧૧૦ |
| ૧૦૩ | દ્વાર ૩-૪-૫-૬-૭ | ૧૧૧ |
| ૧૦૪ | કયા જીવો મનુષ્યમાં કઈ પદવી પામી શકે ? | ૧૧૨ |
| ૧૦૫ | ચક્રવર્તીના ૧૪ રત્નો | ૧૧૩ |
| ૧૦૬ | દ્વાર ૮ - આગતિ. | ૧૧૪ |
| ૧૦૭ | એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધ | ૧૧૫-૧૧૮ |
| ૧૦૮ | મનુષ્યને લેશ્યા. | ૧૧૯ |
| **(E)** | **તિર્યંચાધિકાર** | **૧૨૦-૧૨૮** |
| ૧૦૯ | દ્વાર ૧ - સ્થિતિ | ૧૨૦ |
| ૧૧૦ | પંચેન્દ્રિય તિર્યંચની વિશેષ સ્થિતિ | ૧૨૧ |
| ૧૧૧ | દ્વાર ૨ - અવગાહના | ૧૨૨ |
| ૧૧૨ | એકેન્દ્રિયની વિશેષ અવગાહના | ૧૨૩ |
| ૧૧૩ | વિકલેન્દ્રિય-પંચેન્દ્રિયની અવગાહના. | ૧૨૪ |
| ૧૧૪ | દ્વાર ૩-૪-૫. | ૧૨૫ |
| ૧૧૫ | દ્વાર ૬-૭ | ૧૨૬ |
| ૧૧૬ | દ્વાર ૮ - આગતિ, લેશ્યા | ૧૨૭ |
| ૧૧૭ | જીવોની પરભવમાં લેશ્યા | ૧૨૮ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| **(F)** | **વિશેષ અધિકાર** | **૧૨૯-૧૫૩** |
| ૧૧૮ | નિગોદનું સ્વરૂપ | ૧૨૯ |
| ૧૧૯ | ત્રણ પ્રકારના અંગુલ | ૧૩૦ |
| ૧૨૦ | ઉત્સેધાંગુલ | ૧૩૧ |
| ૧૨૧ | પ્રમાણાંગુલ | ૧૩૨ |
| ૧૨૨ | વેદ | ૧૩૩ |
| ૧૨૩ | યોનિ | ૧૩૪ |
| ૧૨૪ | કુલ | ૧૩૫ |
| ૧૨૫ | ત્રણ પ્રકારની યોનિ | ૧૩૬ |
| ૧૨૬ | મનુષ્યયોનિના ત્રણ પ્રકાર, આયુષ્યના ૭ પદાર્થો | ૧૩૭ |
| ૧૨૭ | બંધકાળ, અબાધાકાળ, અંતસમય | ૧૩૮ |
| ૧૨૮ | અપવર્તનીયાયુષ્ય, અનપવર્તનીયાયુષ્ય | ૧૩૯ |
| ૧૨૯ | ઉપક્રમ | ૧૪૦ |
| ૧૩૦ | અનુપક્રમ, પર્યાપ્તિ | ૧૪૧ |
| ૧૩૧ | પ્રાણ | ૧૪૨ |
| ૧૩૨ | સંક્ષિપ્તતર સંગ્રહણિ, શરીર દ્વાર | ૧૪૩ |
| ૧૩૩ | શરીરદ્વારમાં સ્વામી, વિષય | ૧૪૪ |
| ૧૩૪ | શરીરદ્વારમાં પ્રયોજન, પ્રમાણ, અવગાહના | ૧૪૫ |
| ૧૩૫ | શરીરદ્વારમાં સ્થિતિ, અલ્પબહુત્વ | ૧૪૬ |
| ૧૩૬ | અવગાહના, સંઘયણ, સંસ્થાન | ૧૪૭ |
| ૧૩૭ | અજીવોના સંસ્થાન | ૧૪૮-૧૪૯ |
| ૧૩૮ | કષાય, સંજ્ઞા, લેશ્યા, ઈન્દ્રિય | ૧૫૦ |
| ૧૩૯ | સમુદ્ઘાત, સંજ્ઞી | ૧૫૧ |
| ૧૪૦ | વેદ, પર્યાપ્તિ, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, યોગ | ૧૫૨ |
| ૧૪૧ | ઉપયોગ, કિમાહાર, ઉપપાત, સ્થિતિ, સમુદ્ઘાત, ચ્યવન, ગતિ, આગતિ | ૧૫૩ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| **(G)** | **શ્રીબૃહત્સંગ્રહણિના મૂળગાથા-શબ્દાર્થ** | **૧૫૪-૨૨૩** |
| **(H)** | **શ્રીસંગ્રહણિસૂત્રના મૂળ-ગાથા-શબ્દાર્થ** | **૨૨૪-૨૯૫** |
| **(I)** | **ચિત્રો** | **૨૯૬-૩૦૮** |
| ૧૪૨ | રત્નપ્રભાપૃથ્વીમાં ભવનપતિ, વ્યન્તર, વાણવ્યન્તર અને નરકના સ્થાન | ૨૯૬ |
| ૧૪૩ | જ્યોતિષ વિમાનોના સ્થાનો | ૨૯૭ |
| ૧૪૪ | તિર્ચ્છાલોક અને મનુષ્યક્ષેત્ર | ૨૯૮ |
| ૧૪૫ | વૈમાનિક દેવલોકના એક પ્રતરમાં રહેલા આવલિકાગત અને પુષ્પાવકીર્ણ વિમાનો | ૨૯૯ |
| ૧૪૬ | વૈમાનિક દેવલોકના આવલિકાગત ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનો | ૩૦૦ |
| ૧૪૭ | તમસ્કાય | ૩૦૧ |
| ૧૪૮ | કૃષ્ણરાજી | ૩૦૨ |
| ૧૪૯ | ચૌદ રાજલોકનું સ્વરૂપ તથા વૈમાનિક દેવલોકો અને નરકીના સ્થાનો | ૩૦૩ |
| ૧૫૦ | નરકના એક પ્રતરના નરકાવાસો | ૩૦૪ |
| ૧૫૧ | સિદ્ધશિલા અને સિદ્ધભગવંતો | ૩૦૫ |
| ૧૫૨ | નિગોદનું સ્વરૂપ | ૩૦૬ |
| ૧૫૩ | નિશ્ચયમતે વક્રગતિમાં અને ઋજુગતિમાં પરભવના આયુષ્યનો ઉદય અને પરભવનો આહાર | ૩૦૭ |
| ૧૫૪ | વ્યવહારમતે વક્રગતિમાં અને ઋજુગતિમાં પરભવના આયુષ્યનો ઉદય અને પરભવનો આહાર | ૩૦૮ |

### શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણ વિરચિત

# શ્રીબૃહત્સંગ્રહણિ

## (પદાર્થસંગ્રહ)

શ્રીબૃહત્સંગ્રહણિ શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણજીએ રચેલ છે. તેની ઉપર શ્રીમલયગિરિ મહારાજે ટીકા રચેલ છે. શ્રીસંગ્રહણિસૂત્ર શ્રીશ્રીચન્દ્રસૂરિજીએ રચેલ છે. તેની ઉપર શ્રીદેવભદ્રસૂરિજીએ ટીકા રચેલ છે. આ બન્ને મૂળગ્રન્થો અને બન્ને ટીકાઓના આધારે આ પદાર્થોનું નિરૂપણ કરાય છે.

**૯ દ્વારો :-**

(૧) **સ્થિતિ** - આયુષ્ય

(૨) **ભવન** - આલય, દેવો-નારકોને રહેવાના સ્થાન.

(૩) **અવગાહના** - શરીરની લંબાઈ અથવા ઊંચાઈ.

(૪) **ઉપપાતવિરહકાળ** - દેવ વગેરેમાં[1] એક જીવ ઉત્પન્ન થયા પછી કેટલા કાળે બીજો જીવ ઉત્પન્ન થાય તે.

(૫) **ચ્યવનવિરહકાળ (ઉદ્વર્તનવિરહકાળ)** - દેવ વગેરેમાંથી એક જીવનું ચ્યવન થયા પછી ફરી કેટલા કાળે બીજા જીવનું ચ્યવન થાય તે.

(૬) **એકસમયઉપપાતસંખ્યા** - દેવ વગેરેમાં એક સમયે કેટલા જીવો ઉત્પન્ન થાય તે.

(૭) **એકસમયચ્યવનસંખ્યા (એકસમયઉદ્વર્તનસંખ્યા)** - દેવ વગેરેમાંથી એક સમયે કેટલા જીવોનું ચ્યવન થાય તે.

---

૧. વગેરેથી મનુષ્ય, તિર્યંચ, નારક લેવા. એમ આગળ પણ જાણવું.

(૮) **ગતિ** - દેવ વગેરેમાં કયા જીવો ઉત્પન્ન થાય તે.[૧]

(૯) **આગતિ** - દેવ વગેરેમાંથી ચ્યવીને જીવો ક્યાં ઉત્પન્ન થાય તે.[૨]

**૪ અધિકાર :-**

(૧) દેવાધિકાર, (૨) નરકાધિકાર, (૩) મનુષ્યાધિકાર, (૪) તિર્યંચાધિકાર.

દેવાધિકાર અને નરકાધિકારમાં ૯-૯ દ્વારોનું નિરૂપણ કરાશે. મનુષ્યાધિકાર અને તિર્યંચાધિકારમાં ભવન સિવાયના ૮-૮ દ્વારોનું નિરૂપણ કરાશે, કેમકે મનુષ્ય-તિર્યંચોના રહેવાના સ્થાન નિયત નથી હોતા. એટલે કુલ ૩૪ દ્વારોનું નિરૂપણ કરાશે.

## (૧) દેવાધિકાર

દેવો ચાર પ્રકારના છે -

(૧) **ભવનપતિ** - તે ૧૦ પ્રકારના છે.

(૧) અસુરકુમાર, (૬) વાયુકમાર,
(૨) નાગકુમાર, (૭) સ્તનિતકુમાર,
(૩) વિદ્યુત્કુમાર, (૮) ઉદધિકુમાર,
(૪) સુવર્ણકુમાર, (૯) દ્વીપકુમાર,
(૫) અગ્નિકુમાર, (૧૦) દિક્કુમાર.

(૨) **વ્યન્તર** - તે ૮ પ્રકારના છે -

(૧) પિશાચ, (૩) યક્ષ, (૫) કિન્નર, (૭) મહોરગ,
(૨) ભૂત, (૪) રાક્ષસ, (૬) કિંપુરુષ, (૮) ગન્ધર્વ.

---

૧. ૨. બૃહત્સંગ્રહણિ મૂળ-ટીકામાં અને સંગ્રહણિસૂત્ર મૂળ-ટીકામાં ગતિ-આગતિની વ્યાખ્યા આ પ્રમાણે કરી હોવાથી અમે પણ તે જ પ્રમાણે ગતિ-આગતિની વ્યાખ્યા કરી છે. અન્ય ગ્રન્થોમાં ગતિ-આગતિની વ્યાખ્યા વિપરીત રીતે કરી છે. તે આ પ્રમાણે- ગતિ=દેવ વગેરે ચ્યવીને ક્યાં જાય તે. આગતિ=અન્ય જીવોમાંથી દેવ વગેરેમાં કોણ આવે તે.

(૩) **જ્યોતિષ** - તે ૫ પ્રકારના છે -

(૧) ચન્દ્ર, (૩) ગ્રહ, (૫) તારા.

(૨) સૂર્ય, (૪) નક્ષત્ર,

આ દરેક અસંખ્ય હોય છે.

(૪) **વૈમાનિક** - તે ૨ પ્રકારના છે -

(૧) કલ્પોપન્ન - ૧૨ દેવલોકના દેવો.

(૨) કલ્પાતીત - ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તરના દેવો.

ભવનપતિમાં અને વૈમાનિકમાં ૧૦-૧૦ પ્રકારના દેવો હોય છે. તે આ પ્રમાણે -

(૧) **ઈન્દ્ર** - દેવલોકના સ્વામી.

(૨) **સામાનિક** - ઈન્દ્રની સમાન કાંતિ અને વૈભવ વાળા દેવો. તેઓ ઈન્દ્રોને પૂજ્ય હોય છે અને ઈન્દ્રને સ્વામી તરીકે સ્વીકારે છે.

(૩) **ત્રાયસ્ત્રિંશ** - ઈન્દ્રના મન્ત્રી, પુરોહિત જેવા દેવો. તે ૩૩ હોય છે.

(૪) **પાર્ષદ્ય** - પર્ષદાના દેવો. તેઓ ઈન્દ્રના મિત્ર જેવા હોય છે.

(૫) **આત્મરક્ષક** - ઈન્દ્રના રક્ષક દેવો.

(૬) **લોકપાલ** - અન્યાયકારી દેવોનો નિગ્રહ કરનારા દેવો.

(૭) **સેનાપતિ** - સૈન્યના અધિપતિ દેવો. સૈન્ય ૭ પ્રકારના છે-

(૧) ઘોડાઓનું સૈન્ય, (૪) બળદોનું / પાડાઓનું સૈન્ય[1],

(૨) હાથીઓનું સૈન્ય, (૫) સૈનિકોનું સૈન્ય,

(૩) રથોનું સૈન્ય, (૬) ગન્ધર્વસૈન્ય,

(૭) નાટ્યસૈન્ય.

---

૧. વૈમાનિક ઈન્દ્રોને બળદોનું સૈન્ય હોય છે, શેષ ઈન્દ્રોને પાડાઓનું સૈન્ય હોય છે.

આમાંથી પહેલા પાંચ સૈન્યો યુદ્ધ માટે છે. છેલ્લા બે સૈન્યો ઉપભોગ માટે છે.

(૮) **પ્રકીર્ણક** - પ્રજાજન જેવા દેવો.
(૯) **આભિયોગિક** - ઈન્દ્રોના દાસ જેવા દેવો.
(૧૦) **કિલ્બિષિક** - ચંડાળ જેવા હલકા દેવો.

વ્યન્તર અને જ્યોતિષમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ સિવાયના ૮-૮ પ્રકારના દેવો હોય છે.

## દ્વાર-૧ - સ્થિતિ

સ્થિતિ=આયુષ્ય

જઘન્ય = ઓછામાં ઓછુ, ઉત્કૃષ્ટ = વધુમાં વધુ.

ભવનપતિના દશે પ્રકારના દેવો બે-બે પ્રકારના છે - ઉત્તર દિશાના અને દક્ષિણ દિશાના. અસુરકુમારનો દક્ષિણ દિશાનો ઈન્દ્ર ચમર છે અને ઉત્તર દિશાનો ઈન્દ્ર બલિ છે.

### ભવનપતિ દેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ

| ક્ર. | જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | દક્ષિણ દિશાના અસુરકુમાર દેવ | ૧૦,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ[1] (ચમરેન્દ્રની) |
| ૨ | ઉત્તર દિશાના અસુરકુમાર દેવ | ૧૦,૦૦૦ વર્ષ | સાધિક ૧ સાગરોપમ (બલીન્દ્રની) |
| ૩ | દક્ષિણ દિશાના શેષ ૯ ભવનપતિ દેવ | ૧૦,૦૦૦ વર્ષ | ૧$\frac{૧}{૨}$ પલ્યોપમ (તે તે ઈન્દ્રની) |
| ૪ | ઉત્તર દિશાના શેષ ૯ ભવનપતિ દેવ | ૧૦,૦૦૦ વર્ષ | દેશોન ૨ પલ્યોપમ (તે તે ઈન્દ્રની) |

૧. પલ્યોપમ અને સાગરોપમનું સ્વરૂપ પાંચમા કર્મગ્રન્થમાંથી જાણી લેવું.

| ક્ર. | જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૫ | દક્ષિણ દિશાની અસુરકુમારની દેવી | ૧૦,૦૦૦ વર્ષ | ૩$\frac{૧}{૨}$ પલ્યોપમ (ઈન્દ્રાણીની) |
| ૬ | ઉત્તર દિશાની અસુરકુમારની દેવી | ૧૦,૦૦૦ વર્ષ | ૪$\frac{૧}{૨}$ પલ્યોપમ (ઈન્દ્રાણીની) |
| ૭ | દક્ષિણ દિશાની શેષ ૯ ભવનપતિની દેવી | ૧૦,૦૦૦ વર્ષ | $\frac{૧}{૨}$ પલ્યોપમ (ઈન્દ્રાણીની) |
| ૮ | ઉત્તર દિશાની શેષ ૯ ભવનપતિની દેવી | ૧૦,૦૦૦ વર્ષ | દેશોન ૧ પલ્યોપમ (ઈન્દ્રાણીની) |

જઘન્યસ્થિતિ અને ઉત્કૃષ્ટસ્થિતિની વચ્ચેની બધી મધ્યમસ્થિતિ જાણવી, એમ આગળ પણ બધે જાણવું.

## વ્યંતર દેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ

| ક્ર. | જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | વ્યન્તર દેવ | ૧૦,૦૦૦ વર્ષ | ૧ પલ્યોપમ |
| ૨ | વ્યન્તર દેવી | ૧૦,૦૦૦ વર્ષ | $\frac{૧}{૨}$ પલ્યોપમ |

## જ્યોતિષ દેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ

| ક્ર. | જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | ચન્દ્ર દેવ | $\frac{૧}{૪}$ પલ્યોપમ | ૧ પલ્યોપમ + ૧ લાખ વર્ષ |
| ૨ | સૂર્ય દેવ | $\frac{૧}{૪}$ પલ્યોપમ | ૧ પલ્યોપમ + ૧,૦૦૦ વર્ષ |
| ૩ | ગ્રહ દેવ | $\frac{૧}{૪}$ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| ૪ | નક્ષત્ર દેવ | $\frac{૧}{૪}$ પલ્યોપમ | $\frac{૧}{૨}$ પલ્યોપમ |

| ક્ર. | જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૫ | તારા દેવ | $\frac{૧}{૮}$ પલ્યોપમ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| ૬ | ચન્દ્ર દેવી | $\frac{૧}{૪}$ પલ્યોપમ | $\frac{૧}{૨}$ પલ્યોપમ + ૫૦,૦૦૦ વર્ષ |
| ૭ | સૂર્ય દેવી | $\frac{૧}{૪}$ પલ્યોપમ | $\frac{૧}{૨}$ પલ્યોપમ + ૫૦૦ વર્ષ |
| ૮ | ગ્રહ દેવી | $\frac{૧}{૪}$ પલ્યોપમ | $\frac{૧}{૨}$ પલ્યોપમ |
| ૯ | નક્ષત્ર દેવી | $\frac{૧}{૪}$ પલ્યોપમ | સાધિક $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| ૧૦ | તારા દેવી | $\frac{૧}{૮}$ પલ્યોપમ | સાધિક $\frac{૧}{૮}$ પલ્યોપમ |

## વૈમાનિક દેવ-દેવીની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ

| ક્ર. | જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | સૌધર્મ દેવલોકના દેવો | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ૨ | ઈશાન દેવલોકના દેવો | સાધિક ૧ પલ્યોપમ | સાધિક ૨ સાગરોપમ |
| ૩ | સનત્કુમાર દેવલોકના દેવો | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪ | માહેન્દ્ર દેવલોકના દેવો | સાધિક ૨ સાગરોપમ | સાધિક ૭ સાગરોપમ |
| ૫ | બ્રહ્મલોક દેવલોકના દેવો | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૬ | લાંતક દેવલોકના દેવો | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| ૭ | મહાશુક્ર દેવલોકના દેવો | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૮ | સહસ્રાર દેવલોકના દેવો | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| ૯ | આનત દેવલોકના દેવો | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| ૧૦ | પ્રાણત દેવલોકના દેવો | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| ૧૧ | આરણ દેવલોકના દેવો | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| ૧૨ | અચ્યુત દેવલોકના દેવો | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૧૩ | અધસ્તનઅધસ્તન ગ્રૈવેયકના દેવો | ૨૨ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| ૧૪ | અધસ્તનમધ્યમ ગ્રૈવેયકના દેવો | ૨૩ સાગરોપમ | ૨૪ સાગરોપમ |

| ક્ર. | જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|
| ૧૫ | અધસ્તનઉપરિતન ગ્રૈવેયકના દેવો | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| ૧૬ | મધ્યમઅધસ્તન ગ્રૈવેયકના દેવો | ૨૫ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| ૧૭ | મધ્યમમધ્યમ ગ્રૈવેયકના દેવો | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| ૧૮ | મધ્યમઉપરિતન ગ્રૈવેયકના દેવો | ૨૭ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| ૧૯ | ઉપરિતનઅધસ્તન ગ્રૈવેયકના દેવો | ૨૮ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| ૨૦ | ઉપરિતનમધ્યમ ગ્રૈવેયકના દેવો | ૨૯ સાગરોપમ | ૩૦ સાગરોપમ |
| ૨૧ | ઉપરિતનઉપરિતન ગ્રૈવેયકના દેવો | ૩૦ સાગરોપમ | ૩૧ સાગરોપમ |
| ૨૨ | વિજય-વૈજયન્ત-જયન્ત-અપરાજિત દેવલોકના દેવો | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| ૨૩ | સર્વાર્થસિદ્ધ દેવલોકના દેવો | અજઘન્યઅનુત્કૃષ્ટ | ૩૩ સાગરોપમ |
| ૨૪ | સૌધર્મ દેવલોકની પરિગૃહીતા દેવી | ૧ પલ્યોપમ | ૭ પલ્યોપમ |
| ૨૫ | સૌધર્મ દેવલોકની અપરિગૃહીતા દેવી | ૧ પલ્યોપમ | ૫૦ પલ્યોપમ |
| ૨૬ | ઈશાન દેવલોકની પરિગૃહીતા દેવી | સાધિક ૧ પલ્યોપમ | ૯ પલ્યોપમ |
| ૨૭ | ઈશાન દેવલોકની અપરિગૃહીતા દેવી | સાધિક ૧ પલ્યોપમ | ૫૫ પલ્યોપમ |

- પરિગૃહીતા દેવી - કુલપત્ની જેવી દેવી.
- અપરિગૃહીતા દેવી - ગણિકા જેવી દેવી.
- ઈશાનથી ઉપરના દેવલોકોમાં દેવીની ઉત્પત્તિ નથી.

## સૌધર્મ વગેરે દેવલોકમાં પ્રતરોની સંખ્યા-

પ્રતર = ઉપરાઉપરી માળ

| ક્ર. | દેવલોક | પ્રતરો |
|---|---|---|
| ૧ | સૌધર્મ | ૧૩ |
| ૨ | ઈશાન | [૧]૧૩ |
| ૩ | સનત્કુમાર | ૧૨ |
| ૪ | માહેન્દ્ર | [૧]૧૨ |
| ૫ | બ્રહ્મલોક | ૬ |
| ૬ | લાન્તક | ૫ |
| ૭ | મહાશુક્ર | ૪ |
| ૮ | સહસ્રાર | ૪ |
| ૯ | આનત | ૪ |
| ૧૦ | પ્રાણત | [૨]૪ |
| ૧૧ | આરણ | ૪ |
| ૧૨ | અચ્યુત | [૩]૪ |
| ૧૩ | ૯ ગ્રૈવેયક | ૯ |
| ૧૪ | ૫ અનુત્તર | ૧ |
| | કુલ | ૬૨ |

૧. સૌધર્મ-ઈશાન દેવલોકનું દરેક પ્રતર એક-એક વલયમાં રહેલ હોવાથી બન્નેના મળીને કુલ પ્રતર ૧૩ જ ગણાય. એમ સનત્કુમાર-માહેન્દ્ર દેવલોકનું દરેક પ્રતર એક-એક વલયમાં રહેલ હોવાથી બન્નેના કુલ પ્રતર ૧૨ જ ગણાય.

૨. આનત-પ્રાણત દેવલોકનું દરેક પ્રતર એક-એક વલયમાં રહેલ હોવાથી બન્નેના મળીને કુલ પ્રતર ૪ જ થાય.

૩. આરણ-અચ્યુત દેવલોકનું દરેક પ્રતર ૧-૧ વલયમાં રહેલ હોવાથી બન્નેના મળીને કુલ પ્રતર ૪ જ છે.

**સૌધર્મ દેવલોકના દરેક પ્રતરમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવા કરણ :-**

(૧) સૌધર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ÷ સૌધર્મના પ્રતર

(૨) (૧) × ઈષ્ટ પ્રતર = ઈષ્ટપ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ

દા.ત. સૌધર્મ દેવલોકના પાંચમા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી છે.

(૧) $\frac{૨}{૧૩}$

(૨) $\frac{૨}{૧૩} \times ૫ = \frac{૧૦}{૧૩}$ સાગરોપમ

સૌધર્મ દેવલોકના પાંચમા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ $\frac{૧૦}{૧૩}$ સાગરોપમ છે.

સૌધર્મ દેવલોકની જઘન્ય સ્થિતિ એ જ સૌધર્મ દેવલોકના દરેક પ્રતરની જઘન્ય સ્થિતિ છે.

**સૌધર્મ દેવલોક**

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૧ પલ્યોપમ | $\frac{૨}{૧૩}$ સાગરોપમ |
| ૨જુ | ૧ પલ્યોપમ | $\frac{૪}{૧૩}$ સાગરોપમ |
| ૩જુ | ૧ પલ્યોપમ | $\frac{૬}{૧૩}$ સાગરોપમ |
| ૪થુ | ૧ પલ્યોપમ | $\frac{૮}{૧૩}$ સાગરોપમ |
| ૫મુ | ૧ પલ્યોપમ | $\frac{૧૦}{૧૩}$ સાગરોપમ |
| ૬ઠ્ઠુ | ૧ પલ્યોપમ | $\frac{૧૨}{૧૩}$ સાગરોપમ |
| ૭મુ | ૧ પલ્યોપમ | ૧$\frac{૧}{૧૩}$ સાગરોપમ |
| ૮મુ | ૧ પલ્યોપમ | ૧$\frac{૩}{૧૩}$ સાગરોપમ |
| ૯મુ | ૧ પલ્યોપમ | ૧$\frac{૫}{૧૩}$ સાગરોપમ |

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧૦મુ | ૧ પલ્યોપમ | $૧\frac{૭}{૧૩}$ સાગરોપમ |
| ૧૧મુ | ૧ પલ્યોપમ | $૧\frac{૯}{૧૩}$ સાગરોપમ |
| ૧૨મુ | ૧ પલ્યોપમ | $૧\frac{૧૧}{૧૩}$ સાગરોપમ |
| ૧૩મુ | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |

ઈશાન દેવલોકના દરેક પ્રતરની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ સૌધર્મ દેવલોકના દરેક પ્રતરની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ કરતા સાધિક જાણવી.

### સનત્કુમાર વગેરે દેવલોકનાં દરેક પ્રતરમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવા કરણ -

(૧) તે તે દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ–તે તે દેવલોકની જઘન્ય સ્થિતિ
(૨) (૧) ÷ તે તે દેવલોકના પ્રતર
(૩) (૨) × ઈષ્ટપ્રતર
(૪) તે તે દેવલોકની જઘન્યસ્થિતિ + (૩) = તે તે દેવલોકના ઈષ્ટપ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ.

દા.ત. સનત્કુમાર દેવલોકના ચોથા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી છે.

(૧) ૭ − ૨ = ૫ સાગરોપમ

(૨) $\frac{૫}{૧૨}$

(૩) $\frac{૫}{૧૨} \times ૪ = \frac{૨૦}{૧૨}$

(૪) $૨ + \frac{૨૦}{૧૨} = ૩ + \frac{૮}{૧૨} = ૩\frac{૮}{૧૨}$ સાગરોપમ

સનત્કુમાર દેવલોકના ચોથા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ $૩\frac{૮}{૧૨}$ સાગરોપમ છે. તે તે દેવલોકની જઘન્ય સ્થિતિ એ જ તે તે દેવલોકના દરેક પ્રતરની જઘન્ય સ્થિતિ છે.

## સનત્કુમાર દેવલોક

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૨ સાગરોપમ | ૨ ૫/૧૨ સાગરોપમ |
| ૨જુ | ૨ સાગરોપમ | ૨ ૧૦/૧૨ સાગરોપમ |
| ૩જુ | ૨ સાગરોપમ | ૩ ૩/૧૨ સાગરોપમ |
| ૪થુ | ૨ સાગરોપમ | ૩ ૮/૧૨ સાગરોપમ |
| ૫મુ | ૨ સાગરોપમ | ૪ ૧/૧૨ સાગરોપમ |
| ૬ઠ્ઠુ | ૨ સાગરોપમ | ૪ ૬/૧૨ સાગરોપમ |
| ૭મુ | ૨ સાગરોપમ | ૪ ૧૧/૧૨ સાગરોપમ |
| ૮મુ | ૨ સાગરોપમ | ૫ ૪/૧૨ સાગરોપમ |
| ૯મુ | ૨ સાગરોપમ | ૫ ૯/૧૨ સાગરોપમ |
| ૧૦મુ | ૨ સાગરોપમ | ૬ ૨/૧૨ સાગરોપમ |
| ૧૧મુ | ૨ સાગરોપમ | ૬ ૭/૧૨ સાગરોપમ |
| ૧૨મુ | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |

માહેન્દ્ર દેવલોકના દરેક પ્રતરની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ સનત્કુમાર દેવલોકના દરેક પ્રતરની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ કરતા સાધિક જાણવી.

## બ્રહ્મલોક દેવલોક

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૭ સાગરોપમ | ૭ ૧/૨ સાગરોપમ |
| ૨જુ | ૭ સાગરોપમ | ૮ સાગરોપમ |
| ૩જુ | ૭ સાગરોપમ | ૮ ૧/૨ સાગરોપમ |
| ૪થુ | ૭ સાગરોપમ | ૯ સાગરોપમ |
| ૫મુ | ૭ સાગરોપમ | ૯ ૧/૨ સાગરોપમ |
| ૬ઠ્ઠુ | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |

## લાંતક દેવલોક

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૧૦ સાગરોપમ | ૧૦ ૪/૫ સાગરોપમ |
| ૨જુ | ૧૦ સાગરોપમ | ૧૧ ૩/૫ સાગરોપમ |
| ૩જુ | ૧૦ સાગરોપમ | ૧૨ ૨/૫ સાગરોપમ |
| ૪થુ | ૧૦ સાગરોપમ | ૧૩ ૧/૫ સાગરોપમ |
| ૫મુ | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |

## મહાશુક્ર દેવલોક

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૧૪ સાગરોપમ | ૧૪ $\frac{૩}{૪}$ સાગરોપમ |
| ૨જુ | ૧૪ સાગરોપમ | ૧૫ $\frac{૨}{૪}$ સાગરોપમ |
| ૩જુ | ૧૪ સાગરોપમ | ૧૬ $\frac{૧}{૪}$ સાગરોપમ |
| ૪થુ | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |

## સહસ્રાર દેવલોક

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૧૭ સાગરોપમ | ૧૭ $\frac{૧}{૪}$ સાગરોપમ |
| ૨જુ | ૧૭ સાગરોપમ | ૧૭ $\frac{૧}{૨}$ સાગરોપમ |
| ૩જુ | ૧૭ સાગરોપમ | ૧૭ $\frac{૩}{૪}$ સાગરોપમ |
| ૪થુ | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |

## આનત દેવલોક

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૧૮ સાગરોપમ | ૧૮ $\frac{૧}{૪}$ સાગરોપમ |
| ૨જુ | ૧૮ સાગરોપમ | ૧૮ $\frac{૧}{૨}$ સાગરોપમ |

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૩જુ | ૧૮ સાગરોપમ | ૧૮ $\frac{૩}{૪}$ સાગરોપમ |
| ૪થુ | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |

## પ્રાણત દેવલોક

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૧૯ સાગરોપમ | ૧૯ $\frac{૧}{૪}$ સાગરોપમ |
| ૨જુ | ૧૯ સાગરોપમ | ૧૯ $\frac{૧}{૨}$ સાગરોપમ |
| ૩જુ | ૧૯ સાગરોપમ | ૧૯ $\frac{૩}{૪}$ સાગરોપમ |
| ૪થુ | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |

## આરણ દેવલોક

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૨૦ સાગરોપમ | ૨૦ $\frac{૧}{૪}$ સાગરોપમ |
| ૨જુ | ૨૦ સાગરોપમ | ૨૦ $\frac{૧}{૨}$ સાગરોપમ |
| ૩જુ | ૨૦ સાગરોપમ | ૨૦ $\frac{૩}{૪}$ સાગરોપમ |
| ૪થુ | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |

## અચ્યુત દેવલોક

| પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧લુ | ૨૧ સાગરોપમ | ૨૧ $\frac{૧}{૪}$ સાગરોપમ |
| ૨જુ | ૨૧ સાગરોપમ | ૨૧ $\frac{૧}{૨}$ સાગરોપમ |

| | | |
|---|---|---|
| ૩જુ | ૨૧ સાગરોપમ | ૨૧ $\frac{૩}{૪}$ સાગરોપમ |
| ૪થુ | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |

## ૯ ગ્રૈવેયક

| પ્રતર | ૧લુ | ૨જુ | ૩જુ | ૪થુ | ૫મુ | ૬ઠ્ઠુ | ૭મુ | ૮મુ | ૯મુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉ.સ્થિતિ (સાગરોપમ) | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ |
| જ.સ્થિતિ (સાગરોપમ) | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |

## ૫ અનુત્તર

| પ્રતર | ૧લુ |
|---|---|
| ઉત્કૃષ્ટ સ્થિતિ | ૩૩ સાગરોપમ |
| જઘન્ય સ્થિતિ | ૩૧ સાગરોપમ |

- તે તે દેવલોકના ઈન્દ્રના લોકપાલ દેવોના વિમાનો તે તે દેવલોકના છેલ્લા પ્રતરમાં આવેલ છે.
- સૌધર્મેન્દ્રના લોકપાલ દેવોની સ્થિતિ -

| લોકપાલ દેવ | સ્થિતિ |
|---|---|
| સોમ (પૂર્વ દિશામાં) | ૧ $\frac{૧}{૩}$ પલ્યોપમ |
| યમ (દક્ષિણ દિશામાં) | ૧ $\frac{૧}{૩}$ પલ્યોપમ |
| વરુણ (પશ્ચિમ દિશામાં) | દેશોન ૨ પલ્યોપમ |
| વૈશ્રમણ (ઉત્તર દિશામાં) | ૨ પલ્યોપમ |

# દ્વાર - ૨ ભવન

## ભવનપતિ

| ક્ર. | દેવો | દક્ષિણ દિશાના ભવનોની સંખ્યા | ઉત્તર દિશાના ભવનોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અસુરકુમાર | ૩૪ લાખ | ૩૦ લાખ | ૬૪ લાખ |
| ૨ | નાગકુમાર | ૪૪ લાખ | ૪૦ લાખ | ૮૪ લાખ |
| ૩ | વિદ્યુત્કુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૪ | સુવર્ણકુમાર | ૩૮ લાખ | ૩૪ લાખ | ૭૨ લાખ |
| ૫ | અગ્નિકુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૬ | વાયુકુમાર | ૫૦ લાખ | ૪૬ લાખ | ૯૬ લાખ |
| ૭ | સ્તનિતકુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૮ | ઉદધિકુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૯ | દ્વીપકુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| ૧૦ | દિક્કુમાર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ |
| | કુલ | ૪,૦૬ લાખ | ૩,૬૬ લાખ | ૭,૭૨ લાખ |

● **ભવનોનું પ્રમાણ -**

જઘન્ય ભવનો - ૧ લાખ યોજન
મધ્યમ ભવનો - સંખ્યાતા કોટાકોટી યોજન
ઉત્કૃષ્ટ ભવનો - અસંખ્યાતા કોટાકોટી યોજન

● **ભવનોનું સ્થાન -**

૧,૮૦,૦૦૦ યોજન જાડી રત્નપ્રભા પૃથ્વીના ઉપર-નીચે ૧૦૦૦-૧૦૦૦ યોજન છોડી વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં

ભવનપતિદેવોના ભવનો આવેલા છે. (જુઓ ચિત્ર નં.૧)[1]

કેટલાક એમ કહે છે કે - રત્નપ્રભાપૃથ્વીમાં નીચે ૯૦,૦૦૦ યોજન પછી ભવનપતિદેવોના ભવનો આવેલા છે, ઉપર-નીચે ૧૦૦૦-૧૦૦૦ યોજન છોડી વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં ભવનપતિદેવોના આવાસો આવેલા છે.

આવાસ એટલે વિચિત્ર મણિ-રત્નોથી બનેલ શરીરપ્રમાણ ઊંચો મોટો મંડપ.

ભવન બહારથી ગોળ, અંદરથી ચોરસ, નીચેથી [2]પુષ્કરકર્ણિકા જેવા હોય છે. તે પાંચ વર્ણના હોય છે. તે ધજા-પતાકાથી યુક્ત હોય છે.

● દરેક ઈન્દ્ર જંબૂદ્વીપને છત્ર અને મેરુપર્વતને દંડ કરવા સમર્થ હોય છે. આ ઈન્દ્રોની સામાન્ય શક્તિ કહી. દરેક ઈન્દ્રની વિશેષ શક્તિ દેવેન્દ્રસ્તવમાંથી જાણી લેવી.

**ઈન્દ્રોની અગ્રમહિષીઓ -**

| ઈન્દ્ર | અગ્રમહિષી |
|---|---|
| ચમરેન્દ્ર - બલીન્દ્ર | ૫-૫ |
| ભવનપતિના શેષ ૧૮ ઈન્દ્ર | ૬-૬ |
| વ્યન્તરના ૧૬ ઈન્દ્ર, સૂર્યેન્દ્ર, ચન્દ્રેન્દ્ર | ૪-૪ |
| સૌધર્મેન્દ્ર - ઈશાનેન્દ્ર | ૮-૮ |

૧. આ પુસ્તકને અંતે ચિત્રો આપેલા છે.

૨. પુષ્કરકર્ણિકા = કમળના બીજનો ડોડો.

## ભવનપતિદેવો સંબંધી વિગત -

| ક્ર. | ભવનપતિ દેવો | ચિહ્ન[1] | શરીરનો વર્ણ | વસ્ત્રનો વર્ણ | દક્ષિણ દિશાનો ઇન્દ્ર | ઉત્તર દિશાનો ઇન્દ્ર | સામાનિક દેવો | | આત્મરક્ષકદેવો[4] | | આવાસો ક્યાં હોય ? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | દક્ષિણમાં | ઉત્તરમાં | દક્ષિણમાં | ઉત્તરમાં | |
| ૧ | અસુરકુમાર | ચૂડામણિ[2] | કાળો | લાલ | ચમરેન્દ્ર | બલીન્દ્ર | ૬૪,૦૦૦ | ૬૦,૦૦૦ | ૨,૫૬,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | અરુણવરસમુદ્રમાં |
| ૨ | નાગકુમાર | સર્પ | સફેદ | લીલો | ધરણેન્દ્ર | ભૂતાનન્દેન્દ્ર | ૬,૦૦૦ | ૬,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | અરુણવરસમુદ્રમાં |
| ૩ | વિદ્યુત્કુમાર | વજ્ર | લાલ | લીલો | હરિકાન્તેન્દ્ર | હરિસ્સહેન્દ્ર | ૬,૦૦૦ | ૬,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | જંબૂદ્વીપમાં ક્રમશઃ વિદ્યુત્પ્રભ-માલ્યવંત ઉપર |
| ૪ | સુવર્ણકુમાર | ગરુડ | પીળો | સફેદ | વેણુદેવેન્દ્ર | વેણુદાલીન્દ્ર | ૬,૦૦૦ | ૬,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | માનુષોત્તરપર્વત ઉપર |
| ૫ | અગ્નિકુમાર | ઘડો | લાલ | લીલો | અગ્નિશિખેન્દ્ર | અગ્નિમાણવેન્દ્ર | ૬,૦૦૦ | ૬,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | અરુણવરદ્વીપ ઉપર |
| ૬ | વાયુકુમાર | મગર | લીલો | સંધ્યાના રંગ જેવો | વેલમ્બેન્દ્ર | પ્રભંજનેન્દ્ર | ૬,૦૦૦ | ૬,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | માનુષોત્તરપર્વત ઉપર |
| ૭ | સ્તનિતકુમાર | વર્ધમાનક[3] | પીળો | સફેદ | ઘોષેન્દ્ર | મહાઘોષેન્દ્ર | ૬,૦૦૦ | ૬,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | અરુણવરદ્વીપ ઉપર |
| ૮ | ઉદધિકુમાર | અશ્વ | સફેદ | લીલો | જલકાન્તેન્દ્ર | જલપ્રભેન્દ્ર | ૬,૦૦૦ | ૬,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | અરુણવરસમુદ્રમાં |
| ૯ | દ્વીપકુમાર | સિંહ | લાલ | લીલો | પુણ્યેન્દ્ર | વશિષ્ઠેન્દ્ર | ૬,૦૦૦ | ૬,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | અરુણવરદ્વીપ ઉપર |
| ૧૦ | દિક્કુમાર | હાથી | પીળો | સફેદ | અમિતગતીન્દ્ર | અમિતવાહનેન્દ્ર | ૬,૦૦૦ | ૬,૦૦૦ | ૨૪,૦૦૦ | ૨૪,૦૦૦ | અરુણવરદ્વીપ ઉપર |
| કુલ | | | | | | | ૧,૧૮,૦૦૦ | ૧,૧૪,૦૦૦ | ૪,૭૨,૦૦૦ | ૪,૫૬,૦૦૦ | |
| | | | | | | | ૨,૩૨,૦૦૦ | | ૯,૨૮,૦૦૦ | | |

● દરેક વ્યન્તરેન્દ્ર, સૂર્યેન્દ્ર, ચન્દ્રેન્દ્રના ૪૦૦૦-૪૦૦૦ સામાનિક દેવો હોય છે, અને ૧૬,૦૦૦-૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો હોય છે.

૧. આ ચિહ્નો મુગટમાં હોય છે. ૨. ચૂડામણિ = મસ્તક ઉપરનો મણિ. ૩. વર્ધમાનક = કોળિયાનું સંપુટ. ૪. આત્મરક્ષક દેવો સામાનિક દેવો કરતા ચાર ગુણા હોય છે.

## વ્યન્તર

રત્નપ્રભા પૃથ્વીના પહેલા ૧,૦૦૦ યોજનમાં ઉપર-નીચે ૧૦૦-૧૦૦ યોજન છોડી વચ્ચેના ૮૦૦ યોજનમાં વ્યન્તરોના ભૂમિમાં રહેલા અસંખ્ય સુન્દર નગરો આવેલા છે. (મનુષ્યક્ષેત્રની બહાર દ્વીપો-સમુદ્રોમાં રહેલી વ્યન્તરોની નગરીઓનું વર્ણન જીવાભિગમ વગેરે શાસ્ત્રોમાંથી જાણી લેવુ.) (જુઓ ચિત્ર નં. ૧)

| | | |
|---|---|---|
| સૌથી નાના નગરો | - | ભરતક્ષેત્ર જેટલા |
| મધ્યમ નગરો | - | મહાવિદેહક્ષેત્ર જેટલા |
| સૌથી મોટા નગરો | - | જંબૂદ્વીપ જેટલા |

વ્યન્તરદેવોના ૮ પ્રકાર છે. તે આ પ્રમાણે -

| | |
|---|---|
| (૧) પિશાચ | (૫) કિન્નર |
| (૨) ભૂત | (૬) કિંપુરુષ |
| (૩) યક્ષ | (૭) મહોરગ |
| (૪) રાક્ષસ | (૮) ગન્ધર્વ |

પિશાચોના ૧૫ પ્રકાર છે. તે આ પ્રમાણે -

| | | |
|---|---|---|
| (૧) કુષ્માંડ | (૬) મહાકાલ | (૧૧) અધસ્તારક |
| (૨) પાટક | (૭) ચોક્ષ | (૧૨) દેહ |
| (૩) જોષ | (૮) અચોક્ષ | (૧૩) મહાદેહ |
| (૪) આહ્નિક | (૯) તાલપિશાચ | (૧૪) તૂષ્ણીક |
| (૫) કાલ | (૧૦) મુખરપિશાચ | (૧૫) વનપિશાચ |

ભૂતોના ૯ પ્રકાર છે. તે આ પ્રમાણે -

| | | |
|---|---|---|
| (૧) સુરૂપ | (૪) ભૂતોત્તમ | (૭) મહાવેગ |
| (૨) પ્રતિરૂપ | (૫) સ્કન્દિક | (૮) પ્રતિછન્ન |
| (૩) અતિરૂપ | (૬) મહાસ્કન્દિક | (૯) આકાશગ |

**યક્ષો**ના ૧૩ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) પૂર્ણભદ્ર
(૨) માણિભદ્ર
(૩) શ્વેતભદ્ર
(૪) હરિભદ્ર
(૫) સુમનોભદ્ર
(૬) વ્યતિપાકભદ્ર
(૭) સુભદ્ર
(૮) સર્વતોભદ્ર
(૯) મનુષ્યપક્ષ
(૧૦) ધનાધિપતિ
(૧૧) ધનાહાર
(૧૨) રૂપયક્ષ
(૧૩) યક્ષોત્તમ

**રાક્ષસો**ના ૭ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) ભીમ
(૨) મહાભીમ
(૩) વિઘ્ન
(૪) વિનાયક
(૫) જલરાક્ષસ
(૬) રાક્ષસરાક્ષસ
(૭) બ્રહ્મરાક્ષસ

**કિન્નરો**ના ૧૦ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) કિન્નર
(૨) કિંપુરુષ
(૩) કિંપુરુષોત્તમ
(૪) હૃદયંગમ
(૫) રૂપશાલી
(૬) અનિન્દિત
(૭) કિન્નરોત્તમ
(૮) મનોરમ
(૯) રતિપ્રિય
(૧૦) રતિશ્રેષ્ઠ

**કિંપુરુષો**ના ૧૦ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) પુરુષ
(૨) સત્પુરુષ
(૩) મહાપુરુષ
(૪) પુરુષવૃષભ
(૫) પુરુષોત્તમ
(૬) અતિપુરુષ
(૭) મહાદેવ
(૮) મરુત્
(૯) મેરુપ્રભ
(૧૦) યશસ્વાન્

**મહોરગો**ના ૧૦ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) ભુજંગ
(૨) ભોગશાલી
(૩) મહાકાય
(૪) અતિકાય
(૫) સ્કન્ધશાલી
(૬) મનોરમ
(૭) મહાવેગ
(૮) મહેષ્વક્ષ
(૯) મેરુકાન્ત
(૧૦) ભાસ્વાન્

ગન્ધર્વોના ૧૨ પ્રકાર છે. તે આ પ્રમાણે -

(૧) હાહા (૫) ઋષિવાદક (૯) રૈવત
(૨) હૂહૂ (૬) ભૂતવાદક (૧૦) વિશ્વાવસુ
(૩) તુમ્બુરુ (૭) કાદમ્બ (૧૧) ગીતરતિ
(૪) નારદ (૮) મહાકાદમ્બ (૧૨) ગીતયશ

આમ વ્યન્તરદેવોના કુલ ૮૬ પ્રકાર છે.

**વ્યન્તરના ૮ નિકાય, દક્ષિણેન્દ્ર, ઉત્તરેન્દ્ર, ચિહ્ન, વર્ણ -**

| ક્ર. | નિકાય | દક્ષિણેન્દ્ર | ઉત્તરેન્દ્ર | [1]ચિહ્ન | વર્ણ |
|---|---|---|---|---|---|
| ૧ | પિશાચ | કાલ | મહાકાલ | કદમ્બવૃક્ષ | શ્યામ[4] |
| ૨ | ભૂત | સુરૂપ | પ્રતિરૂપ | [2]સુલસ | કાળો |
| ૩ | યક્ષ | પૂર્ણભદ્ર | માણિભદ્ર | વટવૃક્ષ | શ્યામ |
| ૪ | રાક્ષસ | ભીમ | મહાભીમ | [3]ખટ્વાંગ | સફેદ |
| ૫ | કિન્નર | કિન્નર | કિંપુરુષ | અશોકવૃક્ષ | લીલો |
| ૬ | કિંપુરુષ | સત્પુરુષ | મહાપુરુષ | ચમ્પકવૃક્ષ | સફેદ |
| ૭ | મહોરગ | અતિકાય | મહાકાય | નાગવૃક્ષ | શ્યામ |
| ૮ | ગન્ધર્વ | ગીતરતિ | ગીતયશ | તુમ્બુરુવૃક્ષ | શ્યામ |

દરેક ઈન્દ્રના ૪,૦૦૦-૪,૦૦૦ સામાનિક દેવો છે. કુલ સામાનિક દેવો ૪,૦૦૦ X ૧૬ = ૬૪,૦૦૦ છે.

દરેક ઈન્દ્રના ૧૬,૦૦૦-૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો છે. કુલ આત્મરક્ષક દેવો ૧૬,૦૦૦ X ૧૬ = ૨,૫૬,૦૦૦ છે.

વ્યન્તરદેવોના ભવનો ૫ વર્ણના હોય છે. તે ધજા-પતાકાથી યુક્ત હોય છે.

૧. દરેક દેવોના ચિહ્નો તેમની ધજા ઉપર હોય છે. ૨. સુલસ = વનસ્પતિવિશેષ. ૩. ખટ્વાંગ = તાપસોનું ઉપકરણ. ૪. શ્યામ = કંઇક કાળો.

**વાણવ્યન્તર** - રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ સો યોજનમાં ઉપર-નીચે ૧૦-૧૦ યોજન છોડી વચ્ચેના ૮૦ યોજનમાં વાણવ્યન્તર દેવો રહે છે. (જુઓ ચિત્ર નં. ૧) તેમના આઠ નિકાય છે. દરેકના બે-બે ઈન્દ્ર છે. તે આ પ્રમાણે-

| ક્ર. | વાણવ્યન્તર નિકાય | દક્ષિણેન્દ્ર | ઉત્તરેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | અણપન્ની | સંનિહિત | સામાન |
| ૨ | પણપન્ની | ધાતા | વિધાતા |
| ૩ | ઋષિવાદી | ઋષિ | ઋષિપાલ |
| ૪ | ભૂતવાદી | ઈશ્વર | મહેશ્વર |
| ૫ | કંદિત | સુવત્સ | વિશાલ |
| ૬ | મહાકંદિત | હાસ્ય | હાસ્યરતિ |
| ૭ | કોહંડ | શ્વેત | મહાશ્વેત |
| ૮ | પતંગ | પતંગ | પતંગપતિ |

## જ્યોતિષ

વ્યન્તરના નગરો કરતા જ્યોતિષના વિમાનો સંખ્યાતગુણ છે.

| ક્ર. | દ્વીપ-સમુદ્ર | ચન્દ્ર | સૂર્ય |
|---|---|---|---|
| ૧ | જંબૂદ્વીપમાં | ૨ | ૨ |
| ૨ | લવણસમુદ્રમાં | ૪ | ૪ |
| ૩ | ધાતકીખંડમાં | ૧૨ | ૧૨ |
| ૪ | કાળોદધિસમુદ્રમાં | ૪૨ | ૪૨ |
| ૫ | પુષ્કરવરદ્વીપમાં | ૧૪૪ | ૧૪૪ |
| ૬ | અર્ધપુષ્કરવરદ્વીપમાં | ૭૨ | ૭૨ |

**ધાતકીખંડથી આગળના દ્વીપ-સમુદ્રોમાં ચન્દ્ર-સૂર્યની સંખ્યા જાણવા માટે કરણ-**

જે દ્વીપ-સમુદ્રમાં ચન્દ્ર-સૂર્યની સંખ્યા જાણવી હોય તેની પૂર્વેના દ્વીપ કે સમુદ્રના ચન્દ્ર-સૂર્યની સંખ્યાને ત્રણથી ગુણી તેમાં તેની પૂર્વેના દ્વીપ-સમુદ્રના ચન્દ્ર-સૂર્યની સંખ્યા ઉમેરવી. જે જવાબ આવે તે વિવક્ષિત દ્વીપ-સમુદ્રના ચન્દ્ર-સૂર્યની સંખ્યા છે.

**દા.ત.** કાળોદધિસમુદ્રના ચન્દ્ર-સૂર્યની સંખ્યા જાણવી છે.
તેની પૂર્વે ધાતકીખંડ છે. તેમાં ૧૨ ચન્દ્ર-સૂર્ય છે.

૧૨ x ૩ = ૩૬

ધાતકીખંડની પૂર્વેના દ્વીપસમુદ્રના ચન્દ્ર-સૂર્ય = ૨ + ૪ = ૬

૩૬ + ૬ = ૪૨

કાળોદધિસમુદ્રમાં ૪૨ ચન્દ્ર અને ૪૨ સૂર્ય છે.

આગળના બધા દ્વીપ-સમુદ્રોના ચન્દ્ર-સૂર્યની સંખ્યા આ કરણ દ્વારા જાણી લેવી. મનુષ્યક્ષેત્રની બહાર ચન્દ્ર-સૂર્ય શી રીતે રહેલા છે તે ચન્દ્રપ્રજ્ઞપ્તિ વગેરેમાં કહ્યું નથી. [1]મનુષ્યક્ષેત્રમાં ૧૩૨ ચન્દ્ર અને ૧૩૨ સૂર્ય છે.

- મનુષ્યક્ષેત્રમાં ચન્દ્રની બે પંક્તિ છે અને સૂર્યની બે પંક્તિ છે. ચન્દ્રની એક પંક્તિમાં ૬૬ ચન્દ્ર હોય છે અને સૂર્યની એક પંક્તિમાં ૬૬ સૂર્ય હોય છે. મનુષ્યક્ષેત્રમાં ૬૬ ગ્રહોની એક એવી ગ્રહોની ૧૭૬ પંક્તિ છે. મનુષ્યક્ષેત્રમાં ૬૬ નક્ષત્રોની એક એવી નક્ષત્રોની ૫૬ પંક્તિ છે.

- જંબુદ્વીપના ચન્દ્ર-સૂર્યના સૌથી અંદરના મંડલથી સૌથી

---

૧. મનુષ્યક્ષેત્રનું સ્વરૂપ પાના નં. ૩૪ ઉપર બતાવ્યું છે.

બહારના મંડલ સુધી ૫૧૦$\frac{૪૮}{૬૧}$ યોજનનું અંતર છે.

જંબુદ્વીપમાં ચન્દ્ર-સૂર્યના મંડલ ૧૮૦ યોજન સુધી છે.

લવણસમુદ્રમાં ચન્દ્ર-સૂર્યના મંડલ ૩૩૦$\frac{૪૮}{૬૧}$ યોજન સુધી છે.

ચન્દ્રના મંડલ ૧૫ છે. મંડલના આંતરા ૧૪ છે.

ચન્દ્રના બે મંડલ વચ્ચેનું અંતર ૩૫$\frac{૩૦}{૬૧}$ $\frac{૪}{૬૧\times૭}$ યોજન છે.

૧ ચન્દ્ર મંડલનો વિસ્તાર =$\frac{૫૬}{૬૧}$ યોજન.

ચન્દ્રનુ ચારક્ષેત્ર = $\left(૧૫ \times \frac{૫૬}{૬૧}\right) + ૧૪ \times \left(૩૫+\frac{૩૦}{૬૧}+\frac{૪}{૬૧\times૭}\right)$

$= \frac{૮૪૦}{૬૧} + ૪૯૦ + \frac{૪૨૦}{૬૧} + \frac{૮}{૬૧} = ૪૯૦ + \frac{૧૨૬૮}{૬૧}$

$= ૪૯૦ + ૨૦\frac{૪૮}{૬૧} = ૫૧૦\frac{૪૮}{૬૧}$

જંબૂદ્વીપમાં ચન્દ્રના ૫ મંડલ છે. લવણસમુદ્રમાં ચન્દ્રના ૧૦ મંડલ છે.

સૂર્યના મંડલ ૧૮૪ છે. મંડલના આંતરા ૧૮૩ છે.

સૂર્યના બે મંડલ વચ્ચેનું અંતર ૨ યોજન છે.

૧ સૂર્યમંડલનો વિસ્તાર = $\frac{૪૮}{૬૧}$ યોજન.

સૂર્યનું ચારક્ષેત્ર = $(૧૮૪ \times \frac{૪૮}{૬૧})+(૧૮૩ \times ૨) = \frac{૮૮૩૨}{૬૧} + ૩૬૬$

$= ૧૪૪ \frac{૪૮}{૬૧} + ૩૬૬ = ૫૧૦ \frac{૪૮}{૬૧}$

જંબૂદ્વીપમાં સૂર્યના ૬૫ મંડલ છે. લવણસમુદ્રમાં સૂર્યના ૧૧૯ મંડલ

છે. જંબૂદ્વીપમાં પૂર્વમાં નિષધ પર્વતની ઉપર ૬૩ સૂર્યમંડલ છે અને હરિવર્ષક્ષેત્રની જીવાના છેડા ઉપર બે સૂર્યમંડલ છે, તથા પશ્ચિમમાં નીલવંત પર્વતની ઉપર ૬૩ સૂર્યમંડલ છે અને રમ્યકક્ષેત્રની જીવાના છેડા ઉપર બે સૂર્યમંડલ છે.

- બધા ચન્દ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા જંબૂદ્વીપના મેરુપર્વતને વચ્ચે રાખીને પરિભ્રમણ કરે છે.

  ચન્દ્ર-સૂર્ય-ગ્રહનો નક્ષત્ર સાથે યોગ અનવસ્થિત હોય છે.

  નક્ષત્ર-તારાનું મંડલ સદા અવસ્થિત હોય છે. તેમના દક્ષિણાયન-ઉત્તરાયણ થતા નથી.

- મેરુ પર્વતની ચારે દિશામાં ૧-૧ ધ્રુવતારો છે. આ ધ્રુવતારાના પરિવારના તારાઓ ધ્રુવતારાની જ ચારે બાજુ પરિભ્રમણ કરે છે, મેરુપર્વતની ચારે બાજુ નહીં.

**દિગંબર મતાંતર** - આ મત દિગમ્બરસંમત એવા કર્મપ્રકૃતિપ્રાભૃતમાં બતાવ્યો છે.

મનુષ્યલોકની બહાર ચન્દ્ર-સૂર્ય વચ્ચે સાધિક ૫૦,૦૦૦ યોજનનું અંતર છે.

બે ચન્દ્ર વચ્ચેનું અંતર અને બે સૂર્ય વચ્ચેનું અંતર આનાથી બમણું જાણવું.

મનુષ્યલોકની બહાર પહેલી પંક્તિમાં ૧૪૫ ચન્દ્ર અને ૧૪૫ સૂર્ય છે. તે આ પ્રમાણે -

મનુષ્યક્ષેત્ર પછી ૫૦,૦૦૦ યોજન ઓળંગી ગોળાકારે ચન્દ્ર-સૂર્યની પહેલી પંક્તિ છે. તેનો વ્યાસ ૪૬ લાખ યોજન છે. તેની

પરિધિ ૧,૪૫,૪૬,૪૭૬[1] યોજન છે. આટલી પરિધિમાં સાધિક ૫૦,૦૦૦ યોજનના આંતરાવાળા ૧૪૫ ચન્દ્ર અને ૧૪૫ સૂર્ય આવે.

ત્યારપછી ૧ લાખ - ૧ લાખ યોજનના આંતરે ચન્દ્ર-સૂર્યની પંક્તિઓ છે. બીજી પંક્તિમાં ૬ ચન્દ્ર અને ૬ સૂર્યની વૃદ્ધિ થાય. એટલે બીજી પંક્તિમાં ૧૫૧ ચન્દ્ર અને ૧૫૧ સૂર્ય થાય. ત્રીજી પંક્તિમાં ૭ ચન્દ્ર અને ૭ સૂર્યની વૃદ્ધિ થાય. એટલે ત્રીજી પંક્તિમાં ૧૫૮ ચન્દ્ર અને ૧૫૮ સૂર્ય થાય. ત્યાર પછી બે પંક્તિમાં ૬-૬ ચન્દ્ર-સૂર્યની વૃદ્ધિ થાય અને એક પંક્તિમાં ૭ ચન્દ્ર-સૂર્યની વૃદ્ધિ થાય. એમ લોકાન્ત સુધી ઉત્તરોત્તર પંક્તિઓમાં સમજવું.

| પુષ્કરવરાર્ધદ્વીપની | ચન્દ્ર | સૂર્ય |
|---|---|---|
| પહેલી પંક્તિ | ૧૪૫ | ૧૪૫ |
| બીજી પંક્તિ | ૧૫૧ | ૧૫૧ |
| ત્રીજી પંક્તિ | ૧૫૮ | ૧૫૮ |
| ચોથી પંક્તિ | ૧૬૪ | ૧૬૪ |
| પાંચમી પંક્તિ | ૧૭૦ | ૧૭૦ |
| છઠ્ઠી પંક્તિ | ૧૭૭ | ૧૭૭ |
| સાતમી પંક્તિ | ૧૮૩ | ૧૮૩ |
| આઠમી પંક્તિ | ૧૮૯ | ૧૮૯ |
| કુલ | ૧,૩૩૭ | ૧,૩૩૭ |

૧. સંગ્રહણિસૂત્રની દેવભદ્રસૂરિજી મ. કૃત ટીકામાં અહીં મનુષ્યક્ષેત્રની બહારની પ્રથમ પંક્તિની પરિધિ ૧,૪૫,૪૬,૪૭૭ યોજન કહી છે.

જે દ્વીપ-સમુદ્ર જેટલા લાખ યોજનના વિસ્તારવાળો હોય તેમાં ચન્દ્ર-સૂર્યની તેટલી પંક્તિ હોય.

પૂર્વેના દ્વીપ-સમુદ્રની પહેલી પંક્તિમાં જેટલા ચન્દ્ર-સૂર્ય હોય તેના કરતા બમણા ચન્દ્ર-સૂર્ય પછીના દ્વીપ-સમુદ્રની પહેલી પંક્તિમાં હોય. બીજી પંક્તિમાં ૬ ચન્દ્ર-સૂર્યની વૃદ્ધિ થાય. ત્રીજી પંક્તિમાં ૭ ચન્દ્ર-સૂર્યની વૃદ્ધિ થાય. ત્યાર પછી બે-બે પંક્તિમાં ૬-૬ ચન્દ્ર-સૂર્યની વૃદ્ધિ થાય અને ત્રીજી પંક્તિમાં ૭ ચન્દ્ર-સૂર્યની વૃદ્ધિ થાય. આમ તે-તે દ્વીપ-સમુદ્રની ચરમ પંક્તિ સુધી જાણવું.

પુષ્કરવરાર્ધદ્વીપની પહેલી પંક્તિમાં ચન્દ્ર-સૂર્ય ૧૪૫-૧૪૫ છે.
પુષ્કરવરસમુદ્રની પહેલી પંક્તિમાં ચન્દ્ર-સૂર્ય ૨૯૦-૨૯૦ છે.

**બીજો મતાંતર** - મનુષ્યક્ષેત્ર પછી ૫૦,૦૦૦ યોજન ઓળંગી પહેલી પંક્તિમાં ૭૨ ચન્દ્ર અને ૭૨ સૂર્ય છે. ત્યાં તેમનું પરસ્પર અંતર ૧,૦૧,૦૧૭$\frac{૭}{૩૬}$ યોજન★ છે. તે આ પ્રમાણે -

પહેલી પંક્તિનો વ્યાસ = ૪૬ લાખ યોજન.
પહેલી પંક્તિની પરિધિ = ૧,૪૫,૪૬,૪૭૭+ યોજન.

ચન્દ્ર-સૂર્યનું અંતર = ૧,૪૫,૪૬,૪૭૭ ÷ ૧૪૪ = ૧,૦૧,૦૧૭$\frac{૭}{૩૬}$ યોજન★.

બે ચન્દ્રનું પરસ્પર અંતર અને બે સૂર્યનું પરસ્પર અંતર આનાથી બમણુ જાણવું.

★ સંગ્રહણિસૂત્રની દેવભદ્રસૂરિજી મ. કૃત ટીકામાં અહીં ચન્દ્ર-સૂર્યનું અંતર ૧,૦૧,૦૧૭ $\frac{૨૯}{૧૪૪}$ યોજન કહ્યું છે.

\+ સંગ્રહણિસૂત્રની દેવભદ્રસૂરિજી મ. કૃત ટીકામાં અહીં મનુષ્યક્ષેત્રની બહારની પ્રથમ પંક્તિની પરિધિ ૧,૪૫,૪૬,૪૭૭ યોજન કહી છે.

જે દ્વીપ-સમુદ્ર જેટલા લાખ યોજનના વિસ્તારવાળો હોય તે દ્વીપ-સમુદ્રમાં તેટલી પંક્તિ હોય. જેટલી પંક્તિ હોય તેટલો ગચ્છ છે. દરેક પંક્તિમાં ૪ની વૃદ્ધિ થતી હોવાથી ૪ ઉત્તર છે.

(ગચ્છ x ઉત્તર) – ઉત્તર + પહેલી પંક્તિના ચન્દ્ર-સૂર્ય = અંતિમ પંક્તિના ચન્દ્ર-સૂર્ય

બાહ્ય પુષ્કરવરાર્ધદ્વીપની અંતિમ પંક્તિમાં ચન્દ્ર-સૂર્ય =
(૮ x ૪) – ૪ + ૧૪૪ = ૧૭૨
બાહ્ય પુષ્કરવરાર્ધદ્વીપની અંતિમ પંક્તિમાં કુલ ૧૭૨ ચન્દ્ર-સૂર્ય છે.

(પહેલી પંક્તિના ચન્દ્ર-સૂર્ય + અંતિમ પંક્તિના ચન્દ્ર-સૂર્ય) x $\frac{\text{ગચ્છ}}{૨}$ = તે દ્વીપ-સમુદ્રના કુલ ચન્દ્ર-સૂર્ય
બાહ્ય પુષ્કરવરાર્ધદ્વીપના કુલ ચન્દ્ર-સૂર્ય=
(૧૪૪ + ૧૭૨) x $\frac{૮}{૨}$ = ૩૧૬ x ૪ = ૧,૨૬૪

બાહ્ય પુષ્કરવરાર્ધદ્વીપમાં કુલ ૧,૨૬૪ ચન્દ્ર-સૂર્ય છે.
આ રીતે બધા દ્વીપ-સમુદ્રોમાં ચન્દ્ર-સૂર્યનું પરિમાણ જાણવું.

● ૧ ચન્દ્રના પરિવારમાં ૮૮ ગ્રહ, ૨૮ નક્ષત્ર અને ૬૬,૯૭૫ કોટીકોટી તારા છે.

**પ્રશ્ન** - જો એક ચન્દ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કોટીકોટી તારા હોય તો ૧૩૨ ચન્દ્રના પરિવારમાં ઘણા તારા થાય. જ્યોતિશ્ચક્ર મેરુપર્વતથી ૧,૧૨૧ યોજન છોડીને ભ્રમણ કરે છે. તો મનુષ્યલોકમાં આટલા બધા તારા શી રીતે સમાય ?

**જવાબ** - અહીં બે મત છે -

(૧) કોટીકોટી એ કોટીની જ સંજ્ઞા (નામ) છે. તેથી ૬૬,૯૭૫ કોટી તારા થાય. તેથી મનુષ્યક્ષેત્રમાં ૬૬,૯૭૫ કોટી તારા સમાય શકે.

(૨) તારાના વિમાનનું પ્રમાણ [1]ઉત્સેધાંગુલથી માપવું. મનુષ્યક્ષેત્રનું પ્રમાણ પ્રમાણાંગુલથી માપવું. તેથી મનુષ્યક્ષેત્રમાં ૬૬,૯૭૫ કોટીકોટી તારા સમાય શકે.

● જ્યોતિષના વિમાનો અડધા કોઠાના ફળના આકારના હોય છે.

**પ્રશ્ન** - જો જ્યોતિષના વિમાનો અડધા કોઠાના ફળના આકારના હોય તો માથા ઉપર હોય ત્યારે તેમનો ઉપરનો ભાગ ન દેખાવાથી તે ગોળ દેખાય તે બરાબર છે પણ ઉદય-અસ્ત વખતે તો અડધા કોઠાના ફળ જેવો આકાર દેખાવો જોઈએ. તે કેમ દેખાતો નથી ?

**જવાબ** - અડધા કોઠાના ફળનો આકાર જ્યોતિષવિમાનોની પીઠનો છે. તેની ઉપર પ્રાસાદો આવેલા છે. પ્રાસાદો સહિત પીઠનો આકાર ઘણોખરો ગોળ બને છે. તે દૂરથી આપણને સમગોળ દેખાય છે.

● જ્યોતિષવિમાનો સુંદર છે અને સ્ફટિકના છે. લવણસમુદ્રના જ્યોતિષવિમાનો ઉદકસ્ફાટક સ્ફટિકના છે. તેથી લવણસમુદ્રની શિખામાં ચરતા તેમને પાણીથી વ્યાઘાત નથી થતો. જ્યોતિષ વિમાનો તિર્ચ્છાલોકના ઉપરના ૧૧૦ યોજનમાં હોય છે. તે અસંખ્ય છે.

● જ્યોતિષના ભવનો પાંચ વર્ણના હોય છે. તે ધજા-પતાકાથી યુક્ત હોય છે.

**મનુષ્યક્ષેત્રના જ્યોતિષ વિમાનોની લંબાઈ-પહોળાઈ-ઊંચાઈ**

| જ્યોતિષ વિમાન | લંબાઈ-પહોળાઈ | ઊંચાઈ |
|---|---|---|
| ચન્દ્ર વિમાન | $\frac{૫૬}{૬૧}$ યોજન | $\frac{૨૮}{૬૧}$ યોજન |
| સૂર્ય વિમાન | $\frac{૪૮}{૬૧}$ યોજન | $\frac{૨૪}{૬૧}$ યોજન |

૧. ઉત્સેધાંગુલ-પ્રમાણાંગુલનું સ્વરૂપ પાના નં. ૧૩૦-૧૩૩ ઉપર બતાવ્યું છે.

| જ્યોતિષ વિમાન | લંબાઈ-પહોળાઈ | ઉંચાઈ |
|---|---|---|
| ગ્રહ વિમાન | ૨ ગાઉ | ૧ ગાઉ |
| નક્ષત્ર વિમાન | ૧ ગાઉ | ૧/૨ ગાઉ |
| તારા વિમાન (ઉ. સ્થિતિવાળા દેવોનું) | ૧/૨ ગાઉ | ૧/૪ ગાઉ |
| તારાવિમાન (જ.સ્થિતિવાળા દેવોનું) | ૫૦૦ ધનુષ્ય | ૨૫૦ ધનુષ્ય |

મનુષ્યક્ષેત્રના જ્યોતિષ વિમાનો ગમનશીલ હોય છે.

• મનુષ્યક્ષેત્રની બહાર રહેલા જ્યોતિષવિમાનોની લંબાઈ-પહોળાઈ-ઊંચાઈ મનુષ્યક્ષેત્રની અંદર રહેલા જ્યોતિષવિમાનોની લંબાઈ-પહોળાઈ-ઊંચાઈ કરતા અડધી હોય છે. તેઓ સ્થિર હોય છે.

• મેરુપર્વતના મધ્યભાગમાં બે પ્રતરમાં ૪ ઉપર અને ૪ નીચે એમ આઠ રુચકપ્રદેશ છે. તે સમભૂતલ છે.

**જ્યોતિષવિમાનોનું સ્થાન -**

**કેટલાકનો મત**-સમભૂતલથી ૭૯૦ યોજન ઉપર જતા તારાના વિમાન આવે. ત્યાંથી ૧૦ યોજન ઉપર જતા સૂર્યના વિમાન આવે. ત્યાંથી ૮૦ યોજન ઉપર જતા ચન્દ્રના વિમાન આવે. ત્યાંથી ૪ યોજન ઉપર જતા નક્ષત્રના વિમાન આવે. ત્યાંથી ૪ યોજન ઉપર જતા બુધના વિમાન છે. ત્યાંથી ૩ યોજન ઉપર જતા શુક્રના વિમાન છે. ત્યાંથી ૩ યોજન ઉપર જતા ગુરુના વિમાન છે. ત્યાંથી ૩ યોજન ઉપર જતા મંગળના વિમાન છે. ત્યાંથી ૩ યોજન ઉપર જતા શનિના વિમાન છે. (જુઓ ચિત્ર નં. ૨)

**ગન્ધહસ્તીનો મત** - સૂર્યની નીચે મંગળગ્રહ ચાર ચરે છે. શેષ ઉપરની જેમ.

**હરિભદ્રસૂરિનો મત** - સમભૂતલથી ૭૯૦ યોજન ઉપર જતા ભરણી નક્ષત્ર ચાર ચરે છે. સમભૂતલથી ૯૦૦ યોજન ઉપર જતા

સ્વાતિ નક્ષત્ર ચાર ચરે છે. શેષ ઉપરની જેમ.

તત્ત્વ કેવળીગમ્ય છે.

- નક્ષત્રમંડલમાં સૌથી અંદર અભિજિત્ નક્ષત્ર ચાર ચરે છે.
- નક્ષત્રમંડલમાં સૌથી બહાર મૂળ નક્ષત્ર ચાર ચરે છે.
- નક્ષત્રમંડલમાં સૌથી નીચે ભરણી નક્ષત્ર ચાર ચરે છે.
- નક્ષત્રમંડલમાં સૌથી ઉપર સ્વાતિ નક્ષત્ર ચાર ચરે છે.
- ચર જ્યોતિશ્ચક્ર મેરુપર્વતથી ૧,૧૨૧ યોજનની અબાધાએ ચાર ચરે છે. સ્થિર જ્યોતિશ્ચક્ર અલોકાકાશથી ૧,૧૧૧ યોજનની અબાધાએ ચાર ચરે છે.
- જે દ્વીપ-સમુદ્રમાં નક્ષત્ર-ગ્રહ-તારાની સંખ્યા જાણવી હોય તે દ્વીપ-સમુદ્રના ચન્દ્રની સંખ્યાથી એક ચન્દ્રના નક્ષત્ર-ગ્રહ-તારાની સંખ્યાને ગુણવી. જે જવાબ આવે તે તે દ્વીપ-સમુદ્રના નક્ષત્ર-ગ્રહ-તારાની સંખ્યા છે.

**જ્યોતિષવિમાનોને વહન કરનાર દેવો -**

જ્યોતિષ વિમાનો આલંબન વિના જ અદ્ધર રહે છે. છતા આભિયોગિક દેવો તેવા પ્રકારના નામકર્મના ઉદયથી વિમાનોની નીચે રહી તેમને વહન કરે છે.

| જ્યોતિષ વિમાન | વહન કરનારા દેવો | | | | |
|---|---|---|---|---|---|
| | પૂર્વમાં સિંહરૂપે | દક્ષિણમાં હાથીરૂપે | પશ્ચિમમાં બળદરૂપે | ઉત્તરમાં ઘોડારૂપે | કુલ |
| ચન્દ્ર | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૧૬,૦૦૦ |
| સૂર્ય | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૪,૦૦૦ | ૧૬,૦૦૦ |
| ગ્રહ | ૨,૦૦૦ | ૨,૦૦૦ | ૨,૦૦૦ | ૨,૦૦૦ | ૮,૦૦૦ |
| નક્ષત્ર | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૧,૦૦૦ | ૪,૦૦૦ |
| તારા | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૨,૦૦૦ |

**ગતિ** - ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા ક્રમશઃ શીઘ્ર ગતિવાળા છે. બુધ, શુક્ર, મંગળ, ગુરુ, શનિ ક્રમશઃ શીઘ્ર ગતિવાળા છે.

**ઋદ્ધિ**- તારા, નક્ષત્ર, ગ્રહ, સૂર્ય, ચન્દ્ર ક્રમશઃ વધુ ઋદ્ધિવાળા છે.

**ચિહ્ન** - ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાના વિમાનવાસી દેવોના મુગટના અગ્રભાગ પર અનુક્રમે ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાના ચિહ્ન હોય છે.

**વર્ણ** - પાંચે પ્રકારના જ્યોતિષ દેવો કમળના ગર્ભ જેવા ગોરા હોય છે[1].

## જંબૂદ્વીપમાં તારાવિમાનોનું અંતર -

નિર્વ્યાઘાતે = પર્વત વગેરે વચ્ચે ન હોય ત્યારે.

વ્યાઘાતે = પર્વત વગેરે વચ્ચે હોય ત્યારે

| | તારાનું | |
|---|---|---|
| | ઉત્કૃષ્ટ અંતર | જઘન્ય અંતર |
| **વ્યાઘાતે** | ૧૨,૨૪૨ યોજન | ૨૬૬ યોજન |
| **નિર્વ્યાઘાતે** | ૨ ગાઉ | ૫૦૦ ધનુષ્ય |

મેરુ પર્વતની પહોળાઈ ૧૦,૦૦૦ યોજન છે. તેની બન્ને બાજુ ૧,૧૨૧ – ૧,૧૨૧ યોજનને તારા ચરે છે. તેથી એક તારાથી બીજા તારાનું અંતર = ૧,૧૨૧ + ૧૦,૦૦૦ + ૧,૧૨૧ = ૧૨,૨૪૨ યોજન.

૧. આ વાત બૃહત્સંગ્રહણિની મલયગિરિ મહારાજકૃત ટીકામાં કહી છે. સંગ્રહણિસૂત્રની દેવભદ્રસૂરિજી મ. કૃત ટીકામાં કહ્યું છે કે - 'તારા દેવો પાંચ વર્ણના છે, શેષ જ્યોતિષ દેવો તપેલા સુવર્ણના વર્ણ જેવા (લાલ) છે.' તત્ત્વ કેવળીગમ્ય છે.

નિષધપર્વતની ઉપરના કૂટોની ઉપરની પહોળાઈ ૨૫૦ યોજન છે. તેમની બન્ને બાજુ ૮-૮ યોજને તારા ચરે છે. તેથી એક તારાથી બીજા તારાનું અંતર = ૮ + ૨૫૦ + ૮ = ૨૬૬ યોજન.

● મનુષ્યક્ષેત્રની બહાર બે ચન્દ્ર વચ્ચેનું અંતર સાધિક ૧ લાખ યોજન છે. આ વાત સંગ્રહણિસૂત્રમાં કહી છે. બૃહત્સંગ્રહણિમાં મનુષ્યક્ષેત્રની બહાર બે ચન્દ્ર વચ્ચેનું અંતર ૧ લાખ યોજન કહ્યું છે.

મનુષ્યક્ષેત્રની બહાર બે સૂર્ય વચ્ચેનું અંતર સાધિક ૧ લાખ યોજન છે. આ વાત સંગ્રહણિસૂત્રમાં કહી છે. બૃહત્સંગ્રહણિમાં મનુષ્યક્ષેત્રની બહાર બે સૂર્ય વચ્ચેનું અંતર ૧ લાખ યોજન કહ્યું છે.

મનુષ્યક્ષેત્રની બહાર ચન્દ્ર-સૂર્ય વચ્ચેનું અંતર ૫૦,૦૦૦ યોજન છે.

● મનુષ્યક્ષેત્રની બહાર સૂર્યથી અંતરિત ચન્દ્ર અને ચન્દ્રથી અંતરિત સૂર્ય હોય છે. તે ચન્દ્ર સુખલેશ્યાવાળા અને સૂર્ય મન્દલેશ્યાવાળા હોય છે.

**રાહુ**

રાહુ બે પ્રકારના છે -

(૧) **પર્વરાહુ** - તે ક્યારેક અચાનક આવીને પોતાના વિમાનથી ચન્દ્રવિમાનને કે સૂર્યવિમાનને ઢાંકે છે. ત્યારે લોકોમાં ગ્રહણ થયુ એમ કહેવાય છે. ચન્દ્રગ્રહણ જઘન્યથી ૬ મહિને અને ઉત્કૃષ્ટથી ૪૨ મહિને થાય છે. સૂર્યગ્રહણ જઘન્યથી ૬ મહિને અને ઉત્કૃષ્ટથી ૪૮ વર્ષે થાય છે.

(૨) **નિત્યરાહુ** - તેનુ વિમાન કાળુ છે. તે ચન્દ્રથી ૪ અંગુલના અંતરે ચાર ચરે છે. તે કૃષ્ણપક્ષમાં પોતાના પંદરમા ભાગથી દરરોજ ચન્દ્રની ૧-૧ કળાને ઢાંકે છે અને શુક્લપક્ષમાં દરરોજ ચન્દ્રની ૧-

૧ કળાને ખુલ્લી કરે છે. તેથી જગતમાં ચન્દ્રમંડલની હાનિ-વૃદ્ધિ દેખાય છે.

**પ્રશ્ન** - ચન્દ્રનું વિમાન $\frac{૫૬}{૬૧}$ યોજનના વિસ્તારવાળુ છે. રાહુ ગ્રહ હોવાથી તેનુ વિમાન $\frac{૧}{૨}$ યોજનના વિસ્તારવાળુ છે. તેથી રાહુ શી રીતે ચન્દ્રને ઢાંકી શકે ?

**જવાબ** - ગ્રહવિમાનોનું $\frac{૧}{૨}$ યોજન પ્રમાણ પ્રાયઃ કરીને હોય છે. તેથી રાહુવિમાનનું પ્રમાણ અધિક હોય એમ સંભવે છે. કેટલાક એમ કહે છે કે નાના પણ રાહુ વિમાનમાંથી નીકળતા કાળા કિરણોથી ચન્દ્રવિમાન ઢંકાય છે.

**દ્વીપ-સમુદ્ર** - અઢી ઉદ્ધાર સાગરોપમના સમયો જેટલા દ્વીપ-સમુદ્ર તિર્ચ્છાલોકમાં છે. તે ઉત્તરોત્તર બમણા-બમણા વિસ્તારવાળા છે.

**મનુષ્યક્ષેત્ર** - મનુષ્યક્ષેત્રમાં અઢી દ્વીપ છે - જંબૂદ્વીપ, ધાતકી ખંડ, પુષ્કરવરાર્ધ દ્વીપ. મનુષ્યક્ષેત્રમાં બે સમુદ્ર છે - લવણસમુદ્ર, કાળોદધિસમુદ્ર. (જુઓ ચિત્ર નં. ૩) મનુષ્યના જન્મ-મરણ મનુષ્યક્ષેત્રમાં જ થાય. તેની બહાર લબ્ધિ કે દેવાદિની સહાયથી જઈ શકાય પણ ત્યાં કોઈ મનુષ્યના જન્મ-મરણ ન થાય.

**મનુષ્યક્ષેત્રનું પ્રમાણ -**

| | |
|---|---|
| જંબૂદ્વીપ | ૧ લાખ યોજન |
| લવણસમુદ્ર (બે બાજુ થઈને) | ૪ લાખ યોજન |
| ધાતકીખંડ (બે બાજુ થઈને) | ૮ લાખ યોજન |
| કાળોદધિસમુદ્ર (બે બાજુ થઈને) | ૧૬ લાખ યોજન |
| પુષ્કરવરાર્ધદ્વીપ(બે બાજુ થઈને) | ૧૬ લાખ યોજન |
| કુલ | ૪૫ લાખ યોજન |

**કેટલાક દ્વીપોના નામ -**

| | |
|---|---|
| પહેલો જંબૂદ્વીપ, | આઠમો નન્દીશ્વરદ્વીપ, |
| બીજો ધાતકીખંડ, | નવમો અરુણદ્વીપ, |
| ત્રીજો પુષ્કરવરદ્વીપ, | દસમો અરુણવરદ્વીપ, |
| ચોથો વારુણીવરદ્વીપ, | અગિયારમો અરુણવરાવભાસદ્વીપ, |
| પાંચમો ક્ષીરવરદ્વીપ, | બારમો કુંડલદ્વીપ, |
| છઠ્ઠો ઘૃતવરદ્વીપ, | તેરમો કુંડલવરદ્વીપ, |
| સાતમો ઈક્ષુવરદ્વીપ, | ચૌદમો કુંડલવરાવભાસદ્વીપ. |

અહીં સુધી ક્રમસર નામો છે. પછી ગમે તે ક્રમે ત્રણ-ત્રણ નામો છે. પરંતુ તે પણ ત્રિપ્રત્યવતાર છે. એટલે કે એકવાર એકલુ નામ, બીજીવાર 'વર' લગાડેલુ નામ અને ત્રીજી વાર 'વરાવભાસ' લગાડેલું નામ. તે આ પ્રમાણે - શંખદ્વીપ, શંખવરદ્વીપ, શંખવરાવભાસદ્વીપ, રુચકદ્વીપ, રુચકવરદ્વીપ, રુચકવરાવભાસદ્વીપ, ભુજગદ્વીપ, ભુજગવરદ્વીપ, ભુજગવરાવભાસદ્વીપ, કુશદ્વીપ, કુશવરદ્વીપ, કુશવરાવભાસદ્વીપ, ક્રૌંચદ્વીપ, ક્રૌંચવરદ્વીપ, ક્રૌંચવરાવભાસદ્વીપ, એમ ત્રિપ્રત્યવતાર નામો ત્યાં સુધી જાણવા કે દેવદ્વીપની પહેલા સૂર્યવરાવભાસદ્વીપ આવે. પછી ક્રમશઃ દેવદ્વીપ, નાગદ્વીપ, યક્ષદ્વીપ, ભૂતદ્વીપ અને સ્વયમ્ભૂરમણદ્વીપ આવે.

**સમુદ્રોના નામ** - આ દરેક દ્વીપ વલયાકાર સમુદ્રથી વિંટડાયેલ છે. તે આ પ્રમાણે -

જંબૂદ્વીપને ફરતો લવણસમુદ્ર છે.

ધાતકીખંડને ફરતો કાળોદધિસમુદ્ર છે.

શેષ દ્વીપોને ફરતા સમુદ્રો દ્વીપની સમાન નામવાળા છે. પછી પછીના દ્વીપ-સમુદ્ર બમણા-બમણા વિસ્તારવાળા છે. તિર્ચ્છાલોકમાં સૌથી છેલ્લે સ્વયંભૂરમણસમુદ્ર છે.

| ક્ર. | દ્વીપ-સમુદ્ર | અધિપતિદેવ |
|---|---|---|
| ૧ | જંબૂદ્વીપ | અનાદૃત |
| ૨ | લવણસમુદ્ર | સુસ્થિત |
| ૩ | ધાતકીખંડ | સુદર્શન-પ્રિયદર્શન |
| ૪ | કાળોદધિ | કાલ-મહાકાલ |
| ૫ | પુષ્કરવરદ્વીપ | પદ્મ-પુંડરીક |
| ૬ | પુષ્કરવરસમુદ્ર | શ્રીધર-શ્રીપ્રભ |
| ૭ | વારુણીવરદ્વીપ | વરુણ-વરુણપ્રભ |
| ૮ | વારુણીવરસમુદ્ર | વારુણ-વારુણકાંત |
| ૯ | ક્ષીરવરદ્વીપ | પુંડરીક-પુષ્પદન્ત |
| ૧૦ | ક્ષીરવરસમુદ્ર | વિમલ-વિમલપ્રભ |
| ૧૧ | ઘૃતવરદ્વીપ | કનક-કનકપ્રભ |
| ૧૨ | ઘૃતવરસમુદ્ર | કાન્ત-સુકાન્ત |
| ૧૩ | ઈક્ષુવરદ્વીપ | સુપ્રભ-મહાપ્રભ |
| ૧૪ | ઈક્ષુવરસમુદ્ર | પૂર્ણ-પૂર્ણપ્રભ |
| ૧૫ | નંદીશ્વરદ્વીપ | કૈલાસ-હરિવાહન |
| ૧૬ | નંદીશ્વરસમુદ્ર | સુમન-સુમનોભદ્ર |
| ૧૭ | અરુણદ્વીપ | અશોક-વીતશોક |
| ૧૮ | અરુણસમુદ્ર | સુભદ્ર-સુમનોભદ્ર |

એમ અન્ય દ્વીપ-સમુદ્રોના અધિપતિદેવો અન્ય ગ્રન્થોમાંથી જાણી લેવા. આ બધા અધિપતિદેવો ૧ પલ્યોપમની સ્થિતિવાળા છે.

● રત્નપ્રભાપૃથ્વીના પ્રથમપ્રતરમાં મધ્યમાં આવેલ સીમન્તક નરકેન્દ્રક, મનુષ્યક્ષેત્ર, પહેલા દેવલોકના પહેલા પ્રતરમાં મધ્યમાં આવેલ ઉડુ વિમાન અને સિદ્ધશિલા- આ ચાર ૪૫ લાખ યોજન પ્રમાણવાળા છે.

● સાતમી નરકનો અપ્રતિષ્ઠાન નરકેન્દ્રક, સર્વાર્થસિદ્ધવિમાન, જંબૂદ્વીપ - આ ત્રણ ૧ લાખ યોજન પ્રમાણવાળા છે.

**સમુદ્રોના પાણીનો સ્વાદ -**

વારુણીવરસમુદ્રના પાણીનો સ્વાદ મદિરાના સ્વાદ જેવો છે.
ક્ષીરવરસમુદ્રના પાણીનો સ્વાદ દુધના સ્વાદ જેવો છે.
ઘૃતવરસમુદ્રના પાણીનો સ્વાદ ગાયના ઘીના સ્વાદ જેવો છે.
લવણસમુદ્રના પાણીનો સ્વાદ ખારાપાણીના સ્વાદ જેવો છે.
કાળોદધિ, પુષ્કરવરસમુદ્ર, સ્વયંભૂરમણસમુદ્રના પાણીનો સ્વાદ પાણીના સ્વાદ જેવો છે.
શેષસમુદ્રોના પાણીનો સ્વાદ શેરડીના રસના સ્વાદ જેવો છે.
કાળોદધિનું પાણી કાળુ અને ભારે છે.
પુષ્કરવરસમુદ્રનું પાણી સ્ફટિક જેવુ અને પાતળુ છે.

**સમુદ્રોના માછલાનું શરીરપ્રમાણ અને કુલકોટી-**

લવણસમુદ્રમાં માછલાનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ ૫૦૦ યોજન છે. ત્યાં માછલાની ૭ લાખ કુલકોટી છે. કાળોદધિમાં માછલાનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ ૭૦૦ યોજન છે. ત્યાં માછલાની ૯ લાખ કુલકોટી છે. સ્વયંભૂરમણસમુદ્રમાં માછલાનું ઉત્કૃષ્ટ શરીરપ્રમાણ ૧,૦૦૦ યોજન છે. ત્યાં માછલાની ૧૨ $\frac{૧}{૨}$ લાખ કુલકોટી છે.

લવણસમુદ્ર, કાળોદધિસમુદ્ર અને સ્વયંભૂરમણસમુદ્રમાં માછલા વગેરે જલચરો ઘણા છે. શેષ સમુદ્રોમાં માછલા વગેરે જલચરો ઓછા છે.

● **દ્વીપ-સમુદ્રોના નામ -**

| | |
|---|---|
| (૧) આભૂષણો, | (૫) વૃક્ષો, |
| (૨) વસ્ત્રો, | (૬) પદ્મ[૨], |
| (૩) ગન્ધો, | (૭) નવનિધાન, |
| (૪) ઉત્પલો[૧], | (૮) ચૌદ રત્નો, |

૧. ઉત્પલ = રાત્રીવિકાસી કમળ. ૨. પદ્મ = દિવસવિકાસી કમળ.

(૯) વર્ષધરપર્વતો,
(૧૦) સરોવરો,
(૧૧) નદીઓ,
(૧૨) વિજયો,
(૧૩) વક્ષસ્કારપર્વતો,
(૧૪) દેવલોકો,
(૧૫) ઈન્દ્રો,
(૧૬) દેવકુરુ, ઉત્તરકુરુ, મેરુ,
(૧૭) આવાસો,
(૧૮) કૂટો,
(૧૯) નક્ષત્રો,
(૨૦) ચન્દ્ર-સૂર્ય

વગેરેના શુભ નામોવાળા ત્રિપ્રત્યવતાર દ્વીપ-સમુદ્રો જાણવા.

બધા દ્વીપ-સમુદ્રો સર્વરત્નમય જગતીથી વીંટાયેલા છે. જગતીના ચાર દ્વાર છે - વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત. જગતિની પહોળાઈ મૂળમાં ૧૨ યોજન, વચ્ચે ૮ યોજન અને ઉપર ૪ યોજન છે. તેની ઉંચાઈ ૮ યોજન છે. તેની ઉપર મધ્યભાગે સર્વરત્નમય પદ્મવરવેદિકા છે. તે ૧/૨ યોજન ઉંચી અને ૫૦૦ ધનુષ્ય પહોળી છે. તેની બન્ને બાજુ દેશોન ૨ યોજન પહોળા બે વનખંડ છે.

## વૈમાનિક

### વિમાનસંખ્યા

| દેવલોક | વિમાનો | પ્રતર | દેવલોક | વિમાનો | પ્રતર |
|---|---|---|---|---|---|
| સૌધર્મ | ૩૨ લાખ | ૧૩ | સહસ્રાર | ૬,૦૦૦ | ૪ |
| ઈશાન | ૨૮ લાખ | | આનત-પ્રાણત | ૪૦૦ | ૪ |
| સનત્કુમાર | ૧૨ લાખ | ૧૨ | આરણ-અચ્યુત | ૩૦૦ | ૪ |
| માહેન્દ્ર | ૮ લાખ | | નીચેના ત્રણ ગ્રૈવેયક | ૧૧૧ | ૯ |
| બ્રહ્મલોક | ૪ લાખ | ૬ | વચ્ચેના ત્રણ ગ્રૈવેયક | ૧૦૭ | |

| દેવલોક | વિમાનો | પ્રતર | દેવલોક | વિમાનો | પ્રતર |
|---|---|---|---|---|---|
| લાંતક | ૫૦,૦૦૦ | ૫ | ઉપરના ત્રણ ગ્રૈવેયક | ૧૦૦ | |
| મહાશુક્ર | ૪૦,૦૦૦ | ૪ | અનુત્તર | ૫ | ૧ |
| | | | કુલ | ૮૪,૯૭,૦૨૩ | ૬૨ |

આ વિમાનો અત્યંત સુગંધી, માખણ જેવા કોમળ સ્પર્શવાળા, હંમેશા ઉદ્યોતવાળા, સુંદર અને સ્વયં પ્રકાશિત છે.

દરેક પ્રતરમાં વિમાનો બે પ્રકારના છે-

(૧) **આવલિકાપ્રવિષ્ટ** - પંક્તિમાં રહેલા વિમાનો તે આવલિકાપ્રવિષ્ટ વિમાનો છે. વચ્ચે ગોળાકારે વિમાનેન્દ્રક છે. પછી ચારે દિશામાં પંક્તિમાં ક્રમશઃ ત્રિકોણ, ચોરસ, ગોળ, ત્રિકોણ, ચોરસ, ગોળ.... વિમાન આવેલા છે, યાવત્ પંક્તિના છેડા સુધી. (જુઓ ચિત્ર નં.૪) ગોળ વિમાનો વલયાકાર છે. ત્રિકોણ વિમાનો [૧]શૃંગાટકના આકારના છે. ચોરસ વિમાનો અખાડાના આકારના છે. ગોળવિમાનો ૧ દ્વારવાળા હોય છે, ત્રિકોણ વિમાન ૩ દ્વારવાળા હોય છે, ચોરસ વિમાન ૪ દ્વારવાળા હોય છે. ગોળ વિમાનોને ફરતો કાંગરાથી શોભતો કિલ્લો હોય છે. ત્રિકોણ વિમાનને ફરતી જે બાજુ ગોળવિમાન હોય તે બાજુ વેદિકા હોય, બાકીની બે બાજુ કિલ્લા હોય છે. ચોરસવિમાનને ફરતી વેદિકા હોય છે. અહીં વેદિકા એટલે કાંગરા વિનાનો કિલ્લો. (જુઓ ચિત્ર નં.૫) પહેલા પ્રતરમાં દરેક પંક્તિમાં ૬૨ વિમાન હોય છે. પછી ઉપર-ઉપરના પ્રતરની દરેક પંક્તિમાં અંતિમ ૧-૧ વિમાન ઓછુ હોય છે. એટલે ૬૨મા પ્રતરમાં દરેક પંક્તિમાં ૧-૧ વિમાન જ હોય છે. ગોળ વિમાનની ઉપર ગોળ વિમાન હોય છે. ત્રિકોણ વિમાનની ઉપર ત્રિકોણ વિમાન હોય છે. ચોરસ વિમાનની ઉપર ચોરસ વિમાન હોય છે.

૧. શૃંગાટક એટલે જ્યાં ત્રણ રસ્તા ભેગા થતા હોય તે સ્થાન.

(૨) **પુષ્પાવકીર્ણ** - ફૂલોની જેમ જ્યાં-ત્યાં વેરાયેલા વિમાનો તે પુષ્પાવકીર્ણ વિમાનો છે. તેઓ વિમાનેન્દ્રકની પૂર્વદિશામાં ન હોય, શેષ ત્રણ દિશામાં હોય. તે નન્દાવર્ત્ત, સ્વસ્તિક, ખડ્ગ વગેરે ભિન્ન ભિન્ન આકારવાળા હોય છે.

| દેવ-લોક | પ્રતર | વિમાને-ન્દ્રક |
|---|---|---|
| સૌધર્મ, ઈશાન | ૧ | ઉડુ |
| | ૨ | ચન્દ્ર |
| | ૩ | રજત |
| | ૪ | વલ્ગુ |
| | ૫ | વીર્ય |
| | ૬ | વરુણ |
| | ૭ | આનન્દ |
| | ૮ | બ્રહ્મા |
| | ૯ | કાંચન |
| | ૧૦ | રુચિર |
| | ૧૧ | વંચ |
| | ૧૨ | અરુણ |
| | ૧૩ | દિશ |
| સનત્-કુમાર, માહેન્દ્ર | ૧ | વૈડૂર્ય |
| | ૨ | રુચક |
| | ૩ | રુચિત |
| | ૪ | અંક |
| | ૫ | સ્ફટિક |
| | ૬ | તપનીય |
| | ૭ | મેઘ |
| | ૮ | અર્ઘ |

| દેવ-લોક | પ્રતર | વિમાને-ન્દ્રક |
|---|---|---|
| | ૯ | હારિદ્ર |
| | ૧૦ | નલિન |
| | ૧૧ | લોહિતાક્ષ |
| | ૧૨ | વજ્ર |
| બ્રહ્મ-લોક | ૧ | અંજન |
| | ૨ | વરમાલ |
| | ૩ | અરિષ્ટ |
| | ૪ | દેવ |
| | ૫ | સોમ |
| | ૬ | મંગલ |
| લાંતક | ૧ | બલભદ્ર |
| | ૨ | ચક્ર |
| | ૩ | ગદા |
| | ૪ | સ્વસ્તિક |
| | ૫ | નન્દાવર્ત્ત |
| સહસ્રાર | ૧ | આભંકર |
| | ૨ | ગૃદ્ધિ |
| | ૩ | કેતુ |
| | ૪ | ગરુડ |
| મહાશુક્ર | ૧ | બ્રહ્મા |
| | ૨ | બ્રહ્મહિત |

| દેવ-લોક | પ્રતર | વિમાને-ન્દ્રક |
|---|---|---|
| | ૩ | બ્રહ્મોત્તર |
| | ૪ | લાંતક |
| આનત-પ્રાણત | ૧ | મહાશુક્ર |
| | ૨ | સહસ્રાર |
| | ૩ | આનત |
| | ૪ | પ્રાણત |
| આરણ-અચ્યુત | ૧ | પુષ્પક |
| | ૨ | અલંકાર |
| | ૩ | આરણ |
| | ૪ | અચ્યુત |
| ગ્રૈવેયક | ૧ | સુદર્શન |
| | ૨ | સુપ્રતિબદ્ધ[૧] |
| | ૩ | મનોરમ |
| | ૪ | સર્વતોભદ્ર |
| | ૫ | વિશાલ |
| | ૬ | સુમન |
| | ૭ | સૌમનસ |
| | ૮ | પ્રીતિકર |
| | ૯ | આદિત્ય |
| અનુત્તર | ૧ | સર્વાર્થસિદ્ધ |

૧. કોઈ ઠેકાણે સુપ્રતિબદ્ધની બદલે સુપ્રબુદ્ધ નામ પણ જોવા મળે છે.

દેવદ્વીપની ઉપર ૧-૧, નાગસમુદ્રની ઉપર ૨-૨, યક્ષદ્વીપની ઉપર ૪-૪, ભૂતસમુદ્રની ઉપર ૮-૮, સ્વયંભૂરમણદ્વીપની ઉપર ૧૬-૧૬, સ્વયંભૂરમણસમુદ્રની ઉપર ૩૧-૩૧ આવલિકાપ્રવિષ્ટ વિમાનો છે.

**દરેક દેવલોકમાં આવલિકાપ્રવિષ્ટ વિમાનોની સંખ્યા જાણવા કરણ-**

પહેલા પ્રતરના આવલિકાપ્રવિષ્ટ વિમાનો = મુખ

પહેલા-બીજા દેવલોકનું મુખ = ૨૪૯

શેષ દેવલોકનું મુખ = ૨૪૯ – (નીચેના પરપ્રતર x ૪)

દા.ત. ત્રીજા-ચોથા દેવલોકનું મુખ = ૨૪૯ – (૧૩ x ૪) = ૨૪૯ – ૫૨ = ૧૯૭

અંતિમ પ્રતરના આવલિકાપ્રવિષ્ટ વિમાનો = ભૂમિ

ભૂમિ = મુખ – [(પ્રતર–૧) x ૪]

દા.ત. પહેલા-બીજા દેવલોકની ભૂમિ = ૨૪૯ – [(૧૩-૧) x ૪]
= ૨૪૯ – (૧૨ x ૪) = ૨૪૯–૪૮ = ૨૦૧

$\frac{\text{મુખ + ભૂમિ}}{૨}$ *x પ્રતર = તે દેવલોકના આવલિકાપ્રવિષ્ટ વિમાનો.*

પહેલા-બીજા દેવલોકના આવલિકાપ્રવિષ્ટ વિમાનો=

$\frac{૨૪૯+૨૦૧}{૨} \times ૧૩ = \frac{૪૫૦}{૨} \times ૧૩ = ૨,૯૨૫$

તે તે દેવલોકના કુલવિમાનોમાંથી આવલિકાપ્રવિષ્ટ વિમાનો બાદ કરતા તે તે દેવલોકના પુષ્પાવકીર્ણ વિમાનો આવે.

દા.ત. પહેલા-બીજા દેવલોકના કુલ વિમાનો = ૩૨ લાખ + ૨૮ લાખ = ૬૦ લાખ

પહેલા-બીજા દેવલોકના પુષ્પાવકીર્ણ વિમાનો = ૬૦ લાખ – ૨,૯૨૫ = ૫૯,૯૭,૦૭૫

## વૈમાનિક દેવલોકના વિમાનો

| દેવલોક | મુખ | ભૂમિ | સમાસ | અર્ધ | પ્રતર | આવલિકાપ્રવિષ્ટ | પુષ્પાવકીર્ણ | સર્વ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧લો, ૨જો | ૨૪૯ | ૨૦૧ | ૪૫૦ | ૨૨૫ | ૧૩ | ૨,૯૨૫ | ૫૯,૯૭,૦૭૫ | ૬૦,૦૦,૦૦૦ |
| ૩જો, ૪થો | ૧૯૭ | ૧૫૩ | ૩૫૦ | ૧૭૫ | ૧૨ | ૨,૧૦૦ | ૧૯,૯૭,૯૦૦ | ૨૦,૦૦,૦૦૦ |
| ૫મો | ૧૪૯ | ૧૨૯ | ૨૭૮ | ૧૩૯ | ૬ | ૮૩૪ | ૩,૯૯,૧૬૬ | ૪,૦૦,૦૦૦ |
| ૬ઠ્ઠો | ૧૨૫ | ૧૦૯ | ૨૩૪ | ૧૧૭ | ૫ | ૫૮૫ | ૪૯,૪૧૫ | ૫૦,૦૦૦ |
| ૭મો | ૧૦૫ | ૯૩ | ૧૯૮ | ૯૯ | ૪ | ૩૯૬ | ૩૯,૬૦૪ | ૪૦,૦૦૦ |
| ૮મો | ૮૯ | ૭૭ | ૧૬૬ | ૮૩ | ૪ | ૩૩૨ | ૫,૬૬૮ | ૬,૦૦૦ |
| ૯મો, ૧૦મો | ૭૩ | ૬૧ | ૧૩૪ | ૬૭ | ૪ | ૨૬૮ | ૧૩૨ | ૪૦૦ |
| ૧૧મો, ૧૨મો | ૫૭ | ૪૫ | ૧૦૨ | ૫૧ | ૪ | ૨૦૪ | ૯૬ | ૩૦૦ |
| નીચેના ૩ ગ્રૈવેયક | ૪૧ | ૩૩ | ૭૪ | ૩૭ | ૩ | ૧૧૧ | - | ૧૧૧ |
| વચ્ચેના ૩ ગ્રૈવેયક | ૨૯ | ૨૧ | ૫૦ | ૨૫ | ૩ | ૭૫ | ૩૨ | ૧૦૭ |
| ઉપરના ૩ ગ્રૈવેયક | ૧૭ | ૯ | ૨૬ | ૧૩ | ૩ | ૩૯ | ૬૧ | ૧૦૦ |
| અનુત્તર | ૫ | - | - | - | ૧ | ૫ | - | ૫ |
| ઊર્ધ્વલોક | ૨૪૯ | ૫ | ૨૫૪ | ૧૨૭ | ૬૨ | ૭,૮૭૪ | ૮૪,૮૯,૧૪૯ | ૮૪,૯૭,૦૨૩ |

**ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનોની સંખ્યા જાણવાનું કરણ -**

ઈષ્ટ પ્રતરની ૧ દિશાની પંક્તિના વિમાનોની સંખ્યાને ૩થી ભાગતા તે પ્રતરના ૧ દિશાના ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનો આવે. જો એક શેષ રહે તો તેને ત્રિકોણ વિમાનોની સંખ્યામાં ઉમેરવો, કેમકે ગોળ પછી ત્રિકોણ વિમાન આવે છે. જો બે શેષ રહે તો તેમાંથી ૧ ત્રિકોણ વિમાનોની સંખ્યામાં ઉમેરવો અને ૧ ચોરસ વિમાનોની સંખ્યામાં ઉમેરવો, કેમકે ગોળ પછી ત્રિકોણ અને તેના પછી ચોરસ વિમાન આવે છે.

આ ૧ દિશાની પંક્તિમાં ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનોની સંખ્યા થઈ. તેને ૪થી ગુણતા અને ગોળ વિમાનોમાં ૧ ઈન્દ્રક વિમાન ઉમેરતા તે પ્રતરના બધા ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાન આવે છે.

| દેવલોક | પ્રતર ક્ર. | એક પંક્તિના વિમાન | [1]ગોળ વિમાન | ત્રિકોણ વિમાન | ચોરસ વિમાન | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧લો-૨જો | ૧ | ૬૨ | ૮૧ | ૮૪ | ૮૪ | ૨૪૯ |
| | ૨ | ૬૧ | ૮૧ | ૮૪ | ૮૦ | ૨૪૫ |
| | ૩ | ૬૦ | ૮૧ | ૮૦ | ૮૦ | ૨૪૧ |
| | ૪ | ૫૯ | ૭૭ | ૮૦ | ૮૦ | ૨૩૭ |
| | ૫ | ૫૮ | ૭૭ | ૮૦ | ૭૬ | ૨૩૩ |
| | ૬ | ૫૭ | ૭૭ | ૭૬ | ૭૬ | ૨૨૯ |
| | ૭ | ૫૬ | ૭૩ | ૭૬ | ૭૬ | ૨૨૫ |
| | ૮ | ૫૫ | ૭૩ | ૭૬ | ૭૨ | ૨૨૧ |
| | ૯ | ૫૪ | ૭૩ | ૭૨ | ૭૨ | ૨૧૭ |

૧. ગોળવિમાનમાં ઈન્દ્રક વિમાનનો પણ સમાવેશ કરેલ છે.

| દેવલોક | પ્રતર ક્ર. | એક પંક્તિના વિમાન | ગોળ વિમાન | ત્રિકોણ વિમાન | ચોરસ વિમાન | કુલ |
|---|---|---|---|---|---|---|
| | ૧૦ | ૫૩ | ૬૯ | ૭૨ | ૭૨ | ૨૧૩ |
| | ૧૧ | ૫૨ | ૬૯ | ૭૨ | ૬૮ | ૨૦૯ |
| | ૧૨ | ૫૧ | ૬૯ | ૬૮ | ૬૮ | ૨૦૫ |
| | ૧૩ | ૫૦ | ૬૫ | ૬૮ | ૬૮ | ૨૦૧ |
| કુલ | | | ૯૬૫ | ૯૮૮ | ૯૭૨ | ૨,૯૨૫ |
| ૩જો-૪થો | ૧ | ૪૯ | ૬૫ | ૬૮ | ૬૪ | ૧૯૭ |
| | ૨ | ૪૮ | ૬૫ | ૬૪ | ૬૪ | ૧૯૩ |
| | ૩ | ૪૭ | ૬૧ | ૬૪ | ૬૪ | ૧૮૯ |
| | ૪ | ૪૬ | ૬૧ | ૬૪ | ૬૦ | ૧૮૫ |
| | ૫ | ૪૫ | ૬૧ | ૬૦ | ૬૦ | ૧૮૧ |
| | ૬ | ૪૪ | ૫૭ | ૬૦ | ૬૦ | ૧૭૭ |
| | ૭ | ૪૩ | ૫૭ | ૬૦ | ૫૬ | ૧૭૩ |
| | ૮ | ૪૨ | ૫૭ | ૫૬ | ૫૬ | ૧૬૯ |
| | ૯ | ૪૧ | ૫૩ | ૫૬ | ૫૬ | ૧૬૫ |
| | ૧૦ | ૪૦ | ૫૩ | ૫૬ | ૫૨ | ૧૬૧ |
| | ૧૧ | ૩૯ | ૫૩ | ૫૨ | ૫૨ | ૧૫૭ |
| | ૧૨ | ૩૮ | ૪૯ | ૫૨ | ૫૨ | ૧૫૩ |
| કુલ | | | ૬૯૨ | ૭૧૨ | ૬૯૬ | ૨,૧૦૦ |
| ૫મો | ૧ | ૩૭ | ૪૯ | ૫૨ | ૪૮ | ૧૪૯ |
| | ૨ | ૩૬ | ૪૯ | ૪૮ | ૪૮ | ૧૪૫ |
| | ૩ | ૩૫ | ૪૫ | ૪૮ | ૪૮ | ૧૪૧ |
| | ૪ | ૩૪ | ૪૫ | ૪૮ | ૪૪ | ૧૩૭ |

| દેવલોક | પ્રતર ક્ર. | એક પંક્તિના વિમાન | ગોળ વિમાન | ત્રિકોણ વિમાન | ચોરસ વિમાન | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૫મો | ૫ | ૩૩ | ૪૫ | ૪૪ | ૪૪ | ૧૩૩ |
| | ૬ | ૩૨ | ૪૧ | ૪૪ | ૪૪ | ૧૨૯ |
| કુલ | | | ૨૭૪ | ૨૮૪ | ૨૭૬ | ૮૩૪ |
| ૬ઠ્ઠો | ૧ | ૩૧ | ૪૧ | ૪૪ | ૪૦ | ૧૨૫ |
| | ૨ | ૩૦ | ૪૧ | ૪૦ | ૪૦ | ૧૨૧ |
| | ૩ | ૨૯ | ૩૭ | ૪૦ | ૪૦ | ૧૧૭ |
| | ૪ | ૨૮ | ૩૭ | ૪૦ | ૩૬ | ૧૧૩ |
| | ૫ | ૨૭ | ૩૭ | ૩૬ | ૩૬ | ૧૦૯ |
| કુલ | | | ૧૯૩ | ૨૦૦ | ૧૯૨ | ૫૮૫ |
| ૭મો | ૧ | ૨૬ | ૩૩ | ૩૬ | ૩૬ | ૧૦૫ |
| | ૨ | ૨૫ | ૩૩ | ૩૬ | ૩૨ | ૧૦૧ |
| | ૩ | ૨૪ | ૩૩ | ૩૨ | ૩૨ | ૯૭ |
| | ૪ | ૨૩ | ૨૯ | ૩૨ | ૩૨ | ૯૩ |
| કુલ | | | ૧૨૮ | ૧૩૬ | ૧૩૨ | ૩૯૬ |
| ૮મો | ૧ | ૨૨ | ૨૯ | ૩૨ | ૨૮ | ૮૯ |
| | ૨ | ૨૧ | ૨૯ | ૨૮ | ૨૮ | ૮૫ |
| | ૩ | ૨૦ | ૨૫ | ૨૮ | ૨૮ | ૮૧ |
| | ૪ | ૧૯ | ૨૫ | ૨૮ | ૨૪ | ૭૭ |
| કુલ | | | ૧૦૮ | ૧૧૬ | ૧૦૮ | ૩૩૨ |
| ૯મો- | ૧ | ૧૮ | ૨૫ | ૨૪ | ૨૪ | ૭૩ |
| ૧૦મો | ૨ | ૧૭ | ૨૧ | ૨૪ | ૨૪ | ૬૯ |

| દેવલોક | પ્રતર | એક પંક્તિના વિમાન | ગોળ વિમાન | ત્રિકોણ વિમાન | ચોરસ વિમાન | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૯મો- | ૩ | ૧૬ | ૨૧ | ૨૪ | ૨૦ | ૬૫ |
| ૧૦મો | ૪ | ૧૫ | ૨૧ | ૨૦ | ૨૦ | ૬૧ |
| કુલ | | | ૮૮ | ૯૨ | ૮૮ | ૨૬૮ |
| ૧૧મો- | ૧ | ૧૪ | ૧૭ | ૨૦ | ૨૦ | ૫૭ |
| ૧૨મો | ૨ | ૧૩ | ૧૭ | ૨૦ | ૧૬ | ૫૩ |
| | ૩ | ૧૨ | ૧૭ | ૧૬ | ૧૬ | ૪૯ |
| | ૪ | ૧૧ | ૧૩ | ૧૬ | ૧૬ | ૪૫ |
| કુલ | | | ૬૪ | ૭૨ | ૬૮ | ૨૦૪ |
| નીચેના | ૧ | ૧૦ | ૧૩ | ૧૬ | ૧૨ | ૪૧ |
| ૩ ગ્રૈવેયક | ૨ | ૯ | ૧૩ | ૧૨ | ૧૨ | ૩૭ |
| | ૩ | ૮ | ૯ | ૧૨ | ૧૨ | ૩૩ |
| કુલ | | | ૩૫ | ૪૦ | ૩૬ | ૧૧૧ |
| મધ્યમ | ૧ | ૭ | ૯ | ૧૨ | ૮ | ૨૯ |
| ૩ ગ્રૈવેયક | ૨ | ૬ | ૯ | ૮ | ૮ | ૨૫ |
| | ૩ | ૫ | ૫ | ૮ | ૮ | ૨૧ |
| કુલ | | | ૨૩ | ૨૮ | ૨૪ | ૭૫ |
| ઉપરના | ૧ | ૪ | ૫ | ૮ | ૪ | ૧૭ |
| ૩ ગ્રૈવેયક | ૨ | ૩ | ૫ | ૪ | ૪ | ૧૩ |
| | ૩ | ૨ | ૧ | ૪ | ૪ | ૯ |
| કુલ | | | ૧૧ | ૧૬ | ૧૨ | ૩૯ |
| અનુત્તર | ૧ | ૧ | ૧ | ૪ | - | ૫ |
| કુલ | | | ૨,૫૮૨ | ૨,૬૮૮ | ૨,૬૦૪ | ૭,૭૯૪ |

**પ્રશ્ન** - સૌધર્મ અને ઈશાન બન્નેના ઈન્દ્રો ભિન્ન છે. તેમજ સનત્કુમાર અને માહેન્દ્ર બન્નેના ઈન્દ્રો ભિન્ન છે. તેથી કોના કેટલા આવલિકાગત વિમાનો હોય ?

જવાબ-

| ક્ર. | સૌધર્મેન્દ્રના વિમાનો | ઈશાનેન્દ્રના વિમાનો |
|---|---|---|
| ૧ | વિમાનેન્દ્રક | - |
| ૨ | દક્ષિણદિશાના ગોળ, ત્રિકોણ, ચોરસ | ઉત્તરદિશાના ગોળ, ત્રિકોણ, ચોરસ |
| ૩ | પૂર્વ-પશ્ચિમના ગોળ | - |
| ૪ | પૂર્વ-પશ્ચિમના અડધા ત્રિકોણ અને અડધા ચોરસ | પૂર્વ-પશ્ચિમના અડધા ત્રિકોણ અને અડધા ચોરસ |

સૌધર્મેન્દ્રની જેમ સત્કુમારેન્દ્રના અને ઈશાનેન્દ્રની જેમ માહેન્દ્રેન્દ્રના વિમાનો જાણવા.

| | સૌધર્મ | ઈશાન | સનત્કુમાર | માહેન્દ્ર |
|---|---|---|---|---|
| ગોળ વિમાન | ૭૨૭ | ૨૩૮ | ૫૨૨ | ૧૭૦ |
| ત્રિકોણ વિમાન | ૪૯૪ | ૪૯૪ | ૩૫૬ | ૩૫૬ |
| ચોરસ વિમાન | ૪૮૬ | ૪૮૬ | ૩૪૮ | ૩૪૮ |
| કુલ આવ.ગત વિમાન | ૧,૭૦૭ | ૧,૨૧૮ | ૧,૨૨૬ | ૮૭૪ |
| પુષ્પાવકીર્ણ વિમાન | ૩૧,૯૮,૨૯૩ | ૨૭,૯૮,૭૮૨ | ૧૧,૯૮,૭૭૪ | ૭,૯૯,૧૨૬ |
| કુલ વિમાન | ૩૨ લાખ | ૨૮ લાખ | ૧૨ લાખ | ૮ લાખ |

| સૌધર્મ દેવલોક | ઈન્દ્રક | પૂર્વ | પશ્ચિમ | ઉત્તર | દક્ષિણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ગોળ વિમાન | ૧૩ | ૨૩૮ | ૨૩૮ | - | ૨૩૮ | ૭૨૭ |
| ત્રિકોણ વિમાન | - | ૧૨૩ | ૧૨૪ | - | ૨૪૭ | ૪૯૪ |

| સૌધર્મ દેવલોક | ઈન્દ્રક | પૂર્વ | પશ્ચિમ | ઉત્તર | દક્ષિણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ચોરસ વિમાન | - | ૧૨૧ | ૧૨૨ | - | ૨૪૩ | ૪૮૬ |
| કુલ આવ.ગત વિમાન | ૧૩ | ૪૮૨ | ૪૮૪ | - | ૭૨૮ | ૧,૭૦૭ |
| પુષ્પાવકીર્ણ વિમાન | | | | | | ૩૧,૯૮,૨૯૩ |
| કુલ વિમાન | | | | | | ૩૨,૦૦,૦૦૦ |

| ઈશાન દેવલોક | પૂર્વ | પશ્ચિમ | ઉત્તર | દક્ષિણ | કુલ |
|---|---|---|---|---|---|
| ગોળ વિમાન | - | - | ૨૩૮ | - | ૨૩૮ |
| ત્રિકોણ વિમાન | ૧૨૪ | ૧૨૩ | ૨૪૭ | - | ૪૯૪ |
| ચોરસ વિમાન | ૧૨૨ | ૧૨૧ | ૨૪૩ | - | ૪૮૬ |
| કુલ આવ.ગત વિમાન | ૨૪૬ | ૨૦૪ | ૭૨૮ | - | ૧,૨૧૮ |
| પુષ્પાવકીર્ણ વિમાન | | | | | ૨૭,૯૮,૭૮૨ |
| કુલ વિમાન | | | | | ૨૮,૦૦,૦૦૦ |

| સનત્કુમાર દેવલોક | ઈન્દ્રક | પૂર્વ | પશ્ચિમ | ઉત્તર | દક્ષિણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ગોળ વિમાન | ૧૨ | ૧૭૦ | ૧૭૦ | - | ૧૭૦ | ૫૨૨ |
| ત્રિકોણ વિમાન | - | ૮૯ | ૮૯ | - | ૧૭૮ | ૩૫૬ |
| ચોરસ વિમાન | - | ૮૭ | ૮૭ | - | ૧૭૪ | ૩૪૮ |
| કુલ આવ.ગત વિમાન | ૧૨ | ૩૪૯ | ૩૪૯ | - | ૫૨૫ | ૧,૨૨૬ |
| પુષ્પાવકીર્ણ વિમાન | | | | | | ૧૧,૯૮,૭૭૪ |
| કુલ વિમાન | | | | | | ૧૨,૦૦,૦૦૦ |

| માહેન્દ્ર દેવલોક | પૂર્વ | પશ્ચિમ | ઉત્તર | દક્ષિણ | કુલ |
|---|---|---|---|---|---|
| ગોળ વિમાન | - | - | ૧૭૦ | - | ૧૭૦ |
| ત્રિકોણ વિમાન | ૮૯ | ૮૯ | ૧૭૮ | - | ૩૫૬ |
| ચોરસ વિમાન | ૮૭ | ૮૭ | ૧૭૪ | - | ૩૪૮ |
| કુલ આવ.ગત વિમાન | ૧૭૬ | ૧૭૬ | ૫૨૫ | - | ૮૭૪ |
| પુષ્પાવકીર્ણ વિમાન | | | | | ૭,૯૯,૧૨૬ |
| કુલ વિમાન | | | | | ૮,૦૦,૦૦૦ |

## વૈમાનિક દેવલોક સંબંધી વિગત

| દેવલોક | સામાંનિક દેવો | આત્મરક્ષક દેવો | ચિહ્ન[1] | વિમાનોનો આશ્રય | આધાર પૃથ્વીની જાડાઈ | વિમાનોની ઊંચાઈ | કુલ જાડાઈ+ઊંચાઈ | વિમાનોનો વર્ણ | દેવોનો વર્ણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧લો | ૮૪,૦૦૦ | ૩,૩૬,૦૦૦ | મૃગ | ઘનોદધિ | ૨,૭૦૦ યો. | ૫૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ, પીળો, લાલ, લીલો, કાળો | સુવર્ણની છાલ જેવા લાલ |
| ૨જો | ૮૦,૦૦૦ | ૩,૨૦,૦૦૦ | પાડો | ઘનોદધિ | ૨,૭૦૦ યો. | ૫૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ, પીળો, લાલ, લીલો, કાળો | સુવર્ણની છાલ જેવા લાલ |
| ૩જો | ૭૨,૦૦૦ | ૨,૮૮,૦૦૦ | ભૂંડ | ઘનવાત | ૨,૬૦૦ યો. | ૬૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ, પીળો, લાલ, લીલો | કમળની કેસરા જેવા સફેદ |
| ૪થો | ૭૦,૦૦૦ | ૨,૮૦,૦૦૦ | સિંહ | ઘનવાત | ૨,૬૦૦ યો. | ૬૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ, પીળો, લાલ, | કમળની કેસરા જેવા સફેદ |
| ૫મો | ૬૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | બકરો | ઘનવાત | ૨,૫૦૦ યો. | ૭૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ, પીળો, લાલ, | કમળની કેસરા જેવા સફેદ |
| ૬ ઠ્ઠો | ૫૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ | દેડકો | ઘનોદધિ + ઘનવાત | ૨,૫૦૦ યો. | ૭૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ, પીળો, લાલ, | સફેદ[3] |
| ૭મો | ૪૦,૦૦૦ | ૧,૬૦,૦૦૦ | ઘોડો | " | ૨,૪૦૦ યો. | ૮૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ, પીળો | સફેદ |
| ૮મો | ૩૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | હાથી | " | ૨,૪૦૦ યો. | ૮૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ, પીળો | સફેદ |
| ૯મો | ૨૦,૦૦૦ | ૮૦,૦૦૦ | સર્પ | આકાશ | ૨,૩૦૦ યો. | ૯૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ | સફેદ |
| ૧૦મો | | | ગેંડો | આકાશ | ૨,૩૦૦ યો. | ૯૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ | સફેદ |
| ૧૧મો | ૧૦,૦૦૦ | ૪૦,૦૦૦ | બળદ | આકાશ | ૨,૩૦૦ યો. | ૯૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ | સફેદ |
| ૧૨મો | | | વિડિમ[2] | આકાશ | ૨,૩૦૦ યો. | ૯૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ | સફેદ |
| ગ્રૈવેયક ૯ | - | - | - | આકાશ | ૨,૨૦૦ યો. | ૧,૦૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ | સફેદ |
| અનુત્તર ૫ | - | - | - | આકાશ | ૨,૧૦૦ યો. | ૧,૧૦૦ યો. | ૩,૨૦૦ યો. | સફેદ | સફેદ |
| કુલ | ૫,૧૬,૦૦૦ | ૨૦,૬૪,૦૦૦ | | | | | | | |

૧. આ ચિહ્નો દેવોના મુગટમાં હોય છે. ૨. વિડિમ = મૃગવિશેષ. ૩. ઉપર-ઉપરના દેવોનો વર્ણ વધુ સફેદ છે.

● દરેક દેવલોકના છેલ્લા પ્રતરમાં ઈન્દ્રના નિવાસને યોગ્ય એવા કલ્પાવતંસક વિમાનો આવેલા છે. તેની ચારે દિશામાં ચાર લોકપાલને યોગ્ય વિમાનો છે.

● આવલિકાપ્રવિષ્ટ વિમાનોનું પરસ્પર અંતર અસંખ્ય યોજન છે. પુષ્પાવકીર્ણ વિમાનોનું પરસ્પર અંતર સંખ્યાતા કે અસંખ્યાતા યોજન છે.

● પહેલા બે દેવલોકમાં વિમાનો [1]ઘનોદધિ ઉપર પ્રતિષ્ઠિત છે. પછીના ત્રણ દેવલોકમાં વિમાનો [2]ઘનવાત ઉપર પ્રતિષ્ઠિત છે. પછીના ત્રણ દેવલોકમાં વિમાનો ઘનોદધિ-ઘનવાત ઉભય ઉપર પ્રતિષ્ઠિત છે. પછીના ત્રણ દેવલોકમાં વિમાનો આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે.

● આનત-પ્રાણત દેવલોકનો એક જ ઈન્દ્ર છે. આરણ-અચ્યુત દેવલોકનો એક જ ઈન્દ્ર છે.

● વિમાનો હજારો ધજા-પતાકાથી યુક્ત હોય છે.

● આત્મરક્ષકદેવો સામાનિકદેવો કરતા ચાર ગુણા હોય છે.

**તમસ્કાય** - જંબૂદ્વીપથી તીર્ચ્છા અસંખ્ય દ્વીપ-સમુદ્રો ઓળંગ્યા પછી અરુણવર નામનો દ્વીપ છે. તેની વેદિકાના અંતથી ૪૨,૦૦૦ યોજન અરુણવર સમુદ્રમાં જઈએ એટલે અપ્કાયમય મહાન્ધકારરૂપ તમસ્કાય આવેલ છે. તે પાણીના ઉપરના તલથી ઉપર ૧,૭૨૧ યોજન સુધી સમાન ભિંતના આકારે છે. ત્યારપછી તે તીર્ચ્છું વિસ્તરે છે અને પહેલા ચાર દેવલોકને અને પાંચમા બ્રહ્મલોક દેવલોકના

---

૧. ઘનોદધિ = થીજેલુ પાણી. ૨. ઘનવાત = થીજેલો વાયુ.

પહેલા બે પ્રતરોને આવરીને બ્રહ્મલોકના ત્રીજા રિષ્ટવિમાનના પ્રતરમાં પૂર્ણ થાય છે. તે નીચે કોળિયાની પડઘીના આકારે છે અને ઉપર કુકડાના પાંજરાના આકારે છે. મૂળથી ઉપર સંખ્યાતા યોજન સુધી તેનો વિસ્તાર સંખ્યાત યોજનનો છે, ત્યારપછી તેનો વિસ્તાર અસંખ્ય યોજનનો છે. તેની પરિધિ સર્વત્ર અસંખ્ય યોજન પ્રમાણ છે. જે મહર્દ્ધિક દેવ જે ગતિથી ત્રણ ચપટીમાં ૨૧ વાર જંબદ્વીપને પ્રદક્ષિણા આપીને આવે, તે જ દેવ તે જ ગતિથી છ મહિના સુધી જાય તો પણ તમસ્કાયના વિસ્તારના સંખ્યાત યોજનને જ ઓળંગી શકે, વધુ નહીં. (જુઓ ચિત્ર નં. ૬)

કૃષ્ણરાજી - બ્રહ્મલોક દેવલોકના ત્રીજા પ્રતરમાં રિષ્ટ-વિમાનની ચારે દિશામાં સચિત્ત-અચિત્ત પૃથ્વીના પરિણામરૂપ બે-બે કૃષ્ણરાજીઓ આવેલી છે. તે અખાડાના આકારે રહેલી છે. પૂર્વ અને પશ્ચિમ દિશાની કૃષ્ણરાજીઓ ઉત્તર-દક્ષિણ લાંબી છે અને પૂર્વ-પશ્ચિમ પહોળી છે. ઉત્તર અને દક્ષિણ દિશાની કૃષ્ણરાજીઓ પૂર્વ-પશ્ચિમ લાંબી છે અને ઉત્તર-દક્ષિણ પહોળી છે. પૂર્વદિશાની અંદરની કૃષ્ણરાજી દક્ષિણદિશાની બહારની કૃષ્ણરાજીને સ્પર્શે છે. દક્ષિણદિશાની અંદરની કૃષ્ણરાજી પશ્ચિમદિશાની બહારની કૃષ્ણરાજીને સ્પર્શે છે. પશ્ચિમદિશાની અંદરની કૃષ્ણરાજી ઉત્તરદિશાની બહારની કૃષ્ણરાજીને સ્પર્શે છે. ઉત્તરદિશાની અંદરની કૃષ્ણરાજી પૂર્વદિશાની બહારની કૃષ્ણરાજીને સ્પર્શે છે. ચારે દિશાની અંદરની કૃષ્ણરાજીઓ લંબચોરસ છે. પૂર્વ-પશ્ચિમની બહારની કૃષ્ણરાજીઓ ષટ્કોણ છે. ઉત્તર-દક્ષિણની બહારની કૃષ્ણરાજીઓ ત્રિકોણ છે. આ કૃષ્ણરાજીઓની પહોળાઈ સંખ્યાતા યોજનની છે અને લંબાઈ-પરિધિ અસંખ્ય યોજનની છે. જે મહર્દ્ધિક દેવ જે ગતિથી ત્રણ ચપટીમાં જંબૂદ્વીપને ૨૧ વાર પ્રદક્ષિણા આપીને આવે,

તે જ દેવ તે જ ગતિથી ૧૫ દિવસ સુધી જાય તો કેટલીક કૃષ્ણરાજીઓને ઓળંગે અને કેટલીક કૃષ્ણરાજીઓને ન ઓળંગે. (જુઓ ચિત્ર નં.૭)

**લોકાન્તિક દેવો** - કૃષ્ણરાજીઓના આઠ આંતરાઓમાં લોકાન્તિક દેવોના આઠ વિમાનો આવેલા છે. તે આ પ્રમાણે - ઉત્તર અને પૂર્વની અંદરની કૃષ્ણરાજીઓના આંતરામાં અર્ચિ વિમાન છે. પૂર્વની બે કૃષ્ણરાજીઓના આંતરામાં અર્ચિમાલી વિમાન છે. પૂર્વ અને દક્ષિણની અંદરની કૃષ્ણરાજીઓના આંતરામાં વૈરોચન વિમાન છે. દક્ષિણની બે કૃષ્ણરાજીઓના આંતરામાં પ્રભંકર વિમાન છે. દક્ષિણ અને પશ્ચિમની અંદરની કૃષ્ણરાજીઓના આંતરામાં ચન્દ્રાભ વિમાન છે. પશ્ચિમની બે કૃષ્ણરાજીઓના આંતરામાં સૂર્યાભ વિમાન છે. પશ્ચિમ અને ઉત્તરની અંદરની કૃષ્ણરાજીઓના આંતરામાં શુક્રાભ વિમાન છે. ઉત્તરની બે કૃષ્ણરાજીઓના આંતરામાં સુપ્રતિષ્ઠાભ વિમાન છે. બધી કૃષ્ણરાજીઓની મધ્યમાં નવમુ રિષ્ટ વિમાન છે. આ વિમાનોમાં લોકાન્તિકદેવો રહે છે. તે આ પ્રમાણે - અર્ચિવિમાનમાં સારસ્વત દેવો, અર્ચિમાલી વિમાનમાં આદિત્યદેવો, વૈરોચનવિમાનમાં વહ્નિ દેવો, પ્રભંકર વિમાનમાં વરુણ દેવો, ચન્દ્રાભ વિમાનમાં ગર્દતોય દેવો, સૂર્યાભ વિમાનમાં તુષિત દેવો, શુક્રાભ વિમાનમાં અવ્યાબાધ દેવો, સુપ્રતિષ્ઠાભ વિમાનમાં આગ્નેયદેવો (તેમનુ બીજુ નામ મરુત્ છે), રિષ્ટ વિમાનમાં રિષ્ટ દેવો રહે છે. સારસ્વત અને આદિત્ય બન્નેના ભેગા મળીને ૭ દેવો છે અને તેમનો ૭૦૦ દેવોનો પરિવાર છે. વહ્નિ અને વરુણ બન્નેના ભેગા મળીને ૧૪ દેવો છે અને તેમનો ૧૪,૦૦૦ દેવોનો પરિવાર છે. ગર્દતોય અને તુષિત બન્નેના ભેગા મળીને ૭ દેવો છે. અને તેમનો ૭,૦૦૦ દેવોનો પરિવાર છે.

અવ્યાબાધ- આગ્નેષ-રિષ્ટના નવ દેવો છે અને તેમનો ૯૦૦ દેવોનો પરિવાર છે. લોકાન્તિક દેવોની સ્થિતિ ૮ સાગરોપમની છે. આ લોકાન્તિક દેવો તીર્થંકર ભગવંતોને દીક્ષાસમયથી એક વર્ષ પૂર્વે ધર્મતીર્થ પ્રવર્તાવવાની વિનંતિ કરી દીક્ષા ગ્રહણ કરવા જણાવે છે. ભગવાન સ્વયં જાણે છે, પણ તે દેવોનો તે પ્રમાણેનો આચાર છે.

**સૌધર્માદિ દેવલોકના વિમાનોની લંબાઈ, પહોળાઈ, અંદરની પરિધિ અને બહારની પરિધિ-**

કર્ક સંક્રાન્તિના દિવસે સર્વથી અંદરના મંડલમાં રહેલા, ૪૭,૨૬૩$\frac{૨૧}{૬૦}$ યોજન દૂર રહેલા, ઉગતા સૂર્યને મનુષ્ય જુવે છે. એવી જ રીતે કર્ક સંક્રાંતિના દિવસે સર્વથી અંદરના મંડલમાં રહેલા, ૪૭,૨૬૩$\frac{૨૧}{૬૦}$ યોજન દૂર રહેલા, અસ્ત થતા સૂર્યને મનુષ્ય જુવે છે.

તેથી સૂર્યના ઉદય-અસ્તનું અંતર =

૪૭,૨૬૩$\frac{૨૧}{૬૦}$ + ૪૭,૨૬૩$\frac{૨૧}{૬૦}$= ૯૪,૫૨૬$\frac{૪૨}{૬૦}$ યોજન છે.

આ અંતરને ૩, ૫, ૭, ૯ થી ગુણતા દેવના એક પગલાનું પ્રમાણ આવે.

૩ થી ગુણતા ૨,૮૩,૫૮૦$\frac{૬}{૬૦}$ યોજન થાય.

૫ થી ગુણતા ૪,૭૨,૬૩૩$\frac{૩૦}{૬૦}$ યોજન થાય.

૭ થી ગુણતા ૬,૬૧,૬૮૬$\frac{૫૪}{૬૦}$ યોજન થાય.

૯ થી ગુણતા ૮,૫૦,૭૪૦$\frac{૧૮}{૬૦}$ યોજન થાય.

આ ચાર પ્રકારના પગલાથી ચાલવાની ચાર પ્રકારની ગતિ છે. તેના નામ ચંડા, ચપલા, જવના, વેગા છે. આ ચારે ગતિઓ અનુક્રમે શીઘ્ર-શીઘ્રતર જાણવી. કેટલાક આચાર્યો ચોથી ગતિને જવનતરી કહે છે. કોઇ દેવ ૨,૮૩,૫૮૦$\frac{૬}{૬૦}$ યોજનના પગલા વડે ચંડાગતિથી વિમાનની પહોળાઈ, ૪,૭૨,૬૩૩$\frac{૩૦}{૬૦}$ યોજનના પગલા વડે ચપલાગતિથી વિમાનની લંબાઈ, ૬,૬૧,૬૮૬$\frac{૫૪}{૬૦}$ યોજનના પગલા વડે જવનાગતિથી વિમાનની અંદરની પરિધિ અને ૮,૫૦,૭૪૦$\frac{૧૮}{૬૦}$ યોજનના પગલા વડે વેગાગતિથી વિમાનની બહારની પરિધિ ૬ મહિના સુધી માપે તો પણ તે કેટલાક વિમાનોની પહોળાઈ વગેરે માપી ન શકે.

અથવા, કોઈ દેવ પહેલાથી ચોથા દેવલોકના વિમાનોની ૨,૮૩,૫૮૦$\frac{૬}{૬૦}$ યોજનના પગલાથી ચંડાગતિથી પહોળાઈ, ચપલાગતિથી લંબાઈ, જવનાગતિથી અંદરની પરિધિ, વેગાગતિથી બહારની પરિધિ ૬ મહિના સુધી માપે તો ય ન માપી શકે.

કોઈ દેવ પાંચમાથી બારમા દેવલોકના વિમાનોની ૪,૭૨,૬૩૩$\frac{૩૦}{૬૦}$ યોજનના પગલાથી ચંડા વગેરે ચાર ગતિથી ક્રમશઃ પહોળાઈ વગેરે ૬ મહિના સુધી માપે તો ય ન માપી શકે.

કોઈ દેવ ૯ ગ્રૈવેયકના વિમાનોની ૬,૬૧,૬૮૬$\frac{૫૪}{૬૦}$ યોજનના પગલાથી ચંડા વગેરે ચાર ગતિથી ક્રમશઃ પહોળાઈ વગેરે ૬ મહિના સુધી માપે તો ય ન માપી શકે.

કોઈ દેવ અનુત્તરના વિજયાદિ ૪ વિમાનોની ૮,૫૦,૭૪૦ $\frac{૧૮}{૬૦}$ યોજનના પગલાથી ચંડા વગેરે ચાર ગતિથી ક્રમશઃ પહોળાઈ વગેરે ૬ મહિના સુધી માપે તો ય ન માપી શકે.

**પ્રશ્ન** - જો આ પગલાઓ વડે ચંડા વગેરે ગતિથી દેવો ૬ મહિના સુધી ચાલે તો પણ કેટલાક વિમાનોના પારને ન પામે તો જિનેશ્વરોના કલ્યાણકો વખતે દેવો મહિમા કરવા તે જ દિવસે અતિ દૂર એવા મનુષ્યલોકમાં શી રીતે આવે છે ?

**જવાબ** - આ પગલાની કલ્પના કલ્પિત છે, વાસ્તવિક નથી. દેવો પગલા વિના જ ચંડા વગેરે ગતિથી ગમન કરે છે. વળી દેવો તથાસ્વભાવે અચિન્ત્ય સામર્થ્યવાળા હોય છે. તેથી કલ્યાણકો વખતે તે જ દિવસે મનુષ્યલોકમાં આવી શકે છે.

**ચૌદ રાજલોકનું સ્વરૂપ** - ૧ રજ્જુ = અસંખ્ય યોજન. લોકના સૌથી નીચેના તલથી તમસ્તમઃપ્રભા પૃથ્વીના ઉપરના તલ સુધી પહેલુ રજ્જુ છે. તમસ્તમઃપ્રભાના ઉપરના તલથી તમઃપ્રભાના ઉપરના તલ સુધી બીજુ રજ્જુ છે. તમઃપ્રભાના ઉપરના તલથી ધૂમપ્રભાના ઉપરના તલ સુધી ત્રીજુ રજ્જુ છે. ધૂમપ્રભાના ઉપરના તલથી પંકપ્રભાના ઉપરના તલ સુધી ચોથુ રજ્જુ છે. પંકપ્રભાના ઉપરના તલથી વાલુકાપ્રભાના ઉપરના તલ સુધી પાંચમુ રજ્જુ છે. વાલુકાપ્રભાના ઉપરના તલથી શર્કરાપ્રભાના ઉપરના તલ સુધી છટ્ઠુ રજ્જુ છે. શર્કરાપ્રભાના ઉપરના તલથી રત્નપ્રભાના ઉપરના તલ સુધી સાતમુ રજ્જુ છે. રત્નપ્રભાના ઉપરના તલથી સૌધર્મ દેવલોકના અંત સુધી આઠમુ રજ્જુ છે. સૌધર્મ દેવલોકના અંતથી માહેન્દ્ર દેવલોકના અંત સુધી નવમુ રજ્જુ છે. માહેન્દ્રદેવલોકના અંતથી લાંતક દેવલોકના અંત સુધી દસમુ રજ્જુ છે. લાંતક

દેવલોકના અંતથી સહસ્રાર દેવલોકના અંત સુધી અગીયારમુ રજ્જુ છે. સહસ્રાર દેવલોકના અંતથી અચ્યુત દેવલોકના અંત સુધી બારમુ રજ્જુ છે. અચ્યુત દેવલોકના અંતથી નવમા ગ્રૈવેયકના અંત સુધી તેરમુ રજ્જુ છે. નવમા ગ્રૈવેયકના અંતથી લોકના ઉપરના અંત સુધી ચૌદમુ રજ્જુ છે.

તિર્ચ્છાલોકની મધ્યમાં ૧ રજ્જુ વિસ્તારવાળા બે ક્ષુલ્લક પ્રતરો છે. તેમની મધ્યમાં જંબૂદ્વીપમાં મેરુપર્વતની મધ્યમાં ૪-૪ રુચકપ્રદેશો છે. બે ક્ષુલ્લક પ્રતરોથી ઉપર અંગુલના અસંખ્યાતમા ભાગની વૃદ્ધિએ તીર્ચ્છી પણ બન્ને બાજુ અંગુલના અસંખ્યાતમા ભાગની વૃદ્ધિ થાય. આ પ્રમાણે ઊર્ધ્વલોકના મધ્યભાગ સુધી વૃદ્ધિ થાય. ત્યાં વિસ્તાર ૫ રજ્જુ પ્રમાણ છે. ત્યાંથી ઉપર અંગુલના અસંખ્યાતમા ભાગની વૃદ્ધિએ તીર્ચ્છી બન્ને બાજુ અંગુલના અસંખ્યાતમા ભાગની હાનિ થાય. આ પ્રમાણે ઊર્ધ્વલોકના અંત સુધી હાનિ થાય. ત્યાં વિસ્તાર ૧ રજ્જુ પ્રમાણ છે. તિર્ચ્છાલોકની મધ્યમાં રહેલ ક્ષુલ્લક પ્રતરોથી નીચે અંગુલના અસંખ્યાતમા ભાગની વૃદ્ધિએ તીર્ચ્છી પણ બન્ને બાજુ અંગુલના અસંખ્યાતમા ભાગની વૃદ્ધિ થાય. આ પ્રમાણે અધોલોકના અંત સુધી વૃદ્ધિ થાય. ત્યાં વિસ્તાર દેશોન સાત રજ્જુ પ્રમાણ છે.

આમ બે હાથ કેડે રાખીને અને પગ પહોળા કરીને ઉભેલા પુરુષની જેવો લોકનો આકાર છે. અહીં ઉપરના અને નીચેના અંગુલના અસંખ્યાતમા ભાગ કરતા તીર્ચ્છો અંગુલનો અસંખ્યાતમો ભાગ નાનો છે. રુચકપ્રદેશની અપેક્ષાએ નીચે સાધિક સાત રજ્જુ છે અને ઉપર દેશોન સાત રજ્જુ છે. (જુઓ ચિત્ર નં. ૮)

**મતાંતર** - સમભૂતલથી સૌધર્મ દેવલોક સુધી દોઢ રજ્જુ છે, માહેન્દ્ર દેવલોક સુધી અઢી રજ્જુ છે, સહસ્રાર દેવલોક સુધી પાંચ રજ્જુ છે, અચ્યુત દેવલોક સુધી ૭ રજ્જુ છે અને લોકાન્ત સુધી સાત રજ્જુ છે.

## દ્વાર ૩ - અવગાહના

| દેવો | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|
| ભવનપતિ | ૭ હાથ |
| વ્યન્તર | ૭ હાથ |
| જ્યોતિષ | ૭ હાથ |
| સૌધર્મ-ઈશાન | ૭ હાથ |
| સનત્કુમાર-માહેન્દ્ર | ૬ હાથ |
| બ્રહ્મલોક-લાંતક | ૫ હાથ |
| મહાશુક્ર-સહસ્રાર | ૪ હાથ |
| આનતથી અચ્યુત | ૩ હાથ |
| ૯ ગ્રૈવેયક | ૨ હાથ |
| ૫ અનુત્તર | ૧ હાથ |

આ સામાન્યથી અવગાહના કહી.

**હવે સૌધર્માદિ દેવલોકમાં સ્થિતિ પ્રમાણે અવગાહના કહે છે-**

કરણ - પહેલો-બીજો દેવલોક, ત્રીજો-ચોથો દેવલોક, પાંચમો-છઠ્ઠો દેવલોક, સાતમો-આઠમો દેવલોક, નવમાથી બારમો દેવલોક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર - આ ૭ સ્થાનોમાં મોટી સ્થિતિમાંથી નાની સ્થિતિ બાદ કરવી. જવાબમાંથી ૧ બાદ કરવો.

જવાબને ૧ હાથના અગીયારિયા અગીયાર ભાગમાંથી બાદ કરવો. જે જવાબ આવે તેને તે દેવલોકની ઉત્કૃષ્ટ અવગાહનામાંથી બાદ કરવો. જે જવાબ આવે તે તે દેવલોકના જઘન્ય સ્થિતિવાળા દેવોની અવગાહના છે. પછી ૧ સાગરોપમની વૃદ્ધિએ $\frac{૧}{૧૧}$ ભાગની અવગાહના ઘટાડવી. એમ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવોની અવગાહના સુધી જાણવુ.

દા. ત. ૩જા-૪થા દેવલોકની મોટી સ્થિતિ = ૭ સાગરોપમ[1], નાની સ્થિતિ = ૨ સાગરોપમ[1].

૭ – ૨ = ૫, ૫ – ૧ = ૪, ૧૧ – ૪ = ૭, $\frac{૭}{૧૧}$,

૭ – $\frac{૭}{૧૧}$ = ૬$\frac{૪}{૧૧}$

૩જા-૪થા દેવલોકમાં ૩ સાગરોપમ સ્થિતિવાળાની ઉત્કૃષ્ટ અવગાહના = ૬$\frac{૪}{૧૧}$ હાથ

૩જા-૪થા દેવલોકમાં ૪ સાગરોપમ સ્થિતિવાળાની ઉત્કૃષ્ટ અવગાહના = ૬$\frac{૩}{૧૧}$ હાથ

૩જા-૪થા દેવલોકમાં ૫ સાગરોપમ સ્થિતિવાળાની ઉત્કૃષ્ટ અવગાહના = ૬$\frac{૨}{૧૧}$ હાથ

૩જા-૪થા દેવલોકમાં ૬ સાગરોપમ સ્થિતિવાળાની ઉત્કૃષ્ટ અવગાહના = ૬$\frac{૧}{૧૧}$ હાથ

૩જા-૪થા દેવલોકમાં ૭ સાગરોપમ સ્થિતિવાળાની ઉત્કૃષ્ટ અવગાહના = ૬ હાથ

---

૧. અહીં સાધિકની વિવક્ષા નથી કરી.

| દેવલોક | સ્થિતિ (સાગરોપમ) | ઉત્કૃષ્ટ અવગાહના (હાથ) |
|---|---|---|
| ૧લો, ૨જો[1] | ૨ | ૭ |
| ૩જો, ૪થો[1] | ૩ | ૬ ૪/૧૧ |
| | ૪ | ૬ ૩/૧૧ |
| | ૫ | ૬ ૨/૧૧ |
| | ૬ | ૬ ૧/૧૧ |
| | ૭ | ૬ |
| ૫મો-૬ઠ્ઠો | ૮ | ૫ ૬/૧૧ |
| | ૯ | ૫ ૫/૧૧ |
| | ૧૦ | ૫ ૪/૧૧ |
| | ૧૧ | ૫ ૩/૧૧ |
| | ૧૨ | ૫ ૨/૧૧ |
| | ૧૩ | ૫ ૧/૧૧ |
| | ૧૪ | ૫ |
| ૭મો-૮મો | ૧૫ | ૪ ૩/૧૧ |
| | ૧૬ | ૪ ૨/૧૧ |
| | ૧૭ | ૪ ૧/૧૧ |
| | ૧૮ | ૪ |
| ૯મા થી ૧૨મો | ૧૯ | ૩ ૩/૧૧ |
| | ૨૦ | ૩ ૨/૧૧ |
| | ૨૧ | ૩ ૧/૧૧ |
| | ૨૨ | ૩ |
| ૯ ગ્રૈવેયક | ૨૩ | ૨ ૮/૧૧ |
| | ૨૪ | ૨ ૭/૧૧ |
| | ૨૫ | ૨ ૬/૧૧ |
| | ૨૬ | ૨ ૫/૧૧ |
| | ૨૭ | ૨ ૪/૧૧ |
| | ૨૮ | ૨ ૩/૧૧ |
| | ૨૯ | ૨ ૨/૧૧ |
| | ૩૦ | ૨ ૧/૧૧ |
| | ૩૧ | ૨ |
| ૫ અનુત્તર | ૩૨ | ૧ ૧/૧૧ |
| | ૩૩ | ૧ |

૧. અહીં બીજા-ચોથા દેવલોકની સ્થિતિમાં સાધિકની વિવક્ષા નથી કરી.

આ ઉપર કહી તે ચારે પ્રકારના દેવોની ઉત્કૃષ્ટ અવગાહના છે.

જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તે પ્રારંભ સમયે હોય.

[1]ઉત્તરવૈક્રિયશરીરની જઘન્ય અવગાહના અંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ છે. તે પ્રારંભસમયે હોય.

ઉત્તરવૈક્રિયશરીરની ઉત્કૃષ્ટ અવગાહના ૧ લાખ યોજન છે.

ગ્રૈવેયક-અનુત્તરમાં ઉત્તરવૈક્રિય શરીર ન હોય. તે દેવો શક્તિ હોવા છતા પ્રયોજન ન હોવાથી ઉત્તરવૈક્રિયશરીર ન બનાવે.

## દ્વાર ૪ - ઉપપાતવિરહકાળ

**સામાન્યથી** દેવોનો ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ ૧૨ મુહૂર્ત છે. **વિશેષથી** દેવોનો ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ નીચે પ્રમાણે છે -

| દેવલોક | ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ |
|---|---|
| ભવનપતિ | ૨૪ મુહૂર્ત |
| વ્યન્તર | ૨૪ મુહૂર્ત |
| જ્યોતિષ | ૨૪ મુહૂર્ત |
| સૌધર્મ-ઈશાન | ૨૪ મુહૂર્ત |
| સનત્કુમાર | ૯ દિવસ ૨૦ મુહૂર્ત |

૧. કાર્ય આવે ત્યારે દેવો અને નારકીઓ મૂળ શરીરથી જુદુ બીજુ શરીર બનાવે તે ઉત્તરવૈક્રિયશરીર.

| દેવલોક | ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ |
|---|---|
| માહેન્દ્ર | ૧૨ દિવસ ૧૦ મુહૂર્ત |
| બ્રહ્મલોક | ૨૨ દિવસ ૧૫ મુહૂર્ત |
| લાંતક | ૪૫ દિવસ |
| મહાશુક્ર | ૮૦ દિવસ |
| સહસ્રાર | ૧૦૦ દિવસ |
| આનત | સંખ્યાતા માસ |
| પ્રાણત | [1]સંખ્યાતા માસ |
| આરણ | સંખ્યાતા વર્ષ |
| અચ્યુત | [2]સંખ્યાતા વર્ષ |
| નીચેના ૩ ગ્રૈવેયક | સંખ્યાતા સો વર્ષ (હજારવર્ષની અંદર) |
| મધ્યમ ૩ ગ્રૈવેયક | સંખ્યાતા હજાર વર્ષ (લાખવર્ષની અંદર) |
| ઉપરના ૩ ગ્રૈવેયક | સંખ્યાતા લાખ વર્ષ (કરોડવર્ષની અંદર) |
| વિજયાદિ ૪ વિમાન | અદ્ધાપલ્યોપમ/અસંખ્યાત |
| સર્વાર્થસિદ્ધ | પલ્યોપમ/સંખ્યાત |

જઘન્ય ઉપપાતવિરહકાળ બધાનો ૧ સમય છે.

## દ્વાર ૫ - ચ્યવનવિરહકાળ

ઉપપાતવિરહકાળની જેમ જાણવો.

---

૧. આનત કરતા વધુ, પણ ૧ વરસની અંદર.

૨. આરણ કરતા વધુ, પણ ૧૦૦ વર્ષની અંદર

## દ્વાર ૬ - એકસમયઉપપાતસંખ્યા

| દેવો | એકસમયઉપપાતસંખ્યા | |
|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ભવનપતિથી સહસ્રાર સુધી | ૧, ૨ કે ૩ | સંખ્યાતા કે અસંખ્યાતા |
| આનતથી અનુત્તર સુધી | ૧, ૨ કે ૩ | [1]સંખ્યાતા |

## દ્વાર ૭ - એકસમયચ્યવનસંખ્યા

એકસમયઉપપાતસંખ્યાની જેમ જાણવી.

## દ્વાર ૮ - ગતિ

**સામાન્યથી-**

મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચો જ દેવગતિમાં ઉત્પન્ન થાય છે. અધ્યવસાય પ્રમાણે તેઓ ભવનપતિ વગેરેમાં ઉત્પન્ન થાય છે.

**વિશેષથી -**

અસંખ્ય વર્ષના આયુષ્યવાળા ખેચરો અને અંતરદ્વીપના મનુષ્યો ભવનપતિ-વ્યન્તરમાં ઉત્પન્ન થાય, જ્યોતિષ- વૈમાનિકમાં ઉત્પન્ન ન થાય, કેમકે અસંખ્ય વર્ષના આયુષ્યવાળા ખેચરો અને અંતરદ્વીપના મનુષ્યો-તિર્યંચોનું ઉત્કૃષ્ટ આયુષ્ય $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ છે અને તેઓ સમાન કે હીન સ્થિતિવાળા દેવોમાં જ ઉત્પન્ન થાય.

અસંખ્ય વર્ષના આયુષ્યવાળા શેષ મનુષ્યો-તિર્યંચો ભવનપતિથી ઈશાન સુધીના દેવોમાં ઉત્પન્ન થાય, કેમકે અસંખ્ય

૧. આ દેવલોકોમાં માત્ર મનુષ્યો જ ઉત્પન્ન થાય છે તથા આ દેવલોકોમાંથી ચ્યવેલા દેવો મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. તેથી ઉત્કૃષ્ટ એકસમયઉપપાતસંખ્યા અને ઉત્કૃષ્ટ એકસમયચ્યવનસંખ્યા સંખ્યાત છે, કેમકે મનુષ્ય સંખ્યાતા જ છે.

વર્ષના આયુષ્યવાળા શેષ મનુષ્યો-તિર્યંચોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યોપમ છે, અને તેઓ સમાન કે હીન સ્થિતિવાળા દેવોમાં જ ઉત્પન્ન થાય.

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ દેવોમાં ઉત્પન્ન થાય તો ભવનપતિ-વ્યન્તરમાં ઉત્પન્ન થાય, કેમકે તેઓ પલ્યોપમ/અસંખ્ય આયુષ્યવાળા દેવોમાં જ ઉત્પન્ન થાય.

શેષ મનુષ્યો-પંચેન્દ્રિયતિર્યંચો ચારે પ્રકારના દેવોમાં ઉત્પન્ન થઇ શકે.

બાલતપ કરનારા, દ્રવ્યાદિમાં આસક્ત, ઉત્કટ રોષવાળા, તપના ગૌરવવાળા, વૈરવાળા જીવો મરીને અસુરાદિ ભવનપતિમાં ઉત્પન્ન થાય છે.

દોરડાનો ફાંસો ખાઈને, વિષભક્ષણ કરીને, અગ્નિ કે પાણીમાં પ્રવેશીને, પર્વત ઉપરથી પડીને, ભૂખ-તરસથી પીડાઈને મરણ પામેલા જીવો શુભ અધ્યવસાય હોય તો વ્યન્તર થાય છે.

**દેવલોકમાં જીવોનો ઉત્કૃષ્ટ-જઘન્ય ઉપપાત**

| ક્ર. | જીવો | ઉત્કૃષ્ટ ઉપપાત | જઘન્ય ઉપપાત |
|---|---|---|---|
| ૧ | [૧]તાપસ | જ્યોતિષ સુધી | [૨]વ્યન્તર |
| ૨ | [૩]ચરક-[૪]પરિવ્રાજક | બ્રહ્મલોક સુધી | વ્યન્તર |

૧. તાપસ = વનમાં રહેનારા, મૂળ-કન્દ-ફળ ખાનારા.

૨. તાપસાદિનો આ જઘન્ય ઉપપાત સ્વાચારમાં રહેલાને હોય છે, સ્વાચારથી ભ્રષ્ટ થયેલાને નહીં.

૩. ચરક = ૪-૫નુ ટોળુ ભેગુ ભિક્ષા માગે તે.

૪. પરિવ્રાજક=કપિલ મતને અનુસરનારા.

| ક્ર. | જીવો | ઉત્કૃષ્ટ ઉપપાત | જઘન્ય ઉપપાત |
|---|---|---|---|
| ૩ | પંચેન્દ્રિય તિર્યંચ (સમ્યક્ત્વયુક્ત, દેશવિરતિયુક્ત) | સહસ્રાર સુધી | વ્યન્તર |
| ૪ | શ્રાવક | અચ્યુત સુધી | [1]સૌધર્મ દેવલોક |
| ૫ | સમ્યક્ત્વપતિત લિંગધારી | ગ્રૈવેયક સુધી | વ્યન્તર |
| ૬ | ચૌદપૂર્વી | સર્વાર્થસિદ્ધ કે મોક્ષ | લાન્તક દેવલોક |
| ૭ | છદ્મસ્થસંયત | સર્વાર્થસિદ્ધ | [1]સૌધર્મ દેવલોક |

- સમ્યક્ત્વપતિત એટલે મિથ્યાદષ્ટિ. સૂત્રમાં કહેલ ૧ પદ કે ૧ અક્ષર પણ જેને ન રુચે તે મિથ્યાદષ્ટિ જાણવો.
- ગણધરો,પ્રત્યેકબુદ્ધો, ચૌદપૂર્વી, દસપૂર્વીએ રચેલ હોય તે સૂત્ર.

| કયા સંઘયણથી | કયા દેવલોક સુધી જવાય ? |
|---|---|
| સેવાર્ત | ભવનપતિથી પહેલા ૪ દેવલોક સુધી. |
| કીલિકા | ભવનપતિથી ૫મા-૬ઠ્ઠા દેવલોક સુધી. |
| અર્ધનારાચ | ભવનપતિથી ૭મા-૮મા દેવલોક સુધી. |
| નારાચ | ભવનપતિથી ૯મા-૧૦મા દેવલોક સુધી. |
| ઋષભનારાચ | ભવનપતિથી ૧૧મા-૧૨મા દેવલોક સુધી. |
| વજ્રઋષભનારાચ | ભવનપતિથી અનુત્તર દેવલોક સુધી. |

## દ્વાર ૯ - આગતિ

દેવો ચ્યવીને પર્યાપ્તા બાદર પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેક વનસ્પતિકાય, સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા-ગર્ભજ-મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય.

૧. સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થતા શ્રાવકની જઘન્ય સ્થિતિ પલ્યોપમ છે અને સાધુની જઘન્યસ્થિતિ પલ્યોપમપૃથક્ત્વ છે.

ઈશાન સુધીના દેવો જ બાદર પર્યાપ્તા પૃથ્વીકાય, અપ્કાય, પ્રત્યેક વનસ્પતિકાયમાં જાય.

આનતાદિ દેવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં જ જાય.

## દેવોનો દેવીઓ સાથે સંભોગ

| દેવલોક | સંભોગ | સુખ |
|---|---|---|
| ભવનપતિથી ઈશાન | કાયાથી | અલ્પ |
| સનત્કુમાર-માહેન્દ્ર | સ્પર્શથી | અનંતગુણ |
| બ્રહ્મલોક-લાન્તક | રૂપના દર્શનથી | અનંતગુણ |
| મહાશુક્ર-સહસ્રાર | શબ્દના શ્રવણથી | અનંતગુણ |
| આનત થી અચ્યુત | મનથી | અનંતગુણ |
| ગ્રૈવેયક-અનુત્તર | અસંભોગી | અનંતગુણ |

- લોકમાં જે કામસુખ છે અને જે દિવ્ય મહાસુખ છે તે વીતરાગના સુખના અનંતમા ભાગે પણ ન આવે.
- દેવોનો ઉપપાત ભવનપતિથી અનુત્તર સુધી હોય છે. દેવીઓનો ઉપપાત ભવનપતિથી ઈશાન સુધી હોય છે.
- દેવોનું ગમનાગમન ૧૨મા દેવલોક સુધી હોય છે. દેવીઓનું ગમનાગમન ૮મા દેવલોક સુધી હોય છે. ત્યારપછી નહીં.
- **કિલ્બિષિયા દેવો** - જેમણે અશુભ કર્મ કર્યા છે એવા ચંડાળ જેવા હલકા દેવોને કિલ્બિષિયા દેવો કહેવાય છે.

| નિવાસ | સ્થિતિ |
|---|---|
| ૧લા-૨જા દેવલોકની નીચે | ૩ પલ્યોપમ |
| ૩જા-૪થા દેવલોકની નીચે | ૩ સાગરોપમ |
| ૬ઠ્ઠા દેવલોકની નીચે | ૧૩ સાગરોપમ |

- આભિયોગિક દેવો અચ્યુત દેવલોક સુધી ઉત્પન્ન થાય છે. તેની ઉપર નહી.

## અપરિગૃહીતા દેવીઓ :-

સનત્કુમારથી સહસ્રારસુધીના દેવોને સંભોગની ઈચ્છા થાય ત્યારે ૧લા-૨જા દેવલોકમાંથી અપરિગૃહીતા દેવી ત્યાં જાય છે. આ અપરિગૃહીતા દેવીના ઉત્પત્તિવિમાનો જુદા છે, ત્યાં દેવો ઉત્પન્ન નથી થતા. પહેલા દેવલોકમાં તેમના ૬ લાખ વિમાન છે. બીજા દેવલોકમાં તેમના ૪ લાખ વિમાન છે.

### પહેલા દેવલોકની અપરિગૃહીતા દેવી -

| કેટલા આયુષ્ય વાળી ? | કોના ઉપભોગ માટે ? |
|---|---|
| ૧ પલ્યોપમ | ૧લા દેવલોકના દેવો |
| (૧ પલ્યોપમ + ૧ સમય) થી ૧૦ પલ્યોપમ | ૩જા દેવલોકના દેવો |
| (૧૦ પલ્યોપમ+૧ સમય) થી ૨૦ પલ્યોપમ | ૫મા દેવલોકના દેવો |
| (૨૦ પલ્યોપમ+૧ સમય) થી ૩૦ પલ્યોપમ | ૭મા દેવલોકના દેવો |
| (૩૦ પલ્યોપમ+૧ સમય) થી ૪૦ પલ્યોપમ | [૧]૯મા દેવલોકના દેવો |
| (૪૦ પલ્યોપમ+૧ સમય) થી ૫૦ પલ્યોપમ | [૧]૧૧મા દેવલોકના દેવો |

### બીજા દેવલોકની અપરિગૃહીતા દેવી -

| કેટલા આયુષ્ય વાળી ? | કોના ઉપભોગ માટે? |
|---|---|
| સાધિક પલ્યોપમ | ૨જા દેવલોકના દેવો |
| (સાધિક પલ્યોપમ+૧ સમય) થી ૧૫ પલ્યોપમ | ૪થા દેવલોકના દેવો |
| (૧૫ પલ્યોપમ + ૧ સમય) થી ૨૫ પલ્યોપમ | ૬ઠ્ઠા દેવલોકના દેવો |

૧. અપરિગૃહીતા દેવીઓ પોતાના સ્થાનમાં રહીને જ ૯મા થી ૧૨મા દેવલોકના દેવોને ઉપભોગયોગ્ય થાય છે.

| કેટલા આયુષ્ય વાળી ? | કોના ઉપભોગ માટે? |
|---|---|
| (૨૫ પલ્યોપમ + ૧ સમય) થી ૩૫ પલ્યોપમ | ૮મા દેવલોકના દેવો |
| (૩૫ પલ્યોપમ+૧ સમય) થી ૪૫ પલ્યોપમ | [1]૧૦મા દેવલોકના દેવો |
| (૪૫ પલ્યોપમ + ૧ સમય) થી ૫૫ પલ્યોપમ | [1]૧૨મા દેવલોકના દેવો |

● **લેશ્યા** - કાળા વગેરે દ્રવ્યોમા સાંનિધ્યથી આત્મામાં ઉભા થતા શુભ કે અશુભ પરિણામ તે લેશ્યા. અહીં કાળા વગેરે દ્રવ્યો તે દ્રવ્યલેશ્યા છે અને પરિણામ તે ભાવલેશ્યા છે. લેશ્યા છ પ્રકારની છે- કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ.

| દેવો | લેશ્યા[2] |
|---|---|
| ભવનપતિ, વ્યન્તર | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો |
| પરમાધામી | કૃષ્ણ |
| જ્યોતિષ, સૌધર્મ, ઈશાન | [3]તેજો |
| સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક | [3]પદ્મ |
| લાન્તકથી અનુત્તર | [3]શુક્લ |

● **સંઘયણ-**

બાલતપ કરનારા વગેરે વિશેષ સંઘયણવાળા હોય તો જ ભવનપતિ વગેરેમાં ઉત્પન્ન થાય. હંમેશા નહીં. તેથી સંઘયણની પ્રરૂપણા કરાય છે.

જેનાથી શરીરના હાડકા વિશેષ પ્રકારના સંઘટનને પામે તે સંઘયણ. તે છ પ્રકારના છે. તે આ પ્રમાણે-

---

૧. અપરિગૃહીતા દેવીઓ પોતાના સ્થાનમાં રહીને જ ૯મા થી ૧૨મા દેવલોકના દેવોને ઉપભોગયોગ્ય થાય છે.

૨. આ દ્રવ્યલેશ્યા સમજવી, બાકી ભાવલેશ્યા છએ હોઈ શકે.

૩. ઉપર-ઉપરના દેવોની લેશ્યા વિશુદ્ધ હોય છે.

(૧) **વજ્રઋષભનારાચ સંઘયણ** - વજ્ર=ખીલી, ઋષભ= હાડકાનો પાટો, નારાચ=બન્ને બાજુ મર્કટબંધ. જેમાં બન્ને બાજુ મર્કટબંધથી બંધાયેલા અને પાટા આકારના ત્રીજા હાડકાથી વીંટાયેલા બે હાડકાની ઉપર ત્રણેને ભેદનારી હાડકાની ખીલી હોય તે.

(૨) **ઋષભનારાચ સંઘયણ** - ઉપર પ્રમાણે, પણ ખીલી વિનાનું. કેટલાક ઋષભનારાચસંઘયણની બદલે વજ્રનારાચસંઘયણ કહે છે. તેમાં બે હાડકા મર્કટબંધથી બંધાયેલા હોય અને ઉપર તેમને ભેદનારી ખીલી હોય.

(૩) **નારાચ સંઘયણ** - જેમાં બે હાડકા માત્ર મર્કટબંધથી બંધાયેલા હોય તે.

(૪) **અર્ધનારાચ સંઘયણ** - જેમાં બે હાડકા એક બાજુ મર્કટબંધથી બંધાયેલા હોય અને બીજી બાજુ ખીલીથી બંધાયેલા હોય તે.

(૫) **કીલિકા સંઘયણ** - જેમાં બે હાડકા માત્ર ખીલીથી બંધાયેલા હોય તે.

(૬) **સેવાર્ત (છેદસ્પૃષ્ટ) સંઘયણ** - જેમાં બે હાડકા માત્ર અન્તે સ્પર્શેલા હોય તે. આ સંઘયણવાળાને હંમેશા સેવાની જરુર પડે.

| **જીવો** | **સંઘયણ** |
|---|---|
| ગર્ભજમનુષ્ય-ગર્ભજપંચેન્દ્રિયતિર્યંચ | ૭ યે સંઘયણ |
| વિકલેન્દ્રિય, સંમૂ. મનુષ્ય, સંમૂ.પંચે.તિર્યંચ[૧] | સેવાર્ત સંઘયણ |
| દેવ, નારકી, એકેન્દ્રિય | સંઘયણ ન હોય[૨] |

૧. કર્મગ્રંથના મતે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચને ૭ સંઘયણ હોય.

૨. કેમકે તેમને હાડકા ન હોય.

● **સંસ્થાન -**

સંસ્થાન વિના સંઘયણ ન હોય. માટે સંસ્થાનની પ્રરૂપણા કરાય છે.

**સંસ્થાન** એટલે શરીરનો વિશેષ પ્રકારનો આકાર. તે છ પ્રકારના છે. તે આ પ્રમાણે-

(૧) **સમચતુરસ્ર સંસ્થાન** - જેમાં સામુદ્રિકશાસ્ત્રમાં કહેલ પ્રમાણ-લક્ષણથી યુક્ત એવુ શરીર હોય અને પર્યંકઆસનમાં બેઠેલા તે શરીરના ચાર અંતરો (૧) બે ઢીંચણ વચ્ચેનું અંતર, (૨) જમણા ઢીંચણ અને ડાબા ખભાનું અંતર, (૩) ડાબા ઢીંચણ અને જમણા ખભાનું અંતર, (૪) લલાટ અને પલાઠીનું અંતર, સમાન હોય તે.

(૨) **ન્યગ્રોધ સંસ્થાન** - જેમાં નાભીની ઉપરનો ભાગ લક્ષણ-પ્રમાણ-યુક્ત હોય, નીચેનો ભાગ લક્ષણ-પ્રમાણયુક્ત ન હોય તે.

(૩) **સાદિ સંસ્થાન** - જેમાં નાભીની નીચેનો ભાગ લક્ષણ-પ્રમાણયુક્ત હોય અને ઉપરનો ભાગ લક્ષણ-પ્રમાણયુક્ત ન હોય તે.

(૪) [1]**વામન સંસ્થાન** - જેમાં માથુ, ડોક, હાથ, પગ વગેરે લક્ષણ-પ્રમાણયુક્ત હોય, છાતિ-પેટ-પીઠ વગેરે તેવા ન હોય તે.

(૫) [1]**કુબ્જ સંસ્થાન** - જેમાં છાતી-પેટ વગેરે લક્ષણ-પ્રમાણયુક્ત હોય, હાથ-પગ વગેરે તેવા ન હોય તે.

(૬) **હુંડક સંસ્થાન** - જેમાં સર્વ અવયવો લક્ષણ-પ્રમાણરહિત હોય તે.

---

૧. કેટલાક આચાર્યો વામન-કુબ્જ સંસ્થાનના લક્ષણ વિપરીત રીતે કરે છે.

| જીવો | સંસ્થાન |
|---|---|
| ગર્ભજ મનુષ્ય-પંચે.તિર્યંચ | છ યે સંસ્થાન |
| દેવો | સમચતુસ્ર સંસ્થાન |
| શેષ જીવો | હુંડક સંસ્થાન[1] |

● **આહારના** ત્રણ પ્રકાર

(૧) **ઓજાહાર** - પૂર્વશરીરનો ત્યાગ કરીને વિગ્રહગતિથી કે ઋજુગતિથી ઉત્પત્તિદેશમાં આવ્યા પછી પહેલા સમયે તૈજસ-કાર્મણ શરીરથી અને બીજા સમયથી શરીર ન બને ત્યાં સુધી ઔદારિકાદિમિશ્ર કાયયોગથી જીવ જે ઔદારિક વગેરે શરીર યોગ્ય પદ્ગલોનો આહાર કરે છે તે ઓજાહાર. તે અંતર્મુહૂર્ત સુધી હોય છે.

(૨) **લોમાહાર** - સ્પર્શનેન્દ્રિય વડે શરીરને પોષક પુદ્ગલોને ગ્રહણ કરવા તે લોમાહાર. તે શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત થયા પછી ભવના અંત સુધી હોય છે.

(૩) **પ્રક્ષેપાહાર** - મોઢામાં કોળીયો નાખવારૂપ જે આહાર તે પ્રક્ષેપાહાર. તે ક્યારેક ક્યારેક હોય છે.

ઓજાહાર - શરીરપર્યાપ્તિથી અપર્યાપ્ત જીવો કરે.

લોમાહાર - શરીરપર્યાપ્તિથી પર્યાપ્તજીવો કરે.

પ્રક્ષેપાહાર - પર્યાપ્તા વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયતિર્યંચ, મનુષ્ય ક્યારેક કરે. એકેન્દ્રિય, દેવ, નારકી ન કરે.

**જીવોનો આહાર**

| | અપર્યાપ્તાવસ્થામાં | પર્યાપ્તાવસ્થામાં |
|---|---|---|
| એકેન્દ્રિય, નારકી | ઓજાહાર | લોમાહાર |
| દેવો | ઓજાહાર | લોમાહાર, મનોભક્ષણ |
| વિકલે.,પંચે.તિ.,મનુ. | ઓજાહાર | લોમાહાર, પ્રક્ષેપાહાર |

૧. કર્મગ્રંથના મતે સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચને છ સંસ્થાન હોય.

- મનુષ્ય, તિર્યંચનો આહાર- સચિત્ત, અચિત્ત, મિશ્ર.

  દેવ, નારકીનો આહાર - અચિત્ત.

- અપર્યાપ્તા જીવોને અનાભોગથી આહાર પરિણમે છે.

  દેવોનો મનોભક્ષણ આહાર આભોગથી હોય છે.

  બધા પર્યાપ્તા જીવોનો લોમાહાર આભોગથી કે અનાભોગથી હોય છે.

- નારકીઓને લોમાહાર અશુભ (ખરાબ) રૂપે પરિણમે છે. દેવોને લોમાહાર શુભ (સારા) રૂપે પરિણમે છે. લોમાહારથી લેવાતા પુદ્ગલોને અનુત્તર દેવો જાણે છે અને જુવે છે. શેષ દેવો અને નારકો તેમને જાણી કે જોઈ શકતા નથી.

| જીવો | [1]આહારની ઈચ્છા ઉત્કૃષ્ટથી કેટલા કાળે ? |
|---|---|
| એકેન્દ્રિય | સતત[2] |
| વિકલેન્દ્રિય, નારકી | અંતર્મુહૂર્ત્ત |
| પંચેન્દ્રિય તિર્યંચ | ૨ અહોરાત્ર |
| મનુષ્ય | ૩ અહોરાત્ર |

દેવોને આહારની ઈચ્છાનો ઉત્કૃષ્ટકાળ આગળ કહેવાશે.

- **શ્વાસોચ્છ્વાસ :-** નારકીઓને શ્વાસોચ્છ્વાસ સતત હોય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્યને શ્વાસોચ્છ્વાસની માત્રા અનિયત હોય છે.

---

૧. આ કાળ તપવિધિ સિવાય જાણવો. તપ કરવાની ઈચ્છાથી બે મહિના વગેરે પણ હોય.

૨. આ વાત સંગ્રહણિસૂત્રની દેવભદ્રસૂરિજીકૃત ટીકામાં કહી છે. બૃહત્સંગ્રહણિમાં એકેન્દ્રિયને આહારની ઈચ્છા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તે કહી છે. તત્ત્વ કેવળીગમ્ય છે.

● નીરોગી, વિષાદ રહિત મનુષ્યનો એક શ્વાસોચ્છ્વાસ=૧ પ્રાણ

૭ પ્રાણ = ૧ સ્તોક

૭ સ્તોક = ૧ લવ

૭૭ લવ = ૧ મુહૂર્ત

૧ મુહૂર્ત = ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા

૧ મુહૂર્ત = ૩,૭૭૩ પ્રાણ

૧ અહોરાત્ર = સાધિક ૧,૧૩,૧૯૦ પ્રાણ

૧ માસ = ૩૩,૯૫,૭૦૦ પ્રાણ

૧ વર્ષ = ૪,૦૭,૪૮,૪૦૦ પ્રાણ

૧૦૦ વર્ષ = ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ પ્રાણ

● જે દેવોનું આયુષ્ય જેટલા સાગરોપમ હોય તેઓ તેટલા પક્ષે શ્વાસોચ્છ્વાસ લે અને તેટલા હજાર વરસે આહાર કરે.

| દેવો | શ્વાસોચ્છ્વાસ કેટલા કાળે ? | આહાર કેટલા કાળે ? |
|---|---|---|
| ૧૦,૦૦૦ વર્ષ આયુષ્યવાળા | ૭ સ્તોક પછી | ૧ અહોરાત્ર પછી |
| પછી ન્યૂન ૧ પલ્યોપમ સુધીના આયુષ્યવાળા | મુહૂર્ત પૃથક્ત્વ સુધી વૃદ્ધિ કરવી | દિવસ પૃથક્ત્વ સુધી વૃદ્ધિ કરવી |
| ૧ પલ્યોપમ આયુષ્યવાળા | મુહૂર્ત પૃથક્ત્વ પછી | દિવસ પૃથક્ત્વ પછી |
| પછી ન્યૂન ૧ સાગરોપમ સુધીના આયુષ્યવાળા | ૧ પક્ષ સુધી વૃદ્ધિ કરવી | ૧,૦૦૦ વર્ષ સુધી વૃદ્ધિ કરવી |
| ૧ સાગરોપમ આયુષ્યવાળા | ૧ પક્ષ પછી | ૧,૦૦૦ વર્ષ પછી |
| પછી જેટલા સાગરોપમ આયુષ્યવાળા | તેટલા પક્ષ પછી | તેટલા હજાર વર્ષ પછી |

વિગ્રહગતિમાં રહેલા જીવો ઉત્કૃષ્ટથી ચાર સમય સુધી, કેવળી સમુદ્ઘાતમાં રહેલ જીવો ત્રીજા-ચોથા-પાંચમા સમયરૂપ ત્રણ સમય સુધી, અયોગી કેવળી ભગવંતો અંતર્મુહૂર્ત સુધી અને સિદ્ધ ભગવંતો સાદિ અનંતકાળ સુધી અનાહારક હોય છે. શેષ બધા જીવો આહારક છે.

● **દેવોનું સ્વરૂપ :** દેવો

(૧) સોનાની જેમ ધૂળ-પસીના વગેરેના લેપથી રહિત શરીરવાળા,

(૨) નિર્મળ ગાત્રવાળા,

(૩) સુગન્ધી શ્વાસોચ્છ્વાસવાળા,

(૪) બધા અંગો ઉપર આભૂષણવાળા,

(૫) સમચતુરસ્ર સંસ્થાનવાળા,

(૬) કેશ, નખ, માંસ, રોમ, ચામડી, ચરબી, લોહી, મૂત્ર, વિષ્ટા, હાડકા, નસ, દાઢી, મૂછ વિનાના,

(૭) સર્વોત્તમ વર્ણાદિથી યુક્ત દ્રવ્યથી બનેલા અને સૌભાગ્યાદિ ગુણોવાળા શરીરવાળા,

(૮) અનિમેષ નયનવાળા,

(૯) મનથી કાર્ય સાધનારા,

(૧૦) નહિ કરમાતી ફૂલની માળાવાળા,

(૧૧) પૃથ્વીતલ ઉપર આવે તો પણ ૪ અંગુલ અદ્ધર રહેનારા,

(૧૨) અંતર્મુહૂર્તમાં પર્યાપ્તા થઈ યુવાન પુરુષ જેવા થનારા,

(૧૩) જરા વિનાના,

(૧૪) રોગ વિનાના

હોય છે.

● વૈક્રિય-આહારક શરીરમાં ઉત્પત્તિના પ્રથમ સમયે આહાર-પર્યાપ્તિ પૂર્ણ થાય. પછી અંતર્મુહૂર્તે શરીરપર્યાપ્તિ પૂર્ણ થાય. પછી સમયે-સમયે ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન પર્યાપ્તિઓ પૂર્ણ થાય.

ઔદારિક શરીરમાં ઉત્પત્તિના પ્રથમ સમયે આહાર પર્યાપ્તિ પૂર્ણ થાય. પછી અંતર્મુહૂર્તે-અંતર્મુહૂર્તે શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન પર્યાપ્તિઓ પૂર્ણ થાય.

**● દેવોનું અવધિજ્ઞાનનું ક્ષેત્ર -**

| દેવલોક | અવધિજ્ઞાનથી કેટલુ ક્ષેત્ર જુવે ? | | |
|---|---|---|---|
| | નીચે | ઉપર | તીર્છુ |
| ૧લો-૨જો | રત્નપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વવિમાનની ધજા સુધી | [1]અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| ૩જો-૪થો | શર્કરાપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વવિમાનની ધજા સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| ૫મો-૬ઠ્ઠો | વાલુકાપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વવિમાનની ધજા સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| ૭મો-૮મો | પંકપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વવિમાનની ધજા સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| ૯મા થી ૧૨મો[2] | ધૂમપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વવિમાનની ધજા સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| નીચેના ૩ ગ્રૈવેયક, મધ્યમ ૩ ગ્રૈવેયક | તમઃપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વવિમાનની ધજા સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |

૧. ઉપર ઉપરના દેવોનું અવધિજ્ઞાનનું તીર્છુ ક્ષેત્ર વધુ છે.

૨. આનત-પ્રાણત દેવો કરતા આરણ-અચ્યુત દેવો વધુ વિશુદ્ધ અને વધુ પર્યાયોને જુવે. તેમાં પણ આનત દેવો કરતા પ્રાણતદેવો અને આરણદેવો કરતા અચ્યુતદેવો વિશેષ જુવે. એમ પૂર્વે અને પછી બધે જાણવુ.

| દેવલોક | અવધિજ્ઞાનથી કેટલુ ક્ષેત્ર જુવે ? | | |
|---|---|---|---|
| | નીચે | ઉપર | તીર્છું |
| ઉપરના ૩ ગ્રૈવેયક | તમસ્તમઃપ્રભાના નીચેના ભાગ સુધી | સ્વવિમાનની ધજા સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |
| અનુત્તર | ન્યૂન લોકનાલિકાને | સ્વવિમાનની ધજા સુધી | અસંખ્ય દ્વીપ-સમુદ્ર |

ઉપર કહ્યુ એ દેવોનું અવધિજ્ઞાનનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર છે. તેમનું અવધિજ્ઞાનનું જઘન્યક્ષેત્ર અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

**● આયુષ્ય પ્રમાણે દેવોનું અવધિજ્ઞાનનું ક્ષેત્ર-**

| આયુષ્ય | અવધિજ્ઞાનનું ક્ષેત્ર |
|---|---|
| ૧૦,૦૦૦ વર્ષ | ૨૫ યોજન |
| ત્યાર પછી ન્યૂન અર્ધ સાગરોપમ સુધી | સંખ્યાતા યોજન |
| તેનાથી વધુ | [1]અસંખ્ય યોજન |

**● જીવોના અવધિજ્ઞાનના ક્ષેત્રનો આકાર-**

| જીવો | અવધિજ્ઞાનના ક્ષેત્રનો આકાર |
|---|---|
| નારકી | [2]તરાપાના આકારે |
| ભવનપતિ | [3]પ્યાલાના આકારે |
| વ્યન્તર | ઢોલના આકારે |
| જ્યોતિષ | ઝાલરના આકારે |
| ૧થી૧૨ દેવલોક | [4]મૃદંગના આકારે |

૧. જેમ આયુષ્ય વધે તેમ અવધિક્ષેત્ર વધે.
૨. તરાપો લાંબો અને ત્રિકોણ હોય.
૩ પ્યાલો ઉભો અને ઉપરથી સાંકડો હોય.
૪. મૃદંગ=એક પ્રકારનું વાજીંત્ર છે તે લાંબુ હોય છે. તે નીચે પહોળુ અને ઉપર સાંકડું હોય છે.

| જીવો | અવધિજ્ઞાનના ક્ષેત્રનો આકાર |
|---|---|
| ગ્રૈવેયક | ફુલની ચંગેરીના આકારે |
| અનુત્તર | [1]જવનાલકના આકારે |
| તિર્યંચ-મનુષ્ય | વિવિધ આકારે |

ભવનપતિ-વ્યન્તરનું અવધિજ્ઞાનનું ક્ષેત્ર ઉપર વધુ હોય છે. વૈમાનિક દેવોનું અવધિજ્ઞાનનું ક્ષેત્ર નીચે વધુ હોય છે. નારકી અને જ્યોતિષનું અવધિજ્ઞાનનું ક્ષેત્ર તીર્છું વધુ હોય છે. મનુષ્ય-તિર્યંચનું અવધિજ્ઞાનનું ક્ષેત્ર અનેક પ્રકારનું હોય છે.

**• દેવોને પૃથ્વીતલ ઉપર આવવાના કારણો -**

(૧) જિનેશ્વરોના પાંચ કલ્યાણકો વખતે. ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ-તીર્થંકરોના આ પાંચ કલ્યાણકો બધા ક્ષેત્રોમાં દેવો અવશ્ય કરે છે.

(૨) મહર્ષિના તપના પ્રભાવથી ખેંચાઈને.

(૩) કોઈ પ્રાણી ઉપરના પૂર્વભવના સ્નેહથી.

(૪) કોઈ પ્રાણી ઉપરના દ્વેષથી

**• ઉપરોક્ત કારણો વિના દેવો પૃથ્વીતલ ઉપર નથી આવતા તેના કારણો-**

(૧) દેવાંગના વગેરે ઉપર ખૂબ પ્રેમ હોવાથી.

(૨) વિષયોમાં આસક્ત હોવાથી.

---

૧. જવનાલક-તેનું બીજુ નામ કન્યાચોલક છે. તે કન્યાના ચણીયા સાથે સીવેલ કંચુકરૂપ છે.

(૩) તે તે સ્નાન, નાટક વગેરે કર્તવ્યો પૂરા ન થવાથી.

(૪) તેમનું કોઈ કાર્ય મનુષ્યોને અધીન ન હોવાથી.

(૫) મનુષ્યલોકની અશુભ ગંધ [1]૪૦૦-૫૦૦ યોજન ઉપર જતી હોવાથી.

**પ્રશ્ન** - નવ યોજનથી વધુ દૂરથી આવેલા ગન્ધપુદ્ગલો ઘ્રાણેન્દ્રિયના વિષય બનતા નથી, તો મનુષ્યલોકની ગન્ધ ૪૦૦ કે ૫૦૦ યોજન ઉપર ઘ્રાણેન્દ્રિયનો વિષય શી રીતે બને ?

**જવાબ** - અહીંથી ઉપર ગયેલા ગન્ધપુદ્ગલો અન્ય પુદ્ગલોને વાસિત કરે. તે પણ બીજા પુદ્ગલોને વાસિત કરે. એમ કરતા કરતા વાસિતપુદ્ગલો ૪૦૦-૫૦૦ યોજન ઉપર ઘ્રાણેન્દ્રિયનો વિષય બને.

**• દેવાધિકાર સમાપ્ત •**

• • •

૧. જ્યારે મનુષ્યલોકમાં ઘણા મનુષ્યો-તિર્યંચો હોય અને મનુષ્ય-તિર્યંચના મૃતકલેવર ઘણા હોય ત્યારે ૫૦૦ યોજન, અન્યથા ૪૦૦ યોજન.

# (૨) નરકાધિકાર

## દ્વાર ૧ - સ્થિતિ

| નરક | [1]ગોત્ર | [2]નામ | પ્રતર | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧લી | રત્નપ્રભા | ઘર્મા | ૧૩ | ૧૦,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ |
| ૨જી | શર્કરાપ્રભા | વંશા | ૧૧ | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ૩જી | વાલુકાપ્રભા | શૈલા | ૯ | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪થી | પંકપ્રભા | અંજના | ૭ | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૫મી | ધૂમપ્રભા | રિષ્ટા | ૫ | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૬ઠ્ઠી | તમઃપ્રભા | મઘા | ૩ | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૭મી | તમસ્તમઃપ્રભા | માઘવતી | ૧ | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| | | કુલ | ૪૯ | | |

### રત્નપ્રભાના દરેક પ્રતરમાં જઘન્ય - ઉત્કૃષ્ટ સ્થિતિ -

| પ્રતર ક્ર. | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧ | ૧૦,૦૦૦ વર્ષ | ૯૦,૦૦૦ વર્ષ |
| ૨ | ૧૦ લાખ વર્ષ | ૯૦ લાખ વર્ષ |
| ૩ | ૯૦ લાખ વર્ષ | ૧ પૂર્વ ક્રોડ વર્ષ |
| ૪ | ૧ પૂર્વક્રોડ વર્ષ | $\frac{૧}{૧૦}$ સાગરોપમ |
| ૫ | $\frac{૧}{૧૦}$ સાગરોપમ | $\frac{૨}{૧૦}$ સાગરોપમ |

૧. અન્વયવાળુ હોય તે ગોત્ર. ૨. અન્વય વિનાનુ હોય તે નામ.

| પ્રતર ક્ર. | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૬ | $\frac{૨}{૧૦}$ સાગરોપમ | $\frac{૩}{૧૦}$ સાગરોપમ |
| ૭ | $\frac{૩}{૧૦}$ સાગરોપમ | $\frac{૪}{૧૦}$ સાગરોપમ |
| ૮ | $\frac{૪}{૧૦}$ સાગરોપમ | $\frac{૫}{૧૦}$ સાગરોપમ |
| ૯ | $\frac{૫}{૧૦}$ સાગરોપમ | $\frac{૬}{૧૦}$ સાગરોપમ |
| ૧૦ | $\frac{૬}{૧૦}$ સાગરોપમ | $\frac{૭}{૧૦}$ સાગરોપમ |
| ૧૧ | $\frac{૭}{૧૦}$ સાગરોપમ | $\frac{૮}{૧૦}$ સાગરોપમ |
| ૧૨ | $\frac{૮}{૧૦}$ સાગરોપમ | $\frac{૯}{૧૦}$ સાગરોપમ |
| ૧૩ | $\frac{૯}{૧૦}$ સાગરોપમ | ૧ સાગરોપમ |

**શેષ નરકોના દરેક પ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવા માટે કરણ-**

(૧) ઈષ્ટ પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી ઉપરની પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ બાદ કરવી.

(૨) જવાબને ઈષ્ટ પૃથ્વીના પ્રતરની સંખ્યાથી ભાગવો.

(૩) જવાબને ઈષ્ટ પ્રતરની સંખ્યાથી ગુણવો.

(૪) જવાબને ઉપરની પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઉમેરવો.

જે જવાબ આવે તે તે પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

તે તે પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ એ પછીના પ્રતરની જઘન્ય સ્થિતિ છે.

દા.ત. શર્કરાપ્રભાના બીજા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી છે.

(૧) ૩ − ૧ = ૨

(૨) $\frac{૨}{૧૧}$

(૩) $\frac{૨}{૧૧} \times ૨ = \frac{૪}{૧૧}$

(૪) ૧ + $\frac{૪}{૧૧}$

શર્કરાપ્રભાના બીજા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ = ૧ $\frac{૪}{૧૧}$ સાગરોપમ છે.

શર્કરાપ્રભાના ત્રીજા પ્રતરની જઘન્ય સ્થિતિ = ૧ $\frac{૪}{૧૧}$ સાગરોપમ છે.

**શર્કરાપ્રભાના સર્વપ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ -**

| પ્રતર ક્ર. | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧ | ૧ સાગરોપમ | ૧ $\frac{૨}{૧૧}$ સાગરોપમ |
| ૨ | ૧ $\frac{૨}{૧૧}$ સાગરોપમ | ૧ $\frac{૪}{૧૧}$ સાગરોપમ |
| ૩ | ૧ $\frac{૪}{૧૧}$ સાગરોપમ | ૧ $\frac{૬}{૧૧}$ સાગરોપમ |
| ૪ | ૧ $\frac{૬}{૧૧}$ સાગરોપમ | ૧ $\frac{૮}{૧૧}$ સાગરોપમ |
| ૫ | ૧ $\frac{૮}{૧૧}$ સાગરોપમ | ૧ $\frac{૧૦}{૧૧}$ સાગરોપમ |

| પ્રતર ક્રં. | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૬ | $૧\frac{૧૦}{૧૧}$ સાગરોપમ | $૨\frac{૧}{૧૧}$ સાગરોપમ |
| ૭ | $૨\frac{૧}{૧૧}$ સાગરોપમ | $૨\frac{૩}{૧૧}$ સાગરોપમ |
| ૮ | $૨\frac{૩}{૧૧}$ સાગરોપમ | $૨\frac{૫}{૧૧}$ સાગરોપમ |
| ૯ | $૨\frac{૫}{૧૧}$ સાગરોપમ | $૨\frac{૭}{૧૧}$ સાગરોપમ |
| ૧૦ | $૨\frac{૭}{૧૧}$ સાગરોપમ | $૨\frac{૯}{૧૧}$ સાગરોપમ |
| ૧૧ | $૨\frac{૯}{૧૧}$ સાગરોપમ | ૩ સાગરોપમ |

## વાલુકાપ્રભાના સર્વપ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ -

| પ્રતર ક્રં. | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧ | ૩ સાગરોપમ | $૩\frac{૪}{૯}$ સાગરાપમ |
| ૨ | $૩\frac{૪}{૯}$ સાગરોપમ | $૩\frac{૮}{૯}$ સાગરોપમ |
| ૩ | $૩\frac{૮}{૯}$ સાગરોપમ | $૪\frac{૩}{૯}$ સાગરોપમ |
| ૪ | $૪\frac{૩}{૯}$ સાગરોપમ | $૪\frac{૭}{૯}$ સાગરોપમ |
| ૫ | $૪\frac{૭}{૯}$ સાગરોપમ | $૫\frac{૨}{૯}$ સાગરોપમ |

| પ્રતર ક્ર. | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૬ | ૫ ૨/૯ સાગરોપમ | ૫ ૬/૯ સાગરોપમ |
| ૭ | ૫ ૬/૯ સાગરોપમ | ૬ ૧/૯ સાગરોપમ |
| ૮ | ૬ ૧/૯ સાગરોપમ | ૬ ૫/૯ સાગરોપમ |
| ૯ | ૬ ૫/૯ સાગરોપમ | ૭ સાગરોપમ |

પંકપ્રભાના સર્વપ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ-

| પ્રતર ક્ર. | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧ | ૭ સાગરોપમ | ૭ ૩/૭ સાગરોપમ |
| ૨ | ૭ ૩/૭ સાગરોપમ | ૭ ૬/૭ સાગરોપમ |
| ૩ | ૭ ૬/૭ સાગરોપમ | ૮ ૨/૭ સાગરોપમ |
| ૪ | ૮ ૨/૭ સાગરોપમ | ૮ ૫/૭ સાગરોપમ |
| ૫ | ૮ ૫/૭ સાગરોપમ | ૯ ૧/૭ સાગરોપમ |
| ૬ | ૯ ૧/૭ સાગરોપમ | ૯ ૪/૭ સાગરોપમ |
| ૭ | ૯ ૪/૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |

## ધૂમપ્રભાના સર્વપ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ-

| પ્રતર ક્ર. | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧ | ૧૦ સાગરોપમ | ૧૧$\frac{૨}{૫}$ સાગરોપમ |
| ૨ | ૧૧$\frac{૨}{૫}$ સાગરોપમ | ૧૨$\frac{૪}{૫}$ સાગરોપમ |
| ૩ | ૧૨$\frac{૪}{૫}$ સાગરોપમ | ૧૪$\frac{૧}{૫}$ સાગરોપમ |
| ૪ | ૧૪$\frac{૧}{૫}$ સાગરોપમ | ૧૫$\frac{૩}{૫}$ સાગરોપમ |
| ૫ | ૧૫$\frac{૩}{૫}$ સાગરોપમ | ૧૭ સાગરોપમ |

## તમઃપ્રભાના સર્વપ્રતરોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ

| પ્રતર ક્ર. | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ૧ | ૧૭ સાગરોપમ | ૧૮$\frac{૨}{૩}$ સાગરોપમ |
| ૨ | ૧૮$\frac{૨}{૩}$ સાગરોપમ | ૨૦$\frac{૧}{૩}$ સાગરોપમ |
| ૩ | ૨૦$\frac{૧}{૩}$ સાગરોપમ | ૨૨ સાગરોપમ |

- **નારકીને ૩ પ્રકારની વેદના -**

(૧) ક્ષેત્રસ્વભાવજનિત વેદના-

રત્નપ્રભામાં - ઉષ્ણવેદના

શર્કરાપ્રભામાં - ઉષ્ણવેદના (તીવ્રતર)

| | | |
|---|---|---|
| **વાલુકાપ્રભામાં** | - ઉષ્ણવેદના (તીવ્રતમ) | |
| **પંકપ્રભામાં** | - ઉપરના ઘણા નરકાવાસોમાં ઉષ્ણવેદના, નીચેના થોડા નરકાવાસોમાં શીતવેદના | ઉપર કરતા અનંતગુણ |
| **ધૂમપ્રભામાં** | - ઉપરના ઘણા નરકાવાસોમાં શીતવેદના, નીચેના થોડા નરકાવાસોમાં ઉષ્ણવેદના | ઉપર કરતા અનંતગુણ |
| **તમઃપ્રભામાં** | - શીતવેદના (અતિકષ્ટતર) | |
| **તમસ્તમઃપ્રભામાં** | - શીતવેદના (અતિકષ્ટતમ) | |

ઉત્તરોત્તર પૃથ્વીમાં આ વેદના અનંતગુણ અને વધુ તીવ્ર હોય છે.

**ઉષ્ણવેદના** - પિત્તના પ્રકોપવાળા, ચારે બાજુ અગ્નિથી ઘેરાયેલા, છત્ર વિનાના મનુષ્યને ભર ઉનાળામાં બપોરે પવનરહિત, વાદળરહિત આકાશમાં જેવુ ઉષ્ણવેદનાનું દુઃખ હોય છે તેના કરતા અનંતગુણ ઉષ્ણવેદનાનું દુઃખ નારકીને હોય છે.

જો તે નારકીને ત્યાંથી ઉપાડીને અહીં સળગતા અંગારાના ઢગલા ઉપર મૂકવામાં આવે તો તે તેને પવનવાળા ઠંડા છાંયડાની જેમ માની અનુપમ સુખ પામે અને સુઇ જાય.

**શીતવેદના** - બરફના કણીયાથી જેનું શરીર લેપાયેલુ છે એવા, આશ્રય વિનાના, વસ્ત્ર વિનાના મનુષ્યને પોષ મહિનાની કડકડતી ઠંડીવાળી રાતે વધુ ને વધુ ઠંડો પવન વાતે છતે જેવુ ઠંડીનું દુઃખ હોય તેના કરતા અનંતગુણ શીતવેદનાનું દુઃખ નારકીને હોય છે.

જો તે નારકીને ત્યાંથી ઉપાડીને અહીં મહામહિનાની રાતે ખુલ્લા આકાશમાં બરફના ઢગલા ઉપર મૂકવામાં આવે તો તે અનુપમ સુખ પામે અને સુઈ જાય.

નારકીના જીવોને દશ પ્રકારની વેદના -

(૧) **શીત** - પૂર્વે કહી છે.

(૨) **ઉષ્ણ** - પૂર્વે કહી છે.

(૩) **ભૂખ** - સકલ જગતના આહારાદિ પુદ્‌ગલોને વાપરે તો પણ તૃપ્તિ ન થાય તેવી ભૂખની પીડાથી નારકીઓ પીડાય છે.

(૪) **તરસ** - બધા સમુદ્રોને પી જાય તો પણ તૃપ્તિ ન થાય તેવી તરસથી નારકીઓ પીડાય છે.

(૫) **ખંજવાળ** - છરીથી ખણવા છતા મટે નહીં તેવી ખંજવાળ નરકમાં હોય છે.

(૬) **પરવશતા** - પરાધીનપણું.

(૭) **તાવ** - જીવનભર અહીંના તાવ કરતા અનંતગુણ તાવ હોય છે.

(૮) **દાહ** - અહીં કરતા અનંતગુણ હોય છે.

(૯) **ભય** - અહીં કરતા અનંતગુણ હોય છે.

(૧૦) **શોક** - અહીં કરતા અનંતગુણ હોય છે.

નારકીનું વિભંગજ્ઞાન કે અવધિજ્ઞાન પણ તેમના દુઃખનું કારણ બને છે. તેઓ દૂરથી જ પરમાધામી, બીજા નારકીઓ, શસ્ત્ર વગેરે દુઃખના હેતુઓને ઉપર-નીચે અને તીર્ચ્છા આવતા જુવે છે અને ભયથી કંપે છે.

નરકમાં પુદ્‌ગલોનો ૧૦ પ્રકારનો પરિણામ પણ પીડાજનક છે. તે આ પ્રમાણે-

(૧) **બન્ધન** - તે તે આહાર્ય પુદ્ગલોની સાથેનો સંબંધ મહાગ્નિના સંબંધ કરતા પણ વધુ વેદનાવાળો છે.

(૨) **ગતિ** - તપેલા લોઢા વગેરે ઉપર પગ મૂકવા કરતા પણ વધુ પીડાદાયક, ઉંટ વગેરે જેવી ગતિ હોય છે.

(૩) **સંસ્થાન** - મહાઉદ્વેગ કરાવનાર હુંડકસંસ્થાન હોય છે. તે પાંખ છેદાયેલા પક્ષી જેવું હોય છે.

(૪) **ભેદ** - કુંભી વગેરેમાંથી ખરતા પુદ્ગલોનો પ્રહાર શસ્ત્રોના પ્રહાર કરતા પણ વધુ પીડાકારી હોય છે.

(૫) **વર્ણ** - નરકમાં વર્ણ અત્યંત ખરાબ અને ભયંકર હોય છે. નરકાવાસો અન્ધકારમય હોય છે. તે શ્લેષ્મ, મૂત્ર, વિષ્ટા, લોહી, ચરબી, પરુ વગેરેથી લેપાયેલ તળીયાવાળા હોય છે. તેમની ભૂમિ ઉપર સ્મશાનની જેમ માંસ, કેશ, હાડકા, નખ, દાંત, ચામડી પથરાયેલા હોય છે.

(૬) **ગન્ધ** - નરકમાં ગન્ધ કોહવાઈ ગયેલા શીયાળ, બીલાડી, નોળીયા, સાપ, ઉંદર, હાથી, ઘોડા, ગાય, મનુષ્યના જીવરહિત ક્લેવરો કરતા પણ વધુ ખરાબ હોય છે.

(૭) **રસ** - તે લીંબડા, [૧]ઘોષાતકી વગેરેના રસ કરતા પણ વધુ કડવો હોય છે.

(૮) **સ્પર્શ** - તે વીંછી, કપિકચ્છુલતા વગેરેના સ્પર્શ કરતા વધુ દુઃખદાયી હોય છે.

(૯) **અગુરુલઘુ** - તે અતિતીવ્ર અને અનેકદુઃખયુક્ત હોય છે.

(૧૦) **શબ્દ** - તે અતિ અશુભ હોય છે. નારકો હંમેશા કરુણ અને પીડિત સ્વરમાં વિલાપ કરતા હોય છે.

---

૧. ઘોષાતકી એ એક પ્રકારની વનસ્પતિ છે.

**(૨) પરસ્પરોદીરિત વેદના** - જેમ શેરીનો કુતરો બીજા સ્થાનમાંથી આવેલા કુતરાને જોઈને ક્રોધાંધ થઈને પરસ્પર યુદ્ધ કરવા લાગે છે તેમ મિથ્યાદૃષ્ટિ નારકીઓ વિભંગજ્ઞાનથી દૂરથી એકબીજાને જોઈને ગુસ્સાથી બળી અતિભયંકર વૈક્રિય રૂપ કરીને પોતપોતાના નરકાવાસમાં પૃથ્વીના પ્રભાવથી ઉત્પન્ન થયેલ પૃથ્વીના પરિણામરૂપ અથવા વિકુર્વેલા ત્રિશુલ, ભાલા, તલવાર વગેરે વડે અથવા હાથ, પગ, દાંત વગેરે વડે એક-બીજાને હણે છે. ત્યારપછી એકબીજાના અભિઘાતથી વિકૃતઅંગવાળા થયેલા તેઓ ખૂબ રાડો પાડતા કસાયખાને ગયેલા પાડા વગેરેની જેમ લોહીના કાદવમાં આળોટે છે.

સમ્યગ્દૃષ્ટિ નારકીઓ, 'નક્કી પૂર્વભવમાં અમે કંઈક પાપ કર્યું છે જેથી અમે આ દુઃખના સમુદ્રમાં ડુબ્યા છીએ,' આવી ભાવનાથી બીજા દ્વારા થતા દુઃખોને સારી રીતે સહન કરે છે, પણ પોતે તે દુઃખોનો વિપાક જોયો હોવાથી બીજાને દુઃખ ઉત્પન્ન નથી કરતા.

મિથ્યાદૃષ્ટિ નારકી કરતા સમ્યગ્દૃષ્ટિ નારકીને પશ્ચાતાપનું દુઃખ ઘણું હોય છે.

પરસ્પરોદીરિત વેદના બે પ્રકારે હોય - શરીરથી અને શસ્ત્રથી.

**(૩) પરમાધામીકૃત વેદના** - પરમાધામી દેવો ૧૫ પ્રકારના છે-

| | | |
|---|---|---|
| (૧) અમ્બ | (૬) ઉપરુદ્ર | (૧૧) કુમ્ભી |
| (૨) અમ્બરીષ | (૭) કાલ | (૧૨) વાલુકા |
| (૩) શ્યામ | (૮) મહાકાલ | (૧૩) વૈતરણી |
| (૪) શબલ | (૯) અસિ | (૧૪) ખરસ્વર |
| (૫) રુદ્ર | (૧૦) ધનુ | (૧૫) મહાઘોષ |

પૂર્વભવમાં ક્રૂર કાર્ય કરનારા, પાપમાં રક્ત જીવો પંચાગ્નિ વગેરે મિથ્યા કષ્ટરૂપ તપ કરીને ભવનપતિના અસુરનિકાયમાં પરમાધામી દેવ તરીકે ઉત્પન્ન થાય છે. તેઓ માત્ર પોતાની કુતુહલવૃત્તિથી નારકીઓને દુઃખ આપી આનંદ પામે છે. તેઓ આ રીતે દુઃખ આપે છે -

(૧) ક્યારેક તપેલા સીસાનો રસ પિવડાવે.

(૨) ક્યારેક તપેલા લોઢાના થાંભલા સાથે આલિંગન કરાવે.

(૩) શાલ્મલીવૃક્ષના અગ્ર ભાગ ઉપર ચઢાવે.

(૪) લોઢાના ઘનથી ઘાત કરે.

(૫) રંધો, અસ્ત્રો વગેરેથી છોલી તેની ઉપર તપેલા ખારા તેલનો અભિષેક કરે.

(૬) લોઢાના ભાલામાં પરોવે.

(૭) ભઠ્ઠીમાં ભૂંજે.

(૮) તલની જેમ યંત્રમાં પીલે.

(૯) કરવતથી કાપે.

(૧૦) વૈક્રિય સિંહ, વાઘ, ચિત્તા, સિયાળ, ગીધ, કાગડા, ઘૂવડ, બાજ વગેરેને વિકુર્વીને તેનાથી અનેક રીતે હેરાન કરે.

(૧૧) તપેલી રેતીમાં ઉભા રાખે.

(૧૨) અસિપત્રવનમાં પ્રવેશ કરાવે.

(૧૩) વૈતરણી નદીમાં ઉતારે.

(૧૪) પરસ્પર યુદ્ધ કરાવે.

(૧૫) કુંભીમાં પકાવે. તે દુઃખને સહન નહીં કરી શકતા નારકીઓ ઉત્કૃષ્ટથી ૫૦૦ યોજન ઉછળે. પછી પડતા તેઓને વજ્રના મોઢાવાળી ચાંચોવાળા દ્રોણ-કાગડાઓ ફાળે. કંઈક શેષ બચેલા જમીન ઉપર પડે. તેમને વિકુર્વેલા વાઘ વગેરે ફાડી ખાય. આટલુ ભયંકર દુઃખ પામતા નારકીઓ ઈચ્છવા છતા મરતા નથી.

## કઈ નરકમાં કેટલા પ્રકરાની વેદના ?

| નરક | વેદના |
|---|---|
| ૧લી | ક્ષેત્રજનિત, પરસ્પરોદીરિત, પરમાધામીકૃત |
| ૨જી | ક્ષેત્રજનિત, પરસ્પરોદીરિત, પરમાધામીકૃત |
| ૩જી | ક્ષેત્રજનિત, પરસ્પરોદીરિત, પરમાધામીકૃત |
| ૪થી | ક્ષેત્રજનિત, પરસ્પરોદીરિત |
| ૫મી | ક્ષેત્રજનિત, પરસ્પરોદીરિત |
| ૬ઠ્ઠી | ક્ષેત્રજનિત, [1]પરસ્પરોદીરિત |
| ૭મી | ક્ષેત્રજનિત, [1]પરસ્પરોદીરિત |

મતાંતરે સાતમી નરકમાં પરસ્પરોદીરિત વેદના ન હોય.

નારકીઓ પોતાના આયુષ્ય સુધી સતત ઉપર કહેલી વેદનાઓને અનુભવે છે.

**પ્રશ્ન** - નારકીઓને સાતાનો અનુભવ ક્યારે થાય ?

---

૧. છઠ્ઠી-સાતમી નરકમાં પરસ્પરોદીરિત વેદના શસ્ત્રકૃત ન હોય પણ નારકીઓ વજ્રના મોઢાવાળા કુંથવા વિકુર્વીને એક-બીજાને પીડે.

**જવાબ** - (૧) જે પૂર્વભવમાં બળીને, કપાઈને વગેરે રીતે મરીને અતિસંક્લેશ વિનાનો નારકી થાય તેને ઉત્પત્તિ સમયે સાતાનો અનુભવ થાય.

(૨) દેવના કાર્યથી નારકીને અલ્પકાળ સાતાનો અનુભવ થાય. જેમકે, બલદેવે નરકમાં કૃષ્ણની વેદનાનો ઉપશમ કર્યો.

(૩) અધ્યવસાયથી નારકીને સાતાનો અનુભવ થાય. જેમકે, સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે નારકીઓને સાતાનો અનુભવ થાય છે.

(૪) બાહ્ય વેદના હોવા છતા તીર્થંકર વગેરેની અનુમોદનાથી નારકીને સાતાનો અનુભવ થાય.

(૫) તીર્થંકરના જન્મ વગેરેના કારણે સાતાવેદનીયનો વિપાકોદય થવાથી નારકીને સાતાનો અનુભવ થાય.

ઉપરના કારણો સિવાય નારકીઓ સતત અસાતાને અનુભવે છે.

## દ્વાર ૨ - ભવન

● સાતે નરકપૃથ્વીઓ છત્રાતિછત્રના આકારે રહેલી છે. દરેક પૃથ્વી ઘનોદધિ ઉપર પ્રતિષ્ઠિત છે. ઘનોદધિ ઘનવાત ઉપર પ્રતિષ્ઠિત છે. ઘનવાત તનવાત ઉપર પ્રતિષ્ઠિત છે. તનવાત આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે. આકાશ સ્વપ્રતિષ્ઠિત છે.

| નરકપૃથ્વી | જાડાઈ |
|---|---|
| ૧લી | ૧,૮૦,૦૦૦ યોજન[૧] |
| ૨જી | ૧,૩૨,૦૦૦ યોજન |
| ૩જી | ૧,૨૮,૦૦૦ યોજન |

૧. આ યોજન પ્રમાણાંગુલથી બનેલુ જાણવુ

| નરકપૃથ્વી | જાડાઈ |
|---|---|
| ૪થી | ૧,૨૦,૦૦૦ યોજન |
| ૫મી | ૧,૧૮,૦૦૦ યોજન |
| ૬ઠ્ઠી | ૧,૧૬,૦૦૦ યોજન |
| ૭મી | ૧,૦૮,૦૦૦ યોજન |

• રત્નપ્રભાની ૧,૮૦,૦૦૦ યોજન જાડાઈ આ પ્રમાણે છે-

૧૬,૦૦૦ યોજન - ખરકાંડ
૮૪,૦૦૦ યોજન - પંકબહુલકાંડ
૮૦,૦૦૦ યોજન - જલબહુલકાંડ

• શેષ પૃથ્વીઓ પૃથ્વીસ્વરૂપ છે.

શર્કરાપ્રભામાં કાંકરાની બહુલતા છે.
વાલુકાપ્રભામાં રેતીની બહુલતા છે.
પંકપ્રભામાં કાદવની બહુલતા છે.
ધૂમપ્રભામાં ધૂમાડાની બહુલતા છે.
તમઃપ્રભામાં અંધકારની બહુલતા છે.
તમસ્તમઃપ્રભામાં અત્યંત અંધકારની બહુલતા છે.

• સાતે પૃથ્વીઓમાં ઘનોદધિની જાડાઈ મધ્યમાં ૨૦,૦૦૦ યોજન છે, ઘનવાત-તનવાત-આકાશની દરેકની જાડાઈ મધ્યમાં અસંખ્ય યોજન છે. ઘનોદધિની જાડાઈ કરતા ઘનવાતની જાડાઈ અસંખ્યગુણ છે. ઘનવાતની જાડાઈ કરતા તનવાતની જાડાઈ અસંખ્યગુણ છે અને તનવાતની જાડાઈ કરતા આકાશની જાડાઈ અસંખ્યગુણ છે.

ઘનોદધિ, ઘનવાત, તનવાતની જાડાઈ પોત-પોતાની પૃથ્વીને વલયાકારે વીંટીને અન્તે એકદમ પાતળી થઈ જાય છે. તેથી સાતે પૃથ્વીઓ અલોકને અડતી નથી. ઘનોદધિ વગેરેની ઉંચાઈ સ્વપૃથ્વીની જાડાઈ જેટલી હોય છે. અન્તે તેમની જાડાઈ આ પ્રમાણે હોય છે-

| નરક | અલોકથી અંતર | અન્તે ઘનોદધિની જાડાઈ | અન્તે ઘનવાતની જાડાઈ | અન્તે તનવાતની જાડાઈ |
|---|---|---|---|---|
| ૧લી | ૧૨ યોજન | ૬ યોજન | ૪$\frac{૧}{૨}$ યોજન | ૧$\frac{૧}{૨}$ યોજન |
| ૨જી | ૧૨ યોજન $\frac{૮}{૩}$ ગાઉ | ૬ યોજન ૧$\frac{૧}{૩}$ ગાઉ | ૪ $\frac{૩}{૪}$ યોજન | ૧ યોજન $\frac{૭}{૩}$ ગાઉ |
| ૩જી | ૧૩ યોજન $\frac{૪}{૩}$ ગાઉ | ૬ યોજન ૨$\frac{૨}{૩}$ ગાઉ | ૫ યોજન | ૧ યોજન $\frac{૮}{૩}$ ગાઉ |
| ૪થી | ૧૪ યોજન | ૭ યોજન | ૫$\frac{૧}{૪}$ યોજન | ૧ યોજન $\frac{૯}{૩}$ ગાઉ |
| ૫મી | ૧૪ યોજન $\frac{૮}{૩}$ ગાઉ | ૭ યોજન ૧$\frac{૧}{૩}$ ગાઉ | ૫$\frac{૧}{૨}$ યોજન | ૧યોજન $\frac{૧૦}{૩}$ ગાઉ |
| ૬ઠ્ઠી | ૧૫ યોજન $\frac{૪}{૩}$ ગાઉ | ૭ યોજન ૨$\frac{૨}{૩}$ ગાઉ | ૫$\frac{૩}{૪}$ યોજન | ૧યોજન $\frac{૧૧}{૩}$ ગાઉ |
| ૭મી | ૧૬ યોજન | ૮ યોજન | ૬ યોજન | ૨ યોજન |

રત્નપ્રભાના ઘનોદધિ, ઘનવાત, તનવાતની જાડાઈમાં ક્રમશઃ ૧$\frac{૧}{૩}$ ગાઉ, ૧ ગાઉ, $\frac{૧}{૩}$ ગાઉ ઉમેરતા શર્કરાપ્રભાના ઘનોદધિ વગેરેની જાડાઈ આવે. પૂર્વ પૂર્વની પૃથ્વીના ઘનોદધિ વગેરેની જાડાઈમાં આ પ્રમાણે ઉમેરતા પછી પછીની પૃથ્વીના ઘનોદધિ વગેરેની જાડાઈ વગેરે આવે.

- નારકીઓને રહેવાના સ્થાન તે નરકાવાસ.

૧ થી ૬ નરકપૃથ્વીમાં ઉપર-નીચે ૧,૦૦૦-૧,૦૦૦ યોજન છોડી બાકીના ક્ષેત્રમાં નરકાવાસો છે. ૭મી નરકપૃથ્વીમાં ઉપર-નીચે ૫૨,૫૦૦ - ૫૨,૫૦૦ યોજન છોડી બાકીના ક્ષેત્રમાં નરકાવાસો છે.

**નરકપૃથ્વીમાં નરકાવાસ**

| નરક | નરકાવાસ |
|---|---|
| ૧લી | ૩૦ લાખ |
| ૨જી | ૨૫ લાખ |
| ૩જી | ૧૫ લાખ |
| ૪થી | ૧૦ લાખ |
| ૫મી | ૩ લાખ |
| ૬ઠ્ઠી | ૯૯,૯૯૫ |
| ૭મી | ૫ |
| કુલ | ૮૪ લાખ |

બધા નરકાવાસો ૩,૦૦૦ યોજન ઉંચા હોય છે. તેમાં નીચે ૧,૦૦૦ યોજન ઘનપૃથ્વીરૂપ પીઠ હોય છે, વચ્ચે ૧,૦૦૦ યોજન પોલા હોય છે, ઉપર ૧,૦૦૦ યોજન ચૂલિકા સુધી સાંકડા હોય છે. નરકાવાસોનો વિસ્તાર સંખ્યાતા યોજનનો અથવા અસંખ્યાતા યોજનનો છે.

**● બે પ્રતર વચ્ચેનું અંતર જાણવા કરણ -**

(૧) પૃથ્વીપિંડ – ૨,૦૦૦ યોજન

(૨) પ્રતર X ૩,૦૦૦ યોજન

(૩) (૧) – (૨)

(૪) પ્રતર − ૧

(૫) (૩) ÷ (૪) = બે પ્રતર વચ્ચેનું અંતર

**દા.ત.** રત્નપ્રભામાં બે પ્રતર વચ્ચેનું અંતર -

(૧) ૧,૮૦,૦૦૦ − ૨,૦૦૦ = ૧,૭૮,૦૦૦

(૨) ૧૩ x ૩,૦૦૦ = ૩૯,૦૦૦

(૩) ૧,૭૮,૦૦૦ − ૩૯,૦૦૦ = ૧,૩૯,૦૦૦

(૪) ૧૩ − ૧ = ૧૨

(૫) $\frac{૧,૩૯,૦૦૦}{૧૨}$ = ૧૧,૫૮૩$\frac{૧}{૩}$ યોજન

| નરક | પૃથ્વીપિંડ | પ્રતર | પૃથ્વીપિંડ−૨૦૦૦=(૧) | પ્રતરX ૩૦૦૦=(૨) | (૧)−(૨) = (૩) | પ્રતર− ૧=(૪) | (૩)÷(૪)=(૫)= બે પ્રતરનું અંતર |
|---|---|---|---|---|---|---|---|
| ૧લી | ૧,૮૦,૦૦૦ | ૧૩ | ૧,૭૮,૦૦૦ | ૩૯,૦૦૦ | ૧,૩૯,૦૦૦ | ૧૨ | ૧૧,૫૮૩$\frac{૧}{૩}$ યો. |
| ૨જી | ૧,૩૨,૦૦૦ | ૧૧ | ૧,૩૦,૦૦૦ | ૩૩,૦૦૦ | ૯૭,૦૦૦ | ૧૦ | ૯,૭૦૦ યોજન |
| ૩જી | ૧,૨૮,૦૦૦ | ૯ | ૧,૨૬,૦૦૦ | ૨૭,૦૦૦ | ૯૯,૦૦૦ | ૮ | ૧૨,૩૭૫ યોજન |
| ૪થી | ૧,૨૦,૦૦૦ | ૭ | ૧,૧૮,૦૦૦ | ૨૧,૦૦૦ | ૯૭,૦૦૦ | ૬ | ૧૬,૧૬૬$\frac{૨}{૩}$ યો. |
| ૫મી | ૧,૧૮,૦૦૦ | ૫ | ૧,૧૬,૦૦૦ | ૧૫,૦૦૦ | ૧,૦૧,૦૦૦ | ૪ | ૨૫,૨૫૦યોજન |
| ૬ઠ્ઠી | ૧,૧૬,૦૦૦ | ૩ | ૧,૧૪,૦૦૦ | ૯,૦૦૦ | ૧,૦૫,૦૦૦ | ૨ | ૫૨,૫૦૦યોજન |
| ૭મી | ૧,૦૮,૦૦૦ | ૧ | - | - | - | - | - |

**• ૭મી નરકના નરકાવાસ -**

પૂર્વમાં કાલ, પશ્ચિમમાં મહાકાલ, દક્ષિણમાં રોરુક, ઉત્તરમાં મહારોરુક, વચ્ચે અપ્રતિષ્ઠાન.

**• આવલિકાપ્રવિષ્ટ નરકાવાસો -**

દરેક પ્રતરમાં વચ્ચે નરકેન્દ્રક છે. રત્નપ્રભાના પહેલા પ્રતરમાં દરેક દિશામાં ૪૯-૪૯ અને દરેક વિદિશામાં ૪૮-૪૮ નરકાવાસો છે.

નીચે-નીચેના પ્રતરોમાં દિશા-વિદિશામાંથી અંતિમ ૧-૧

નરકાવાસ ઓછો થાય. સાતમી નરકમાં દિશામાં ૧-૧ નરકાવાસ છે અને વિદિશામાં નરકાવાસ નથી. નરકેન્દ્રક બધા ગોળ હોય છે. ત્યારપછી ક્રમશઃ ત્રિકોણ, ચોરસ, ગોળ એ ક્રમે નરકાવાસો હોય છે. પુષ્પાવકીર્ણ નરકાવાસ ભિન્ન ભિન્ન સંસ્થાનવાળા હોય છે. (જુઓ ચિત્ર નં. ૯)

• **દરેક પ્રતરમાં કુલ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ જાણવા કરણ -**

પ્રતરમાં કુલ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ=
(તે પ્રતરના ૧ દિશાના નરકાવાસ X ૮) – ૩
દા.ત. રત્નપ્રભાના પહેલા પ્રતરમાં કુલ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ =
(૪૯ X ૮) – ૩ = ૩૮૯

• દરેક પૃથ્વીના કુલ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ જાણવા કરણ -

(૧) પહેલા પ્રતરના નરકાવાસ = મુખ
(૨) અંતિમ પ્રતરના નરકાવાસ = ભૂમિ
(૩) (૧) + (૨)
(૪) $\frac{(૩)}{૨}$
(૫) (૪) x પ્રતર=તે પૃથ્વીના કુલ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ

દા.ત. રત્નપ્રભા પૃથ્વીના કુલ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ જાણવા છે-

(૧) મુખ = ૩૮૯
(૨) ભૂમિ = ૨૯૩
(૩) ૩૮૯ + ૨૯૩ = ૬૮૨
(૪) $\frac{૬૮૨}{૨}$ = ૩૪૧
(૫) ૩૪૧ X ૧૩ = ૪,૪૩૩

રત્નપ્રભાના કુલ આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ = ૪,૪૩૩

તે તે નરકના કુલ નરકાવાસમાંથી આવલિકાપ્રવિષ્ટ નરકાવાસ બાદ કરતા તે નરકના પુષ્પાવકીર્ણ નરકાવાસ આવે.

| નરક | પ્રતર ક્ર. | નરકેન્દ્રકનું નામ | એક દિશાના નરકાવાસ | આવલિકા-પ્રવિષ્ટ નરકાવાસ | ગોળ નરકા-વાસ | ત્રિકોણ નરકા-વાસ | ચોરસ નરકા-વાસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧લી | ૧ | સીમન્તક | ૪૯ | ૩૮૯ | ૧૨૯ | ૧૩૨ | ૧૨૮ |
| | ૨ | રોરુક | ૪૮ | ૩૮૧ | ૧૨૫ | ૧૨૮ | ૧૨૮ |
| | ૩ | ભ્રાન્ત | ૪૭ | ૩૭૩ | ૧૨૧ | ૧૨૮ | ૧૨૪ |
| | ૪ | ઉદ્‌ભ્રાન્ત | ૪૬ | ૩૬૫ | ૧૨૧ | ૧૨૪ | ૧૨૦ |
| | ૫ | સમ્ભ્રાન્ત | ૪૫ | ૩૫૭ | ૧૧૭ | ૧૨૦ | ૧૨૦ |
| | ૬ | અસમ્ભ્રાન્ત | ૪૪ | ૩૪૯ | ૧૧૩ | ૧૨૦ | ૧૧૬ |
| | ૭ | વિભ્રાન્ત | ૪૩ | ૩૪૧ | ૧૧૩ | ૧૧૬ | ૧૧૨ |
| | ૮ | તમ | ૪૨ | ૩૩૩ | ૧૦૯ | ૧૧૨ | ૧૧૨ |
| | ૯ | શીત | ૪૧ | ૩૨૫ | ૧૦૫ | ૧૧૨ | ૧૦૮ |
| | ૧૦ | વક્રાન્ત | ૪૦ | ૩૧૭ | ૧૦૫ | ૧૦૮ | ૧૦૪ |
| | ૧૧ | અવક્રાન્ત | ૩૯ | ૩૦૯ | ૧૦૧ | ૧૦૪ | ૧૦૪ |
| | ૧૨ | વિક્રાન્ત | ૩૮ | ૩૦૧ | ૯૭ | ૧૦૪ | ૧૦૦ |
| | ૧૩ | રોરુક | ૩૭ | ૨૯૩ | ૯૭ | ૧૦૦ | ૯૬ |
| કુલ | | | ૫૫૯ | ૪,૪૩૩ | ૧,૪૫૩ | ૧,૫૦૮ | ૧,૪૭૨ |
| ૨જી | ૧ | સ્તનિત | ૩૬ | ૨૮૫ | ૯૩ | ૯૬ | ૯૬ |
| | ૨ | સ્તનક | ૩૫ | ૨૭૭ | ૮૯ | ૯૬ | ૯૨ |
| | ૩ | મનક | ૩૪ | ૨૬૯ | ૮૯ | ૯૨ | ૮૮ |
| | ૪ | વનક | ૩૩ | ૨૬૧ | ૮૫ | ૮૮ | ૮૮ |
| | ૫ | ઘટ્ટ | ૩૨ | ૨૫૩ | ૮૧ | ૮૮ | ૮૪ |
| | ૬ | સંઘટ્ટ | ૩૧ | ૨૪૫ | ૮૧ | ૮૪ | ૮૦ |
| | ૭ | જિહ્વ | ૩૦ | ૨૩૭ | ૭૭ | ૮૦ | ૮૦ |
| | ૮ | અપજિહ્વ | ૨૯ | ૨૨૯ | ૭૩ | ૮૦ | ૭૬ |

| નરક | પ્રતર ક્ર. | નરકેન્દ્રકનું નામ | એક દિશાના નરકાવાસ | આવલિકા-પ્રવિષ્ટ નરકાવાસ | ગોળ નરકા-વાસ | ત્રિકોણ નરકા-વાસ | ચોરસ નરકા-વાસ |
|---|---|---|---|---|---|---|---|
| | ૯ | લોલ | ૨૮ | ૨૨૧ | ૭૩ | ૭૬ | ૭૨ |
| | ૧૦ | લોલાવર્ત | ૨૭ | ૨૧૩ | ૬૯ | ૭૨ | ૭૨ |
| | ૧૧ | સ્તનલોલુપ | ૨૬ | ૨૦૫ | ૬૫ | ૭૨ | ૬૮ |
| કુલ | | | ૩૪૧ | ૨,૬૯૫ | ૮૭૫ | ૯૨૪ | ૮૯૬ |
| ૩જી | ૧ | તપ્ત | ૨૫ | ૧૯૭ | ૬૫ | ૬૮ | ૬૪ |
| | ૨ | તપિત | ૨૪ | ૧૮૯ | ૬૧ | ૬૪ | ૬૪ |
| | ૩ | તપન | ૨૩ | ૧૮૧ | ૫૭ | ૬૪ | ૬૦ |
| | ૪ | તાપન | ૨૨ | ૧૭૩ | ૫૭ | ૬૦ | ૫૬ |
| | ૫ | નિદાઘ | ૨૧ | ૧૬૫ | ૫૩ | ૫૬ | ૫૬ |
| | ૬ | પ્રજ્વલિત | ૨૦ | ૧૫૭ | ૪૯ | ૫૬ | ૫૨ |
| | ૭ | ઉજ્જ્વલિત | ૧૯ | ૧૪૯ | ૪૯ | ૫૨ | ૪૮ |
| | ૮ | સંજ્વલિત | ૧૮ | ૧૪૧ | ૪૫ | ૪૮ | ૪૮ |
| | ૯ | સંપ્રજ્વલિત | ૧૭ | ૧૩૩ | ૪૧ | ૪૮ | ૪૪ |
| કુલ | | | ૧૮૯ | ૧,૪૮૫ | ૪૭૭ | ૫૧૬ | ૪૯૨ |
| ૪થી | ૧ | આર | ૧૬ | ૧૨૫ | ૪૧ | ૪૪ | ૪૦ |
| | ૨ | તાર | ૧૫ | ૧૧૭ | ૩૭ | ૪૦ | ૪૦ |
| | ૩ | માર | ૧૪ | ૧૦૯ | ૩૩ | ૪૦ | ૩૬ |
| | ૪ | વર્ચ | ૧૩ | ૧૦૧ | ૩૩ | ૩૬ | ૩૨ |
| | ૫ | તમક | ૧૨ | ૯૩ | ૨૯ | ૩૨ | ૩૨ |
| | ૬ | ખાડખડ | ૧૧ | ૮૫ | ૨૫ | ૩૨ | ૨૮ |
| | ૭ | ખડખડ | ૧૦ | ૭૭ | ૨૫ | ૨૮ | ૨૪ |
| કુલ | | | ૯૧ | ૭૦૭ | ૨૨૩ | ૨૫૨ | ૨૩૨ |

| નરક | પ્રતર ક્ર. | નરકેન્દ્રકનું નામ | એક દિશાના નરકાવાસ | આવલિકા-પ્રવિષ્ટ નરકાવાસ | ગોળ નરકા-વાસ | ત્રિકોણ નરકા-વાસ | ચોરસ નરકા-વાસ |
|---|---|---|---|---|---|---|---|
| ૫મી | ૧ | ખાદ | ૯ | ૬૯ | ૨૧ | ૨૪ | ૨૪ |
| | ૨ | તમક | ૮ | ૬૧ | ૧૭ | ૨૪ | ૨૦ |
| | ૩ | ઝષ | ૭ | ૫૩ | ૧૭ | ૨૦ | ૧૬ |
| | ૪ | અન્ધ | ૬ | ૪૫ | ૧૩ | ૧૬ | ૧૬ |
| | ૫ | તમિસ્ર | ૫ | ૩૭ | ૯ | ૧૬ | ૧૨ |
| કુલ | | | ૩૫ | ૨૬૫ | ૭૭ | ૧૦૦ | ૮૮ |
| ૬ઠ્ઠી | ૧ | હિમ | ૪ | ૨૯ | ૯ | ૧૨ | ૮ |
| | ૨ | વાર્દલ | ૩ | ૨૧ | ૫ | ૮ | ૮ |
| | ૩ | લલ્લક | ૨ | ૧૩ | ૧ | ૮ | ૪ |
| કુલ | | | | ૬૩ | ૧૫ | ૨૮ | ૨૦ |
| ૭મી | ૧ | અપ્રતિષ્ઠાન | ૧ | ૫ | ૧ | ૪ | - |

| નરક | મુખ | ભૂમિ | સમાસ | સમા-સાર્ધ | પ્રતર | આવલિકા-પ્રવિષ્ટ નરકાવાસ | પુષ્પાવકીર્ણ નરકાવાસ | કુલ નરકાવાસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧લી | ૩૮૯ | ૨૯૩ | ૬૮૨ | ૩૪૧ | ૧૩ | ૪,૪૩૩ | ૨૯,૯૫,૫૬૭ | ૩૦,૦૦,૦૦૦ |
| ૨જી | ૨૮૫ | ૨૦૫ | ૪૯૦ | ૨૪૫ | ૧૧ | ૨,૬૯૫ | ૨૪,૯૭,૩૦૫ | ૨૫,૦૦,૦૦૦ |
| ૩જી | ૧૯૭ | ૧૩૩ | ૩૩૦ | ૧૬૫ | ૯ | ૧,૪૮૫ | ૧૪,૯૮,૫૧૫ | ૧૫,૦૦,૦૦૦ |
| ૪થી | ૧૨૫ | ૭૭ | ૨૦૨ | ૧૦૧ | ૭ | ૭૦૭ | ૯,૯૯,૨૯૩ | ૧૦,૦૦,૦૦૦ |
| ૫મી | ૬૯ | ૩૭ | ૧૦૬ | ૫૩ | ૫ | ૨૬૫ | ૨,૯૯,૭૩૫ | ૩,૦૦,૦૦૦ |
| ૬ઠ્ઠી | ૨૯ | ૧૩ | ૪૨ | ૨૧ | ૩ | ૬૩ | ૯૯,૯૩૨ | ૯૯,૯૯૫ |
| ૭મી | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૫ | ૦ | ૫ |
| અધો-લોક | ૩૮૯ | ૫ | ૩૯૪ | ૧૯૭ | ૪૯ | ૯,૬૫૩ | ૮૩,૯૦,૩૪૭ | ૮૪,૦૦,૦૦૦ |

● અપ્રતિષ્ઠાન નરકાવાસની લંબાઈ-પહોળાઈ ૧ લાખ યોજન છે. શેષ નરકાવાસની લંબાઈ-પહોળાઈ સંખ્યાતા કે અસંખ્યાતા યોજન છે. બધા નરકાવાસની ઉંચાઈ ૩,૦૦૦ યોજન છે. આ નરકાવાસો અંદરથી ગોળ, બહારથી ચોરસ, નીચેથી અસ્ત્રા જેવા અને અત્યંત દુર્ગન્ધવાળા છે.

## દ્વાર ૩ - અવગાહના

**સામાન્યથી-**

| નરક | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|
| ૧લી | ૭ ધનુષ્ય ૩ હાથ ૬ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| ૨જી | ૧૫ ધનુષ્ય ૨ હાથ ૧૨ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| ૩જી | ૩૧ ધનુષ્ય ૧ હાથ | અંગુલ/અસંખ્ય |
| ૪થી | ૬૨ ધનુષ્ય ૨ હાથ | અંગુલ/અસંખ્ય |
| ૫મી | ૧૨૫ ધનુષ્ય | અંગુલ/અસંખ્ય |
| ૬ઠ્ઠી | ૨૫૦ ધનુષ્ય | અંગુલ/અસંખ્ય |
| ૭મી | ૫૦૦ ધનુષ્ય | અંગુલ/અસંખ્ય |

**વિશેષથી -**

દરેક પ્રતરની ઉત્કૃષ્ટ-જઘન્ય અવગાહના-

રત્નપ્રભાના પહેલા પ્રતરમાં અવગાહના ૩ હાથની છે. ત્યારપછી દરેક પ્રતરે ૫૬$\frac{૧}{૨}$ અંગુલ=૨ હાથ ૮$\frac{૧}{૨}$ અંગુલની વૃદ્ધિ થાય.

| નરક | પ્રતર ક્ર. | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|---|
| ૧લી | ૧ | ૩ હાથ | અંગુલ/અસંખ્ય |
| | ૨ | ૧ ધનુષ્ય ૧ હાથ ૮$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૩ | ૧ ધનુષ્ય ૩ હાથ ૧૭ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૪ | ૨ ધનુષ્ય ૨ હાથ ૧$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૫ | ૩ ધનુષ્ય ૧૦ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૬ | ૩ ધનુષ્ય ૨ હાથ ૧૮$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૭ | ૪ ધનુષ્ય ૧ હાથ ૩ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૮ | ૪ ધનુષ્ય ૩ હાથ ૧૧$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૯ | ૫ ધનુષ્ય ૧ હાથ ૨૦ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૧૦ | ૬ ધનુષ્ય ૪$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૧૧ | ૬ ધનુષ્ય ૨ હાથ ૧૩ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૧૨ | ૭ ધનુષ્ય ૨૧$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૧૩ | ૭ ધનુષ્ય ૩ હાથ ૬ અંગુલ | અંગુલ/અસંખ્ય |

રત્નપ્રભાના અંતિમ પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના તે શર્કરાપ્રભાના પહેલા પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના છે. ત્યારપછી દરેક પ્રતરે ૩ હાથ ૩ અંગુલની વૃદ્ધિ થાય. પ્રથમ પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહનાને એક ન્યૂન સ્વપ્રતરોથી ભાગતા ઉત્તરોત્તર પ્રતરમાં થતી અવગાહનાની વૃદ્ધિ આવે. એમ આગળ પણ જાણવુ. અહીં પ્રથમ

પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના ૭ ધનુષ્ય ૩ હાથ ૬ અંગુલ છે. અહીં પ્રતર ૧૧ છે. તેથી પ્રથમ પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહનાને ૧૦થી ભાગતા ૩ હાથ ૩ અંગુલ આવે. ઉત્તરોત્તર પ્રતરની અવગાહનામાં આટલી વૃદ્ધિ થાય.

| નરક | પ્રતર ક્ર. | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|---|
| ૨જી | ૧ | ૭ ધનુષ્ય ૩ હાથ ૬ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૨ | ૮ ધનુષ્ય ૨ હાથ ૯ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૩ | ૯ ધનુષ્ય ૧ હાથ ૧૨ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૪ | ૧૦ ધનુષ્ય ૧૫ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૫ | ૧૦ ધનુષ્ય ૩ હાથ ૧૮ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૬ | ૧૧ ધનુષ્ય ૨ હાથ ૨૧ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૭ | ૧૨ ધનુષ્ય ૨ હાથ | અંગુલ/અસંખ્ય |
| | ૮ | ૧૩ ધનુષ્ય ૧ હાથ ૩ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૯ | ૧૪ ધનુષ્ય ૬ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૧૦ | ૧૪ ધનુષ્ય ૩ હાથ ૯ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૧૧ | ૧૫ ધનુષ્ય ૨ હાથ ૧૨ અંગુલ | અંગુલ/અસંખ્ય |

શર્કરાપ્રભાના અંતિમ પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના તે વાલુકાપ્રભાના પહેલા પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના છે. ત્યારપછી દરેક પ્રતરે ૭ હાથ ૧૯$\frac{૧}{૨}$ અંગુલની વૃદ્ધિ થાય.

| નરક | પ્રતર ક્ર. | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|---|
| ૩જી | ૧ | ૧૫ ધનુષ્ય ૨ હાથ ૧૨ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૨ | ૧૭ ધનુષ્ય ૨ હાથ ૭$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૩ | ૧૯ ધનુષ્ય ૨ હાથ ૩ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૪ | ૨૧ ધનુષ્ય ૧ હાથ ૨૨$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૫ | ૨૩ ધનુષ્ય ૧ હાથ ૧૮ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૬ | ૨૫ ધનુષ્ય ૧ હાથ ૧૩$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૭ | ૨૭ ધનુષ્ય ૧ હાથ ૯ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૮ | ૨૯ ધનુષ્ય ૧ હાથ ૪$\frac{૧}{૨}$ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૯ | ૩૧ ધનુષ્ય ૧ હાથ | અંગુલ/અસંખ્ય |

વાલુકાપ્રભાના અંતિમ પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના તે પંકપ્રભાના પહેલા પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના છે. ત્યારપછી દરેક પ્રતરે ૫ ધનુષ્ય ૨૦ અંગુલની વૃદ્ધિ થાય.

| નરક | પ્રતર ક્ર. | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|---|
| ૪થી | ૧ | ૩૧ ધનુષ્ય ૧ હાથ | અંગુલ/અસંખ્ય |
| | ૨ | ૩૬ ધનુષ્ય ૧ હાથ ૨૦ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૩ | ૪૧ ધનુષ્ય ૨ હાથ ૧૬ અંગુલ | અંગુલ/અસંખ્ય |

| નરક | પ્રતર ક્ર. | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|---|
| | ૪ | ૪૬ ધનુષ્ય ૩ હાથ ૧૨ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૫ | ૫૨ ધનુષ્ય ૮ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૬ | ૫૭ ધનુષ્ય ૧ હાથ ૪ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૭ | ૬૨ ધનુષ્ય ૨ હાથ | અંગુલ/અસંખ્ય |

પંકપ્રભાના અંતિમ પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના તે ધૂમપ્રભાના પહેલા પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના છે. ત્યારપછી દરેક પ્રતરે ૧૫ ધનુષ્ય ૨ હાથ ૧૨ અંગુલની વૃદ્ધિ થાય.

| નરક | પ્રતર ક્ર. | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|---|
| ૫મી | ૧ | ૬૨ ધનુષ્ય ૨ હાથ | અંગુલ/અસંખ્ય |
| | ૨ | ૭૮ ધનુષ્ય ૧૨ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૩ | ૯૩ ધનુષ્ય ૩ હાથ | અંગુલ/અસંખ્ય |
| | ૪ | ૧૦૯ ધનુષ્ય ૧ હાથ ૧૨ અંગુલ | અંગુલ/અસંખ્ય |
| | ૫ | ૧૨૫ ધનુષ્ય | અંગુલ/અસંખ્ય |

ધૂમપ્રભાના અંતિમ પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના તે તમઃપ્રભાના પહેલા પ્રતરની ઉત્કૃષ્ટ અવગાહના છે. ત્યારપછી દરેક પ્રતરે ૬૨ ધનુષ્ય ૨ હાથની વૃદ્ધિ થાય.

| નરક | પ્રતરક્ર. | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|---|
| ૬ટ્ઠી | ૧ | ૧૨૫ ધનુષ્ય | અંગુલ/અસંખ્ય |
| | ૨ | ૧૮૭ ધનુષ્ય ૨ હાથ | અંગુલ/અસંખ્ય |
| | ૩ | ૨૫૦ ધનુષ્ય | અંગુલ/અસંખ્ય |

| નરક | પ્રતરક્ર. | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|---|
| ૭મી | ૧ | ૫૦૦ ધનુષ્ય | અંગુલ/અસંખ્ય |

**નરકમાં ઉત્તરવૈક્રિયશરીરની અવગાહના-**

| નરક | ઉત્કૃષ્ટ અવગાહના | જઘન્ય અવગાહના |
|---|---|---|
| ૧લી | ૧૫ ધનુષ્ય ૨ હાથ ૧૨ અંગુલ | અંગુલ/સંખ્યાત |
| ૨જી | ૩૧ ધનુષ્ય ૧ હાથ | અંગુલ/સંખ્યાત |
| ૩જી | ૬૨ ધનુષ્ય ૨ હાથ | અંગુલ/સંખ્યાત |
| ૪થી | ૧૨૫ ધનુષ્ય | અંગુલ/સંખ્યાત |
| ૫મી | ૨૫૦ ધનુષ્ય | અંગુલ/સંખ્યાત |
| ૬ટ્ઠી | ૫૦૦ ધનુષ્ય | અંગુલ/સંખ્યાત |
| ૭મી | ૧,૦૦૦ ધનુષ્ય | અંગુલ/સંખ્યાત |

ઉત્તરવૈક્રિયશરીરની અવગાહના મૂળશરીર કરતા બમણી હોય છે.

## દ્વાર ૪- ઉપપાતવિરહકાળ

**સામાન્યથી** ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ ૧૨ મુહૂર્ત છે.
**વિશેષથી** ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ નીચે પ્રમાણે છે-

| નરક | ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ | જઘન્ય ઉપપાતવિરહકાળ |
|---|---|---|
| ૧લી | ૨૪ મુહૂર્ત | ૧ સમય |
| ૨જી | ૭ અહોરાત્ર | ૧ સમય |
| ૩જી | ૧૫ અહોરાત્ર | ૧ સમય |
| ૪થી | ૧ માસ | ૧ સમય |
| ૫મી | ૨ માસ | ૧ સમય |
| ૬ઠ્ઠી | ૪ માસ | ૧ સમય |
| ૭મી | ૬ માસ | ૧ સમય |

## દ્વાર ૫ - ચ્યવનવિરહકાળ

ઉપપાતવિરહકાળની જેમ જાણવો.

## દ્વાર ૬ - એકસમયઉપપાતસંખ્યા

જઘન્ય - ૧, ૨ કે ૩, ઉત્કૃષ્ટ - સંખ્યાતા કે અસંખ્યાતા

## દ્વાર ૭ - એકસમયચ્યવનસંખ્યા

જઘન્ય - ૧, ૨ કે ૩, ઉત્કૃષ્ટ - સંખ્યાતા કે અસંખ્યાતા

## દ્વાર ૮ - ગતિ

સામાન્યથી સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા, અતિક્રુર અધ્યવસાયવાળા પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય નરકમાં જાય છે.

મિથ્યાદૃષ્ટિ, મહાઆરંભવાળા, મહાપરિગ્રહવાળા, તીવ્ર લોભવાળા, શીલ વિનાના, પાપની રુચિવાળા, રૌદ્ર પરિણામવાળા જીવો નરકાયુષ્ય બાંધી નરકમાં ઉત્પન્ન થાય છે.

| કયા જીવો ? | કઈ નરક સુધી જાય ? |
|---|---|
| સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ[1] | ૧લી |
| ગર્ભજ ભુજપરિસર્પ | ૨જી |
| ગર્ભજ પક્ષી | ૩જી |
| ગર્ભજ ચતુષ્પદ | ૪થી |
| ગર્ભજ ઉરપરિસર્પ | ૫મી |
| મનુષ્ય સ્ત્રી | ૬ઠ્ઠી |
| ગર્ભજ જલચર, ગર્ભજ મનુષ્ય | ૭મી |

ઉપર કહી એ તે તે જીવોની નરકમાં ઉત્કૃષ્ટ ગતિ છે. તે જીવોની નરકમાં જઘન્ય ગતિ રત્નપ્રભાના પ્રથમ પ્રતરમાં છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેની મધ્યમગતિ જાણવી.

● નરકમાંથી નીકળી જીવો સર્પ વગેરેમાં, વાઘ-સિંહ વગેરેમાં, પક્ષીમાં અને જલચરમાં સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ઉત્પન્ન થઈ ક્રુર અધ્યવસાયને વશ પંચેન્દ્રિયના વધ વગેરે કરી ફરી નરકમાં જાય

૧. સંમૂર્ચ્છિમ મનુષ્યો અપર્યાપ્તા જ હોય છે. એ અવસ્થામાં કાળ કરીને તેઓ નરકમાં જતા નથી. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચની નરકમાં જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમ/અસંખ્ય છે. તેમને અપર્યાપ્તાવસ્થામાં અવ્યક્ત અવધિજ્ઞાન પણ ન હોય.

છે. આ બાહુલ્યની અપેક્ષાએ કહ્યું. બાકી નરકમાંથી નીકળી કેટલાક જીવો સમ્યક્ત્વાદિ પામી શુભ ગતિ પામે છે.

| કયા સંઘયણવાળા ? | કઈ નરક સુધી જાય ? |
|---|---|
| સેવાર્ત | ૨જી |
| કીલિકા | ૩જી |
| અર્ધનારાચ | ૪થી |
| નારાચ | ૫મી |
| ઋષભનારાચ | ૬ઠ્ઠી |
| વજ્રઋષભનારાચ | ૭મી |

ઉપર કહી એ તે તે સંઘયણવાળાની નરકમાં ઉત્કૃષ્ટગતિ છે. તેમની નરકમાં જઘન્યગતિ રત્નપ્રભાના પ્રથમ પ્રતરમાં છે. જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેની મધ્યમગતિ છે.

## દ્વાર ૯ - આગતિ

નરકમાંથી ચ્યવી જીવો સામાન્યથી સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય અને પર્યાપ્તા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચમાં આવે છે.

**નરકમાંથી નીકળેલા જીવોને સંભવતી લબ્ધિઓ-**

| નરક | લબ્ધિ |
|---|---|
| ૧લી | તીર્થંકરપણું, સામાન્યકેવળીપણું, સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ, ચક્રીપણું, બળદેવપણું, વાસુદેવપણું, મનુષ્યપણું. |

| નરક | લબ્ધિ |
|---|---|
| ૨જી | તીર્થંકરપણું, સામાન્યકેવળીપણું, સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ, બળદેવપણું, વાસુદેવપણું, મનુષ્યપણું. |
| ૩જી | તીર્થંકરપણું, સામાન્યકેવળીપણું, સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ, મનુષ્યપણું. |
| ૪થી | સામાન્યકેવળીપણું, સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ, મનુષ્યપણું. |
| ૫મી | સર્વવિરતિ, દેશવિરતિ, સમ્યક્ત્વ, મનુષ્યપણું. |
| ૬ઠ્ઠી | દેશવિરતિ, સમ્યક્ત્વ, મનુષ્યપણું. |
| ૭મી | સમ્યક્ત્વ. |

- **લેશ્યા**

| નરક | લેશ્યા |
|---|---|
| ૧લી | કાપોત |
| ૨જી | કાપોત (વધુ સંક્લિષ્ટ) |
| ૩જી | પ્રથમ પ્રતરમાં કાપોત (અતિશય સંક્લિષ્ટ)<br>નીચેના પ્રતરોમાં નીલ |
| ૪થી | નીલ (વધુ સંક્લિષ્ટ) |
| ૫મી | પ્રથમ પ્રતરમાં નીલ (અતિશય સંક્લિષ્ટ)<br>નીચેના પ્રતરોમાં કૃષ્ણ |

| નરક | લેશ્યા |
|---|---|
| ૬ઠ્ઠી | કૃષ્ણ (વધુ સંક્લિષ્ટ) |
| ૭મી | પરમ કૃષ્ણ (અતિશય સંક્લિષ્ટ) |

આ લેશ્યાઓ બાહ્યવર્ણરૂપ ન સમજવી, પણ અવસ્થિત દ્રવ્ય-લેશ્યા સમજવી. ભાવલેશ્યા નારકીઓને છમાંથી કોઈ પણ હોઈ શકે.

મનુષ્યો-તિર્યંચોની એક લેશ્યા અન્યલેશ્યાના યોગમાં પોતાના સ્વરૂપનો ત્યાગ કરી તે અન્યલેશ્યારૂપે પરિણમે છે.

દેવો-નારકોની એક લેશ્યા અન્યલેશ્યાના યોગમાં તે અન્યલેશ્યાના આકારવાળી થાય છે, પણ તે અન્ય લેશ્યારૂપે પરિણમતી નથી.

● **અવધિજ્ઞાનનું ક્ષેત્ર**

| નરક | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧લી | ૩ $\frac{૧}{૨}$ ગાઉ | ૧ યોજન |
| ૨જી | ૩ ગાઉ | ૩ $\frac{૧}{૨}$ ગાઉ |
| ૩જી | ૨ $\frac{૧}{૨}$ ગાઉ | ૩ ગાઉ |
| ૪થી | ૨ ગાઉ | ૨ $\frac{૧}{૨}$ ગાઉ |
| ૫મી | ૧ $\frac{૧}{૨}$ ગાઉ | ૨ ગાઉ |
| ૬ઠ્ઠી | ૧ ગાઉ | ૧ $\frac{૧}{૨}$ ગાઉ |
| ૭મી | $\frac{૧}{૨}$ ગાઉ | ૧ ગાઉ |

● **નરકાધિકાર સમાપ્ત** ●

● ● ●

# (૩) મનુષ્યાધિકાર

## દ્વાર ૧ - સ્થિતિ

| મનુષ્ય | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ગર્ભજ[1] | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| સંમૂર્ચ્છિમ | અંતર્મુહૂર્ત[2] | અંતર્મુહૂર્ત |

આ ભવસ્થિતિ કહી. કાયસ્થિતિ - જઘન્ય - અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ-૭-૮ ભવ[3].

## દ્વાર ૨ - અવગાહના

| મનુષ્ય | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ગર્ભજ | અંગુલ/અસંખ્ય | ૩ ગાઉ |
| સંમૂર્ચ્છિમ | અંગુલ/અસંખ્ય[4] | અંગુલ/અસંખ્ય |

ઉપર કહી તે મનુષ્યોની ઔદારિકશરીરની અવગાહના છે.

---

૧. ગર્ભજ મનુષ્ય અને સંમૂર્ચ્છિમ મનુષ્યનું સ્વરૂપ જીવવિચારમાંથી જાણી લેવું.

૨. ઉત્કૃષ્ટ સ્થિતિના અંતર્મુહૂર્ત કરતા જઘન્ય સ્થિતિનું અંતર્મુહૂર્ત નાનું છે.

૩. ૮ ભવ થાય ત્યારે ૭ ભવ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા અને ૮મો ભવ અસંખ્ય વર્ષના આયુષ્યવાળો થાય. આઠ ભવનો કુલ કાળ = ૩ પલ્યોપમ + પૂર્વક્રોડપૃથક્ત્વ વર્ષ. સંમૂર્ચ્છિમ મનુષ્યને આઠ ભવનો કુલ કાળ = ૩ પલ્યોપમ + મુહૂર્તપૃથક્ત્વ.

૪. ઉત્કૃષ્ટ અવગાહનાના અંગુલ/અસંખ્ય કરતા જઘન્ય અવગાહનાનો અંગુલ/અસંખ્ય નાનો છે.

વૈક્રિય લબ્ધિવાળા, સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા, પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોને વૈક્રિયશરીરની જઘન્ય અવગાહના અંગુલ/સંખ્યાત છે અને ઉત્કૃષ્ટ અવગાહના સાધિક લાખ યોજન છે.

આહારક લબ્ધિવાળા પ્રમત્ત સંયતોને આહારક શરીરની જઘન્ય અવગાહના દેશોન ૧ હાથ છે અને ઉત્કૃષ્ટ અવગાહના સંપૂર્ણ ૧ હાથ છે.

## દ્વાર ૩ - ઉપપાતવિરહકાળ

| મનુષ્ય | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ગર્ભજ | ૧ સમય | ૧૨ મુહૂર્ત |
| સંમૂર્ચ્છિમ | ૧ સમય | ૨૪ મુહૂર્ત |

## દ્વાર ૪ - ચ્યવનવિરહકાળ

ઉપપાતવિરહકાળની જેમ જાણવો.

## દ્વાર ૫ - એકસમયઉપપાતસંખ્યા

જઘન્ય - ૧,૨ કે ૩, ઉત્કૃષ્ટ-સંખ્યાતા કે અસંખ્યાતા

## દ્વાર ૬ - એકસમયચ્યવનસંખ્યા

જઘન્ય - ૧, ૨ કે ૩, ઉત્કૃષ્ટ - સંખ્યાતા કે અસંખ્યાતા

## દ્વાર ૭ - ગતિ

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ, દેવ, નારકી-મનુષ્યમાં જાય છે.

૭મી નારકીના નારકી, તેઉકાય, વાયુકાય, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ મનુષ્યમાં ન જાય.

- વૈમાનિક દેવો અને પહેલી ત્રણ નરકમાંથી આવેલ જીવ જ તીર્થંકર થઈ શકે. શેષ દેવો, શેષ નરકો અને મનુષ્ય-તિર્યંચમાંથી આવેલ જીવ તીર્થંકર ન થઈ શકે.
- ચારે પ્રકારના દેવો અને પહેલી નરકમાંથી આવેલ જીવ જ ચક્રવર્તી થઇ શકે. શેષ નરકો અને મનુષ્ય-તિર્યંચમાંથી આવેલ જીવ ચક્રવર્તી ન થઈ શકે.
- અનુત્તર સિવાયના વૈમાનિક દેવો અને પહેલી બે નરકમાંથી આવેલ જીવ જ વાસુદેવ થઈ શકે. શેષ દેવો, શેષ નરકો અને મનુષ્ય-તિર્યંચમાંથી આવેલ જીવ વાસુદેવ ન થઈ શકે.
- ચારે પ્રકારના દેવો અને પહેલી બે નરકમાંથી આવેલ જીવ જ બળદેવ થઇ શકે. શેષ નરકો અને મનુષ્ય-તિર્યંચમાંથી આવેલ જીવ બળદેવ ન થઈ શકે.
- અનુત્તર વિમાનો, સાતમી નરક, તેઉકાય, વાયુકાય, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ સિવાય બધેથી આવેલ જીવો ચક્રવર્તીના મનુષ્યરત્ન થઇ શકે.
- સાતમી નરક, તેઉકાય, વાયુકાય, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ સિવાય બધેથી આવેલ જીવ રાજા થઇ શકે.
- વિકલેન્દ્રિયમાંથી આવેલ મનુષ્ય ઉત્કૃષ્ટથી સર્વવિરતિ પામી શકે, સિદ્ધ ન થાય.

## ચક્રવર્તીના ૧૪ રત્નો

| ક્ર. | નામ | પ્રમાણ | સ્વરૂપ |
|---|---|---|---|
| ૧ | સેનાપતિ | - | સેનાનુ નેતૃત્વ કરે, ગંગા-સિંધુના સામે કિનારે રહેલ ખંડને જીતે. |
| ૨ | ગૃહપતિ | - | ઘરનું કાર્ય કરે, કાષ્ઠનો સેતુ બાંધે. |
| ૩ | પુરોહિત | - | શાંતિકર્મ કરે. |
| ૪ | હાથી | - | પ્રકૃષ્ટવેગવાળો અને મહાપરાક્રમી હોય. |
| ૫ | ઘોડો | - | પ્રકૃષ્ટવેગવાળો અને મહાપરાક્રમી હોય. |
| ૬ | સ્ત્રીરત્ન | - | અદ્ભુત કામસુખ આપે. |
| ૭ | વર્ધકી | - | ઘર વગેરે બનાવે, નદી ઉપર સેતુ બનાવે. |
| ૮ | ચક્ર | ૧ વ્યામ[1] | શ્રેષ્ઠ શસ્ત્ર, દુશ્મનનો જય કરે. |
| ૯ | છત્ર | ૧ વ્યામ[1] | ચક્રીના સ્પર્શથી ૧૨ યોજનનું થાય, પાણીથી બચાવે. |
| ૧૦ | ચર્મ | ૨ હાથ લાંબુ | ચક્રીના સ્પર્શથી ૧૨ યોજનનું થાય, અનાજ પકાવે. |
| ૧૧ | મણિ | ૪ અંગુલ[2] લાંબુ ૨ અંગુલ પહોળુ | અંધકાર દૂર કરે, જેના હાથમાં કે માથે બંધાય તેનો રોગ હરે. |
| ૧૨ | કાકિણી | ૪ અંગુલ | વૈતાઢ્ય ગુફાની દિવાલ ઉપર માંડલા કરવા ઉપયોગી. |
| ૧૩ | ખડ્ગ | ૩૨ અંગુલ લાંબુ | યુદ્ધમાં તેની શક્તિ અપ્રતિહત હોય. |
| ૧૪ | દંડ | ૧ વ્યામ[1] | ભૂમી સમતલ કરે, ૧૦૦૦ યોજન સુધીનો ખાડો કરે. |

૧. વ્યામ=બન્ને હાથ પહોળા કરેલ પુરુષની બન્ને હાથની આંગળીઓ વચ્ચેનું અંતર.

૨. બૃહત્સંગ્રહણિમાં અહી અંગુલ એટલે પ્રમાણાંગુલ કહ્યું છે. સંગ્રહણિરત્નમાં કહ્યું છે કે અહીં અંગુલ એટલે તે તે ચક્રવર્તીનું આત્માંગુલ સમજવું.

| જંબૂદ્વીપમાં | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ચક્રવર્તી | ૪ | ૩૦ |
| ચક્રીના રત્નો | ૫૬ | ૪૨૦ |

દરેક રત્ન ૧,૦૦૦ યક્ષોથી અધિષ્ઠિત હોય છે.

પહેલા સાત રત્નો પંચેન્દ્રિય છે, પછીના સાત રત્નો એકેન્દ્રિય છે. સાત પંચેન્દ્રિય રત્નોમાં હાથી, ઘોડા સિવાયના પાંચ મનુષ્યરત્નો છે. સાતે પચેન્દ્રિય રત્નો તે તે કાળના મનુષ્ય-તિર્યંચને ઉચિત પ્રમાણવાળા છે.

● **વાસુદેવના રત્નો** - (૧) ચક્ર, (૨) ખડ્ગ, (૩) ધનુષ્ય, (૪) મણિ, (૫) માળા, (૬) ગદા, (૭) શંખ.

## દ્વાર ૮ - આગતિ

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યો - નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવ, [1]મોક્ષમાં જઈ શકે.

અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો દેવલોકમાં જ જાય.

● સિદ્ધિગતિનો ઉપપાતવિરહકાળ - જઘન્ય - ૧ સમય, ઉત્કૃષ્ટ-છ માસ.

● સિદ્ધિગતિમાંથી ઉદ્વર્ત્તન (ચ્યવન) નથી.

● સિદ્ધિગતિમાં એકસમયઉપપાતસંખ્યા - જઘન્ય- ૧, ૨ કે ૩, ઉત્કૃષ્ટ - ૧૦૮

૧ થી ૩૨ જીવો ૮ સમય સુધી સતત મોક્ષે જાય, પછી અંતર પડે.

૧. જો પહેલું સંઘયણ હોય તો મોક્ષમાં જઈ શકે.

૩૩ થી ૪૮ જીવો ૭ સમય સુધી સતત મોક્ષે જાય, પછી અંતર પડે.
૪૯ થી ૬૦ જીવો ૬ સમય સુધી સતત મોક્ષે જાય, પછી અંતર પડે.
૬૧ થી ૭૨ જીવો ૫ સમય સુધી સતત મોક્ષે જાય, પછી અંતર પડે.
૭૩ થી ૮૪ જીવો ૪ સમય સુધી સતત મોક્ષે જાય, પછી અંતર પડે.
૮૫ થી ૯૬ જીવો ૩ સમય સુધી સતત મોક્ષે જાય, પછી અંતર પડે.
૯૭ થી ૧૦૨ જીવો ૨ સમય સુધી સતત મોક્ષે જાય, પછી અંતર પડે.
૧૦૩ થી ૧૦૮ જીવો ૧ સમય સુધી સતત મોક્ષે જાય, પછી અંતર પડે.

| જીવો | એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધ થાય |
|---|---|
| સ્ત્રી | ૨૦ |
| પુરુષ | ૧૦૮ |
| નપુંસક | ૧૦ |
| ગૃહીલિંગમાં | ૪ |
| અન્યલિંગમાં | ૧૦ |
| સ્વલિંગમાં | ૧૦૮ |
| ઉત્કૃષ્ટ અવગાહના (૫૨૫ ધનુષ્ય[1])વાળા | ૨ |
| જઘન્ય અવગાહના (૨ હાથ)વાળા | ૪ |
| મધ્યમ અવગાહનાવાળા | ૧૦૮ |
| ઊર્ધ્વલોકમાં | ૪ |
| સમુદ્રમાં | ૨ |

૧. સંગ્રહણિસૂત્રની દેવભદ્રસૂરિજી કૃત ટીકામાં સિદ્ધ થનારની ઉત્કૃષ્ટઅવગાહના ૫૦૦ ધનુષ્ય કહી છે.

| જીવો | એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધ થાય |
|---|---|
| શેષજળમાં | ૩[1] |
| અધોલોકમાં | ૨૨[2] |
| તિર્ચ્છાલોકમાં | ૧૦૮ |
| નરકગતિમાંથી આવેલા | ૧૦ |
| તિર્યંચગતિમાંથી આવેલા | ૧૦ |
| મનુષ્યગતિમાંથી આવેલા | ૨૦[3] |
| દેવગતિમાંથી આવેલા | ૧૦૮ |
| રત્નપ્રભામાંથી આવેલા | ૧૦ |
| શર્કરાપ્રભામાંથી આવેલા | ૧૦ |
| વાલુકાપ્રભામાંથી આવેલા | ૧૦ |
| પંકપ્રભામાંથી આવેલા | ૪ |
| પૃથ્વીકાયમાંથી આવેલા | ૪ |
| અપ્કાયમાંથી આવેલા | ૪ |
| વનસ્પતિકાયમાંથી આવેલા | ૬ |
| પંચેન્દ્રિયતિર્યંચ પુરુષમાંથી આવેલા | ૧૦ |
| પંચેન્દ્રિયતિર્યંચ સ્ત્રીમાંથી આવેલા | ૧૦ |
| મનુષ્ય પુરુષમાંથી આવેલા | ૧૦ |
| મનુષ્ય સ્ત્રીમાંથી આવેલા | ૨૦ |

૧. સિદ્ધપ્રાભૃત અનુસારે-૪. ૨. સિદ્ધપ્રાભૃત અનુસારે-૨૦ પૃથક્ત્વ.
૩. સિદ્ધપ્રાભૃત અનુસારે-૧૦

| જીવો | એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધ થાય |
|---|---|
| ભવનપતિ-વ્યન્તર દેવોમાંથી આવેલા | દરેકમાંથી ૧૦ |
| ભવનપતિ-વ્યન્તર દેવીમાંથી આવેલા | દરેકમાંથી ૫ |
| જ્યોતિષ દેવમાંથી આવેલા | ૧૦ |
| જ્યોતિષ દેવીમાંથી આવેલા | ૨૦ |
| વૈમાનિક દેવમાંથી આવેલા | ૧૦૮ |
| વૈમાનિક દેવીમાંથી આવેલા | ૨૦ |
| પુરુષવેદમાંથી આવી પુરુષ થયેલા | ૧૦૮ |
| પુરુષવેદમાંથી આવી સ્ત્રી થયેલા | ૧૦ |
| પુરુષવેદમાંથી આવી નપુંસક થયેલા | ૧૦ |
| સ્ત્રીવેદમાંથી આવી પુરુષ થયેલા | ૧૦ |
| સ્ત્રીવેદમાંથી આવી સ્ત્રી થયેલા | ૧૦ |
| સ્ત્રીવેદમાંથી આવી નપુંસક થયેલા | ૧૦ |
| નપુંસકવેદમાંથી આવી પુરુષ થયેલા | ૧૦ |
| નપુંસકવેદમાંથી આવી સ્ત્રી થયેલા | ૧૦ |
| નપુંસકવેદમાંથી આવી નપુંસક થયેલા | ૧૦ |
| નંદનવનમાં | ૪ |
| એક વિજયમાં | ૨૦ |
| અકર્મભૂમિમાં (સંહરણથી) દરેકમાં | ૧૦ |
| પાંડકવનમાં | ૨ |
| ઉત્સર્પિણીના પહેલા આરામાં (સંહરણથી) | ૧૦ |

| જીવો | એક સમયમાં ઉત્કૃષ્ટથી સિદ્ધ થાય |
|---|---|
| ઉત્સર્પિણીના બીજા આરામાં (સંહરણથી) | ૧૦ |
| ઉત્સર્પિણીના ત્રીજા આરામાં | ૧૦૮ |
| ઉત્સર્પિણીના ચોથા આરામાં | ૧૦૮ |
| ઉત્સર્પિણીના પાંચમા આરામાં (સંહરણથી) | ૧૦ |
| ઉત્સર્પિણીના છટ્ઠા આરામાં (સંહરણથી) | ૧૦ |
| અવસર્પિણીના પહેલા આરામાં (સંહરણથી) | ૧૦ |
| અવસર્પિણીના બીજા આરામાં (સંહરણથી) | ૧૦ |
| અવસર્પિણીના ત્રીજા આરામાં | ૧૦૮ |
| અવસર્પિણીના ચોથા આરામાં | ૧૦૮ |
| અવસર્પિણીના પાંચમા આરામાં | ૨૦ |
| અવસર્પિણીના છટ્ઠા આરામાં (સંહરણથી) | ૧૦ |

**સિદ્ધશિલા અને સિદ્ધો** - સર્વાર્થસિદ્ધવિમાનથી ૧૨ યોજન ઉપર સિદ્ધશિલા આવેલી છે[૧]. તે ૪૫ લાખ યોજન લાંબી-પહોળી છે. તે અર્જુનસુવર્ણમય હોવાથી સ્ફટિકની જેમ નિર્મળ છે. તે સીધા કરેલ છત્રના આકારે અથવા ઘી ભરેલ કડાઈના આકારે છે. તે મધ્યભાગે ૮ યોજન જાડી છે. ત્યારપછી તેની જાડાઈ ઘટતી ઘટતી અંતે અંગુલ/અસંખ્ય જેટલી થાય છે. સિદ્ધશિલાની ઉપર ૧ યોજને લોકાન્ત છે. તે યોજનના ઉપરના ગાઉના ઉપરના છટ્ઠા ભાગમાં સિદ્ધોની સ્થિતિ છે. (જુઓ ચિત્ર નં.૧૦)

૧. મતાંતરે સર્વાર્થસિદ્ધવિમાનથી ૧૨ યોજન ઉપર લોકાંત છે.

● લેશ્યા- મનુષ્યને છએ લેશ્યા હોય

| લેશ્યા | જઘન્ય કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|
| કૃષ્ણથી પદ્મ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| શુક્લ | અંતર્મુહૂર્ત | દેશોનપૂર્વક્રોડ વર્ષ[1] |

● મનુષ્યાધિકાર સમાપ્ત ●

● ● ●

૧. શુક્લલેશ્યાનો આ ઉત્કૃષ્ટકાળ કેવળી ભગવંતોને હોય છે. શેષ જીવોને શુક્લલેશ્યાનો ઉત્કૃષ્ટકાળ અંતર્મુહૂર્ત છે.

# (૪) તિર્યંચાધિકાર

## દ્વાર ૧ - સ્થિતિ

| જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | ૨૨,૦૦૦ વર્ષ |
| અપ્કાય | અંતર્મુહૂર્ત | ૭,૦૦૦ વર્ષ |
| તેઉકાય | અંતર્મુહૂર્ત | ૩ અહોરાત્ર |
| વાયુકાય | અંતર્મુહૂર્ત | ૩,૦૦૦ વર્ષ |
| વનસ્પતિકાય | અંતર્મુહૂર્ત | ૧૦,૦૦૦ વર્ષ |
| બેઈન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૧૨ વર્ષ |
| તેઈન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૪૯ દિવસ |
| ચઉરિન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૭ માસ |
| પંચેન્દ્રિયતિર્યંચ | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |

પૃથ્વીકાયમાં વિશેષ સ્થિતિ-

| જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| શ્લક્ષ્ણ પૃથ્વી (મરુભૂમિની સુંવાળી માટી) | અંતર્મુહૂર્ત | ૧,૦૦૦ વર્ષ |
| શુદ્ધ પૃથ્વી | અંતર્મુહૂર્ત | ૧૨,૦૦૦ વર્ષ |
| વાલુકા (નદીની રેતી) | અંતર્મુહૂર્ત | ૧૪,૦૦૦ વર્ષ |
| મનશિલ (પારો) | અંતર્મુહૂર્ત | ૧૬,૦૦૦ વર્ષ |
| શર્કરા (કાંકરા) | અંતર્મુહૂર્ત | ૧૮,૦૦૦ વર્ષ |
| ખર પૃથ્વી (શિલા) | અંતર્મુહૂર્ત | ૨૨,૦૦૦ વર્ષ |

## પંચેન્દ્રિય તિર્યંચની વિશેષ સ્થિતિ -

| જીવો | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| ગર્ભજ જલચર | અંતર્મુહૂર્ત | ૧ ક્રોડ પૂર્વ વર્ષ[1] |
| ગર્ભજ ઉરપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૧ ક્રોડ પૂર્વ વર્ષ |
| ગર્ભજ ભુજપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૧ ક્રોડ પૂર્વ વર્ષ |
| ગર્ભજ ચતુષ્પદ | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| ગર્ભજ ખેચર | અંતર્મુહૂર્ત | પલ્યોપમ/અસંખ્ય |
| સંમૂર્ચ્છિમ જલચર | અંતર્મુહૂર્ત | ૧ ક્રોડ પૂર્વ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૫૩,૦૦૦ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૪૨,૦૦૦ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ચતુષ્પદ | અંતર્મુહૂર્ત | ૮૪,૦૦૦ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ખેચર | અંતર્મુહૂર્ત | ૭૨,૦૦૦ વર્ષ |

આ ભવસ્થિતિ કહી. હવે **કાયસ્થિતિ** કહે છે -

| જીવો | જઘન્ય કાયસ્થિતિ | ઉત્કૃષ્ટ કાયસ્થિતિ |
|---|---|---|
| પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી |
| અપ્કાય | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી |
| તેઉકાય | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી - અવસર્પિણી |

૧. ૧ પૂર્વ વર્ષ = ૭૦,૫૬૦ અબજ વર્ષ

| જીવો | જઘન્ય કાયસ્થિતિ | ઉત્કૃષ્ટ કાયસ્થિતિ |
|---|---|---|
| વાયુકાય | અંતર્મુહૂર્ત | અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી |
| વનસ્પતિકાય | અંતર્મુહૂર્ત | અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી |
| વિકલેન્દ્રિય | અંતર્મુહૂર્ત | સંખ્યાતા હજાર વર્ષ |
| પંચે. તિર્યંચ | અંતર્મુહૂર્ત | ૭-૮ ભવ[1] |

પંચેન્દ્રિયની કાયસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક ૧૦૦૦ સાગરોપમ છે.

ત્રસકાયની કાયસ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક ૨૦૦૦ સાગરોપમ છે.

## દ્વાર ૨ - અવગાહના

| જીવો | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|
| પ્રત્યેક વનસ્પતિકાય | અંગુલ/અસંખ્ય | સાધિક ૧,૦૦૦ યોજન |
| શેષ એકેન્દ્રિય | અંગુલ/અસંખ્ય | અંગુલ/અસંખ્ય |

**એકેન્દ્રિયની વિશેષ અવગાહના-**

સંગ્રહણિસૂત્રમાં એકેન્દ્રિયની વિશેષ અવગાહના આ પ્રમાણે બતાવી છે-

સૂક્ષ્મ નિગોદની અવગાહના અંગુલ/અસંખ્ય છે.

તેના કરતા સૂક્ષ્મ વાયુકાયની અવગાહના અસંખ્યગુણ છે.

તેના કરતા સૂક્ષ્મ તેઉકાયની અવગાહના અસંખ્યગુણ છે.

૧ - જ્યારે ૮ ભવ થાય ત્યારે ૭ ભવ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા અને આઠમો ભવ અસંખ્ય વર્ષના આયુષ્યવાળો થાય. આઠ ભવનો કુલ કાળ = ૩ પલ્યોપમ + પૂર્વક્રોડપૃથક્ત્વ વર્ષ.

તેના કરતા સૂક્ષ્મ અપ્કાયની અવગાહના અસંખ્યગુણ છે.
તેના કરતા સૂક્ષ્મ પૃથ્વીકાયની અવગાહના અસંખ્યગુણ છે.
તેના કરતા બાદર વાયુકાયની અવગાહના અસંખ્યગુણ છે.
તેના કરતા બાદર તેઉકાયની અવગાહના અસંખ્યગુણ છે.
તેના કરતા બાદર અપ્કાયની અવગાહના અસંખ્યગુણ છે.
તેના કરતા બાદર પૃથ્વીકાયની અવગાહના અસંખ્યગુણ છે.
તેના કરતા બાદર નિગોદની અવગાહના અસંખ્યગુણ છે.
સ્વસ્થાને દરેકની અવગાહના અંગુલ/અસંખ્ય છે.

બૃહત્સંગ્રહણિમાં એકેન્દ્રિયની વિશેષ અવગાહના આ પ્રમાણે બતાવી છે-

સાધારણ વનસ્પતિકાય અને વાયુકાયની અવગાહના સમાન છે.

તેનાથી તેઉકાયની અવગાહના અસંખ્યગુણ છે.

તેનાથી અપ્કાયની અવગાહના અસંખ્યગુણ છે.

તેનાથી પૃથ્વીકાયની અવગાહના અસંખ્યગુણ છે.

પ્રશ્ન - પ્રત્યેક વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ અવગાહના સાધિક ૧૦૦૦ યોજન કહી છે, તે સમુદ્રમાં રહેલ પદ્મનાલની અપેક્ષાએ છે. શરીરનું પ્રમાણ ઉત્સેધાંગુલથી મપાય છે. સમુદ્રનું પ્રમાણ પ્રમાણાંગુલથી મપાય છે. તેથી પ્રમાણાંગુલથી ૧૦૦૦ યોજન ઉંડો સમુદ્ર એટલે ઉત્સેધાંગુલથી ૪,૦૦,૦૦૦ યોજન ઉંડો સમુદ્ર થાય. તેમાં રહેલ પદ્મનાલની ઉત્કૃષ્ટ અવગાહના સાધિક ૪,૦૦,૦૦૦ યોજન હોવી જોઈએ.

જવાબ- ૧૦૦૦ યોજન ઉંડા સમુદ્રમાં જે કમળો છે તે પૃથ્વીના પરિણામરૂપ છે. શેષ સ્થાનોમાં રહેલ પ્રત્યેક વનસ્પતિકાયની અવગાહના ઉત્સેધાંગુલથી ઉત્કૃષ્ટથી સાધિક ૧૦૦૦ યોજન હોય.

| જીવો | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|
| બેઈન્દ્રિય | અંગુલ/અસંખ્ય | ૧૨ યોજન |
| તેઈન્દ્રિય | અંગુલ/અસંખ્ય | ૩ ગાઉ |
| ચઉરિન્દ્રિય | અંગુલ/અસંખ્ય | ૪ ગાઉ |
| પંચેન્દ્રિય તિર્યંચ | અંગુલ/અસંખ્ય | ૧,૦૦૦ યોજન |

**પંચેન્દ્રિય તિર્યંચમાં વિશેષ અવગાહના -**

| જીવો | જઘન્ય અવગાહના[1] | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|
| ગર્ભજ જલચર | અંગુલ/અસંખ્ય | ૧,૦૦૦ યોજન |
| ગર્ભજ ઉરપરિસર્પ | અંગુલ/અસંખ્ય | ૧,૦૦૦ યોજન |
| ગર્ભજ ભુજપરિસર્પ | અંગુલ/અસંખ્ય | ૨ થી ૯ ગાઉ |
| ગર્ભજ ચતુષ્પદ | અંગુલ/અસંખ્ય | ૭ ગાઉ |
| ગર્ભજ ખેચર | અંગુલ/અસંખ્ય | ૨ થી ૯ ધનુષ્ય |
| સંમૂર્ચ્છિમ જલચર | અંગુલ/અસંખ્ય | ૧,૦૦૦ યોજન |
| સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ | અંગુલ/અસંખ્ય | ૨થી ૯ યોજન |
| સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ | અંગુલ/અસંખ્ય | ૨થી ૯ ધનુષ્ય[2] |
| સંમૂર્ચ્છિમ ચતુષ્પદ | અંગુલ/અસંખ્ય | ૨થી ૯ ગાઉ |
| સંમૂર્ચ્છિમ ખેચર | અંગુલ/અસંખ્ય | ૨થી ૯ ધનુષ્ય |

૧. જઘન્ય અવગાહના ઉત્પત્તિસમયે હોય.

૨. બૃહત્સંગ્રહણિમાં સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પની ઉત્કૃષ્ટ અવગાહના ૨ થી ૯ યોજન કહી છે.

ઉપર કહી તે તિર્યંચોની ઔદરિક શરીરની અવગાહના છે. તિર્યંચોની વૈક્રિયશરીરની અવગાહના આ પ્રમાણે છે-

| જીવો | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| પર્યાપ્તા બાદર વાયુકાય | અંગુલ/અસંખ્ય | અંગુલ/અસંખ્ય |
| પંચેન્દ્રિય તિર્યંચ | અંગુલ/સંખ્યાત | ૨૦૦થી ૯૦૦ યોજન |

## દ્વાર ૩ - ઉપપાતવિરહકાળ

| જીવો | જઘન્ય ઉપપાતવિરહકાળ | ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ |
|---|---|---|
| એકેન્દ્રિય | નથી | નથી |
| વિકલેન્દ્રિય | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| સંમૂ. પંચે. તિ. | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ગર્ભજ પંચે. તિ. | ૧ સમય | ૧૨ મુહૂર્ત |

## દ્વાર ૪ - ચ્યવનવિરહકાળ

ઉપપાતવિરહકાળની જેમ જાણવો.

## દ્વાર ૫ - એકસમયઉપપાતસંખ્યા

| જીવો | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| એકેન્દ્રિય, વનસ્પતિકાય | અસંખ્ય (પરસ્થાનથી) અનંત (સ્વસ્થાનથી) | અસંખ્ય (પરસ્થાનથી) અનંત (સ્વસ્થાનથી) |
| પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય | અસંખ્ય | અસંખ્ય |
| વિકલેન્દ્રિય, ગર્ભજ-સંમૂર્ચ્છિમ પંચે.તિ. | ૧, ૨ કે ૩ | સંખ્યાતા કે અસંખ્યાતા |

## દ્વાર ૬ - એકસમયચ્યવનસંખ્યા

એકસમયઉપપાતસંખ્યાની જેમ જાણવી.

## દ્વાર ૭ - ગતિ

પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાયમાં સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, ભવનપતિથી ઈશાન સુધીના દેવો[1] જાય.

વિકલેન્દ્રિય, તેઉકાય, વાયુકાય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય જાય.

ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચમાં સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય, ભવનપતિથી સહસ્રાર સુધીના દેવો, નારકો[2] જાય.

ચક્રવર્તીના અશ્વરત્ન અને ગજરત્ન સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ, ૧ થી ૮ દેવલોક અને ૧ થી ૭ નરકમાંથી આવેલ જીવ જ થઇ શકે.

ચક્રવર્તીના એકેન્દ્રિય રત્નો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ અને ભવનપતિથી ઇશાન સુધીના દેવોમાંથી આવેલ જીવ જ થઇ શકે.

---

૧. ભવનપતિથી ઈશાન સુધીના દેવો એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય તો પર્યાપ્તા બાદર પૃથ્વીકાય- અપ્કાય- પ્રત્યેક વનસ્પતિકાયમાં જ ઉત્પન્ન થાય.

૨. ભવનપતિથી સહસ્રાર સુધીના દેવો અને નારકીઓ ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થાય તો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચમાં જ ઉત્પન્ન થાય.

જ્યારે તીવ્ર મોહોદય હોય, અતિભયાનક અજ્ઞાન હોય, અસાતા વેદનીયનો ઉદય હોય ત્યારે જીવ એકેન્દ્રિય થાય.

## દ્વાર ૮ - આગતિ

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય - સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચમાં આવે.

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચ - ચારે ગતિમાં આવે.

અસંખ્ય વર્ષના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચ - દેવલોકમાં આવે.

સંમૂર્ચ્છિમ-ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાયમાંથી આવેલ જીવ સિદ્ધ થઈ શકે. શેષ તિર્યંચોમાંથી આવેલ જીવ સિદ્ધ ન થઇ શકે.

સૂક્ષ્મત્રસ (તેઉકાય-વાયુકાય)માંથી આવેલ જીવ સમ્યક્ત્વાદિ કોઇ પણ ગુણ ન પામે.

- **લેશ્યા-**

| જીવો | લેશ્યા |
|---|---|
| બાદર પર્યાપ્તા પૃથ્વીકાય-અપ્કાય-પ્રત્યેક વનસ્પતિકાય | કૃષ્ણ, નીલ, કાપોત, તેજો. |
| બાદર પર્યાપ્તા તેઉકાય, વાયુકાય, સાધારણ વનસ્પતિકાય, સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર અપર્યાપ્તા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ | કૃષ્ણ, નીલ, કાપોત. |
| ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ | ૬ લેશ્યા. |

લેશ્યાનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે.

● જીવો જે લેશ્યામાં મરે છે તે જ લેશ્યામાં પરભવમાં ઉત્પન્ન થાય છે.મનુષ્યો-તિર્યંચો પરભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત વીત્યા બાદ પરભવને પામે છે. દેવો-નારકીઓ સ્વભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે પરભવને પામે છે.

**● તિર્યંચાધિકાર સમાપ્ત ●**

● ● ●

## વિશેષાધિકાર

હવે કહેલા દ્વારો કરતા કંઈક અધિક કહિએ છીએ-

● **નિગોદનું સ્વરૂપ** - અનંત જીવોના એક શરીરને નિગોદ કહેવાય છે. આ અસંખ્ય નિગોદોનો સમૂહ તે એક ગોલક છે. લોકમાં આવા અસંખ્ય ગોલક છે. દરેક નિગોદમાં અનંત જીવો છે. (જુઓ ચિત્ર નં. ૧૧)

જીવો બે પ્રકારના છે - સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક.

(૧) **સાંવ્યવહારિક** - જે જીવો અનાદિ સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી શેષ જીવોમાં ઉત્પન્ન થાય તે સાંવ્યવહારિક જીવો છે. શેષ જીવોમાંથી નીકળી કેટલાક જીવો ફરી સૂક્ષ્મ નિગોદમાં જાય. પણ ત્યાં પણ તે સાંવ્યવહારિક જ કહેવાય. ત્યાં ઉત્કૃષ્ટથી અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધી રહી ફરી શેષ જીવોમાં જાય. આમ તેઓ વારંવાર ગમનાગમન કરે છે.

સૂક્ષ્મ નિગોદની કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી છે. બાદર નિગોદની કાયસ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ છે. સામાન્ય નિગોદની કાયસ્થિતિ અઢી પુદ્ગલપરાવર્ત્ત છે. આ વાત સંગ્રહણિસૂત્રની દેવભદ્રસૂરિજીકૃત ટીકામાં કહી છે. બૃહત્સંગ્રહણીની મલયગિરિ મહારાજકૃત ટીકામાં કહ્યુ છે કે સાંવ્યવહારિક જીવો શેષ જીવોમાંથી નિગોદમાં જાય તો ત્યાં ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય પ્રમાણ પુદ્ગલપરાવર્તો સુધી રહી ફરી શેષ જીવોમાં આવે.

(૨) **અસાંવ્યવહારિક** - જે જીવો અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાં જ હોય, જેઓ ક્યારેય ત્રસપણું પામ્યા ન હોય તે અસાંવ્યવહારિક જીવો છે.

પ્રત્યેક અને સાધારણ બધી વનસ્પતિ પ્રથમ પાંદડાની અવસ્થામાં અનંતકાય હોય છે. અંતર્મુહૂર્ત પછી તે પ્રત્યેક કે સાધારણ થાય.

● **ત્રણ પ્રકારના અંગુલ -**

**અંગુલ** - જેનાથી પદાર્થોનું પ્રમાણ જણાય તે અંગુલ, તે એક પ્રકારનું માપ છે. તેના ત્રણ પ્રકાર છે -

(૧) **આત્માંગુલ** - જે કાળે જે પ્રમાણયુક્ત પુરુષો હોય તેમનું જે પોતાનુ અંગુલ તે આત્માંગુલ. તે કાળ વગેરેના ભેદના કારણે અનિયત હોય છે. તેનાથી વાસ્તુ મપાય. આ વાત સંગ્રહણિસૂત્રની દેવભદ્રસૂરિજીકૃત ટીકામાં કહી છે. બૃહત્સંગ્રહણિની મલયગિરિ મહારાજકૃત ટીકામાં કહ્યું છે કે- જે કાળે જે પુરુષો હોય તેમનું અંગુલ તે આત્માંગુલ.

વાસ્તુ ત્રણ પ્રકારે છે - (a) ખાત - કુવા, તળાવ, ભોંયરુ વગેરે. (b) ઉચ્છ્રિત-હવેલી વગેરે (c) ઉભય - ભોંયરાસહિત હવેલી.

(૨) **ઉત્સેધાંગુલ** - પરમાણુ વગેરેથી મપાયેલ અંગુલ તે ઉત્સેધાંગુલ કહેવાય છે. તે વીર પ્રભુના આત્માંગુલથી અડધા પ્રમાણવાળુ હોય છે.

પરમાણુ બે પ્રકારે છે - સૂક્ષ્મ અને વ્યાવહારિક.

અનંત સૂક્ષ્મ પરમાણુઓ વિસ્રસા પરિણામથી ભેગા થાય ત્યારે ૧ વ્યાવહારિક પરમાણુ બને છે. તેને તિક્ષ્ણ શસ્ત્રથી પણ છેદી કે ભેદી ન શકાય.

| | |
|---|---|
| ૮ વ્યાવહારિક પરમાણુ= | ૧ ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા |
| ૮ ઉત્શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા = | ૧ શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા |

| | | |
|---|---|---|
| ૮[1] શ્લક્ષ્ણશ્લક્ષ્ણિકા | = | ૧ ઊર્ધ્વરેણુ[2] |
| ૮ ઊર્ધ્વરેણુ | = | ૧ ત્રસરેણુ[3] |
| ૮ ત્રસરેણુ | = | ૧ રથરેણુ[4] |
| ૮ રથરેણુ | = | દેવકુરુ-ઉત્તરકુરુના મનુષ્યોનું ૧ વાલાગ્ર |
| દેવકુરુ-ઉત્તરકુરુના મનુષ્યોના ૮ વાલાગ્ર | = | હરિવર્ષ-રમ્યકના મનુષ્યોનું ૧ વાલાગ્ર |
| હરિવર્ષ-રમ્યકના મનુષ્યોના ૮ વાલાગ્ર | = | ૧ લિક્ષા |
| ૮ લિક્ષા | = | ૧ યૂકા |
| ૮ યૂકા | = | ૧ યવમધ્ય |
| ૮ યવમધ્ય | = | ૧ ઉત્સેધાંગુલ |
| ૬ ઉત્સેધાંગુલ | = | ૧ પાદ |
| ૨ પાદ | = | ૧ વેંત |

૧. બૃહત્સંગ્રહણિની ટીકામાં અહીંથી આગળ આ પ્રમાણે કહ્યું છે-

| | | |
|---|---|---|
| ૮ શ્લક્ષ્ણલક્ષ્ણિકા | = | ૧ રથરેણુ |
| ૮ રથરેણુ | = | ૧ ત્રસરેણુ |
| ૮ ત્રસરેણુ | = | ૧ વાલાગ્ર |
| ૮ વાલાગ્ર | = | ૧ લિક્ષા |

ત્યારપછી ઉપર કહ્યા મુજબ.

૨. ઊર્ધ્વરેણુ = જે જાળીમાં પ્રવેશેલ સૂર્યની પ્રભાથી જણાય અને સ્વતઃ કે પરતઃ ગમન કરે તે ઊર્ધ્વરેણુ.

૩. ત્રસરેણુ = જે પવનથી પ્રેરાઈને ગમન કરે તે ત્રસરેણુ.

૪. રથરેણુ = રથના ચક્રથી ઉખડેલ રેણુ તે રથરેણુ.

| | | |
|---|---|---|
| ૨ વેંત | = | ૧ હાથ |
| ૪ હાથ | = | ૧ ધનુષ્ય |
| ૨,૦૦૦ ધનુષ્ય | = | ૧ ગાઉ |
| ૪ ગાઉ | = | ૧ યોજન |

ઉત્સેધાંગુલથી દેવો વગેરેના શરીર મપાય છે.

(૩) **પ્રમાણાંગુલ** - ૪૦૦ ગુણા ઉત્સેધાંગુલરૂપપ્રમાણથી થયેલ અંગુલ તે પ્રમાણાંગુલ. અથવા પરમપ્રકર્ષરૂપ પ્રમાણને પામેલ અંગુલ તે પ્રમાણાંગુલ. અથવા સર્વલોકસ્થિતિનું નિર્માણ કરનાર હોવાથી ઋષભદેવપ્રભુ કે ભરતચક્રી પ્રમાણભૂત છે, તેમનું અંગુલ તે પ્રમાણાંગુલ.

૨ ઉત્સેધાંગુલ = વીરપ્રભુનું ૧ આત્માંગુલ

૧ પ્રમાણાંગુલ = ભરતચક્રીનું ૧ આત્માંગુલ

પ્રમાણાંગુલથી પર્વત, પૃથ્વી, વિમાન, ભવન, નરકાવાસ વગેરે મપાય છે.

૧ અંગુલ પહોળા ૧૦૦૦ ઉત્સેધાંગુલ = ૧ પ્રમાણાંગુલ

૨$\frac{૧}{૨}$ અંગુલ પહોળા ૪૦૦ ઉત્સેધાંગુલ = ૧ પ્રમાણાંગુલ

ભરતચક્રી આત્માંગુલથી ૧૨૦ અંગુલ પ્રમાણ હતા.

ભરતચક્રી પ્રમાણાંગુલથી ૧૨૦ અંગુલ પ્રમાણ હતા.

ભરતચક્રી ઉત્સેધાંગુલથી ૧૨૦ x ૪૦૦ = ૪૮,૦૦૦ અંગુલ = ૫૦૦ ધનુષ્ય પ્રમાણ હતા.

ઉત્સેધાંગુલથી વીરપ્રભુની ઉંચાઈ ૧૬૮ અંગુલ હતી.

જેમના મતે આત્માંગુલથી વીરપ્રભુની ઉંચાઈ ૮૪ અંગુલ છે, તેમના મતે ૨ ઉત્સેધાંગુલ = વીરપ્રભુનું ૧ આત્માંગુલ.

જેમના મતે આત્માંગુલથી વીરપ્રભુની ઉંચાઈ ૧૨૦ અંગુલ છે, તેમના મતે ૧ $\frac{૨}{૫}$ ઉત્સેધાંગુલ = વીરપ્રભુનું ૧ આત્માંગુલ.

જેમના મતે આત્માંગુલથી વીરપ્રભુની ઉંચાઈ ૧૦૮ અંગુલ છે, તેમના મતે ૧ $\frac{૫}{૯}$ ઉત્સેધાંગુલ = વીરપ્રભુનું ૧ આત્માંગુલ.

• વેદ-

| ક્ર. | કયા જીવોને ? | કયા વેદ હોય ? |
|---|---|---|
| ૧ | દેવો, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચો | સ્ત્રીવેદ, પુરુષવેદ |
| ૨ | સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો-તિર્યંચો | સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ |
| ૩ | નારકી, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્યો-તિર્યંચો | નપુંસકવેદ |

• યોનિ - ઉત્પત્તિસ્થાન

યોનિ અનંત છે. છતા સમાન વર્ણ-ગન્ધ-રસ-સ્પર્શવાળી ઘણી યોનિઓનો જાતિરૂપે ૧ યોનિમાં સમાવેશ કર્યો છે. તેથી વિવિધ જીવોની યોનીની સંખ્યા નીચે પ્રમાણે છે -

| જીવો | યોનિ |
|---|---|
| પૃથ્વીકાય | ૭ લાખ |
| અપ્કાય | ૭ લાખ |
| તેઉકાય | ૭ લાખ |
| વાયુકાય | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦ લાખ |
| સાધારણ વનસ્પતિકાય | ૧૪ લાખ |
| બેઈન્દ્રિય | ૨ લાખ |
| તેઈન્દ્રિય | ૨ લાખ |
| ચઉરિન્દ્રિય | ૨ લાખ |
| નારકી | ૪ લાખ |
| દેવ | ૪ લાખ |
| પંચેન્દ્રિય તિર્યંચ | ૪ લાખ |
| મનુષ્ય | ૧૪ લાખ |
| કુલ... | ૮૪ લાખ |

● કુલ - એક જ યોનિમાં વિવિધ પ્રકારના જીવો ઉત્પન્ન થાય તે. જેમકે, છાણયોનિમાં કૃમિ, કીડા, વિંછી વગેરે ઉત્પન્ન થાય તે કુલ કહેવાય.

| જીવો | કુલ |
|---|---|
| પૃથ્વીકાય | ૧૨ લાખ કોટી |
| અપ્‌કાય | ૭ લાખ કોટી |
| તેઉકાય | ૩ લાખ કોટી |
| વાયુકાય | ૭ લાખ કોટી |
| વનસ્પતિકાય | ૨૮ લાખ કોટી |
| બેઈન્દ્રિય | ૭ લાખ કોટી |
| તેઈન્દ્રિય | ૮ લાખ કોટી |
| ચઉરિન્દ્રિય | ૯ લાખ કોટી |
| જલચર | ૧૨$\frac{૧}{૨}$ લાખ કોટી |
| ઉરપરિસર્પ | ૧૦ લાખ કોટી |
| ભુજપરિસર્પ | ૯ લાખ કોટી |
| ચતુષ્પદ | ૧૦ લાખ કોટી |
| ખેચર | ૧૨ લાખ કોટી |
| દેવ | ૨૬ લાખ કોટી |
| નારકી | ૨૫ લાખ કોટી |
| મનુષ્ય | ૧૨ લાખ કોટી |
| કુલ... | ૧,૯૭,૫૦,૦૦૦ કોટી |

● ૩ પ્રકારની યોનિ - (પહેલી રીતે)

સંવૃત = ઢંકાયેલી, વિવૃત = ખુલ્લી, સંવૃત-વિવૃત = મિશ્ર

| જીવો | યોનિ |
|---|---|
| એકેન્દ્રિય, નારકી, દેવો | સંવૃત |
| વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | વિવૃત |
| ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | સંવૃત-વિવૃત |

● ૩ પ્રકારની યોનિ - (બીજી રીતે)

સચિત્ત, અચિત્ત, મિશ્ર

| જીવો | યોનિ |
|---|---|
| દેવો, નારકી | અચિત્ત |
| ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | મિશ્ર |
| વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | સચિત્ત, અચિત્ત, મિશ્ર |

● ૩ પ્રકારની યોનિ- (ત્રીજી રીતે) - શીત, ઉષ્ણ, શીતોષ્ણ

| જીવો | યોનિ |
|---|---|
| દેવ, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | શીતોષ્ણ |
| પહેલી ત્રણ નરક | શીત |
| ચોથી-પાંચમી નરક | શીત, ઉષ્ણ |
| છેલ્લી બે નરક, તેઉકાય | ઉષ્ણ |
| શેષ એકે.,વિકલે.,સંમૂ.પંચે. તિર્યંચ-મનુષ્ય | શીત,ઉષ્ણ,શીતોષ્ણ |

**• મનુષ્યયોનિ ૩ પ્રકારે છે -**

(૧) **શંખાવર્તા** - જે યોનિમાં શંખની જેમ આવર્ત હોય તે. તે ચક્રીના સ્ત્રીરત્નને હોય. તેમાં ગર્ભ અવશ્ય નાશ પામે.

(૨) **કૂર્મોન્નતા** - જે યોનિ કાચબાની પીઠની જેમ ઉપસેલી હોય તે. તેમાં તીર્થંકર, ચક્રી, વાસુદેવ, બળદેવ ઉત્પન્ન થાય.

(૩) **વંશીપત્રા** - જે યોનિ વાંસના જોડાયેલા બે પાંદડાના આકારની હોય તે.તેમાં શેષ મનુષ્યો ઉત્પન્ન થાય.

**• આયુષ્યના ૭ પદાર્થો છે -**

(૧) **બંધકાળ** - જેટલુ આયુષ્ય બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બંધાય તે.

(૨) **અબાધાકાળ** - બાંધ્યા પછી આયુષ્ય જેટલો સમય ઉદયમાં ન આવે તે.

(૩) **અંતસમય** - અનુભવાતુ આયુષ્ય જે સમયે પુરુ થાય તે.

(૪) **અપવર્તનીય આયુષ્ય** - લાંબાકાળસુધી ભોગવવાયોગ્ય જે આયુષ્યને અલ્પકાળમાં ભોગવવા યોગ્ય કરાય તે.

(૫) **અનપવર્તનીય આયુષ્ય** - જે આયુષ્ય જેટલુ બાંધ્યુ હોય તેટલુ જ ભોગવાય તે.

(૬) **ઉપક્રમ** - અપવર્તનાના કારણો.

(૭) **અનુપક્રમ** - અપવર્તનાના કારણોનો અભાવ.

**(૧) બંધકાળ -**

દેવો, નારકીઓ, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચઃ- સ્વાયુષ્યના છ માસ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે.

સંખ્યાતા વર્ષના અને અનપવર્તનીય આયુષ્યવાળા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય :- સ્વાયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે.

સંખ્યાતા વર્ષના અને અપવર્ત્તનીય આયુષ્યવાળા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ, મનુષ્ય :- સ્વાયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે, અથવા નવમો ભાગ બાકી હોય ત્યારે, અથવા ૨૭મો ભાગ બાકી હોય ત્યારે, અથવા છેલ્લા અંતર્મુહૂર્તમાં પરભવનું આયુષ્ય બાંધે.

(૨) **અબાધાકાળ** - જે જીવો જેટલુ આયુષ્ય બાકી હોતે છતે પરભવાયુષ્ય બાંધે તેમની માટે તેટલો અબાધાકાળ હોય.

(૩) **અંતસમય** - જે સમયે અનુભવાતુ આયુષ્ય પુરુ થાય અને પછીના સમયે પરભવાયુષ્ય ઉદયમાં આવે તે અંતસમય.

પરભવમાં બે રીતે ગતિ થાય -

(૧) **ઋજુગતિથી** - આમાં પહેલા સમયે જ પરભવાયુષ્યનો ઉદય થાય અને પરભવ સંબંધી આહાર લે.

(૨) **વક્રગતિથી - નિશ્ચયમતે** - પહેલાસમયે જ પરભવાયુષ્યનો ઉદય થાય.

એક વક્રવાળી ગતિમાં બીજા સમયે પરભવસંબંધી આહાર લે.

બે વક્રવાળી ગતિમાં ત્રીજા સમયે પરભવસંબંધી આહાર લે.

ત્રણ વક્રવાળી ગતિમાં ચોથા સમયે પરભવસંબંધી આહાર લે.

ચાર વક્રવાળી ગતિમાં પાંચમા સમયે પરભવસંબંધી આહાર લે.

| વક્રગતિ | સમય | છેલ્લા સમયે | શેષ સમયોમાં |
|---|---|---|---|
| એક વક્રવાળી | ૨ | આહારક | ૧ સમય અનાહારક |
| બે વક્રવાળી | ૩ | આહારક | ૨ સમય અનાહારક |
| ત્રણ વક્રવાળી | ૪ | આહારક | ૩ સમય અનાહારક |
| ચાર વક્રવાળી | ૫ | આહારક | ૪ સમય અનાહારક |

(જુઓ ચિત્ર નં. ૧૨)

**વ્યવહારમતે** - બીજા સમયે પરભવાયુષ્યનો ઉદય થાય[૧].

એક વક્રવાળી ગતિમાં બીજા સમયે પરભવસંબંધી આહાર લે.

બે વક્રવાળી ગતિમાં ત્રીજા સમયે પરભવસંબંધી આહાર લે.

ત્રણ વક્રવાળી ગતિમાં ચોથા સમયે પરભવસંબંધી આહાર લે.

ચાર વક્રવાળી ગતિમાં પાંચમા સમયે પરભવસંબંધી આહાર લે.

| વક્રગતિ | સમય | પહેલા સમયે | વચ્ચેના સમયોમાં | છેલ્લા સમયે |
|---|---|---|---|---|
| એક વક્રવાળી | ૨ | આહારક | - | આહારક |
| બે વક્રવાળી | ૩ | આહારક | ૧ સમય અનાહારક | આહારક |
| ત્રણ વક્રવાળી | ૪ | આહારક | ૨ સમય અનાહારક | આહારક |
| ચાર વક્રવાળી | ૫ | આહારક | ૩ સમય અનાહારક | આહારક |

(જુઓ ચિત્ર નં. ૧૩)

૧. પૂર્વભવના ચરમ સમયે જ વક્રગતિ શરૂ થઇ જાય. તેથી બીજા સમયે પરભવાયુષ્યનો ઉદય થાય.

**(૪) અપવર્તનીયાયુષ્ય - (૫) અનપવર્તનીયાયુષ્ય-**

ઘણા કાળ સુધી ભોગવવા યોગ્ય જે આયુષ્યને અપવર્તનાકરણથી અલ્પકાળમાં ભોગવવા યોગ્ય કરે તે અપવર્તનીયાયુષ્ય. આયુષ્યની જેમ અન્ય કર્મોની પણ અપવર્તના થાય છે. બાંધતી વખતે જ આ કર્મો એવા શિથિલ બાંધે છે કે તે તે દેશ-કાળ-અધ્યવસાય વગેરેની અપેક્ષાએ તેમનું અપવર્તન કરી શકાય.

જે આયુષ્ય ગાઢ નિકાચિત બાંધ્યુ હોવાથી અલ્પકાળમાં ભોગવવા યોગ્ય ન કરી શકાય, પણ ક્રમે કરીને જ ભોગવાય તે અનપવર્તનીયાયુષ્ય. આયુષ્યની જેમ અન્ય કર્મો પણ અનપવર્તનીય હોય છે.

દેવો, નારકો, [૧]ઉત્તમપુરુષો, [૨]ચરમશરીરી, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવોનું આયુષ્ય અનપવર્તનીય હોય છે. શેષ જીવોનું આયુષ્ય અપવર્તનીય કે અનપવર્તનીય હોય છે.

(૬) **ઉપક્રમ** - જેનાથી આયુષ્યનું અપવર્તન થાય તે ઉપક્રમ કહેવાય. જેમને ઉપક્રમ હેતુઓનો સંપર્ક થાય તે સોપક્રમ આયુષ્યવાળા કહેવાય.

ઉપક્રમ સાત પ્રકારે છે -

(૧) અધ્યવસાય - ત્રણ પ્રકારે -
(૧) રાગ, (૨) સ્નેહ, (૩) ભય.

(૨) નિમિત્ત - દંડ, ચાબૂક, શસ્ત્ર, દોરડુ વગેરે.

(૩) આહાર - અતિસ્નિગ્ધ કે ઘણુ ખાવાથી.

૧. ઉત્તમપુરુષો = તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ વગેરે. ૨. ચરમશરીરી = તે જ ભવે મોક્ષે જનાર.

(૪) વેદના - શૂળ વગેરે.

(૫) પરાઘાત - ખાડામાં પડવુ વગેરે.

(૬) સ્પર્શ - અગ્નિ, સર્પ વગેરેનો.

(૭) શ્વાસોચ્છ્વાસ - વધી જવાથી કે રુંધાવાથી.

આ ઉપક્રમો અપવર્તનયોગ્ય આયુષ્યનું અપવર્તન કરે છે, અનપવર્તનીય આયુષ્યનું અપવર્તન નથી કરતા.

કેટલાક ચરમશરીરી જીવોને ઉપક્રમહેતુનો સંપર્ક થાય છે. તે અપેક્ષાએ તે સોપક્રમાયુષ્યવાળા કહેવાય છે, પણ તે ઉપક્રમો તેમના આયુષ્યનું અપવર્તન નથી કરતા[૧].

(૭) **અનુપક્રમ** - જેનાથી આયુષ્યનું અપવર્તન ન થાય તે અનુપક્રમ કહેવાય. ઉપક્રમહેતુઓનો સંપર્ક જેમને ન થાય તે નિરુપક્રમ આયુષ્યવાળા કહેવાય.

● **પર્યાપ્તિ** - પુદ્ગલદ્રવ્યના ઉપચયથી ઉત્પન્ન થયેલ આહાર વગેરેના પુદ્ગલોને ગ્રહણ કરવાની અને પરિણમાવવાની શક્તિ તે પર્યાપ્તિ. તે ૬ પ્રકારની છે-

(૧) **આહારપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ ગ્રહણ કરેલ આહારને રસ અને ખલ રૂપે પરિણમાવે તે.

(૨) **શરીરપર્યાપ્તિ**- જે શક્તિથી જીવ રસરૂપે પરિણમેલ આહારમાંથી સાતધાતુરૂપ શરીર બનાવે તે.

(૩) **ઈન્દ્રિયપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ ધાતુરૂપે પરિણમેલ આહારમાંથી પુદ્ગલોને લઇ તેમને ઇન્દ્રિયરૂપે પરિણમાવી ઈન્દ્રિયોના વિષયોને જાણવા સમર્થ બને તે.

---

૧. પંચસંગ્રહમાં પણ કહ્યું છે કે અનપવર્તનીય આયુષ્ય સોપક્રમ પણ હોય છે.

(૪) **ઉચ્છ્વાસપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ ઉચ્છ્વાસ વર્ગણાના દલિકોને ગ્રહણ કરે, તેને ઉચ્છ્વાસરૂપે પરિણમાવે અને છોડે તે.

(૫) **ભાષાપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ ભાષાવર્ગણાના દલિકોને ગ્રહણ કરે, તેને ભાષારૂપે પરિણમાવે અને છોડે તે.

(૬) **મનઃપર્યાપ્તિ** - જે શક્તિથી જીવ મનોવર્ગણાના દલિકોને ગ્રહણ કરે, તેને મનરૂપે પરિણમાવે અને છોડે તે.

બધી પર્યાપ્તિઓ ઉત્પત્તિના પ્રથમસમયે જ શરુ કરે. આહારપર્યાપ્તિ પ્રથમસમયે જ પૂરી થાય. ઔદારિક શરીરમાં શેષ પર્યાપ્તિઓ ક્રમશઃ અંતર્મુહૂર્તે - અંતર્મુહૂર્તે પૂર્ણ થાય. વૈક્રિય અને આહારક શરીરમાં શરીરપર્યાપ્તિ અંતર્મુહૂર્તે પૂર્ણ થાય. ત્યાર પછી શેષ પર્યાપ્તિઓ ક્રમશઃ સમયે સમયે પૂર્ણ થાય. બધી પર્યાપ્તિઓનો પૂર્ણ થવાનો કાળ અંતર્મુહૂર્ત જ છે.

| **જીવો** | **પર્યાપ્તિ** |
|---|---|
| એકેન્દ્રિય | ૧થી ૪ |
| વિકલેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | ૧થી ૫ |
| દેવ, નારકી, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય | ૧થી ૬ |

અપર્યાપ્તાવસ્થામાં મૃત્યુ પામનારા જીવો પહેલી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરીને, ત્યારપછી અંતર્મુહૂર્તમાં આયુષ્ય બાંધીને, ત્યારપછી અબાધાકાળરૂપ અંતર્મુહૂર્ત જીવીને પછી જ મરે છે.

● **પ્રાણ** - જેમને ધારણ કરવાથી આત્મા પ્રાણી કહેવાય અને જેમનો વિયોગ થવાથી મરણ થાય તે પ્રાણ કહેવાય. તે દશ પ્રકારે છે- પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય.

| જીવો | પ્રાણ | કુલ |
|---|---|---|
| એકેન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય | ૪ |
| બેઇન્દ્રિય | ઉપરના ૪+રસનેન્દ્રિય+વચનબળ | ૬ |
| તેઇન્દ્રિય | ઉપરના ૬ + ઘ્રાણેન્દ્રિય | ૭ |
| ચઉરિન્દ્રિય | ઉપરના ૭ + ચક્ષુરિન્દ્રિય | ૮ |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ | ઉપરના ૮ + શ્રોત્રેન્દ્રિય | ૯ |
| ગર્ભજ મનુષ્ય, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ, દેવ, નારકી | ઉપરના ૯ + મનબળ | ૧૦ |

• **સંક્ષિપ્તતર સંગ્રહણિ** - ૨૪ દ્વારો

(૧) **શરીર** - તે ૫ પ્રકારે છે - ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ

આ પાંચ શરીરોની નવ દ્વારોથી વિચારણા -

(૧) **કારણ** - ઔદારિકશરીર સ્થૂલ પુદ્ગલોથી બનેલુ છે. ત્યાર પછી ઉત્તરોત્તર શરીર સૂક્ષ્મ-સૂક્ષ્મ પુદ્ગલોથી બનેલા છે.

(૨) **પ્રદેશસંખ્યા** -

| શરીર | પ્રદેશ સંખ્યા |
|---|---|
| ઔદારિક | અલ્પ |
| વૈક્રિય | અસંખ્યગુણ |
| આહારક | અસંખ્યગુણ |
| તૈજસ | અનંતગુણ |
| કાર્મણ | અનંતગુણ |

(૩) સ્વામી-

| શરીર | સ્વામી |
|---|---|
| ઔદારિક | મનુષ્ય, તિર્યંચ |
| વૈક્રિય | દેવ, નારકી, લબ્ધિધર મનુષ્ય-તિર્યંચ |
| આહારક | ચૌદ પૂર્વી |
| તૈજસ | સર્વ સંસારી જીવો |
| કાર્મણ | સર્વ સંસારી જીવો |

(૪) વિષય-

| શરીર | વિષય |
|---|---|
| ઔદારિક | વિદ્યાધરોને નંદીશ્વરદ્વીપ સુધી. જંઘાચારણોને રુચક પર્વત સુધી. ઉપર બન્નેને પાંડુક[1] વન સુધી. |
| વૈક્રિય | અસંખ્ય દ્વીપસમુદ્ર. |
| આહારક | મહાવિદેહક્ષેત્ર. |
| તૈજસ | સર્વલોક. |
| કાર્મણ | સર્વલોક. |

૧. સંગ્રહણિસૂત્રની દેવભદ્રસૂરિજીકૃત ટીકામાં અહીં પંડકવન કહ્યું છે.

(૫) પ્રયોજન-

| શરીર | પ્રયોજન |
|---|---|
| ઔદારિક | ધર્મ, અધર્મ, સુખ, દુઃખ, કેવળજ્ઞાનપ્રાપ્તિ વગેરે. |
| વૈક્રિય | સ્થૂલત્વ, સૂક્ષ્મત્વ, એકત્વ, અનેકત્વ, આકાશ-ગમન, પૃથ્વીગમન વગેરે અનેક પ્રકારની વિભૂતિ. |
| આહારક | સૂક્ષ્મ અર્થોનો સંશય છેદવો. |
| તૈજસ | આહાર પચાવવો, શાપ આપવો, અનુગ્રહ કરવો. |
| કાર્મણ | ભવાંતરમાં જવું. |

(૫) પ્રમાણ-

| શરીર | પ્રમાણ |
|---|---|
| ઔદારિક | સાધિક ૧૦૦૦ યોજન |
| વૈક્રિય | સાધિક ૧ લાખ યોજન |
| આહારક | ૧ હાથ |
| તૈજસ | લોકાકાશ પ્રમાણ |
| કાર્મણ | લોકાકાશ પ્રમાણ |

(૬) અવગાહના-

| શરીર | અવગાહના |
|---|---|
| આહારક | અલ્પ પ્રદેશોમાં અવગાઢ |
| ઔદારિક | સંખ્યાતગુણ પ્રદેશોમાં અવગાઢ |
| વૈક્રિય | સંખ્યાતગુણ પ્રદેશોમાં અવગાઢ |
| તૈજસ-કાર્મણ | અસંખ્યગુણ પ્રદેશોમાં અવગાઢ (પરસ્પર તુલ્ય) |

(૮) સ્થિતિ-

| શરીર | સ્થિતિ | |
|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ઔદારિક | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| વૈક્રિય-ભવધારણીયં | ૧૦,૦૦૦ વર્ષ | ૩૩ સાગરોપમ |
| ઉત્તર વૈક્રિય | અંતર્મુહૂર્ત | અર્ધ માસ |
| આહારક | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| તૈજસ | અભવ્યને અનાદિ અનંત,ભવ્યને અનાદિ સાંત | |
| કાર્મણ | અભવ્યને અનાદિ અનંત, ભવ્યને અનાદિ સાંત | |

(૯) અલ્પબહુત્વ -

| શરીર | અલ્પબહુત્વ | હેતુ |
|---|---|---|
| આહારક | સૌથી થોડા | ક્યારેક હોય, ક્યારેક ન હોય.[૧] હોય ત્યારે પણ જઘન્યથી ૧ કે ૨ હોય અને ઉત્કૃષ્ટથી ૯૦૦૦ હોય. |
| વૈક્રિય | અસંખ્યગુણ | દેવ-નારક અસંખ્ય હોવાથી. |
| ઔદારિક | અસંખ્યગુણ | તિર્યંચ-મનુષ્યના શરીર અસંખ્ય હોવાથી. |
| તૈજસ-કાર્મણ | અનંતગુણ (પરસ્પર તુલ્ય) | દરેક સંસારી જીવને હોવાથી. |

૧.આહારક શરીરનું અંતર જઘન્યથી ૧ સમય છે અને ઉત્કૃષ્ટથી ૬ માસ છે.

(૨) **અવગાહના** - શરીરપ્રમાણ. તે પૂર્વે કહ્યુ છે.

(૩) **સંઘયણ**- ૬ પ્રકારે છે. તે પૂર્વે કહ્યા છે.

(૪) **સંસ્થાન** - બે પ્રકારે છે.

(i) જીવોના - ૬ પ્રકારે પૂર્વે કહ્યા છે.

(ii) અજીવોના - ૫ પ્રકારે છે. તે આ પ્રમાણે-

(a) પરિમંડલ (b) ગોળ (c) ત્રિકોણ (d) ચોરસ (e) આયત (લાંબુ).

દરેકના બે પ્રકાર છે - પ્રતર, ઘન. આયતના ૩ પ્રકાર છે - શ્રેણિ, પ્રતર, ઘન. પરિમંડલ વિના તે દરેકના ફરી બે પ્રકાર છે - ઓજપ્રદેશજન્ય, યુગ્મપ્રદેશજન્ય.

(૧) **ઓજપ્રદેશપ્રતરગોળ** - ૫ પ્રદેશથી બનેલ હોય.



(૨) **યુગ્મપ્રદેશપ્રતરગોળ** - ૧૨ પ્રદેશથી બનેલ હોય.



(૩) **ઓજપ્રદેશઘનગોળ** - ૭ પ્રદેશથી બનેલ હોય. ઓજપ્રદેશ-પ્રતરગોળના વચ્ચેના પરમાણુની ઉપર-નીચે એક-એક પરમાણુ મૂકવા.

(૪) **યુગ્મપ્રદેશઘનગોળ** - ૩૨ પ્રદેશથી બનેલ હોય. યુગ્મપ્રદેશપ્રતરગોળની ઉપર ૧૨ પરમાણુ મૂકવા. પછી ઉપર-નીચે ચાર-ચાર પરમાણુ મૂકવા.

(૫) **ઓજપ્રદેશપ્રતરત્રિકોણ** - ૩ પ્રદેશથી બનેલ હોય.



(૬) **યુગ્મપ્રદેશપ્રતરત્રિકોણ** - ૬ પ્રદેશથી બનેલ હોય.



(૭) **ઓજપ્રદેશઘનત્રિકોણ** - ૩૫ પ્રદેશથી બનેલ હોય. તીર્ચ્છા ૫ પરમાણુ સ્થપવા. તેની આગળ ક્રમશઃ તીર્ચ્છા ૪, ૩, ૨, ૧ પરમાણુ સ્થાપવા. આ ૧૫ પરમાણુનું ૧ પ્રતર થયું. તેની ઉપર-ઉપર દરેક પંક્તિમાંથી છેલ્લા પરમાણુનો ત્યાગ કરી ક્રમશઃ ૧૦, ૬, ૩, ૧ પરમાણુ મૂકવા.

(૮) **યુગ્મપ્રદેશઘનત્રિકોણ** - ૪ પ્રદેશથી બનેલ હોય. ઓજપ્રદેશ-પ્રતરત્રિકોણના મધ્ય પરમાણુની ઉપર ૧ પરમાણુ મૂકવો.

(૯) **ઓજપ્રદેશપ્રતરચોરસ** - ૯ પ્રદેશથી બનેલ હોય.



(૧૦) **યુગ્મપ્રદેશપ્રતરચોરસ** - ૪ પ્રદેશથી બનેલ હોય.



(૧૧) **ઓજપ્રદેશઘનચોરસ** - ૨૭ પ્રદેશથી બનેલ હોય. ઓજપ્રદેશ-પ્રતરચોરસની ઉપર-નીચે ૯-૯ પરમાણુ મૂકવા.

(૧૨) **યુગ્મપ્રદેશઘનચોરસ** - ૮ પ્રદેશથી બનેલ હોય. યુગ્મપ્રદેશપ્રતરચોરસની ઉપર ૪ પરમાણુ મૂકવા.

(૧૩) **ઓજપ્રદેશશ્રેણીઆયત** - ૩ પ્રદેશથી બનેલ હોય. 

(૧૪) **યુગ્મપ્રદેશશ્રેણીઆયત** - ૨ પ્રદેશથી બનેલ હોય. 

(૧૫) **ઓજપ્રદેશપ્રતરઆયત** - ૧૫ પ્રદેશથી બનેલ હોય.



(૧૬) **યુગ્મપ્રદેશપ્રતરઆયત** - ૬ પ્રદેશથી બનેલ હોય.



(૧૭) **ઓજપ્રદેશઘનઆયત** - ૪૫ પ્રદેશથી બનેલ હોય. ઓજપ્રદેશ-પ્રતરઆયતની ઉપર-નીચે ૧૫-૧૫ પરમાણુ મૂકવા.

(૧૮) **યુગ્મપ્રદેશઘનઆયત** - ૧૨ પ્રદેશથી બનેલ હોય. યુગ્મપ્રદેશ-પ્રતરઆયતની ઉપર ૬ પરમાણુ મૂકવાથી.

(૧૯) **પ્રતરપરિમંડલ** - ૨૦ પ્રદેશથી બનેલ હોય.



(૨૦) **ઘનપરિમંડલ** - ૪૦ પ્રદેશથી બનેલ હોય. પ્રતરપરિમંડલની ઉપર ૨૦ પરમાણુ મૂકવાથી.

(૫) **કષાય** - કષ = સંસાર, તેનો લાભ જેનાથી થાય તે કષાય. તે ચાર પ્રકારે છે - ક્રોધ, માન, માયા, લોભ. દરેકના ચાર પ્રકાર છે - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય, સંજ્વલન. તેમનું સ્વરૂપ પ્રથમ કર્મગ્રન્થમાંથી જાણી લેવું.

(૬) **સંજ્ઞા** - ચાર પ્રકારે છે - આહાર, ભય, મૈથુન, પરિગ્રહ.

(૭) **લેશ્યા** - કૃષ્ણાદિ દ્રવ્યોના સાંનિધ્યથી થતો આત્માનો શુભાશુભ પરિણામ તે લેશ્યા. તે ૬ પ્રકારે છે - કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ તેમનું સ્વરૂપ દંડકમાંથી જાણી લેવું.

(૮) **ઈન્દ્રિય** - તે ૫ પ્રકારે છે - સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર.

ઈન્દ્રિયના બે પ્રકાર છે -

(૧) દ્રવ્યેન્દ્રિય (૨) ભાવેન્દ્રિય

(૧) **દ્રવ્યેન્દ્રિય** - તે બે પ્રકારે છે - (i) નિર્વૃત્તિ અને (ii) ઉપકરણ

(i) **નિર્વૃત્તિ** એટલે આકાર. તે બે પ્રકારે છે -

(a) **બાહ્ય નિર્વૃત્તિ** - વિવિધ પ્રકારે છે.

(b) **અભ્યન્તર નિર્વૃત્તિ** -

| ઈન્દ્રિય | અભ્યન્તર નિર્વૃત્તિ |
|---|---|
| શ્રોત્રેન્દ્રિય | કદંબના પુષ્પ જેવી |
| ચક્ષુરિન્દ્રિય | મસૂર જેવી |
| ઘ્રાણેન્દ્રિય | અતિમુક્તના પુષ્પ જેવી |
| રસનેન્દ્રિય | અસ્રા જેવી |
| સ્પર્શનેન્દ્રિય | વિવિધ પ્રકારની |

(ii) **ઉપકરણ** - નિર્વૃત્તિ ઈન્દ્રિયની વિષયને ગ્રહણ કરવાની શક્તિ તે ઉપકરણ.

(૨) **ભાવેન્દ્રિય** - તે બે પ્રકારે છે - (i) લબ્ધિ અને (ii) ઉપયોગ

(i) **લબ્ધિ** - તે તે આવરણીય કર્મોનો ક્ષયોપશમ તે લબ્ધિ.

(ii) **ઉપયોગ** - ઈન્દ્રિયોનો પોતાના વિષયમાં વ્યાપાર તે ઉપયોગ. એક કાળે એક જ ઇન્દ્રિયનો ઉપયોગ હોય.

(૯) **સમુદ્ઘાત** - તે ૭ પ્રકારે છે - વેદના, કષાય, મરણ, વૈક્રિય તૈજસ, આહારક, કેવલી. તેમનું સ્વરૂપ દંડકમાંથી જાણી લેવું.

(૧૦) **સંજ્ઞી** - જેની પાસે સંજ્ઞા હોય તે સંજ્ઞી. પર્યાપ્તા પંચેન્દ્રિય સંજ્ઞી છે. શેષ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અપર્યાપ્ત પંચેન્દ્રિય, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય અસંજ્ઞી છે.

અથવા સંજ્ઞી ૩ પ્રકારે -

(i) દીર્ઘકાલિકીસંજ્ઞા જેને હોય તે સંજ્ઞી, શેષ અસંજ્ઞી. જેમાં ત્રણે કાળનું જ્ઞાન હોય તે દીર્ઘકાલિકી સંજ્ઞા. આ સંજ્ઞા દેવ, નારકી, ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્યને હોય.

(ii) હેતુવાદોપદેશસંજ્ઞા જેને હોય તે સંજ્ઞી, શેષ (એકેન્દ્રિય) અસંજ્ઞી. જેમાં વર્તમાનકાળનું જ જ્ઞાન હોય તે હેતુવાદોપદેશ સંજ્ઞા. આ સંજ્ઞા વિકલેન્દ્રિયને હોય. એકેન્દ્રિયને ઓઘસંજ્ઞા હોય.

(iii) દૃષ્ટિવાદોપદેશસંજ્ઞા જેને હોય તે સંજ્ઞી - સમ્યગ્દૃષ્ટિ, શેષ અસંજ્ઞી - મિથ્યાદૃષ્ટિ. છદ્મસ્થ સમ્યગ્દૃષ્ટિને આ સંજ્ઞા હોય. કેવળીઓ સંજ્ઞાતીત હોય છે.

(૧૧) **વેદ** - તે ત્રણ પ્રકારે છે - સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ. તે પૂર્વે કહ્યા છે.

(૧૨) **પર્યાપ્તિ** - તે પૂર્વે કહી છે.

(૧૩) **દૃષ્ટિ** - ત્રણ પ્રકારે છે - સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિ.

(૧૪) **દર્શન** - વસ્તુનો સામાન્ય બોધ તે દર્શન. તે ચાર પ્રકારે છે- ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન.

(૧૫) **જ્ઞાન** - વસ્તુનો વિશેષ બોધ તે જ્ઞાન. તે પાંચ પ્રકારે છે- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન.

(૧૬) **યોગ**- તે ત્રણ પ્રકારે છે - મન, વચન, કાયા.

**મનોયોગ ચાર પ્રકારે છે** - સત્ય, અસત્ય, સત્યાસત્ય, અસત્યઅમૃષા.

**વચનયોગ ચાર પ્રકારે છે** - સત્ય, અસત્ય, સત્યાસત્ય, અસત્યઅમૃષા.

**કાયયોગ સાત પ્રકારે છે** - ઔદારિક, વૈક્રિય, આહારક, ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર, આહારકમિશ્ર, કાર્મણ.

(૧૭) **ઉપયોગ** - તે બે પ્રકારે છે - સાકાર, અનાકાર.

સાકાર ઉપયોગના આઠ પ્રકાર છે- મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન.

અનાકાર ઉપયોગ ચાર પ્રકારે છે- ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન.

(૧૮) **કિમાહાર** - જીવ આહારક છે કે અનાહારક તે. અથવા આહારનો સચિત્ત વગેરે પ્રકાર, અથવા જીવ કયા શરીર વડે આહાર કરે છે ? તે. તે પૂર્વે કહ્યુ છે. જીવ કેટલી દિશામાંથી આવેલા દ્રવ્યોનો આહાર કરે છે તે જીવાભિગમમાંથી જાણવુ.

(૧૯) **ઉપપાત** - દેવ-નારકોનો. તે પૂર્વે કહ્યો છે.

(૨૦) **સ્થિતિ** - આયુષ્ય. તે પૂર્વે કહી છે.

(૨૧) **સમુદ્ઘાત** - અચિત્તમહાસ્કંધસમુદ્ઘાત. કેવળીસમુદ્ઘાતની જેમ જાણવો.

(૨૨) **ચ્યવન** - દેવાદિનું. તે પૂર્વે કહ્યું છે.

(૨૩) ગતિ - તે પૂર્વે કહી છે.

(૨૪) **આગતિ** - તે પૂર્વે કહી છે.

**બૃહત્સંગ્રહણિના પદાર્થો સમાપ્ત**

●●●

# શ્રીબૃહત્સંગ્રહણિ
## મૂળગાથા-શબ્દાર્થ

**નિટ્ઠવિયઅટ્ઠકમ્મં, વીરં નમિઊણ તિગરણવિસુદ્ધં ।**
**નાણમણંતમડહત્થં, તા સંગહણિત્તિ નામેણં ॥૧ ॥**

**વુચ્છં ઠિઈભવણોગાહણા ય, સુરનારયાણ પત્તેયં ।**
**નરતિરિઅદેહમાણં, આઉપમાણં ચ વુચ્છામિ ॥ ૨ ॥**

**વિરહુવવાઉવ્વટ્ટે સંખં, તહ ચેવ એગસમએણં ।**
**ગઈરાગઈ ચ વુચ્છં, સવ્વેસિં આણુપુવ્વીએ ॥ ૩ ॥**

જેમણે આઠ કર્મોનો ક્ષય કર્યો છે એવા અને અનંતજ્ઞાનમય એવા વીરપ્રભુને મન-વચન-કાયાની વિશુદ્ધિપૂર્વક નમન કરીને સત્ય અર્થવાળા સંગ્રહણિ નામના પ્રકરણને હું કહીશ. દેવો-નારકોના દરેકના સ્થિતિ, ભવન, અવગાહના અને મનુષ્ય-તિર્યંચોના દેહપ્રમાણ, આયુષ્યપ્રમાણ કહીશ. બધાના ઉપપાતવિરહ, ઉદ્વર્તના (ચ્યવન)વિરહ, એકસમયમાં ઉપપાતસંખ્યા, એકસમયમાં ચ્યવન-સંખ્યા, ગતિ, આગતિ અનુક્રમે કહીશ. (૧, ૨, ૩)

**દસ ભવણવણયરાણં, વાસસહસ્સા ઠિઈ જહન્નેણં ।**
**પલિઓવમમુક્કોસં, વંતરિયાણં વિયાણિજ્જા ॥ ૪ ॥**

ભવનપતિ-વ્યન્તરની જઘન્યસ્થિતિ ૧૦,૦૦૦ વર્ષની છે. વ્યન્તરની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ છે. (૪)

**ચમર બલિ સારમહિઅં, સેસાણ સુરાણ આઉઅં વુચ્છં ।**
**દાહિણ દિવઢ્ઢપલિઅં, દો દેસૂણુત્તરિલ્લાણં ॥ ૫ ॥**

ચમરેન્દ્ર અને બલીન્દ્રની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૧ સાગરોપમ અને સાધિક ૧ સાગરોપમ છે. હવે શેષ દેવોનું આયુષ્ય કહીશ. દક્ષિણબાજુના ઈન્દ્રોની દોઢ પલ્યોપમ અને ઉત્તરબાજુના ઈન્દ્રોની દેશોન ૨ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૫)

**અદ્ધુટ્ઠ અદ્ધપંચમ પલિઓવમ, અસુરજુયલદેવીણં ।**
**સેસ વણદેવયાણ ય, દેસૂણદ્ધપલિયમુક્કોસં ॥ ૬ ॥**

ચમરેન્દ્ર-બલીન્દ્રરૂપ અસુરયુગલની દેવીઓનું ક્રમશઃ $૩\frac{૧}{૨}$ પલ્યોપમ અને $૪\frac{૧}{૨}$ પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. શેષ ઉત્તરદિશાના અસુરેન્દ્રોની દેવીઓનું દેશોન પલ્યોપમ અને દક્ષિણદિશાના અસુરેન્દ્રોની દેવીઓનું તથા વ્યન્તરદેવીનું અર્ધ પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. (૬)

**પલિયં વાસસહસ્સં, આઈચ્ચાણં ઠિઈ વિયાણિજ્જા ।**
**પલિઅં ચ સયસહસ્સં, ચંદાણવિ આઉયં જાણ ॥ ૭ ॥**

સૂર્યોની સ્થિતિ ૧ પલ્યોપમ + ૧,૦૦૦ વર્ષ જાણવી. ચન્દ્રોનું આયુષ્ય ૧ પલ્યોપમ + ૧ લાખ વર્ષ જાણ. (૭)

**પલિઓવમં ગહાણં, નક્ખત્તાણં ચ જાણ પલિયદ્ધં ।**
**તારાણ ચઉ જહન્ન-ક્કમો ય દેવીણ વિન્નેઓ ॥ ૮ ॥**

**પન્નાસસહસ્સાઈ પલિઅદ્ધં, પંચવાસસયમહિઅં ।**
**સસિ-રવિ-ગહદેવીણં, પલિઅદ્ધં ચઉ જહન્નેણં ॥ ૯ ॥**

ગ્રહદેવોનું ૧ પલ્યોપમ, નક્ષત્રદેવોનું અર્ધ પલ્યોપમ, તારા દેવાનું $\frac{૧}{૪}$ પલ્યોપમ, તારા દેવીઓનું $\frac{૧}{૮}$ પલ્યોપમ જઘન્ય આયુષ્ય જાણવુ. ચન્દ્રદેવીનું $\frac{૧}{૨}$ પલ્યોપમ + ૫૦,૦૦૦ વર્ષ, સૂર્યદેવીનું $\frac{૧}{૨}$ પલ્યોપમ + ૫૦૦ વર્ષ, ગ્રહદેવીનું $\frac{૧}{૨}$ પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. ત્રણેનું જઘન્ય આયુષ્ય $\frac{૧}{૪}$ પલ્યોપમ છે. (૮-૯)

**પલિઅચઉત્થં જહણ્ણુક્કોસં, સવિસેસં હોઈ નક્ખત્તે ।**
**તારટ્ઠભાગ સવિસેસ, જહણ્ણુક્કોસગં અહવા ॥ ૧૦ ॥**

નક્ષત્રદેવીનું જઘન્ય આયુષ્ય $\frac{1}{4}$ પલ્યોપમ, ઉત્કૃષ્ટ આયુષ્ય સાધિક $\frac{1}{4}$ પલ્યોપમ, તારા દેવીનું જઘન્ય આયુષ્ય $\frac{1}{8}$ પલ્યોપમ, ઉત્કૃષ્ટ આયુષ્ય સાધિક $\frac{1}{8}$ પલ્યોપમ છે. (૧૦)

**તિસુ એગ અદ્ધ પાઓ, તિ અદ્ધ સાહિચઉરટ્ઠભાગો ય ।**
**ચઉજુયલે ચઉભાગો, દુ અટ્ઠ લક્ખે સહસ્સદ્ધં ॥ ૧૧ ॥**

ત્રણ (ચન્દ્ર, સૂર્ય, ગ્રહ)નું ૧ પલ્યોપમ, નક્ષત્રનું $\frac{1}{2}$ પલ્યોપમ, તારાનું $\frac{1}{4}$ પલ્યોપમ, ત્રણ (ચન્દ્ર, સૂર્ય, ગ્રહ) દેવીનું $\frac{1}{2}$ પલ્યોપમ, નક્ષત્રદેવીનું સાધિક $\frac{1}{4}$ પલ્યોપમ, તારાદેવીનું $\frac{1}{8}$ પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. ચાર યુગલ (ચન્દ્ર દેવ-દેવી, સૂર્ય દેવ-દેવી, ગ્રહ દેવ-દેવી, નક્ષત્રદેવ-દેવી)નું $\frac{1}{4}$ પલ્યોપમ, તારા દેવ-દેવીનું $\frac{1}{8}$ પલ્યોપમ જઘન્ય આયુષ્ય છે. ચન્દ્ર-સૂર્યનું ક્રમશઃ ૧ લાખ વર્ષ અને ૧,૦૦૦ વર્ષ અધિક (૧ પલ્યોપમ) અને ચન્દ્રદેવી-સૂર્યદેવીનું ક્રમશઃ ૫૦,૦૦૦ વર્ષ અને ૫૦૦ વર્ષ અધિક (૧ પલ્યોપમ) ઉત્કૃષ્ટ આયુષ્ય છે. (૧૧)

**દો સાહિ સત્ત સાહિય, દસ ચઉદસ સત્તરેવ અયરાઈં ।**
**સોહમ્મા જા સુક્કો, તદુવરિ ઈક્કિક્કમારોવે ॥ ૧૨ ॥**

સૌધર્મથી મહાશુક્ર સુધી ક્રમશઃ ૨ સાગરોપમ, સાધિક ૨ સાગરોપમ, ૭ સાગરોપમ, સાધિક ૭ સાગરોપમ, ૧૦ સાગરોપમ, ૧૪ સાગરોપમ, ૧૭ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેની ઉપર ૧-૧ સાગરોપમ અધિક ચઢાવવો. (૧૨)

**એસ ઠિઈ ઉક્કોસા, તિત્તીસં જાવ હુંતિ સવ્વટ્ઠે ।**
**ઈત્તો ય જહન્ન ઠિઈ, વુચ્છામિ અહાણુપુવ્વીએ ॥ ૧૩ ॥**

*આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, યાવત્ સર્વાર્થસિદ્ધમાં ૩૩ સાગરોપમ* છે. હવે અનુક્રમે જઘન્ય સ્થિતિ કહીશ. (૧૩)

**પલિઅં અહિયં દો સાર, સાહિયં સત્ત દસ ય ચઉદસ ય ।**
**સત્તરસ સહસ્સારે, તદુવરિ ઈક્કિક્કમારોવે ॥ ૧૪ ॥**

૧ પલ્યોપમ, સાધિક ૧ પલ્યોપમ, ૨ સાગરોપમ, સાધિક ૨ સાગરોપમ, ૭ સાગરોપમ, ૧૦ સાગરોપમ, ૧૪ સાગરોપમ, ૧૭ સાગરોપમ (ક્રમશઃ સૌધર્મથી) સહસ્રારમાં જઘન્ય સ્થિતિ છે. તેની ઉપર ૧-૧ સાગરોપમ ચઢાવવો. (૧૪)

**તિત્તીસસાગરાઈ, ઉક્કોસેણં ઠિઈ ભવે ચઉસુ ।**
**વિજયાઈસુ વિન્નેયા, જહન્નયં એગતીસં તુ ॥ ૧૫ ॥**

વિજયાદિ ચાર વિમાનમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ અને જઘન્ય સ્થિતિ ૩૧ સાગરોપમ છે. (૧૫)

**તિત્તીસસાગરાઈ, સવ્વટ્ઠવિમાણઆઉયં જાણ ।**
**અજહન્નમણુક્કોસા, ઠિઈ એસા વિયાહિયા ॥ ૧૬ ॥**

સર્વાર્થસિદ્ધવિમાનમાં ૩૩ સાગરોપમ આયુષ્ય જાણ. આ સ્થિતિ અજઘન્યોત્કૃષ્ટ કહી છે. (૧૬)

**અપરિગ્ગહેયરાણં, સોહમ્મીસાણ પલિય સાહીયં ।**
**ઉક્કોસ સત્ત પન્ના, નવ પણપન્ના ય દેવીણં ॥ ૧૭ ॥**

સૌધર્મ-ઈશાનની પરિગૃહીતા - અપરિગૃહીતા દેવીનું જઘન્ય આયુષ્ય ક્રમશઃ ૧ પલ્યોપમ અને સાધિક પલ્યોપમ છે તથા ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રમશઃ ૭ પલ્યોપમ, ૫૦ પલ્યોપમ, ૯ પલ્યોપમ, ૫૫ પલ્યોપમ છે. (૧૭)

**દુસુ તેરસ દુસુ બારસ, છ પ્પણ ચઉ ચઉ દુગે દુગે ય ચઊ ।**
**ગેવિજ્જાઈસુ દસગં, બાવટ્ઠી ઉડ્ઢલોગમ્મિ ॥ ૧૮ ॥**

બે દેવલોકમાં ૧૩, બે દેવલોકમાં ૧૨, ૬, ૫, ૪, ૪, બે દેવલોકમાં ૪, બે દેવલોકમાં ૪, ગ્રૈવેયકાદિમાં ૧૦ - આમ ઊર્ધ્વલોકમાં ૬૨ પ્રતર છે. (૧૮)

**સોહમ્મુક્કોસઠિઈ, સગ પયર વિહત્ત ઈચ્છસંગુણિયા ।**
**પયરુક્કોસઠિઈઓ, જહન્ન પલિઓવમં પઢમે ॥ ૧૯ ॥**

સૌધર્મની ૭ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિને તેના પ્રતરથી ભાગવી, પછી ઈચ્છિત પ્રતરથી ગુણવી. તે તે પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. પહેલા પ્રતરમાં જઘન્ય સ્થિતિ ૧ પલ્યોપમ છે. (૧૯)

**પલિઓવમં જહન્ના, દો તેરસભાગ ઉદહિનામસ્સ ।**
**ઉક્કોસઠિઈ ભણિયા, સોહમ્મે પત્થડે પઢમે ॥ ૨૦ ॥**

સૌધર્મમાં પહેલા પ્રતરમાં જઘન્ય સ્થિતિ ૧ પલ્યોપમ, ઉત્કૃષ્ટ સ્થિતિ $\frac{૨}{૧૩}$ સાગરોપમ કહી છે. (૨૦)

**એવં દુગવુઢ્ઢીએ નેઅવ્વં, જાવ અંતિમં પયરં ।**
**ભાગેહિં તઓ કરણં, જા તેરસમે દુવે અયરા ॥ ૨૧ ॥**

આમ અંતિમ પ્રતર સુધી બે-બે તેરીયા ભાગની વૃદ્ધિ કરવી. પછી ભાગોથી સાગરોપમ કરવા, યાવત્ ૧૩મા પ્રતરમાં ૨ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૧)

**સુરકપ્પઠિઈવિસેસો, સગ પયર વિહત્ત ઈચ્છ સંગુણિઓ ।**
**હિટ્ઠિલ્લઠિઈસહિઓ, ઈચ્છિયપયરમ્મિ ઉક્કોસા ॥ ૨૨ ॥**

બે દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિના વિશ્લેષ (અંતર)ને પોતાના પ્રતરથી ભાગવો, પછી ઈચ્છિત પ્રતરથી ગુણવો. નીચેની સ્થિતિથી સહિત તે ઈચ્છિત પ્રતરમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૨)

***દો અયરા ય જહન્ના, પઢમે પયરે સણંકુમારસ્સ ।***

**દો અયરા ઉક્કોસા, બારસ ભાગા ય પંચન્ને ॥ ૨૩ ॥**

સનત્કુમારના પહેલા પ્રતરમાં જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે, ઉત્કૃષ્ટ સ્થિતિ ૨ સાગરોપમ અને બીજા ૫ બારીયા ભાગ છે. (૨૩)

**પંચુત્તરિયા વુઢ્ઢી, નેયવ્વા જાવ અંતિમં પયરં ।**

**તો બારસમ્મિ પયરે, સંપુન્ના સાયરા સત્ત ॥ ૨૪ ॥**

અંતિમ પ્રતર સુધી પાંચ-પાંચ બારીયા ભાગની વૃદ્ધિ જાણવી. તેથી બારમા પ્રતરમાં સંપૂર્ણ ૭ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૪)

**સત્તયરાઈ જહન્ના, પઢમે પયરમ્મિ બંભલોયસ્સ ।**

**ઉક્કોસા સત્તયરા, તિન્નિ ય છબ્ભાગ નિદ્દિટ્ઠા ॥ ૨૫ ॥**

બ્રહ્મલોકના પહેલા પ્રતરમાં જઘન્ય સ્થિતિ ૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૭ સાગરોપમ અને ત્રણ છકીયા ભાગ કહી છે. (૨૫)

**એવં તિગવુઢ્ઢીએ, બીયાઓ આરભિત્તુ ભાગેહિં ।**

**કરણં તા નેયવ્વં, દસ અયરા જાવ છટ્ઠમ્મિ ॥ ૨૬ ॥**

આમ બીજા પ્રતરથી શરુ કરી ત્રણ-ત્રણ છકીયા ભાગની વૃદ્ધિ કરવી. ભાગો વડે સાગરોપમ કરવા. ત્યાં સુધી જાણવુ યાવત્ છઠ્ઠા પ્રતરમાં ૧૦ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૬)

**દસ અયરાઈ જહન્ના, પઢમે પયરમ્મિ લંતગસ્સ ઠિઈ ।**

**ઉક્કોસા દસ અયરા, ચત્તારી ય પંચભાગા ઉ ॥ ૨૭ ॥**

લાંતકના પહેલા પ્રતરમાં જઘન્ય સ્થિતિ ૧૦ સાગરોપમ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ સાગરોપમ અને ચાર પાંચીયા ભાગ છે. (૨૭)

**ચઉરુત્તરિયા વુઢ્ઢી, બીયાઓ આરબ્ભિત્તુ ભાગેહિં ।**
**કરણં તા નેયવ્વં, ચોદસ અયરાઈ પંચમએ ॥ ૨૮ ॥**

બીજા પ્રતરથી માંડીને ૪-૪ પાંચીયા ભાગની વૃદ્ધિ કરવી. ભાગોથી સાગરોપમ કરવા. ત્યાં સુધી જાણવુ યાવત્ પાંચમા પ્રતરમાં ૧૪ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૮)

**ચોદસ અયર જહન્ના, પઢમે પયરમ્મિ ઠિઈ મહાસુક્કે ।**
**તે ચેવ ય ઉક્કોસા, તિન્નિ ય ચઉભાગ અન્ને ઉ ॥ ૨૯ ॥**

મહાશુક્રમાં પહેલા પ્રતરમાં જઘન્ય સ્થિતિ ૧૪ સાગરોપમ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૪ સાગરોપમ અને ત્રણ ચારીયા ભાગ છે. (૨૯)

**એવં તિગવુઢ્ઢીએ, બિઈયાઓ આરબ્ભિત્તુ ભાગેહિં ।**
**કરણં તા નેયવ્વં, સત્તરસ અયરા ચઉત્થમ્મિ ॥ ૩૦ ॥**

આમ બીજા પ્રતરથી માંડીને ત્રણ-ત્રણ ચારીયા ભાગની વૃદ્ધિ કરવી. ભાગોથી સાગરોપમ કરવા. ત્યાં સુધી જાણવુ યાવત્ ચોથા પ્રતરમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭ સાગરોપમ છે. (૩૦)

**સત્તરસ અયર જહન્ના, પઢમે પયરમ્મિ ઠિઈ સહસ્સારે ।**
**તાઈ ચિય ઉક્કોસા, ચઉત્થભાગેણ સહિયાઈ ॥ ૩૧ ॥**

સહસ્રારમાં પહેલા પ્રતરમાં જઘન્ય સ્થિતિ ૧૭ સાગરોપમ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭ $\frac{૧}{૪}$ સાગરોપમ છે. (૩૧)

**એગુત્તરવુઢ્ઢીએ, નેયવ્વં જાવ ચોત્થયં પયરં ।**
**અટ્ઠારસ અયરાઈ, ઠિઈ ઉક્કોસા ચઉત્થમ્મિ ॥ ૩૨ ॥**

ચોથા પ્રતર સુધી ૧-૧ ચોથા ભાગની વૃદ્ધિ જાણવી. ચોથા પ્રતરમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૮ સાગરોપમ છે. (૩૨)

**ચઉ ચઉ પયરા ઉવરિં, કપ્પા ચત્તારિ આણયાઈઆ ।**
**અટ્ઠારસ જહન્નાઈં, એગુત્તરિયા ય વુડ્ઢીએ ॥ ૩૩ ॥**

ઉપર આનત વગેરે ચાર દેવલોકમાં ૪-૪ પ્રતર છે. આનતના પહેલા પ્રતરમાં જઘન્ય સ્થિતિ ૧૮ સાગરોપમ છે. પછી ૧-૧ ભાગની વૃદ્ધિ જાણવી (૩૩)

**જા બાવીસં અયરા, અંતિમપયરમ્મિ અચ્ચુએ કપ્પે ।**
**નવ પયરા અયરુત્તર - વુડ્ઢી જા ઉવરિ ગેવિજ્જા ॥ ૩૪ ॥**

યાવત્ અચ્યુત દેવલોકમાં અંતિમપ્રતરમાં ૨૨ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ઉપરના ગ્રૈવેયક સુધી ૯ પ્રતર છે. તેમાં ૧-૧ સાગરોપમની વૃદ્ધિ જાણવી. (૩૪)

**સત્તેવ ય કોડીઓ, હવંતિ બાવત્તરિં સયસહસ્સા ।**
**એસો ભવણસમાસો, ભવણવઈણં વિયાણિજ્જા ॥૩૫॥**

૭ ક્રોડ ૭૨ લાખ-આ ભવનપતિના ભવનોની સંખ્યા જાણવી. (૩૫)

**ચઉસટ્ઠી અસુરાણં, નાગકુમારાણ હોઈ ચુલસીઈ ।**
**બાવત્તરિ કણગાણં, વાઉકુમારાણ છન્નઉઈ ॥૩૬॥**
**દીવદિસાઉદહીણં, વિજ્જુકુમારિંદથણિયઅગ્ગીણં ।**
**છણ્હંપિ જુયલાણં, છાવત્તરિમો સયસહસ્સા ॥૩૭॥**

અસુરકુમારના ૬૪ લાખ, નાગકુમારના ૮૪ લાખ, સુવર્ણકુમારના ૭૨ લાખ, વાયુકુમારના ૯૬ લાખ, દ્વીપકુમાર-દિક્કુમાર- ઉદધિકુમાર- વિદ્યુત્કુમાર- સ્તનિતકુમાર-અગ્નિકુમાર - છએ યુગલમાં ૭૬ લાખ ભવનો છે. (૩૬, ૩૭)

**ચઉતીસા ચઉચત્તા, અટ્ઠત્તીસં ચ સયસહસ્સાઈં ।**
**પન્ના ચત્તાલીસા, દાહિણઓ હુંતિ ભવણાઈં ॥૩૮॥**

૩૪ લાખ, ૪૪ લાખ, ૩૮ લાખ, ૫૦ લાખ, ૪૦ લાખ દક્ષિણ દિશામાં ક્રમશઃ ભવનો છે. (૩૮)

**તીસા ચત્તાલીસા, ચઉતીસં ચેવ સયસહસ્સાઈ ।**
**છાયાલા છત્તીસા, ઉત્તરઓ હુંતિ ભવણાઈ ॥૩૯॥**

૩૦ લાખ, ૪૦ લાખ, ૩૪ લાખ,૪૬ લાખ, ૩૬ લાખ ઉત્તર દિશામાં ક્રમશઃ ભવનો છે. (૩૯)

**જંબૂદીવસમા ખલુ, ભવણા જે હુંતિ સવ્વખુડ્ડાગા ।**
**સંખિજ્જવિત્થડા મજ્ઝિમા ઉ, સેસા અસંખિજ્જા ॥૪૦॥**

સૌથી નાના ભવનો જંબૂદ્વીપ જેટલા હોય છે. મધ્યમ પ્રમાણવાળા ભવનો સંખ્યાત કોટાકોટી યોજન વિસ્તૃત હોય છે. શેષ ઉત્કૃષ્ટ પ્રમાણવાળા ભવનો અસંખ્ય કોટાકોટી યોજન પ્રમાણના હોય છે. (૪૦)

**રયણપ્પહપુઢવીએ, ઉવરિં હિટ્ઠા ય જોયણસહસ્સં ।**
**મુત્તૂણ મજ્ઝભાએ, ભવણાઈ ભવણવાસીણં ॥૪૧॥**

રત્નપ્રભાપૃથ્વીના ઉપર-નીચે ૧૦૦૦ યોજન છોડી વચ્ચેના ભાગમાં ભવનપતિના ભવનો હોય છે. (૪૧)

**અસુરા નાગા વિજ્જૂ, સુવણ્ણ અગ્ગી ય વાઉ થણિયા ય ।**
**ઉદહી દીવ દિસવિ ય, દસભેયા ભવણવાસીણં ॥૪૨॥**

અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, દિક્કુમાર- આ ભવનપતિના ૧૦ ભેદ છે. (૪૨)

**ચૂડામણિ ફણિ વજ્જે, ગરુડે ઘડ મયર વદ્ધમાણે ય ।**
**અસ્સે સીહે હત્થી, અસુરાઈણં મુણસુ ચિંધે ॥૪૩॥**

ચૂડામણી, સર્પ, વજ્ર, ગરુડ, ઘડો, મગર, વર્ધમાનક, અશ્વ, સિંહ, હાથી - આ અસુરકુમારાદિના ચિહ્નો જાણવા. (૪૩)

**કાલા અસુરકુમારા, નાગા ઉદહી ય પંડુરા દોવિ ।**
**વરકણયતવિયગોરા હુંતિ, સુવણ્ણા દિસા થણિયા ॥૪૪॥**

**ઉત્તત્તકણયવન્ના, વિજ્જૂ અગ્ગી ય હુંતિ દીવા ય ।**
**સામા પિયંગુવન્ના, વાયુકુમારા મુણેયવ્વા ॥૪૫॥**

અસુરકુમાર કાળા છે, નાગકુમાર - ઉદધિકુમાર બે ય સફેદ છે, સુવર્ણકુમાર - દિક્કુમાર - સ્તનિતકુમાર તપેલા સુવર્ણ જેવા ગોરા છે, વિદ્યુત્કુમાર- અગ્નિકુમાર- દ્વીપકુમાર અતિ તપેલા સુવર્ણના વર્ણના છે, વાયુકુમાર પ્રિયંગુ જેવા શ્યામવર્ણના જાણવા. (૪૪, ૪૫)

**અસુરેસુ હુંતિ રત્તા, સિલિંધપુપ્ફપ્પભા ય નાગુદહી ।**
**આસાસગવસણધરા, હુંતિ સુવન્ના દિસા થણિયા ॥૪૬॥**

**નીલાણુરાગવસણા, વિજ્જૂ અગ્ગી ય હુંતિ દીવા ય ।**
**સંઝાણુરાગવસણા, વાઉકુમારા મુણેયવ્વા ॥૪૭॥**

અસુરકુમારના વસ્ત્ર લાલ છે, નાગકુમાર - ઉદધિકુમારના વસ્ત્ર સિલિંધ્રપુષ્પ જેવા (નીલ) છે, સુવર્ણકુમાર - દિક્કુમાર- સ્તનિતકુમાર ઘોડાના મોઢાના ફીણ જેવા (સફેદ) વસ્ત્રને ધારણ કરનારા છે, વિદ્યુત્કુમાર-અગ્નિકમાર-દ્વીપકુમાર નીલવર્ણના વસ્ત્રવાળા છે, વાયુકુમાર સંધ્યાના રાગ જેવા વસ્ત્રવાળા જાણવા. (૪૬, ૪૭)

**ચમરે બલી ય ધરણે, ભૂઆણંદે ય વેણુદેવે ય ।**
**તત્તો ય વેણુદાલી, હરિકંત હરિસ્સહે ચેવ ॥૪૮॥**

**અગ્ગિસિહ અગ્ગિમાણવ, પુન્ન વસિટ્ઠે તહેવ જલકંતે ।**
**જલપહ તહ અમિઅગઈ, બીએ મિઅવાહણે ઈંદે ॥૪૯॥**

**વેલંબે અ પભંજણ, ઘોસે ચેવ ય તહા મહાઘોસે ।**
**ભવણવઈ ઈંદાણં, નામાઈં હવંતિ એયાઈં ।।૫૦।।**

ચમર, બલી, ધરણ, ભૂતાનંદ, વેણુદેવ, વેણુદાલી, હરિકાંત, હરિસ્સહ, અગ્નિશિખ, અગ્નિમાનવ, પૂર્ણ, વશિષ્ઠ, જલકાંત, જલપ્રભ, અમિતગતિ, અમિતવાહન ઈન્દ્ર, વેલમ્બ, પ્રભંજન, ઘોષ અને મહાઘોષ - આ ભવનપતિના ઈન્દ્રોના નામો છે. (૪૮, ૪૯, ૫૦)

**ચઉસટ્ઠી સટ્ઠી ખલુ, છચ્ચ સહસ્સા ઉ અસુરવજ્જાણં ।**
**સામાણિયા ઉ એએ, ચઉગ્ગુણા આયરક્ખાઓ ।।૫૧।।**

ચમરેન્દ્રના ૬૪ હજાર, બલીન્દ્રના ૬૦ હજાર, અસુરેન્દ્ર સિવાયના ઈન્દ્રોના ૬ હજાર સામાનિક દેવો છે. આને ચાર ગુણા કરીએ એટલા આત્મરક્ષક દેવો છે. (૫૧)

**સામાણિઆણ ચઉરો, સહસ્સ સોલસ ય આયરક્ખાણં ।**
**પત્તેયં સવ્વેસિં, વંતરવઈસસિરવીણં ચ ।।૫૨।।**

બધા વ્યન્તરેન્દ્ર અને ચન્દ્રેન્દ્ર - સૂર્યેન્દ્રના દરેકના ૪,૦૦૦ સામાનિક અને ૧૬,૦૦૦ આત્મરક્ષકદેવો છે. (૫૨)

**ચઉરાસીઈ અસીઈ, બાવત્તરી સત્તરી ય સટ્ઠી ય ।**
**પન્ના ચત્તાલીસા, તીસા વીસા દસસહસ્સા ।।૫૩।।**

૮૪ હજાર, ૮૦ હજાર, ૭૨ હજાર, ૭૦ હજાર, ૬૦ હજાર, ૫૦ હજાર, ૪૦ હજાર, ૩૦ હજાર, ૨૦ હજાર, ૧૦ હજાર ક્રમશઃ વૈમાનિકેન્દ્રોના સામાનિકદેવો છે. (૫૩)

**પંચ ય છપ્પિ ય ચઉ, ચઉ અટ્ઠેવ કમેણ અગ્ગમહિસીઓ ।**
**અસુરનાગાઈવંતર, જોઈસકપ્પદુગિંદાણં ।।૫૪।।**

અસુરેન્દ્ર, નાગકુમાર વગેરેના ઈન્દ્ર, વ્યન્તરેન્દ્ર, જ્યોતિષેન્દ્ર, સૌધર્મેન્દ્ર-ઈશાનેન્દ્રની ક્રમશઃ ૫, ૬, ૪, ૪, ૮ અગ્રમહિષી છે. (૫૪)

**તિરિઉવવાઈયાણં, રમ્મા ભોમનગરા અસંખેજ્જા ।**
**તત્તો સંખેજ્જગુણા, જોઈસિયાણં વિમાણાઓ ॥૫૫॥**

તિર્ચ્છાલોકમાં ઉપપાતવાળા વ્યન્તરોના ભૂમિની અંદર રહેલા અસંખ્ય સુંદર નગરો છે. તેના કરતા જ્યોતિષના વિમાન સંખ્યાત ગુણ છે. (૫૫)

**જંબુદીવસમા ખલુ, ઉક્કોસેણં હવંતિ તે નગરા ।**
**ખુડ્ડા ખિત્તસમા ખલુ, વિદેહસમગા ઉ મજ્ઝિમગા ॥૫૬॥**

તે નગરો ઉત્કૃષ્ટથી જંબૂદ્વીપ જેટલા છે, સૌથી નાના નગરો ભરતક્ષેત્ર જેટલા છે, મધ્યમ નગરો મહાવિદેહક્ષેત્ર જેટલા છે. (૫૬)

**હિટ્ઠોવરિ જોયણસય-રહિએ રયણાએ જોયણસહસ્સે ।**
**પઢમે વંતરિયાણં, ભોમાઈ હુંતિ નગરાઈ ॥૫૭॥**

રત્નપ્રભાના પહેલા ૧,૦૦૦ યોજનમાં ઉપર-નીચે ૧૦૦ યોજન છોડીને વ્યન્તરોના ભૂમિની અંદર રહેલા નગરો છે. (૫૭)

**પિસાયભૂઆ જક્ખા ય, રક્ખસા કિંનરા ય કિંપુરિસા ।**
**મહોરગા ય ગંધવ્વા, અટ્ઠવિહા વાણમંતરિયા ॥૫૮॥**

પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરષ, મહોરગ, ગન્ધર્વ- આ આઠ પ્રકારના વ્યન્તરદેવો છે. (૫૮)

**કાલે ય મહાકાલે, સુરૂવ પડિરૂવ પુન્નભદ્દે ય ।**
**અમરવઈ માણિભદ્દે, ભીમે ય તહા મહાભીમે ॥૫૯॥**

**કિન્નર કિંપુરિસે ખલુ, સપ્પુરિસે ચેવ તહ મહાપુરિસે ।**
**અઈકાયમહાકાએ, ગીયરઈ ચેવ ગીયજસે ॥૬૦॥**

કાલ, મહાકાલ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ,મહાભીમ, કિન્નર, કિંપુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, અતિકાય, મહાકાય, ગીતરતિ, ગીતયશ - આ વ્યન્તરેન્દ્રો છે. (૫૯, ૬૦)

**ચિંધાઈ કલંબ ઝએ, સુલસવડે તહ ય હોઈ ખટ્ટંગે ।**
**આસોય ચંપએ વિ ય, નાગે તહ તુંબરુ ચેવ ॥૬૧॥**

કદંબવૃક્ષ, સુલસ, વટવૃક્ષ, ખટ્વાંગ, અશોકવૃક્ષ, ચમ્પકવૃક્ષ, નાગવૃક્ષ, તુંબરુવૃક્ષ - આ પિશાચ વગેરેના ધ્વજમાં ચિહ્નો છે. (૬૧)

**સામાવદાય જક્ખા, સવ્વે ય મહોરગા સગંધવ્વા ।**
**અવદાયા કિંપુરિસા, સરક્ખસા હુંતિ વન્નેણં ॥૬૨॥**

**કાલા ભૂયા સામા ય, પિસાયા કિન્નરા પિયંગુનિભા ।**
**એસો વન્નવિભાગો, વંતરિઆણં સુરવરાણં ॥૬૩॥**

યક્ષ, બધા મહોરગ, ગન્ધર્વ શ્યામ અને નિર્મળ છે, કિંપુરુષ અને રાક્ષસ વર્ણથી સફેદ છે, ભૂત કાળા છે, પિશાચ શ્યામ છે, કિન્નર પ્રિયંગુ જેવા (નીલ) છે - આ વ્યન્તરદેવોનો વર્ણવિભાગ છે. (૬૨, ૬૩)

**દો ચંદા ઈહ દીવે, ચત્તારિ ય સાયરે લવણતોયે ।**
**ધાયઈસંડે દીવે, બારસ ચંદા સૂરા ય ॥૬૪॥**

આ જંબૂદ્વીપમાં ૨, લવણસમુદ્રમાં ૪, ધાતકીખંડમાં ૧૨ ચન્દ્ર-સૂર્ય છે. (૬૪)

**ધાયઈસંડપ્પભિઈ, ઉદ્દિટ્ઠા તિગુણિયા ભવે ચંદા ।**
**આઈલ્લચંદસહિઆ, અણંતરાણંતરે ખિત્તે ॥૬૫॥**

ઉદ્દિષ્ટ ચન્દ્ર - સૂર્યને ત્રણ ગુણા કરવા. તે આદિના ચન્દ્ર-સૂર્ય સહિત ધાતકીખંડથી માંડીને પછી પછીના ક્ષેત્રમાં ચન્દ્ર-સૂર્ય છે. (૬૫)

**દુન્નિ ય ચઉરો બારસ, બાયાલીસા બિસત્તરી ચેવ ।**
**એગંતરદીવુદહીણ, ચંદસંખા મુણેયવ્વા ॥૬૬॥**

૨, ૪, ૧૨, ૪૨, ૭૨ - આ એકાન્તરિત દ્વીપ - સમુદ્રોના ચન્દ્ર-સૂર્યની સંખ્યા જાણવી. (૬૬)

**ચત્તારી ય પંતીઓ, ચંદાઈચ્ચાણ મણુયલોગમ્મિ ।**
**છાવટ્ઠી છાવટ્ઠી, હોઈ ય ઈક્કિક્કપંતીએ ॥૬૭॥**

મનુષ્યલોકમાં ચન્દ્ર-સૂર્યની ૪ પંક્તિઓ છે. ૧-૧ પંક્તિમાં ૬૬-૬૬ ચન્દ્ર કે સૂર્ય છે. (૬૭)

**છપ્પન્નં પંતીઓ, નક્ખત્તાણં તુ મણુયલોગમ્મિ ।**
**છાવટ્ઠી છાવટ્ઠી ય હોઈ, ઈક્કિક્કિયા પંતી ॥૬૮॥**

મનુષ્યલોકમાં નક્ષત્રોની ૫૬ પંક્તિઓ છે. ૧-૧ પંક્તિમાં ૬૬-૬૬ નક્ષત્ર છે. (૬૮)

**છાવત્તરી ગહાણં પંતિસયં, હોઈ મણુયલોગમ્મિ ।**
**છાવટ્ઠી છાવટ્ઠી ય હોઈ, ઈક્કિક્કિયા પંતી ॥૬૯॥**

મનુષ્યલોકમાં ગ્રહોની ૧૭૬ પંક્તિઓ છે. ૧-૧ પંક્તિમાં ૬૬-૬૬ ગ્રહો છે. (૬૯)

**સવ્વેસિં સૂરાણં, અબ્ભિંતરમંડલા ઉ બાહિરિયં ।**
**હોઈ અબાહા નિયમા, પંચેવ દસુત્તરસયાઈ ॥૭૦॥**

બધા સૂર્યોના અભ્યન્તર મંડલથી બાહ્યમંડલ સુધી અવશ્ય ૫૧૦ યોજનની અબાધા છે. (૭૦)

**પવિસેઈ ય ઉયહિમ્મી, તિન્નેવ સયાઈ તીસં અહિયાઈ ।**
**અસિયં ચ જોયણસયં, જંબુદ્દીવમ્મિ પવિસેઈ ॥૭૧॥**

ચન્દ્ર-સૂર્ય સમુદ્રમાં ૩૩૦ યોજન પ્રવેશે છે અને જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન પ્રવેશે છે. (૭૧)

**તે મેરુ પરિયડંતા, પઆહિણાવત્તમંડલા સવ્વે ।**
**અણવટ્ઠિયજોગજુઆ, ચંદા સૂરા ગહગણા ય ॥૭૨॥**

નક્ષત્ર સાથે અનવસ્થિત યોગવાળા ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણો જંબૂદ્વીપના મેરુની ચારે તરફ પ્રદક્ષિણાવર્ત્ત મંડલમાં ભમે છે. (૭૨)

**ચંદાઓ સૂરસ્સ ય, સૂરા ચંદસ્સ અંતરં હોઈ ।**
**પન્નાસસહસ્સાઈં તુ, જોઅણાણં સમહિઆઈં ॥૭૩॥**

(મનુષ્યલોકની બહાર) ચન્દ્રથી સૂર્યનું અને સૂર્યથી ચન્દ્રનું અંતર સાધિક ૫૦,૦૦૦ યોજન છે. (૭૩)

**પણયાલસયં પઢમિલ્લુયાઈ, પંતીએ ચંદસૂરાણં ।**
**તેણ પરં પંતીઓ, છગસત્તગવુઢ્ઢિઓ નેઆ ॥૭૪॥**

મનુષ્યલોકની બહાર પહેલી પંક્તિમાં ૧૪૫ ચન્દ્ર-સૂર્ય છે. ત્યાર પછી ૬ કે ૭ ની વૃદ્ધિથી પંક્તિઓ જાણવી. (૭૪)

**ચંદાણ સવ્વસંખા, સત્તતીસાઈં તેરસસયાઈં ।**
**પુક્ખરદીવિઅરદ્ધે, સૂરાણ વિ તત્તિઆ જાણ ॥૭૫॥**

પુષ્કરવરાર્ધદ્વીપમાં ચન્દ્રોની સર્વસંખ્યા ૧,૩૩૭ છે. સૂર્યોની સંખ્યા પણ તેટલી જાણ. (૭૫)

**ચોઆલસયં પઢમિલ્લુઆએ, પંતીએ ચંદસૂરાણં ।**
**તેણ પરં પંતીઓ, ચઉરુત્તરિઆ ય વુઢ્ઢીએ ॥૭૬॥**

(મનુષ્યક્ષેત્ર પછી) પ્રથમપંક્તિમાં ૧૪૪ ચન્દ્ર-સૂર્ય છે. ત્યારપછી ઉત્તરોત્તર ૪ની વૃદ્ધિથી પંક્તિઓ છે. (૭૬)

**બાવત્તરિ ચંદાણં બાવત્તરિ, સૂરિઆણ પંતીએ ।**
**પઢમાએ અંતરં પુણ, ચંદા ચંદસ્સ લક્ખદુગં ॥૭૭॥**

પહેલી પંક્તિમાં ૭૨ ચન્દ્ર, ૭૨ સૂર્ય છે. ચન્દ્રથી ચન્દ્રનું અંતર ૨ લાખ યોજન છે. (૭૭)

**જો જા સયસહસ્સાઈં, વિત્થરો સાગરો અ દીવો વા ।**
**તાવઈયાઓ તહિઅં, પંતીઓ ચંદસૂરાણં ॥૭૮॥**

જે દ્વીપ કે સમુદ્ર જેટલા લાખ યોજન વિસ્તારવાળો છે, ત્યાં તેટલી ચન્દ્ર-સૂર્યની પંક્તિઓ છે. (૭૮)

**ગચ્છોત્તરસંવગ્ગો, ઉત્તરહીણમ્મિ પક્ખિવે આઈં ।**
**અંતિમધણમાઈજુઅં, ગચ્છદ્ધગુણં તુ સવ્વધણં ॥૭૯॥**

ગચ્છને ઉત્તરથી ગુણવો. તેમાંથી ઉત્તર ઓછુ કરવુ. તેમાં આદિ નાખવી. તેથી અંતિમધન આવે. તેને આદિ સાથે જોડી ગચ્છાર્ધથી ગુણવો. તેથી સર્વધન (તે તે દ્વીપ-સમુદ્રના બધા ચન્દ્ર-સૂર્ય) આવે. (૭૯)

**ઉદ્ધારસાગરાણં, અઢ્ઢાઈજ્જાણ જત્તિઆ સમયા ।**
**દુગુણા દુગુણપવિત્થર - દીવોદહી હુંતિ એવઈયા ॥૮૦॥**

અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમય છે તેટલા બમણા-બમણા વિસ્તારવાળા દ્વીપ-સમુદ્રો છે. (૮૦)

**અઢ્ઢાઈજ્જા દીવા, દુન્નિ સમુદ્દા ય માણુસં ખિત્તં ।**
**પણયાલસયસહસ્સા, વિક્ખંભાયામઓ ભણિઅં ॥૮૧॥**

અઢી દ્વીપ અને બે સમુદ્ર એ મનુષ્યક્ષેત્ર છે. તે લંબાઈ-પહોળાઈથી ૪૫ લાખ યોજન કહ્યું છે. (૮૧)

**જંબુદીવો ધાયઈ, પુક્ખરદીવો ય વારુણિવરો ય ।**
**ખીરવરો વિ ય દીવો, ઘયવરદીવો ય ખોયવરો ॥૮૨॥**
**નંદીસરો ય અરુણો, અરુણોવાઓ અ કુંડલવરો ય ।**
**તહ સંખરુયગભુયગવર - કુસકુંચવરો તઓ દીવો ॥૮૩॥**

જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરવરદ્વીપ, વારુણિવર, ક્ષીરવરદ્વીપ, ઘૃતવરદ્વીપ, ઈક્ષુવર, નન્દીશ્વર, અરુણ, અરુણોપપાત, (અરુણવર, અરુણવરાવભાસ) કુંડલવર, શંખ, રુચક, ભુજગવર, કુશ, ક્રૌંચવર દ્વીપ - આ દ્વીપો છે. (૮૨, ૮૩)

**જંબુદીવે લવણો, ધાયઈસંડે અ હોઈ કાલોઓ ।**
**સેસાણં દીવાણં, હવંતિ સરિસનામયા ઉદહી ॥૮૪॥**

જંબૂદ્વીપને ફરતો લવણસમુદ્ર છે, ધાતકીખંડને ફરતો કાલોદધિ છે, શેષ દ્વીપોને ફરતા સરખા નામવાળા સમુદ્રો છે. (૮૪)

**એવં દીવસમુદ્દા, દુગુણા દુગુણા ભવે અસંખેજ્જા ।**
**ભણિઓ ય તિરિયલોએ, સયંભુરમણોદહી જાવ ॥૮૫॥**

આમ તિર્ચ્છાલોકમાં બમણા બમણા અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે, યાવત્ છેલ્લે સ્વયંભૂરમણ સમુદ્ર કહ્યો છે. (૮૫)

**પણયાલીસં લક્ખા, સીમંતય માણુસં ઉડુ સિવં ચ ।**
**અપઈટ્ઠાણો સવ્વટ્ઠસિદ્ધિ, દીવો ઈમો લક્ખં ॥૮૬॥**

સીમન્તક નરકાવાસ, મનુષ્યક્ષેત્ર, ઉડુ વિમાનેન્દ્રક, સિદ્ધશિલા- ૪૫ લાખ યોજનના છે. અપ્રતિષ્ઠાન નરકાવાસ, સર્વાર્થસિદ્ધ વિમાન, જંબૂદ્વીપ - ૧ લાખ યોજનના છે. (૮૬)

**પત્તેઅરસા ચત્તારિ, સાયરા તિન્નિ હુંતિ ઉદયરસા ।**
**અવસેસા ય સમુદ્દા, ઈક્ખુરસા હુંતિ નાયવ્વા ॥૮૭॥**

ચાર સાગરો પ્રત્યેક (ભિન્ન) સ્વાદવાળા છે, ૩ સાગરો પાણીના સ્વાદવાળા છે, શેષ સમુદ્રો ઈક્ષુરસ જેવા સ્વાદવાળા છે એમ જાણવું. (૮૭)

**વારુણિવર ખીરવરો, ઘયવર લવણો અ હુંતિ પત્તેયા ।**
**કાલોઅ પુક્ખરોદહિ, સયંભુરમણો અ ઉદયરસા ॥૮૮॥**

વારુણિવર, ક્ષીરવર, ઘૃતવર, લવણ- આ ચાર સમુદ્ર પ્રત્યેક સ્વાદવાળા છે. કાલોદધિ, પુષ્કરવરોદધિ, સ્વયંભૂરમણ સમુદ્ર - આ ત્રણ સમુદ્રો પાણીના સ્વાદવાળા છે. (૮૮)

**લવણે પંચ સયાઈ, સત્ત સયાઈ તુ હુંતિ કાલોએ ।**
**જોઅણસહસ્સમેગં, સયંભુરમણમ્મિ મચ્છાણં ॥૮૯॥**

લવણસમુદ્રમાં ૫૦૦ યોજનના, કાલોદધિમાં ૭૦૦ યોજનના, સ્વયંભૂરમણસમુદ્રમાં ૧,૦૦૦ યોજનના માછલા હોય છે. (૮૯)

**લવણે કાલસમુદ્દે, સયંભુરમણે ય હુંતિ મચ્છાઓ ।**
**અવસેસસમુદ્દેસું, નત્થિ ઉ મચ્છા ય મયરા વા ॥૯૦॥**

લવણસમુદ્રમાં, કાળોદધિમાં અને સ્વયંભૂરમણસમુદ્રમાં માછલા હોય છે. શેષ સમુદ્રોમાં માછલા કે મગર નથી. (૯૦)

**નિત્થિત્તિ પઉરભાવં પડુચ્ચ, ન ઉ સવ્વમચ્છપડિસેહો ।**
**અપ્પા સેસેસુ ભવે, ન હુ તે નિમ્મચ્છયા ભણિઆ ॥૯૧॥**

'નથી' એમ પ્રાચુર્યને આશ્રયીને કહ્યુ, સર્વથા માછલાનો નિષેધ નથી. શેષ સમુદ્રોમાં અલ્પ માછલા છે, કેમકે તે માછલારહિત નથી કહ્યા. (૯૧)

**જંબૂ લવણો ધાયઈ, કાલોઓ પુક્ખરાઈ જુઅલાઈ ।**
**વારુણિખીરઘયક્ખૂ, નંદીસર અરુણદીવુદહી ॥૯૨॥**

જંબૂદ્વીપ-લવણસમુદ્ર, ધાતકીખંડ-કાળોદધિ, પુષ્કરવર વગેરે દ્વીપ-સમુદ્ર, વારુણીવર દ્વીપ-સમુદ્ર, ક્ષીરવરદ્વીપ-સમુદ્ર, ઘૃતવર દ્વીપ-સમુદ્ર, ઈક્ષુવર દ્વીપ-સમુદ્ર, નન્દીશ્વર દ્વીપ-સમુદ્ર, અરુણવર દ્વીપ-સમુદ્ર યુગલો છે. (૯૨)

**આભરણવત્થગંધે, ઉપ્પલતિલએ અ પઉમનિહિરયણે ।**
**વાસહરદહનઈઓ, વિજયા વક્ખારકપ્પિંદા ॥૯૩॥**
**કુરુમંદરઆવાસા, કૂડા નક્ખત્તચંદસૂરા ય ।**
**દેવે નાગે જક્ખે, ભૂએ અ સયંભુરમણે અ ॥૯૪॥**

આભરણ, વસ્ત્ર, ગન્ધ, રાત્રિવિકાસી કમળ, તિલક, દિવસવિકાસી કમળ, નવ નિધિ, ચૌદ રત્ન, વર્ષધરપર્વત, દ્રહ, નદી, વિજય, વક્ષસ્કાર, દેવેન્દ્ર, કુરુક્ષેત્ર, મેરુ, શક્ર વગેરેના આવાસ, કૂટ, નક્ષત્ર, ચન્દ્ર, સૂર્યના નામવાળા દ્વીપ-સમુદ્રો જાણવા. પછી દેવ, નાગ, યક્ષ, ભૂત, સ્વયંભૂરમણ નામના દ્વીપ-સમુદ્ર છે. (૯૩-૯૪)

**અટ્ઠાસીઈ ચ ગહા, અટ્ઠાવીસં ચ હુંતિ નક્ખત્તા ।**
**એગસસી પરિવારો, એત્તો તારાગણં વુચ્છં ॥૯૫॥**

૧ ચન્દ્રના પરિવારમાં ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો છે. હવે તારાગણ કહીશ. (૯૫)

**છાવટ્ઠિસહસ્સાઈ, નવ ચેવ સયાઈ પંચસયરાઈ ।**
**એગસસિપરિવારો, તારાગણકોડિકોડીણં ॥૯૬॥**

૧ ચન્દ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કોટીકોટી તારા છે. (૯૬)

**અદ્ધકવિટ્ઠગસંઠાણસંઠિયા, ફલિઆમયા રમ્મા ।**
**જોઈસિઆણ વિમાણા, તિરિએ લોએ અસંખિજ્જા ॥૯૭॥**

તિર્ચ્છાલોકમાં અર્ધ કોઠાના આકારે રહેલા, સ્ફટિકમય, અસંખ્ય સુંદર જ્યોતિષના વિમાનો છે. (૯૭)

**ઈગસટ્ઠિભાગ કાઉણ, જોઅણં ચંદમાઈ પંચણ્હં ।**
**આયામં વિક્ખંભં, ઉચ્ચત્તં ચેવ વુચ્છામિ ॥૯૮॥**

૧ યોજનના ૬૧ ભાગ કરીને ચન્દ્ર વગેરે પાંચના લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈ કહીશ. (૯૮)

**છપ્પન્ના અડયાલા, અદ્ધં ગાઉ ય તહદ્ધગવ્વૂયં ।**
**આયામં વિક્ખંભં, આયામદ્ધં ચ ઉચ્ચત્તં ॥૯૯॥**

જ્યોતિષ વિમાનોની લંબાઈ-પહોળાઈ ક્રમશઃ $\frac{૫૬}{૬૧}$ યોજન, $\frac{૪૮}{૬૧}$ યોજન, અર્ધ યોજન, ૧ ગાઉ, $\frac{૧}{૨}$ ગાઉ છે. ઉંચાઈ લંબાઈથી અડધી હોય છે. (૯૯)

**માણુસનગાઉ બાહિં, ચંદાઈઆ તદદ્ધપરિહીણા ।**
**ગઈઠિઈભેએણ ઈમે, અબ્ભિંતરબાહિરા નેયા ॥૧૦૦॥**

માનુષોત્તર પર્વતની બહાર ચન્દ્ર વગેરેની લંબાઈ વગેરે અડધી ઓછી છે. ગતિ-સ્થિતિના ભેદથી ક્રમશઃ આ અભ્યન્તર અને બાહ્ય જાણવા. (૧૦૦)

**ધરણિયલાઓ સમાઓ, સત્તહિં નઉએહિં જોયણસએહિં ।**
**હિટ્ઠિલ્લો હોઈ તલો, સૂરો પુણ અટ્ઠહિં સએહિં ॥૧૦૧॥**

સમભૂતલથી ૭૯૦ યોજને જ્યોતિષનું નીચેનું તલ છે. સૂર્ય સમભૂતલથી ૮૦૦ યોજને છે. (૧૦૧)

**અટ્ઠસએ ય અસીએ, ચંદો નવ ચેવ હોઈ ઉવરિતલો ।**
**જોઅણસયં દહુત્તર, બાહલ્લં જોઈસસ્સ ભવે ॥૧૦૨॥**

સમભૂતલથી ૮૦ યોજને ચન્દ્ર છે, ૯૦૦ યોજને ઉપરિતલ છે. જ્યોતિષચક્રની જાડાઈ ૧૧૦ યોજન છે. (૧૦૨)

**સવ્વબ્ભંતરભીઈ, મૂલો પુણ સવ્વબાહિરો ભમઈ ।**
**સવ્વોવરિં ચ સાઈ, ભરણી પુણ સવ્વહિટ્ઠિમિયા ॥૧૦૩॥**

સર્વથી અંદર અભીજિત્ નક્ષત્ર, સર્વથી બહાર મૂલનક્ષત્ર, સર્વથી ઉપર સ્વાતિનક્ષત્ર, સર્વથી નીચે ભરણીનક્ષત્ર ફરે છે. (૧૦૩)

**બત્તીસં ચંદસયં, બત્તીસં ચેવ સૂરિઆણ સયં ।**
**સયલં મણુસ્સલોઅં, ભમંતિ એએ પયાસંતા ॥૧૦૪॥**

૧૩૨ ચન્દ્ર અને ૧૩૨ સૂર્ય સંપૂર્ણ મનુષ્યલોકને પ્રકાશતા ફરે છે. (૧૦૪)

**ઈક્કારસિક્કવીસા, સયમિક્કારાહિયા ય ઈક્કારા ।**
**મેરુઅલોગાબાહિં, જોઈસચક્કં ચરઈ ઠાઈ ॥૧૦૫॥**

૧,૧૨૧ યોજન અને ૧,૧૧૧ યોજન ક્રમશઃ મેરુ અને અલોકની અબાધા કરીને જ્યોતિષચક્ર ફરે છે અને સ્થિર છે. (૧૦૫)

**રિક્ખગ્ગહતારગ્ગં, દીવસમુદ્દે ય ઈચ્છસે નાઉં ।**
**તસ્સ સસીહિ ય ગુણિયં, રિક્ખગ્ગહતારગ્ગં તુ ॥૧૦૬॥**

જે દ્વીપ-સમુદ્રમાં નક્ષત્ર, ગ્રહ, તારાનું પરિમાણ જાણવા ઈચ્છે છે તેના ચન્દ્રોથી ૧ ચન્દ્રના નક્ષત્ર, ગ્રહ, તારાની સંખ્યાને ગુણવી. (૧૦૬)

**સોલસ ચેવ સહસ્સા, અટ્ઠ ય ચઉરો ય દોન્નિ ય સહસ્સા ।**
**જોઈસિઆણ વિમાણા, વહંતિ દેવા ઉ એવઈયા ॥૧૦૭॥**

૧૬,૦૦૦, ૮,૦૦૦, ૪,૦૦૦, ૨,૦૦૦ આટલા દેવો

જ્યોતિષના વિમાનોને (ચન્દ્ર-સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાના વિમાનોને) વહન કરે છે. (૧૦૭)

**સસિરવિણો ય વિમાણા, વહંતિ દેવાણ સોલસ સહસ્સા ।**
**ગહરિક્ખતારગાણં, અટ્ઠ ચઉક્કં દુગં ચેવ ॥૧૦૮॥**

ચન્દ્ર-સૂર્યના વિમાનોને ૧૬,૦૦૦ દેવો વહન કરે છે. ગ્રહ, નક્ષત્ર, તારાના વિમાનોને ક્રમશઃ ૮,૦૦૦; ૪,૦૦૦; ૨,૦૦૦ દેવો વહન કરે છે. (૧૦૮)

**પુરઓ વહંતિ સીહા, દાહિણઓ કુંજરા મહાકાયા ।**
**પચ્ચચ્છિમેણ વસહા, તુરગા પુણ ઉત્તરે પાસે ॥૧૦૯॥**

આગળ સિંહરૂપે, દક્ષિણમાં મહાકાય હાથીરૂપે, પશ્ચિમમાં બળદરૂપે, ઉત્તરમાં ઘોડારૂપે વહન કરે છે. (૧૦૯)

**ચંદેહિ રવી સિગ્ઘા, રવિણો ઉ ભવે ગહા ઉ સિગ્ઘયરા ।**
**તત્તો નક્ખત્તાઈં, નક્ખત્તેહિં તુ તારાઓ ॥૧૧૦॥**

ચન્દ્ર કરતા સૂર્ય શીઘ્રગતિવાળા છે. સૂર્ય કરતા ગ્રહ વધુ શીઘ્ર છે. તેના કરતા નક્ષત્ર, નક્ષત્ર કરતા તારા વધુ શીઘ્ર છે. (૧૧૦)

**સવ્વડપ્પગઈ ચંદા, તારા પુણ હુંતિ સવ્વસિગ્ઘયરા ।**
**એસો ગઈવિસેસો, તિરિયં લોએ વિમાણાણં ॥૧૧૧॥**

ચન્દ્ર સર્વથી અલ્પગતિવાળા છે. તારા સર્વથી વધુ શીઘ્ર છે. તિર્ચ્છાલોકમાં વિમાનોની ગતિનો આ વિશેષ છે. (૧૧૧)

**અપ્પઢ્ઢિઆ ઉ તારા, નક્ખત્તા ખલુ તઓ મહઢ્ઢિઆ ।**
**નક્ખત્તેહિં તુ ગહા, ગહેહિં સૂરા તઓ ચંદા ॥૧૧૨॥**

તારા અલ્પ ઋદ્ધિવાળા છે, નક્ષત્ર તેના કરતા મહર્દ્ધિક છે. નક્ષત્ર કરતા ગ્રહો, ગ્રહો કરતા સૂર્ય, સૂર્ય કરતા ચન્દ્ર મહર્દ્ધિક છે. (૧૧૨)

**પંચેવ ધણુસયાઈં, જહન્નયં અંતરં તુ તારાણં ।**
**દો ચેવ ગાઉઆઈં, નિવ્વાઘાએણં ઉક્કોસં ॥૧૧૩॥**

તારાનું વ્યાઘાત વિના જઘન્ય અંતર ૫૦૦ ધનુષ્ય છે, ઉત્કૃષ્ટ અંતર ૨ ગાઉ છે. (૧૧૩)

**સૂરસ્સ ય સૂરસ્સ ય, સસિણો સસિણો ય અંતરં દિટ્ઠં ।**
**બાહિં તુ માણુસનગસ્સ, જોઅણાણં સયસહસ્સં ॥ ૧૧૪ ॥**

માનુષોત્તરપર્વતની બહાર સૂર્યનું અને સૂર્યનું તથા ચન્દ્રનું અને ચન્દ્રનું અંતર ૧ લાખ યોજન જોવાયુ છે. (૧૧૪)

**સૂરંતરિઆ ચંદા, ચંદંતરિઆ ય દિણયરા દિત્તા ।**
**ચિત્તંતરલેસાગા, સુહલેસા મંદલેસા ય ॥ ૧૧૫ ॥**

સૂર્યથી અંતરિત ચન્દ્ર અને ચન્દ્રથી અંતરિત દેદીપ્યમાન સૂર્ય છે. તેઓ ચિત્ર અંતર અને લેશ્યાવાળા હોય છે. ચન્દ્ર સુખલેશ્યાવાળા છે, સૂર્ય મન્દલેશ્યાવાળા છે. (૧૧૫)

**કિણ્હં રાહુવિમાણં નિચ્ચં, ચંદેણ હોઈ અવિરહિઅં ।**
**ચઉરંગુલમપ્પત્તં, હિટ્ઠા ચંદસ્સ તં ચરઈ ॥ ૧૧૬ ॥**

રાહુનું કાળુ વિમાન હંમેશા ચન્દ્રથી અવિરહિત હોય છે. તે ચન્દ્રની નીચે ચાર અંગુલ દૂર ચરે છે. (૧૧૬)

**બત્તીસટ્ઠાવીસા, બારસ અટ્ઠ ચઉરો સયસહસ્સા ।**
**આરેણ બંભલોગા, વિમાણસંખા ભવે એસા ॥ ૧૧૭ ॥**

૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ - આ બ્રહ્મલોક સુધી વિમાનોની સંખ્યા છે. (૧૧૭)

**પન્નાસ ચત્ત છચ્ચેવ સહસ્સા, લંતસુક્કસહસ્સારે ।**
**સય ચઉરો આણયપાણએસુ, તિન્નારણચ્ચુયએ ॥ ૧૧૮ ॥**

લાંતક, મહાશુક્ર અને સહસ્રારમાં ૫૦ હજાર, ૪૦ હજાર અને ૬ હજાર વિમાન છે. આનત-પ્રાણતમાં ૪૦૦ વિમાન છે. આરણ-અચ્યુતમાં ૩૦૦ વિમાન છે. (૧૧૮)

**ઈક્કારસુત્તરં હિટ્ઠિમેસુ, સત્તુત્તરં ચ મજ્ઝિમએ ।**
**સયમેગં ઉવરિમએ, પંચેવ અણુત્તર વિમાણા ॥ ૧૧૯ ॥**

નીચેના ૩ ગ્રૈવેયકમાં ૧૧૧, મધ્યમ ગ્રૈવેયકમાં ૧૦૭, ઉપરના ગ્રૈવેયકમાં ૧૦૦ વિમાન છે. ૫ અનુત્તરવિમાન છે. (૧૧૯)

**ચુલસીઈ સયસહસ્સા, સત્તાણઉઈ ભવે સહસ્સાઈ ।**
**તેવીસં ચ વિમાણા, વિમાણસંખા ભવે એસા ॥ ૧૨૦ ॥**

૮૪, ૯૭, ૦૨૩ - આ વિમાનોની સંખ્યા છે. (૧૨૦)

**કપ્પસ્સણુપુવ્વીએ, આઈમપયરંતિમં ચ ગણઈત્તા ।**
**મુહભૂમિસમાસદ્ધં, પયરેહિં ગુણં તુ સવ્વધણં ॥૧૨૧॥**

દેવલોકના ક્રમશઃ પહેલા અને છેલ્લા પ્રતરના વિમાનોની સંખ્યા ગણવી. તે મુખ અને ભૂમિ છે. તે બન્નેને ભેગા કરી તેનુ અર્ધ કરવુ. તેને પ્રતરથી ગુણવુ. તે સર્વધન છે. (૧૨૧)

**જહિં કપ્પે જાવઈઆ પયરા, આવલિયા તત્તિઆ તત્થ ।**
**એગદિસાએ તાસિં, તીહિં ભાગેહિં જં લદ્ધં ॥ ૧૨૨॥**
**તં મિલિઅં ઠાણતિગે, તંસે ચઉરંસવટ્ટએ કાઉં ।**
**તિવિભત્તેવિ અ સેસં, ચિંતસુ દુગઈક્કસુન્નાઈં ॥૧૨૩॥**
**જાવઈઆ તહિં ઈક્કા, તાવઈઆ તંસરાસિ પક્ખિવસુ ।**
**મીલિય દુગપિંડ દલં, તંસે ચઉરંસિ બીયદલં ॥૧૨૪॥**
**એવં એગદિસાએ, તંસ ય ચઉરંસવટ્ટસંખાઓ ।**
**વટ્ટેસુ ઈંદગાણિ ય, ખેવસુ સવ્વેસુ ચઉગુણિયં ॥૧૨૫॥**

જે દેવલોકમાં જેટલા પ્રતર હોય ત્યાં ચાર દિશામાં તેટલી આવલિકાઓ છે. એક દિશાના આવલિકાગત વિમાનોને ત્રણથી ભાગવા. જે મળે તે ભેગુ કરવુ. તે ત્રિકોણ, ચોરસ, ગોળવિમાનોરૂપ ત્રણ સ્થાનોમાં સ્થાપવુ. ત્રણથી ભાગ્યા પછી જે શેષ રહે તેમાં ૨, ૧, ૦ વિચારવા. તેમાં જેટલા ૧ હોય તેટલા ત્રિકોણવિમાનમાં ઉમેરવા. બધા ૨ ભેગા કરી તેનું અર્ધ ત્રિકોણવિમાનમાં ઉમેરવુ અને બીજુ અર્ધ ચોરસવિમાનમાં ઉમેરવુ. આમ એક દિશામાં ત્રિકોણ, ચોરસ, ગોળ વિમાનોની સંખ્યા આવે છે. ગોળમાં ઈન્દ્રક વિમાનો ઉમેરવા. સર્વેને ચારગુણા કરવા. (૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫)

**ઘણઉદહિપઈટ્ઠાણા, સુરભવણા દોસુ હુંતિ કપ્પેસુ ।**
**તિસુ વાઉપઈટ્ઠાણા, તદુભયસુ પઈટ્ઠિયા તીસુ ॥૧૨૬॥**

બે દેવલોકમાં વિમાનો ઘનોદધિ ઉપર પ્રતિષ્ઠિત છે. ત્રણ દેવલોકમાં વિમાનો વાયુ ઉપર પ્રતિષ્ઠિત છે. ત્રણ દેવલોકમાં વિમાનો તે બન્ને ઉપર પ્રતિષ્ઠિત છે. (૧૨૬)

**તેણ પરં ઉવરિમગા, આગાસંતરપઈટ્ઠિયા સવ્વે ।**
**એસ પઈટ્ઠાણવિહી, ઉડ્ઢં લોએ વિમાણાણં ॥૧૨૭॥**

ત્યારપછી ઉપરના દેવલોકના બધા વિમાનો આકાશના આંતરે પ્રતિષ્ઠિત છે. આ ઊર્ધ્વલોકમાં વિમાનોની પ્રતિષ્ઠાનવિધિ છે. (૧૨૭)

**પુઢવીણં બાહલ્લં, ઉચ્ચત્તં ચેવ તહ વિમાણાણં ।**
**વન્નો અ સુઆભિહિઓ, સોહમ્માઈસુ વિન્નેઓ ॥૧૨૮॥**

સૌધર્મ વગેરે દેવલોકમાં પૃથ્વીની જાડાઈ અને વિમાનોની ઉંચાઈ અને વર્ણ શ્રુતમાં કહેલ જાણવો. (૧૨૮)

**સત્તાવીસસયાઈ, આઈમકપ્પેસુ પુઢવિબાહલ્લં ।**
**ઈક્કિક્કહાણિ સેસે, દુ દુગે દુગે ય ચઉક્કે ય ॥૧૨૯॥**

પહેલા બે દેવલોકમાં પૃથ્વીની જાડાઈ ૨,૭૦૦ યોજન છે. શેષ ૨, ૨, ૨, ૪ દેવલોકમાં ૧૦૦-૧૦૦ યોજન ઓછા કરવા. (૧૨૯)

**પંચસયુચ્ચતેણં, આઈમકપ્પેસુ હુંતિ ઉ વિમાણા ।**
**ઈક્કિક્ક વુઢ્ઢિ સેસે, દુ દુગે ય દુગે ચઉક્કે ય ॥૧૩૦॥**

પહેલા બે દેવલોકમાં વિમાનો ૫૦૦ યોજન ઉંચા છે. શેષ ૨, ૨, ૨, ૪ દેવલોકમાં ૧૦૦-૧૦૦ યોજનની વૃદ્ધિ કરવી. (૧૩૦)

**ગેવિજ્જણુત્તરેસું એસો ઉ, કમો ઉ હાણિવુઢ્ઢીએ ।**
**ઈક્કિક્કમ્મિ વિમાણે, દુન્નિવિ મીલિયા ઉ બત્તીસં ॥૧૩૧॥**

ગ્રૈવેયક અને અનુત્તરમાં હાનિ-વૃદ્ધિનો આ જ ક્રમ છે. ૧-૧ વિમાનમાં બન્ને ભેગા કરવાથી ૩,૨૦૦ યોજન થાય. (૧૩૧)

**સોહમ્મિ પંચવણ્ણા, એક્કગહાણી ઉ જા સહસ્સારો ।**
**દો દો તુલ્લા કપ્પા, તેણ પરં પુંડરિયાણિ ॥૧૩૨॥**

સૌધર્મમાં વિમાનો પાંચવર્ણના છે. સહસ્રાર સુધી ૧-૧ વર્ણની હાની કરવી. બે બે દેવલોકમાં વિમાનો તુલ્ય છે. ત્યાર પછી વિમાનો સફેદ છે. (૧૩૨)

**ભવણવઈવાણમંતર - જોઈસિઆણં તુ હુંતિ ભવણાઈ ।**
**વણ્ણેણ વિચિત્તાઈ, પડાગઝયપંતિકલિયાઈ ॥૧૩૩॥**

ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષના ભવનો વર્ણથી વિચિત્ર અને પતાકા-ધ્વજની પંક્તિથી યુક્ત છે. (૧૩૩)

**જાવય ઉદેઈ સૂરો, જાવય સો અત્થમેઈ અવરેણં ।**
**તિયપણસત્તનવગુણં, કાઉં પત્તેય પત્તેયં ॥૧૩૪॥**

જેટલા ક્ષેત્રે સૂર્ય ઉગે છે અને પશ્ચિમમાં જેટલા ક્ષેત્રે તે આથમે છે તેને દરેકને ૩, ૫, ૭, ૯ ગણુ કરીને (વિમાનના વિસ્તાર વગેરે માપનાર દેવના પગલા જાણવા). (૧૩૪)

**સીયાલીસસહસ્સા, દો ય સયા જોયણાણ તેવટ્ઠા ।**
**ઈગવીસ સટ્ઠિભાગા, કક્કડમાઈમ્મિ પિચ્છ નરા ॥૧૩૫॥**

કર્કસંક્રાન્તિની આદિમાં મનુષ્યો ૪૭,૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યોજન દૂર રહેલ સૂર્યને જુવે છે. (૧૩૫)

**એયં દુગુણં કાઉં, ગુણિજ્જએ તિપંચસત્તનવએહિં ।**
**આગયફલં તુ જં તં, કમપરિમાણં વિયાણાહિ ॥૧૩૬॥**

આને બમણુ કરી ૩, ૫, ૭, ૯ થી ગુણાય. જે આવેલુ ફળ તે પગલાનું માપ જાણ. (૧૩૬)

**એઅં કમપરિમાણં, અહાઈ છમ્માસિયં તુ કાલસ્સ ।**
**આયામપરિહિવિત્થર, દેવગઈહિં મિણિજ્જાસુ ॥૧૩૭॥**

આ પગલાનું માપ છે. ૧ દિવસથી છ માસના કાળપરિમાણ સુધી દેવગતિથી લંબાઈ, પરિધિ, વિસ્તાર માપ. (૧૩૭)

**ચંડાએ વિક્ખંભો, ચવલાએ તહ ય હોઈ આયામો ।**
**અબ્ભિંતર જવણાએ, બાહિરપરિહી ય વેગાએ ॥૧૩૮॥**

ચંડાથી પહોળાઈ, ચપલાથી લંબાઈ, જવનાથી અંદરની પરિધિ અને વેગાથી બાહ્ય પરિધિ (મપાય). (૧૩૮)

**ચત્તારિ વિ સકમેહિં, ચંડાઈગઈહિં જંતિ છમ્માસં ।**
**તહવિ નવિ જંતિ પારં, કેસિં ચ સુરા વિમાણાણં ॥૧૩૯॥**

ચારે ય દેવો પોતાના પગલા વડે ચંડા વગેરે ગતિથી છ મહિના સુધી જાય છે. છતા પણ કેટલાક વિમાનોના પારને નથી પામતા. (૧૩૯)

**અહવા તિગુણાઈએ, પત્તેયં ચંડમાઈ ચઉભાગે ।**
**આઈમપંચમગેવિજ્જગેસુ, તહણુત્તરચઉક્કે ॥૧૪૦॥**

અથવા ત્રણ ગુણ વગેરે ચંડાદિ દરેક ગતિથી પહેલા ૪ દેવલોક, ૫ થી ૧૨ દેવલોક, ગ્રૈવેયક અને ૪ અનુત્તરરૂપ ચાર ભાગોમાં (સ્થાનોમાં) વિમાનોની લંબાઈ વગેરે માપવી. (૧૪૦)

**ચંડા ચવલા જવણા, વેગા ય ગઈઉ હુંતિ ચત્તારિ ।**
**જયણયરિં પુણ અન્ને, ગઈં ચઉત્થિં ભણંતી ઉ ॥૧૪૧॥**

ચંડા, ચપલા, જવના, વેગા - ચાર ગતિ છે. બીજાઓ ચોથી ગતિને જવનતરી કહે છે. (૧૪૧)

**પઢમિત્થગઈ ચંડા, બિઈયા ચવલા તઈય તહ જવણા ।**
**જયણયરી ય ચઉત્થી, વિમાણમાણં ન તે પત્તા ॥૧૪૨॥**

અહીં પહેલી ગતિ ચંડા છે, બીજી ચપલા છે, ત્રીજી જવના છે, ચોથી જવનતરી છે. તે દેવો વિમાનના પ્રમાણને ન પામ્યા. (૧૪૨)

**ભવણવણજોઈસોહમ્મીસાણે, સત્ત હુંતિ રયણીઓ ।**
**ઈક્કિક્કહાણિ સેસે, દુ દુગે ય દુગે ચઉક્કે ય ॥૧૪૩॥**

ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાનમાં ૭ હાથ અવગાહના છે. શેષ ૨, ૨, ૨, ૪ દેવલોકમાં ૧-૧ હાથની હાની કરવી. (૧૪૩)

**ગેવિજ્જેસું દોન્નિ ય, ઈક્કા રયણી અણુત્તરેસું ચ ।**
**ભવધારણિજ્જ એસા, ઉક્કોસા હોઈ નાયવ્વા ॥૧૪૪॥**

ગ્રૈવેયકમાં ૨ હાથ, અનુત્તરમાં ૧ હાથ છે. આ ભવધારણીયની ઉત્કૃષ્ટ અવગાહના જાણવી. (૧૪૪)

**સોહમ્મીસાણદુગે, ઉવરિં દુગ દુગ દુગે ચઉક્કે ય ।**
**નવગે પણગે ય કમા, ઉક્કોસા ઠિઈ ઈમા હોઈ ॥૧૪૫॥**
**દો અયર સત્ત ચઉદસ, અટ્ઠારસ ચેવ તહ ય બાવીસા ।**
**ઈગતીસા તિત્તીસા, સત્તસુ ઠાણેસુ તાસિં તુ ॥૧૪૬॥**
**વિવરે ઈક્કિક્કૂણે, ઈક્કારસગાઉ પાડિએ સેસા ।**
**રયણિક્કારસભાગા, એગુત્તરવુઢ્ઢિયા ચયસુ ॥૧૪૭॥**

સૌધર્મ-ઈશાન બેમાં, ઉપર ૨-૨-૨-૪-૯-૫ દેવલોકમાં ક્રમશઃ આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે - ૨ સાગરોપમ, ૭ સાગરોપમ, ૧૪ સાગરોપમ, ૧૮ સાગરોપમ, ૨૨ સાગરોપમ, ૩૧ સાગરોપમ, ૩૩ સાગરોપમ. સાત સ્થાનોમાં તે સ્થિતિના વિશ્લેષને ૧ ઓછો કરી ૧ હાથના ૧૧ ભાગમાંથી ઓછો કરવો. શેષ ૧ હાથના ૧૧ ભાગ એકોત્તર વૃદ્ધિવાળા થયેલા પૂર્વના દેવલોકના શરીરપ્રમાણમાંથી ઓછા કરવા. (૧૪૫, ૧૪૬, ૧૪૭)

**સવ્વેસુક્કોસા જોઅણાણ, વેઉવ્વિયા સયસહસ્સં ।**
**ગેવિજ્જણુત્તરેસું, ઉત્તરવેઉવ્વિયા નત્થિ ॥૧૪૮॥**

બધા દેવલોકમાં ઉત્તરવૈક્રિય શરીર ૧ લાખ યોજન પ્રમાણ છે. ગ્રૈવેયક-અનુત્તરમાં ઉત્તરવૈક્રિયશરીર નથી. (૧૪૮)

**અંગુલ અસંખભાગો, જહન્ન ભવધારણિજ્જ આરંભે ।**
**સંખિજ્જો અવગાહણ, ઉત્તરવેઉવ્વિયા સા વિ ॥૧૪૯॥**

ભવધારણીય શરીર શરુમાં જઘન્યથી અંગુલના અસંખ્યાતમા ભાગનું છે. ઉત્તરવૈક્રિયશરીર જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગનું છે. (૧૪૯)

**ભવણવણજોઈસોહમ્મીસાણે, ચઉવીસઈયં મુહુત્તા ।**
**ઉક્કોસવિરહકાલો, પંચસુ વિ જહન્નઓ સમઓ ॥૧૫૦॥**

ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાનમાં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ ૨૪ મુહૂર્ત્ત છે. પાંચેમાં જઘન્યથી ૧ સમય છે. (૧૫૦)

**નવદિણ વીસ મુહુત્તા, બારસ દસ ચેવ દિણમુહુત્તાઓ ।**
**બાવીસા અદ્ધં ચિય, પણયાલ અસીઈ દિવસસયં ॥૧૫૧॥**

૯ દિવસ ૨૦ મુહૂર્ત્ત, ૧૨ દિવસ ૧૦ મુહૂર્ત્ત, ૨૨ ૧/૨ દિવસ, ૪૫ દિવસ, ૮૦ દિવસ, ૧૦૦ દિવસ (ક્રમશઃ સહસ્રાર સુધી ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ છે.) (૧૫૧)

**સંખિજ્જા માસા આણયપાણએસુ, તહ આરણચ્ચુએ વાસા ।**
**સંખિજ્જા વિન્નેયા, ગેવિજ્જેસું અઓ વુચ્છં ॥૧૫૨॥**

આનત-પ્રાણતમાં સંખ્યાતા માસ, આરણ-અચ્યુતમાં સંખ્યાતા વર્ષ જાણવા. હવે ગ્રૈવેયકમાં કહીશ. (૧૫૨)

**હિટ્ઠિમ વાસસયાઈ, મજ્ઝિમે સહસ્સ ઉવરિમે લક્ખા ।**
**સંખિજ્જા વિન્નેયા, જહાસંખેણ તીસું પિ ॥૧૫૩॥**

નીચેના ગ્રૈવેયકમાં સંખ્યાતા સો વર્ષ, મધ્યમ ગ્રૈવેયકમાં સંખ્યાતા હજાર વર્ષ, ઉપરના ગ્રૈવેયકમાં સંખ્યાતા લાખ વર્ષ ક્રમશઃ ત્રણેમાં જાણવું. (૧૫૩)

**પલિયા અસંખભાગો, ઉક્કોસો હોઈ વિરહકાલો ઉ ।**
**વિજયાઈસુ નિદ્દિટ્ઠો, સવ્વેસુ જહન્નઓ સમઓ ॥૧૫૪॥**

વિજયાદિમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ ઉપપાત વિરહકાળ કહ્યો છે. બધામાં જઘન્યથી ૧ સમય છે. (૧૫૪)

**ઉવવાયવિરહકાલો, ઈય એસો વણ્ણિઓ અ દેવેસું ।**
**ઉવ્વટ્ટણાવિ એવં, સવ્વેસિં હોઈ વિણ્ણેયા ॥૧૫૫॥**

આ પ્રમાણે આ દેવોમાં ઉપપાતવિરહકાળ કહ્યો. બધાની ઉદ્વર્તના (ચ્યવન) પણ આ પ્રમાણે જાણવી. (૧૫૫)

**એક્કો વ દો વ તિન્નિ વ, સંખમસંખા વ એગસમએણં ।**
**ઉવવજ્જંતેવઈયા, ઉવ્વટ્ટંતા વિ એમેવ ॥૧૫૬॥**

૧ કે ૨ કે ૩ કે સંખ્યાતા કે અસંખ્યાતા-૧ સમયમાં આટલા ઉત્પન્ન થાય છે. ઉદ્વર્તન પણ આ પ્રમાણે જ છે. (૧૫૬)

**પરિણામવિસુદ્ધિએ, દેવાઉયકમ્મબંધજોગએ ।**
**પંચિંદિયા ઉ ગચ્છે, નરતિરિયા સેસ પડિસેહો ॥૧૫૭॥**

દેવાયુષ્ય કર્મ બાંધવા યોગ્ય પરિણામવિશુદ્ધિથી પંચેન્દ્રિય મનુષ્ય-તિર્યંચ દેવમાં જાય, બીજા નહી. (૧૫૭)

**નરતિરિઅસંખજીવી, જોઈસવજ્જેસુ જંતિ દેવેસુ ।**
**નિયઆઉયસમહીણા-ઉએસુ ઈસાણઅંતેસુ ॥૧૫૮॥**

અસંખ્યવર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ (અંતરદ્વીપના મનુષ્યો અને ખેચરો) પોતાના આયુષ્યની સમાન કે હીન આયુષ્યવાળા જ્યોતિષ (અને વૈમાનિક) સિવાયના (દેવોમાં જાય. અસંખ્ય વર્ષના આયુષ્યવાળા શેષ મનુષ્ય-તિર્યંચ) ઈશાન સુધીના દેવોમાં જાય. (૧૫૮)

**સમ્મુચ્છિમતિરિયા ઉણ, ભવણાહિવવંતરેસુ ગચ્છંતિ ।**
**જં તેસિં ઉવવાઓ, પલિયાસંખિજ્જઆઉસુ ॥૧૫૯॥**

સંમૂર્ચ્છિમ તિર્યંચ ભવનપતિ, વ્યન્તરમાં જાય છે, કેમકે તેમની ઉત્પત્તિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળામાં થાય છે. (૧૫૯)

**બાલતવે પડિબદ્ધા, ઉક્કડરોસા તવેણ ગારવિયા ।**
**વેરેણ ય પડિબદ્ધા, મરિઉં અસુરેસુ ઉવવાઓ ॥૧૬૦॥**

બાલતપમાં આસક્ત, ઉત્કટ ગુસ્સાવાળા, તપના ગૌરવવાળા, વૈરથી બંધાયેલા જીવો મરીને અસુરોમાં ઉત્પન્ન થાય છે. (૧૬૦)

**રજ્જુગ્ગહણે વિસભક્ખણે ય, જલણે ય જલપવેસે ય ।**
**તણ્હા છુહા કિલંતા, મરિઊણ હવંતિ વંતરિયા ॥૧૬૧॥**

ગળે ફાંસો ખાવાથી, વિષભક્ષણ કરવાથી, અગ્નિમાં પ્રવેશ કરવાથી, જલમાં પ્રવેશ કરવાથી, ભૂખ-તરસથી પીડાયેલા મરીને વ્યન્તર થાય છે. (૧૬૧)

**રજ્જુગ્ગહણે વિસભક્ખણે ય, જલણે ય ગિરિસિરાવડણે ।**
**મરિઊણ વંતરાતો, હવિજ્જ જઈ સોહણં ચિત્તં ॥૧૬૨॥**

ગળે ફાંસો ખાવામાં, વિષભક્ષણમાં, અગ્નિપ્રવેશમાં, પર્વતના શિખરથી પડવામાં જો શુભ ચિત્ત હોય તો મરીને વ્યન્તર થાય. (૧૬૨)

**ઉવવાઓ તાવસાણં, ઉક્કોસેણં તુ જાવ જોઈસિયા ।**
**જાવંતિ બંભલોગો, ચરગપરિવ્વાયઉવવાઓ ॥૧૬૩॥**

તાપસોની ઉત્પત્તિ ઉત્કૃષ્ટથી જ્યોતિષ સુધી છે. ચરક-પરિવ્રાજકની ઉત્પત્તિ ઉત્કૃષ્ટથી બ્રહ્મલોક સુધી છે. (૧૬૩)

**પંચિંદિયતિરિયાણં, ઉવવાઓક્કોસઓ સહસ્સારે ।**
**ઉવવાઓ સાવગાણં, ઉક્કોસેણચ્ચુઓ જાવ ॥૧૬૪॥**

પંચેન્દ્રિય તિર્યંચની ઉત્પત્તિ ઉત્કૃષ્ટથી સહસ્રાર સુધી છે. શ્રાવકોની ઉત્પત્તિ ઉત્કૃષ્ટથી અચ્યુત સુધી છે. (૧૬૪)

**જે દંસણવાવન્ના, લિંગગ્ગહણં કરિંતિ સામન્ને ।**
**તેસિં પિ ય ઉવવાઓ, ઉક્કોસો જાવ ગેવિજ્જે ॥૧૬૫॥**

સાધુપણામાં જે સમ્યક્ત્વથી પતિત છે અને લિંગનું ગ્રહણ કરે છે તેમની પણ ઉત્પત્તિ ઉત્કૃષ્ટથી ગ્રૈવેયક સુધી છે. (૧૬૫)

**ઉવવાઓ એએસિં, ઉક્કોસો હોઈ જાવ ગેવિજ્જે ।**
**ઉક્કોસેણ તવેણં, નિયમા નિગ્ગંથરૂવેણં ॥૧૬૬॥**

નિયમા નિર્ગ્રન્થરૂપવડે ઉત્કૃષ્ટ તપથી આમની ઉત્કૃષ્ટથી ઉત્પત્તિ ગ્રૈવેયક સુધી છે. (૧૬૬)

**પયમક્ખરં પિ ઈક્કં, જો ન રોએઈ સુત્તનિદિટ્ઠં ।**
**સેસં રોયંતો વિ હુ, મિચ્છદિટ્ઠી મુણેયવ્વો ॥૧૬૭॥**

સૂત્રમાં કહેલ એક પદ કે અક્ષર પણ જેને ન રુચે તે બીજુ રુચવા છતા મિથ્યાદષ્ટિ જાણવો. (૧૬૭)

**સુત્તં ગણહરરઈયં, તહેવ પત્તેયબુદ્ધરઈયં ચ ।**
**સુયકેવલિણા રઈયં, અભિન્નદસપુવ્વિણા રઈયં ॥૧૬૮॥**

ગણધરરચિત, પ્રત્યેકબુદ્ધરચિત, શ્રુતકેવલીથી રચિત, સંપૂર્ણ દશપૂર્વીથી રચિત તે સૂત્ર છે. (૧૬૮)

**ઉવવાઓ લંતગમ્મિ ઉ, ચઉદસપુવ્વિસ્સ હોઈ ઉ જહન્નો ।**
**ઉક્કોસો સવ્વટ્ઠે, સિદ્ધિગમો વા અકમ્મસ્સ ॥૧૬૯॥**

ચૌદ પૂર્વીની ઉત્પત્તિ જઘન્યથી લાંતકમાં થાય છે, ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધમાં કે કર્મરહિતનું મોક્ષમાં ગમન થાય છે. (૧૬૯)

**છઉમત્થસંજયાણં, ઉવવાઓક્કોસઓ ઉ સવ્વટ્ઠે ।**
**ભવણવણજોઈસવેમાણિયાણ, એસો કમો ભણિઓ ॥૧૭૦॥**

છદ્મસ્થ સંયતોની ઉત્પત્તિ ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધમાં થાય છે. ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ, વૈમાનિકમાં આ ક્રમ કહ્યો. (૧૭૦)

**અવિરાહિયસામણસ્સ, સાહુણો સાવગસ્સ ય જહન્નો ।**
***સોહમ્મે ઉવવાઓ, ભણિઓ તેલુક્કદંસીહિં ॥૧૭૧॥***

અવિરાધિતશ્રામણ્યવાળા સાધુ અને શ્રાવકની જઘન્યથી ઉત્પત્તિ સૌધર્મમાં ત્રણ લોકને જોનારા તીર્થંકરોએ કહી છે. (૧૭૧)

**સેસાણ તાવસાઈણ, જહન્નો વંતરેસુ ઉવવાઓ ।**
**ભણિઓ જિણેહિં સો પુણ, નિયકિરિયટ્ઠિઆણ વિન્નેઓ ॥૧૭૨॥**

શેષ તાપસ વગેરેની ઉત્પત્તિ જઘન્યથી વ્યન્તરોમાં જિનેશ્વરોએ કહી છે. તે પોતાની ક્રિયામાં રહેલાની જાણવી. (૧૭૨)

**વજ્જરિસહનારાયં, પઢમં બીયં ચ રિસભનારાયં ।**
**નારાયમદ્ધનારાયં, કીલિઆ તહ ય છેવટ્ઠં ॥૧૭૩॥**

પહેલુ વજ્રઋષભનારાચ, બીજુ ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને સેવાર્ત- (આ સંઘયણ છે.) (૧૭૩)

**રિસહો અ હોઈ પટ્ટો, વજ્જં પુણ કીલિયા મુણેયવ્વા ।**
**ઉભઓ મક્કડબંધં, નારાયં તં વિયાણાહિ ॥૧૭૪॥**

ઋષભ એટલે પટ્ટ, વજ્ર એટલે ખીલી જાણવી, બન્ને બાજુ મર્કટબંધ તે નારાચ જાણ. (૧૭૪)

**સમચઉરંસે નિગ્ગોહમંડલે, સાઈ વામણે ખુજ્જે ।**
**હુંડે વિ ય સંઠાણા, જીવાણં ઉ મુણેયવ્વા ॥૧૭૫॥**

સમચતુરસ્ર, ન્યગ્રોધમંડલ, સાદિ, વામન, કુબ્જ, હુંડક - આ જીવોના સંસ્થાન જાણવા. (૧૭૫)

**તુલ્લં વિત્થડબહુલં, ઉસ્સેહબહું ચ મડહકોટ્ઠં ચ ।**
**હેટ્ઠિલ્લકાયમડહં, સવ્વત્થાસંઠિયં હુંડં ॥૧૭૬॥**

સંસ્થાનો ક્રમશઃ તુલ્ય, ઘણા વિસ્તારવાળુ, ઘણી ઉંચાઈવાળુ, ન્યૂનાધિક કોષ્ઠવાળુ, નીચેની કાયાના પ્રમાણ વિનાનુ છે. સર્વત્ર અસંસ્થિત હુંડક છે. (૧૭૬)

**સમચઉરંસં નિગ્ગોહ સાઈ, ખુજ્જા ય વામણા હુંડા ।**
**પંચિંદયતિરિયનરા, સુરા સમા હુંડયા સેસા ॥૧૭૭॥**

સમચતુરસ્ત્ર, ન્યગ્રોધ, સાદિ, કુબ્જ, વામન, હુંડક - ૬ સંસ્થાન પંચેન્દ્રિય તિર્યંચ - મનુષ્ય ને હોય. દેવોને સમચતુરસ્ત્ર સંસ્થાન હોય. શેષને હુંડક સંસ્થાન હોય. (૧૭૭)

**નરતિરિઆણં છપ્પિય, હવંતિ વિગલેંદિયાણ છેવટ્ઠં ।**
**સુરનેરઈયા એગિંદિયા ય, સવ્વે અસંઘયણી ॥૧૭૮॥**

મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચને છયે સંઘયણ હોય, વિકલેન્દ્રિયને સેવાર્ત સંઘયણ હોય, દેવ-નારકી-એકેન્દ્રિય બધા સંઘયણ વિનાના છે. (૧૭૮)

**છેવટ્ઠેણ ઉ ગમ્મઈ, ચત્તારિ ય જાવ આઈમા કપ્પા ।**
**વઢ્ઢિજ્જ કપ્પજુઅલં, સંઘયણે કીલિયાઈએ ॥૧૭૯॥**

સેવાર્ત સંઘયણથી પહેલા ચાર દેવલોક સુધી જવાય. કીલિકા વગૈરે સંઘયણમાં દેવલોકનું યુગલ વધારવુ. (૧૭૯)

**પુઢવીઆઉવણસ્સઈ-ગબ્ભે પજ્જત્તસંખજીવીસુ ।**
**સગ્ગચુઆણં વાસો, સેસા પડિસેહિયા ઠાણા ॥૧૮૦॥**

સ્વર્ગથી ચ્યવેલાનો વાસ પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, સંખ્યાત વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજમાં થાય. શેષ સ્થાનોમાં ન થાય. (૧૮૦)

**દો કાયપ્પવિયારા કપ્પા, ફરિસેણ દોન્નિ દો રૂવે ।**
**સદ્દે દો ચઉર મણે, ઉવરિં પવિયારણા નત્થિ ॥૧૮૧॥**

*બે દેવલોકમાં દેવો કાયાથી મૈથુન સેવનારા છે. બેમાં સ્પર્શથી,* બેમાં રૂપથી, બેમાં શબ્દથી, ચારમાં મનથી મૈથુન સેવનારા છે. ઉપર મૈથુનનું સેવન નથી. (૧૮૧)

**તત્તો પરં તુ દેવા, બોધવ્વા હુંતિ અપ્પવિયારા ।**
**સપ્પવિયારઠિઈણં, અણંતગુણસોક્ખસંજુત્તા ॥૧૮૨॥**

ત્યાર પછી દેવો અપ્રવિચારી (મૈથુન નહીં સેવનારા) હોય છે એમ જાણવુ. તેઓ સપ્રવિચારસ્થિતિવાળા (મૈથુન સેવનારા) દેવો કરતા અનંતગુણસુખવાળા છે. (૧૮૨)

**જં ચ કામસુહં લોએ, જં ચ દિવ્વં મહાસુહં ।**
**વીયરાયસુહસ્સેઅં, ણંતભાગં પિ નગ્ઘઈ ॥૧૮૩॥**

લોકમાં જે કામસુખ છે અને જે દિવ્ય મહાસુખ છે એ વીતરાગના સુખના અનંતમા ભાગને પણ યોગ્ય નથી. (૧૮૩)

**આઈસાણા કપ્પે, ઉવવાઓ હોઈ દેવદેવીણં ।**
**તત્તો પરં તુ નિયમા, દેવીણં નત્થિ ઉવવાઓ ॥૧૮૪॥**

ઈશાન સુધીના દેવલોકમાં દેવ-દેવીની ઉત્પત્તિ હોય છે. ત્યાર પછી નિયમા દેવીઓની ઉત્પત્તિ નથી. (૧૮૪)

**આરેણ અચ્ચુઆઓ, ગમણાગમણં તુ દેવદેવીણં ।**
**તત્તો પરં તુ નિયમા, ઉભએસિં નત્થિ તં કહવિ ॥૧૮૫॥**

અચ્યુત સુધી દેવ-દેવીનું ગમનાગમન થાય. ત્યારપછી કોઈ પણ રીતે બન્નેનું ગમનાગમન નથી. (૧૮૫)

**તિન્નિ પલિયા તિસારા, તેરસ સારા ય કિવ્વિસા ભણિયા ।**
**સોહમ્મીસાણ-સણંકુમારલંતસ્સ હિટ્ઠાઓ ॥૧૮૬॥**

સૌધર્મ-ઈશાન, સનત્કુમાર, લાંતકની નીચે ૩ પલ્યોપમ, ૩ સાગરોપમ, ૧૩ સાગરોપમવાળા કિલ્બિષિયા દેવો કહ્યા છે. (૧૮૬)

**કપ્પેસુ આભિયોગા, દેવા ઉવરિં ન આરણચ્ચુયઓ ।**
**લંતગઉવરિં નિયમા, ન હુંતિ દેવા ઉ કિવ્વિસિયા ॥૧૮૭॥**

દેવલોકોમાં આરણ-અચ્યુતથી ઉપર આભિયોગિક દેવો નથી. લાંતકની ઉપર કિલ્બિષિયા દેવો નથી. (૧૮૭)

**સોહમ્મિ વિમાણાણં, છચ્ચેવ હવંતિ સયસહસ્સાઈ ।**
**ચત્તારિ ય ઈસાણે, અપરિગ્ગહિઆણ દેવીણં ॥૧૮૮॥**

અપરિગૃહીતા દેવીના સૌધર્મમાં ૬ લાખ વિમાન છે, ઈશાનમાં ૪ લાખ વિમાન છે. (૧૮૮)

**પલિઓવમાઈ સમયાહિઆ, ઠિઈ જાસિં દસ પલિયા ।**
**સોહમ્મગદેવીઓ, તાઓ ઉ સણંકુમારાણં ॥૧૮૯॥**

જેમની સ્થિતિ સમયાધિક પલ્યોપમથી ૧૦ પલ્યોપમ સુધીની છે તે સૌધર્મની અપરિગૃહીતા દેવીઓ સનત્કુમારદેવોના ઉપભોગ યોગ્ય છે. (૧૮૯)

**એએણ કમેણ ભવે, સમયાહિય દસગપલિઅવુઢ્ઢિએ ।**
**બંભમહાસુક્કાણય-આરણદેવાણં પન્નાસા ॥૧૯૦॥**

એ ક્રમે સમયાધિકથી ૧૦ પલ્યોપમ સુધીની વૃદ્ધિથી સૌધર્મની અપરિગૃહીતા દેવીઓ ક્રમશઃ બ્રહ્મલોક, મહાશુક્ર, આનત, આરણ દેવોને ઉપભોગયોગ્ય છે. યાવત્ ૫૦ પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ આરણ દેવોને યોગ્ય છે. (૧૯૦)

**સાહિઅપલિયા સમયાહિઆ, ઠિઈ જાસિ જાવ પન્નરસ ।**
**ઈસાણગદેવીઓ, તાઓ માહિંદદેવાણં ॥૧૯૧॥**

જેમની સ્થિતિ સમયાધિક સાધિક પલ્યોપમથી ૧૫ પલ્યોપમ સુધીની છે તે ઈશાનની અપરિગૃહીતા દેવીઓ માહેન્દ્રદેવોના ઉપભોગયોગ્ય છે. (૧૯૧)

**એએણ કમેણ ભવે, સમયાહિય દસગપલિયવુઢ્ઢિએ ।**
**લંત-સહસાર-પાણય-અચ્ચુઅદેવાણ પણપન્ના ॥૧૯૨॥**

એ ક્રમે સમયાધિકથી ૧૦ પલ્યોપમ સુધીની વૃદ્ધિથી ઈશાનની અપરિગૃહીતા દેવીઓ ક્રમશઃ લાંતક, સહસ્રાર, પ્રાણત, અચ્યુત

દેવોના ઉપભોગયોગ્ય છે. યાવત્ ૫૫ પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ અચ્યુત દેવોને યોગ્ય છે. (૧૯૨)

**કિણ્હા નીલા કાઊ,તેઊ લેસા ય ભવણવંતરિયા ।**
**જોઈસસોહમ્મીસાણ, તેઉલેસા મુણેયવ્વા ॥૧૯૩॥**

ભવનપતિ-વ્યન્તરને કૃષ્ણ, નીલ, કાપોત, તેજો લેશ્યા હોય. જ્યોતિષ, સૌધર્મ, ઈશાન દેવોને તેજોલેશ્યા જાણવી. (૧૯૩)

**કપ્પે સણંકુમારે, માહિંદે ચેવ બંભલોએ ય ।**
**એએસુ પમ્હલેસા, તેણ પરં સુક્કલેસાઓ ॥૧૯૪॥**

સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક આ દેવલોકોમાં પદ્મલેશ્યા છે. ત્યારપછી શુક્લલેશ્યા છે. (૧૯૪)

**કણગત્તયરત્તાભા, સુરવસભા દોસુ હોંતિ કપ્પેસુ ।**
**તિસુ હોંતિ પમ્હગોરા, તેણ પરં સુક્કિલા દેવા ॥૧૯૫॥**

બે દેવલોકમાં સોનાની ત્વચા જેવી લાલ છાયાવાળા દેવો છે. ત્રણમાં કમળની કેસરા જેવા સફેદ દેવો છે. ત્યાર પછી સફેદ દેવો છે. (૧૯૫)

**દસવાસસહસ્સાઈ, જહન્નમાઉં ધરંતિ જે દેવા ।**
**તેસિ ચઉત્થાહારો, સત્તહિ થોવેહિ ઊસાસો ॥૧૯૬॥**

જે દેવો ૧૦,૦૦૦ વર્ષનું જઘન્ય આયુષ્ય ધારણ કરે છે તેઓ અહોરાત્ર પછી આહાર કરે છે અને ૭ સ્તોક પછી ઉચ્છ્વાસ લે છે. (૧૯૬)

**સરિરેણોયાહારો, તયા ય ફાસે ય લોમઆહારો ।**
**પક્ખેવાહારો પુણ, કાવલિઓ હોઈ નાયવ્વો ॥૧૯૭॥**

શરીરથી ઓજાહાર થાય. ત્વચાના સ્પર્શથી લોમાહાર થાય. પ્રક્ષેપાહાર કોળિયારૂપ જાણવો. (૧૯૭)

**ઓયાહારા જીવા, સવ્વે અપજત્તગા મુણેયવ્વા ।**
**પજ્જત્તગા ય લોમે, પક્ખેવે હોંતિ ભઈયવ્વા ॥૧૯૮॥**

બધા અપર્યાપ્ત જીવો ઓજાહારી હોય છે. પર્યાપ્ત જીવોમાં લોમાહાર અને પ્રક્ષેપાહારની ભજના કરવાની હોય છે. (૧૯૮)

**એગિંદિયદેવાણં, નેરઈયાણં ચ નત્થિ પક્ખેવો ।**
**સેસાણં જીવાણં, સંસારત્થાણ પક્ખેવો ॥૧૯૯॥**

એકેન્દ્રિય, દેવ, નારકીને પ્રક્ષેપાહાર ન હોય. સંસારમાં રહેલા શેષ જીવોને પ્રક્ષેપાહાર હોય છે. (૧૯૯)

**લોમાહારા એગિંદિયા ય, નેરઈઅ સુરગણા ચેવ ।**
**સેસાણં આહારો, લોમે પક્ખેવઓ ચેવ ॥૨૦૦॥**

એકેન્દ્રિય, નારકી, દેવો લોમાહારી છે. શેષ જીવોનો આહાર લોમથી અને પ્રક્ષેપથી છે. (૨૦૦)

**ઓયાહારા મણભક્ખિણો ય, સવ્વે વિ સુરગણા હોંતિ ।**
**સેસા હવંતિ જીવા, લોમાહારા મુણેયવ્વા ॥૨૦૧॥**

બધા દેવો ઓજાહારી અને મનોભક્ષી છે. શેષ જીવો લોમાહારી છે એમ જાણવું. (૨૦૧)

**અપજ્જત્તાણ સુરાણ-મણાભોગનિવત્તિઓ ઉ આહારો ।**
**પજ્જત્તાણં મણભક્ખણેણ, આભોગનિમ્માઓ ॥૨૦૨॥**

અપર્યાપ્તા દેવોને અનાભોગથી થયેલ આહાર હોય. પર્યાપ્તા દેવોને મનોભક્ષણવડે આભોગથી થયેલ આહાર હોય. (૨૦૨)

**સચ્ચિત્તાચિત્તોભયરૂવો, આહાર સવ્વતિરિયાણં ।**
**સવ્વનરાણં ચ તહા, સુરનેરઈઆણ અચ્ચિત્તો ॥૨૦૩॥**

બધા તિર્યંચ અને બધા મનુષ્યનો સચિત્ત, અચિત્ત, ઉભયરૂપ આહાર છે. દેવ-નારકીને અચિત્ત આહાર છે. (૨૦૩)

**આભોગાણાભોગા, સવ્વેસિં હોઈ લોમ આહારો ।**
**નેરઈયાણડમણુન્નો, પરિણમઈ સુરાણ સુમણુન્નો ॥૨૦૪॥**

લોમાહાર બધાને આભોગથી-અનાભોગથી હોય છે, તે નારકીઓને અશુભરૂપે પરિણમે છે અને દેવોને શુભરૂપે પરિણમે છે. (૨૦૪)

**ઈગવિગલિંદિયનારય - જીવાણંતોમુહુત્તમુક્કોસો ।**
**પંચિંદિયતિરિયાણં, છટ્ઠઉ મણુઆણ અટ્ઠમઓ ॥૨૦૫॥**

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, નારકજીવોને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તે, પંચેન્દ્રિય તિર્યંચોને છટ્ઠે, મનુષ્યોને અટ્ઠમે આહાર હોય છે. (૨૦૫)

**આહારો દેવાણં, સાયરમજ્ઝમ્મિ દિણપુહુત્તંતો ।**
**સાયરસંખાએ પુણ, વાસસહસ્સેહિ ભણિઓ અ ॥૨૦૬॥**

સાગરોપમની અંદરના આયુષ્યવાળા દેવોને દિવસપૃથક્ત્વની અંદર આહાર હોય. સાગરોપમની સંખ્યા પ્રમાણે હજાર વર્ષે આહાર કહ્યો છે. (૨૦૬)

**હટ્ઠસ્સ અણવગલ્લસ્સ, નિરુવકિટ્ઠસ્સ જંતુણો ।**
**એગે ઊસાસનીસાસે, એસ પાણુત્તિ વુચ્ચઈ ॥૨૦૭॥**

હૃષ્ટ, નીરોગી, ક્લેશરહિત જીવનો ૧ શ્વાસોચ્છ્વાસ એ પ્રાણ કહેવાય છે. (૨૦૭)

**સત્ત પાણૂણિ સે થોવે, સત્ત થોવાણિ સે લવે ।**
**લવાણ સત્તહત્તરીએ, એસ મુહુત્તે વિઆહિએ ॥૨૦૮॥**

૭ પ્રાણ તે ૧ સ્તોક છે, ૭ સ્તોક તે લવ છે, ૭૭ લવ એ મુહૂર્ત કહ્યું છે. (૨૦૮)

**તિન્નિ સહસ્સા સત્ત ય, સયાઈ તેવત્તરિં ચ ઊસાસા ।**
**એસ મુહુત્તો ભણિઓ, સવ્વેહિં અણંતનાણીહિં ॥૨૦૯॥**

બધા અનંતજ્ઞાનીઓએ ૩,૭૭૩ ઉચ્છ્વાસનું એક મુહૂર્ત કહ્યું છે. (૨૦૯)

**એગં ચ સયસહસ્સં, ઊસાસાણં તુ તેરસ સહસ્સા ।**
**નઉઅસએણં અહિઆ, દિવસનિસિં હુંતિ વિન્નેયા ॥૨૧૦॥**

સાધિક ૧,૧૩,૧૯૦ ઉચ્છ્વાસ એ અહોરાત્ર જાણવુ. (૨૧૦)

**માસે વિ અ ઊસાસા, લક્ખા તેત્તીસ સહસ પણનઉઈ ।**
**સત્ત ય સયાઈ જાણસુ, કહિઆઈ પૂવ્વસૂરીહિં ॥૨૧૧॥**

પૂર્વેના સૂરિઓએ ૧ મહિનામાં ૩૩,૯૫,૭૦૦ ઉચ્છ્વાસ કહ્યા છે. (૨૧૧)

**ચત્તારિ ઉ કોડીઓ, લક્ખા સત્તેવ હોંતિ નાયવ્વા ।**
**અડયાલીસસહસ્સા, ચત્તારિ સયા હોંતિ વરિસાણ ॥૨૧૨॥**

૧ વર્ષના ઉચ્છ્વાસ ૪,૦૭,૪૮,૪૦૦ છે. (૨૧૨)

**ચત્તારિ ઉ કોડિસયા, કોડીઓ સત્ત લક્ખ અડયાલા ।**
**ચત્તાલીસસહસ્સા, વાસસએ હોંતિ ઊસાસા ॥૨૧૩॥**

૧૦૦ વર્ષના ઉચ્છ્વાસ ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ છે. (૨૧૩)

**જસ્સ જઈ સાગરાઈ, ઠિઈ તસ્સ તત્તિએહિં પક્ખેહિં ।**
**ઊસાસો દેવાણં, વાસસહસ્સેહિં આહારો ॥૨૧૪॥**

જેની જેટલા સાગરોપમની સ્થિતિ હોય તે દેવોનો તેટલા પખવાડીયે ઉચ્છ્વાસ અને તેટલા હજાર વરસે આહાર હોય. (૨૧૪)

**દસવાસસહસ્સાઈ, સમયાઈ જાવ સાગરં ઊણં ।**
**દિવસમુહુત્તપુહુત્તા, આહારૂસાસ સેસાણં ॥૨૧૫॥**

સમયાધિક ૧૦,૦૦૦ વર્ષથી ન્યૂન સાગરોપમ સુધીની સ્થિતિવાળા શેષ દેવોનો દિવસપૃથક્ત્વે આહાર અને મુહૂર્તપૃથક્ત્વે ઉચ્છ્વાસ હોય. (૨૧૫)

**કણગમિવ નિરુવલેવા, નિમ્મલગત્તા સુગંધિનિસ્સાસા ।**
**સવ્વંગભૂસણધરા, સમચઉરંસા ય સંઠાણા ॥૨૧૬॥**

દેવો સુવર્ણની જેમ ધૂળ-પસીનો વગેરેના ઉપલેપથી રહિત, નિર્મળ ગાત્રવાળા, સુગંધિ નિઃશ્વાસવાળા, બધા અંગે આભૂષણ ધારણ કરનારા, સમચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે. (૨૧૬)

**કેસનહમંસરોમે, ચમ્મવસારુહિરમુત્તપુરિસં વા ।**
**નેવટ્ઠી નેવ સિરા, દેવાણ સરીરસંઠાણે ॥૨૧૭॥**

દેવોના શરીરસંસ્થાનમાં કેશ નખ, માંસ, રોમ, ચર્મ, ચરબી, લોહી, મૂત્ર, વિષ્ટા, હાડકા, સ્નાયુ હોતા નથી. (૨૧૭)

**વન્નરસરૂવગંધે, ઉત્તમદવ્વં ગુણેહિ સંજુત્તં ।**
**ગિણ્હઈ દેવો બોંદિં, સુચરિયકમ્માણુભાવેણં ॥૨૧૮॥**

દેવો સુચરિત કર્મના પ્રભાવથી વર્ણ-રસ-રૂપ-ગન્ધમાં ઉત્તમ દ્રવ્યવાળા, ગુણોથી યુક્ત શરીરને ગ્રહણ કરે છે. (૨૧૮)

**પજ્જત્તીપજ્જત્તો, ભિન્નમુહુત્તેણ હોઈ નાયવ્વો ।**
**અણુસમયં પજ્જત્તિં, ગિણ્હઈ દિવ્વેણ રૂવેણં ॥૨૧૯॥**

દેવ અંતર્મુહૂર્તમાં (શરીર) પર્યાપ્તિથી પર્યાપ્ત થાય છે એમ સમજવું. સમયે-સમયે દિવ્યરૂપથી (આહારક, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન) પર્યાપ્તિને ગ્રહણ કરે છે. (૨૧૯)

**સક્કીસાણા પઢમં, દુચ્ચં ચ સણંકુમારમાહિંદા ।**
**તચ્ચં ચ બંભલંતગ, સુક્કસહસ્સાર ય ચઉત્થિ ॥૨૨૦॥**

**આણયપાણયકપ્પે, દેવા પાસંતિ પંચમિં પુઢવિં ।**
**તં ચેવ આરણચ્ચુય, ઓહીનાણેણ પાસંતિ ॥૨૨૧॥**
**છટ્ઠિં હિટ્ઠિમમજ્ઝિમગેવિજ્જા, સત્તમિં ચ ઉવરિલ્લા ।**
**સંભિન્નલોગનાલિં, પાસંતિ અણુત્તરા દેવા ॥૨૨૨॥**

સૌધર્મ-ઈશાનના દેવો પહેલી પૃથ્વીને, સનત્કુમાર-માહેન્દ્ર ના દેવો બીજી પૃથ્વીને, બ્રહ્મલોક-લાંતકના દેવો ત્રીજી પૃથ્વીને, મહાશુક્ર-સહસ્રાર દેવો ચોથી પૃથ્વીને, આનત-પ્રાણતદેવો પાંચમી પૃથ્વીને, આરણ-અચ્યુતદેવો તેને જ, નીચેના અને મધ્યમ ગ્રૈવેયકના દેવો છઠ્ઠી પૃથ્વીને, ઉપરના ગ્રૈવેયકના દેવો સાતમી પૃથ્વીને, અનુત્તરદેવો સંપૂર્ણ લોકનાલિને અવધિજ્ઞાનથી જુવે છે. (૨૨૦, ૨૨૧, ૨૨૨)

**એએસિમસંખેજ્જા, તિરિયં દીવા ય સાગરા ચેવ ।**
**બહુયયરં ઉવરિમગા, ઉડ્ઢં ચ સકપ્પથુભાઈ ॥૨૨૩॥**

આ દેવો તીર્છું અસંખ્ય દ્વીપ-સમુદ્રો સુધી જુવે, ઉપરના દેવો વધુ જુવે, ઉપર પોતાના દેવલોકના સ્તૂપ વગેરેને જુવે. (૨૨૩)

**સંખેજ્જજોયણા ખલુ, દેવાણં અદ્ધસાગરે ઉણે ।**
**તેણ પરમસંખેજ્જા, જહન્નયં પન્નવીસં તુ ॥૨૨૪॥**

ન્યૂન અર્ધ સાગરોપમ આયુષ્યવાળા દેવો સંખ્યાતા યોજન જુવે, ત્યાર પછીના દેવો અસંખ્ય યોજન જુવે. જઘન્ય આયુષ્યવાળા ૨૫ યોજન જુવે. (૨૨૪)

**નેરઈયભવણવણયર-જોઈસકપ્પાલયાણમોહિસ્સ ।**
**ગેવિજ્જણુત્તરાણ ય, હુંતાગારા જહાસંખં ॥૨૨૫॥**
**તપ્પાગારે પલ્લગ-પડહગ-ઝલ્લરિ-મુઈંગ-પુપ્ફ-જવે ।**
**તિરિઅમણુએસુ ઓહી, નાણાવિહસંઠિઓ ભણિઓ ॥૨૨૬॥**

નારકી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, ૧૨ દેવલોક, ગ્રૈવેયક, અનુત્તરના અવધિક્ષેત્રના આકાર ક્રમશઃ ત્રાપો, પ્યાલો, ઢોલ, ઝાલર, મૃદંગ, પુષ્પચંગેરી, જવનાલક (કંચુક સહિત ચણિયો) જેવા છે. તિર્યંચ - મનુષ્યમાં અવધિક્ષેત્ર વિવિધ સંસ્થાનવાળુ કહ્યુ છે. (૨૨૫, ૨૨૬)

**અણિમિસનયણા મણકજ્જસાહણા પુપ્ફદામમમિલાણા ।**
**ચઉરંગુલેણ ભૂમિં, ન છિવંતિ સુરા જિણા બિંતિ ॥૨૨૭॥**

જિનેશ્વરો કહે છે કે દેવો અનિમેષ નયનવાળા, મનથી કાર્ય સાધનારા, નહીં કરમાયેલી પુષ્પની માળાવાળા હોય છે અને ભૂમીને ચાર આંગળથી સ્પર્શતા નથી. (૨૨૭)

**જિણપંચસુ કલ્લાણેસુ ચેવ, મહરિસિતવાણુભાવાઓ ।**
**જમ્મંતરનેહેણ ય, આગચ્છન્તિ સુરા ઈહઈ ॥૨૨૮॥**

જિનેશ્વરોના પાંચ કલ્યાણકોમાં, મહર્ષિના તપના પ્રભાવથી અને અન્ય જન્મના સ્નેહથી દેવો અહીં આવે છે. (૨૨૮)

**અવયરણ-જમ્મ-નિક્ખમણ-નાણ-નિવ્વાણ-પંચકલ્લાણે ।**
**તિત્થયરાણં નિયમા, કરંતિ઼ડસેસેસુ ખિત્તેસુ ॥૨૨૯॥**

અવતરણ (ચ્યવન), જન્મ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ-તીર્થંકરોના આ પાંચ-કલ્યાણકો બધા ક્ષેત્રોમાં દેવો અવશ્ય કરે છે. (૨૨૯)

**સંકંતદિવ્વપેમા, વિસયપસત્તાડસમત્તકત્તવ્વા ।**
**અણહીણમણુઅકજ્જા, નરભવમસુહં ન ઈંતિ સુરા ॥૨૩૦॥**

જેમનામાં દિવ્ય પ્રેમ સંક્રાંત થયો છે એવા, વિષયોમાં આસક્ત, જેમના કાર્ય સમાપ્ત નથી થયા એવા, મનુષ્યને અનધીન કાર્યવાળા દેવો અશુભ એવા મનુષ્યભવમાં નથી આવતા. (૨૩૦)

**ચત્તારિ પંચ જોઅણસયાઈં, ગંધો ય મણુઅલોઅસ્સ ।**
**ઉડ્ઢં વચ્ચઈ જેણં, ન ઉ દેવા તેણ આવંતિ ॥ ૨૩૧ ॥**

જે કારણથી મનુષ્યલોકની ગંધ ૪૦૦ કે ૫૦૦ યોજન ઉપર જાય છે તેથી દેવો (અહીં) નથી આવતા. (૨૩૧)

**એવં દેવોગાહણં ભવણાઊ, વન્નિઆ સમાસેણં ।**
**ઠિઈ-પુઢવીઓગાહણ, નરએસુ અઓ પરં વુચ્છં ॥ ૨૩૨ ॥**

આમ દેવોની અવગાહના, ભવન, આયુષ્યનું સંક્ષેપથી વર્ણન કર્યું. હવે પછી નરકોમાં સ્થિતિ, પૃથ્વી, અવગાહના કહીશ. (૨૩૨)

**સાગરમેગં તિઅ સત્ત, દસ ય સત્તરસ તહ ય બાવીસા ।**
**તિત્તીસં ચેવ ઠિઈ, સત્તસુ પુઢવીસુ ઉક્કોસા ॥ ૨૩૩ ॥**

સાત પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨, ૩૩ સાગરોપમ છે. (૨૩૩)

**જા પઢમાએ જિટ્ઠા, સા બીઆએ કણિટ્ઠિઆ ભણિઆ ।**
**તરતમજોગો એસો, દસવાસસહસ્સ રયણાએ ॥ ૨૩૪ ॥**

જે પહેલી પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ તે બીજી પૃથ્વીની જઘન્ય સ્થિતિ કહી છે. આ તરતમયોગ (બધી પૃથ્વીમાં જાણવો). રત્નપ્રભાની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. (૨૩૪)

**દસનઉઈ ય સહસ્સા, પઢમે પયરમ્મિ ઠિઈ જહન્નિયરા ।**
**સા સયગુણિયા બિઈએ, તઈયમ્મિ પુણો ઈમા હોઈ ॥ ૨૩૫ ॥**

**નઉઈ લક્ખ જહન્ના, ઉક્કોસા પુવ્વકોડિ નિદ્દિટ્ઠા ।**
**આઈલ્લ પુવ્વકોડી, દસભાગો સાયરસ્સિયરા ॥ ૨૩૬ ॥**

**દસભાગો પંચમએ, દો દસભાગા ય હોઈ ઉક્કોસા ।**
**એગુત્તરવુડ્ઢિએ, દસેવ ભાગા ભવે જાવ ॥ ૨૩૭ ॥**

પહેલા પ્રતરમાં જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે અને ઉત્કૃષ્ટ

સ્થિતિ ૯૦,૦૦૦ વર્ષ છે. બીજા પ્રતરમાં તે ૧૦૦ ગુણી છે. ત્રીજા પ્રતરમાં આ છે- જઘન્ય ૯૦ લાખ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વક્રોડવર્ષ કહી છે. ચોથા પ્રતરમાં જઘન્ય પૂર્વક્રોડવર્ષ, ઉત્કૃષ્ટ $\frac{૧}{૧૦}$ સાગરોપમ છે. પાંચમા પ્રતરમાં જઘન્ય $\frac{૧}{૧૦}$ સાગરોપમ ઉત્કૃષ્ટ $\frac{૨}{૧૦}$ સાગરોપમ છે. આમ એકોત્તર વૃદ્ધિ ત્યાં સુધી જાણવી યાવત્ ૧૩મા પ્રતરમાં દસ ભાગ ($\frac{૧૦}{૧૦}$ સાગરોપમ) ઉત્કૃષ્ટ સ્થિતિ થાય. (૨૩૫, ૨૩૬, ૨૩૭)

**ઉવરિ ખિઈઠિઈ વિસેસો, સગપયરવિભાગ ઈચ્છ સંગુણિઓ ।**
**ઉવરિમખિઈઠિઈસહિઓ, ઈચ્છિયપયરમ્મિ ઉક્કોસા ॥ ૨૩૮ ॥**

ઉપરની પૃથ્વીની સ્થિતિના વિશ્લેષ (તફાવત)ને પોતાના પ્રતરથી ભાગી ઈચ્છિત પ્રતરથી ગુણવો, ઉપરની પૃથ્વીની સ્થિતિ સહિત તે ઈચ્છિત પ્રતરમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૩૮)

**ઘમ્મા વંસા સેલા, અંજણ રિટ્ઠા મઘા ય માઘવઈ ।**
**પુઢવીણં નામાઇં, રયણાઇ હુંતિ ગોત્તાઈ ॥ ૨૩૯ ॥**

ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી - આ પૃથ્વીના નામ છે. રત્નપ્રભા વગેરે ગોત્ર છે. (૨૩૯)

**ઉદહીઘણતણુવાયા, આગાસપઈટ્ઠિયા ઉ સવ્વાઓ ।**
**ઘમ્માઈ પુઢવીઓ, છત્તાઈછત્તસંઠાણા ॥ ૨૪૦ ॥**

ઘર્મા વગેરે બધી પૃથ્વીઓ ઘનોદધિ, ઘનવાત, તનવાત, આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે અને છત્રાતિછત્રના આકારે છે. (૨૪૦)

**પઢમાસીઈસહસ્સા, બત્તીસા અટ્ઠવીસ વીસા ય ।**
**અટ્ઠારસોલસટ્ઠ ય સહસ્સ લક્ખોવરિં કુજ્જા ॥ ૨૪૧ ॥**

પહેલી પૃથ્વીમાં ૮૦,૦૦૦, પછી ૩૨,૦૦૦, ૨૮,૦૦૦,

૨૦,૦૦૦, ૧૮,૦૦૦, ૧૬,૦૦૦, ૮,૦૦૦ લાખની ઉપર કરવા. (આ તે તે પૃથ્વીની જાડાઈ છે.) (૨૪૧)

**સવ્વે વીસસહસ્સા, બાહલ્લેણં ઘણોદહી નેયા ।**
**સેસાણં તુ અસંખા, અહો અહો જાવ સત્તમિયા ॥ ૨૪૨ ॥**

નીચે નીચે સાતમી પૃથ્વી સુધી બધા ઘનોદધિની જાડાઈ ૨૦,૦૦૦ યોજન છે, શેષ (વલયો)ની જાડાઈ અસંખ્ય યોજન છે. (૨૪૨)

**ન વિ ય ફુસંતિ અલોગં, ચઉસું પિ દિસાસુ સવ્વપુઢવીઓ ।**
**સંગહિયા વલએહિં, વિક્ખંભં તેસિ વુચ્છામિ ॥૨૪૩ ॥**

વલયોથી સંગૃહીત બધી પૃથ્વીઓ ચારેય દિશામાં અલોકને સ્પર્શતી નથી. તેમની (વલયોની) જાડાઈ કહીશ. (૨૪૩)

**છચ્ચેવ અદ્ધપંચમ, જોઅણમદ્ધં ચ હોઈ રયણાએ ।**
**ઉદહીઘણતણુવાયા, જહાસંખેણ નિદ્દિટ્ઠા ॥ ૨૪૪ ॥**

રત્નપ્રભામાં ઘનોદધિ, ઘનવાત, તનવાત ક્રમશઃ ૬, ૪$\frac{૧}{૨}$, ૧$\frac{૧}{૨}$ યોજન (જાડા) કહ્યા છે. (૨૪૪)

**તિભાગો ગાઉઅં ચેવ, તિભાગો ગાઉઅસ્સ ય ।**
**આઈધુવે પક્ખેવો, અહો અહો જાવ સત્તમિયા ॥ ૨૪૫ ॥**

નીચે નીચે સાતમી પૃથ્વી સુધી આદિના ધ્રુવમાં $\frac{૧}{૩}$ યોજન, ૧ ગાઉ, $\frac{૧}{૩}$ ગાઉ ઉમેરવા. (૨૪૫)

**છચ્ચ તિભાગા પઉણા ય, પંચ વલયાણ જોયણપમાણં ।**
**એગં બારસ ભાગા, સત્ત કમા બીયપુઢવીએ ॥ ૨૪૬ ॥**

બીજી પૃથ્વીમાં વલયોનું પ્રમાણ ક્રમશઃ ૬$\frac{૧}{૩}$યોજન, ૪$\frac{૩}{૪}$ યોજન, ૧$\frac{૭}{૧૨}$ યાજન છે. (૨૪૬)

**જોઅણસત્ત તિભાગૂણ, પંચ એગં ચ વલયપરિમાણં ।**
**બારસ ભાગા અટ્ઠ ઉ, તઈઆએ જહક્કમં નેયં ॥ ૨૪૭ ॥**

ત્રીજી પૃથ્વીમાં ક્રમશઃ ૬$\frac{૨}{૩}$ યોજન, ૫ યોજન, ૧$\frac{૮}{૧૨}$ યોજન વલયોનું પરિમાણ જાણવુ. (૨૪૭)

**સત્ત સવાયા પંચ ઉ, પઉણા દો જોયણા ચઉત્થીએ ।**
**ઘણઉદહિમાઈઆણં, વલયાણ માણમેયં તુ ॥ ૨૪૮ ॥**

ચોથી પૃથ્વીમાં ઘનોદધિ વગેરે વલયોનું આ પરિમાણ છે - ૭ યોજન, ૫$\frac{૧}{૪}$ યોજન, ૧$\frac{૩}{૪}$ યોજન. (૨૪૮)

**સતિભાગ સત્ત તહ અદ્ધછટ્ઠ, વલયાણ માણમેયં તુ ।**
**જોઅણમેગં બારસ, ભાગા દસ પંચમીએ તહા ॥ ૨૪૯ ॥**

પાંચમી પૃથ્વીમાં વલયોનું પરિમાણ આ છે - ૭$\frac{૧}{૩}$ યોજન, ૫$\frac{૧}{૨}$ યોજન, ૧$\frac{૧૦}{૧૨}$ યોજન. (૨૪૯)

**અટ્ઠ તિભાગૂણાઈ પઉણાઈ, છચ્ચ વલયમાણં તુ ।**
**છટ્ઠીએ જોઅણં તહ, બારસભાગા ય ઈક્કારા ॥૨૫૦ ॥**

છટ્ઠી પૃથ્વીમાં વલયોનું પરિમાણ આ છે - ૭$\frac{૨}{૩}$ યોજન, ૫$\frac{૩}{૪}$ યોજન, ૧$\frac{૧૧}{૧૨}$ યોજન. (૨૫૦)

**અટ્ઠ ય છચ્ચિય દુન્નિ ય, ઘણોદહિમાઈયાણ માણં તુ ।**
**સત્તમમહિએ નેયં, જહાસંખેણ તિણ્હંપિ ॥ ૨૫૧ ॥**

સાતમી પૃથ્વીમાં ત્રણે ઘનોદધિ વગેરેનું ક્રમશઃ પરિમાણ ૮ યોજન, ૬ યોજન, ૨ યોજન જાણવું. (૨૫૧)

**હિટ્ઠોવરિં સહસ્સં, સદ્ધા બાવન્ન સત્તમમહીએ ।**
**એયં નિરયવિહૂણં, સેસેસુ નિરંતરા નિરયા ॥ ૨૫૨ ॥**

સાતમી પૃથ્વીમાં ઉપર-નીચે ૫૨,૫૦૦ યોજન એ નરકાવાસ રહિત છે, શેષમાં નિરન્તર નરકાવાસ છે. (૨૫૨)

**તેરિક્કારસ નવ સત્ત પંચ, તિન્નેવ હુંતિ ઈક્કો ય ।**
**પત્થડસંખા એસા, સત્તસુ વિ કમેણ પુઢવીસુ ॥ ૨૫૩ ॥**

૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩, ૧ - સાતે ય પૃથ્વીઓમાં આ ક્રમશઃ પ્રતરોની સંખ્યા છે. (૨૫૩)

**બિસહસ્સૂણા પુઢવી, સગપયરેહિં તિસહસ્સગુણિએહિં ।**
**ઊણા રૂવૂણિયપયર-ભાઈયા પત્થડંતરયં ॥ ૨૫૪ ॥**

૨૦૦૦ યોજન ન્યૂન પૃથ્વી(પિંડ)માંથી પોતાના પ્રતરોને ૩૦૦૦થી ગુણી ન્યૂન કરવા. તેને ૧ ન્યૂન પોતાના પ્રતરથી ભાગવુ. તે પ્રતરાંતર છે. (૨૫૪)

**તીસા ય પન્નવીસા, પનરસ દસ ચેવ તિન્નિ ય હવંતિ ।**
**પંચૂણ સયસહસ્સં, પંચેવ અણુત્તરા નિરયા ॥ ૨૫૫ ॥**

(સાત પૃથ્વીમાં ક્રમશઃ) ૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૫ ન્યૂન ૧ લાખ અને ૫ અનુત્તર નરકાવાસ છે. (૨૫૫)

**રયણાએ પઢમપયરે, દિસિ દિસિ એગૂણવન્ન નરયાઓ ।**
**વિદિસાસેઢીએ પુણો, અડયાલા ઈંદઓ મજ્ઝે ॥ ૨૫૬ ॥**

રત્નપ્રભાના પ્રથમપ્રતરમાં દિશા-દિશામાં ૪૯ નરકાવાસ *છે, વિદિશાની શ્રેણીમાં ૪૮ નરકાવાસ છે, વચ્ચે નરકેન્દ્રક છે.* (૨૫૬)

**બિઈયાઈસુ પયરેસું, દિસાસુ વિદિસાસુ હીયમાણેણં ।**
**ઈક્કિક્કેણં પયરે, અઉણાવન્ને દિસિસુ ચઉરો ॥ ૨૫૭ ॥**

બીજા વગેરે પ્રતરોમાં દિશા-વિદિશામાં ૧-૧ નરકાવાસ ઓછુ થાય. ૪૯મા પ્રતરમાં દિશાઓમાં ૪ નરકાવાસ છે. (૨૫૭)

**સત્તમમહીએ એક્કો, પયરો તત્તો ઉ ઉવરિ પુઢવીસું ।**
**ઈગદુગતિગાઈવુડ્ઢી, જા રયણાએ અઉણવન્ના ॥ ૨૫૮ ॥**

સાતમી પૃથ્વીમાં ૧ પ્રતર છે. તેનાથી ઉપરની પૃથ્વીઓમાં (દિશા-વિદિશામાં) ૧, ૨, ૩ વગેરે નરકાવાસની વૃદ્ધિ થાય યાવત્ રત્નપ્રભામાં (દરેક દિશામાં) ૪૯ નરકાવાસ હોય. (૨૫૮)

**ઈટ્ઠપયરસ્સ સંખા, અટ્ઠગુણા તિરહીઆ ભવે સંખા ।**
**પઢમો મુહમંતિમઓ, ભૂમિં તેસિં મુણસુ સંખં ॥ ૨૫૯ ॥**

ઈષ્ટપ્રતરની (એક દિશાના નરકાવાસની) સંખ્યાને આઠથી ગુણી ૩ ઓછા કરવાથી તે પ્રતરના બધા નરકાવાસની સંખ્યા આવે. પહેલા પ્રતરના નરકાવાસ તે મુખ છે, છેલ્લા પ્રતરના નરકાવાસ તે ભૂમિ છે. તેમની સંખ્યા સાંભળ. (૨૫૯)

**સીમંતયનરઈંદય પઢમે, પયરંમિ હોઈ સંખાઓ ।**
**તિન્નિ સય અઉણનઉયા, નિરયા તહ અંતિમે પંચ ॥ ૨૬૦ ॥**

પહેલા પ્રતરમાં સીમન્તક નરકેન્દ્રક છે. નરકાવાસની સંખ્યા ૩૮૯ છે. છેલ્લા પ્રતરમાં (નરકાવાસ) ૫ છે. (૨૬૦)

**મુહભૂમિસમાસદ્ધં, પયરેહિં ગુણં તુ હોઈ સવ્વધણં ।**
**તેવન્નહિયા છસ્સય, નવ ચેવ સહસ્સ સવ્વધણં ॥ ૨૬૧ ॥**

મુખ અને ભૂમિને જોડી અર્ધ કરી પ્રતરોથી ગુણવાથી સર્વધન (કુલ નરકાવાસ) થાય છે. ૯,૬૫૩ સર્વધન છે. (૨૬૧)

**આવલિઆગયનરયા, ઈત્તિઅમિત્તા ઉ સવ્વપુઢવીસુ ।**
**તેહિં વિહૂણા સવ્વે, સેસા પુપ્ફાવકિન્નાઓ ॥ ૨૬૨ ॥**

આટલા બધી પૃથ્વીઓમાં આવલિકાગત નરકાવાસ છે. તે સિવાયના બધા પુષ્પાવકીર્ણ નરકાવાસ છે. (૨૬૨)

**એવં પઇન્નગાણં, તેસીઇ હવંતિ સયસહસ્સાઈં ।**
**નઉઈ તહા ય સહસ્સા, તિન્નિ સયા ચેવ સીયાલા ॥ ૨૬૩ ॥**

આમ પ્રકીર્ણક નરકાવાસો ૮૩,૯૦,૩૪૭ છે. (૨૬૩)

**અપઇટ્ઠાણો લક્ખં, સેસા સંખા વ હુજ્જડસંખા વા ।**
**વિક્ખંભાયામેણં, ઉચ્ચત્તં તિન્નિ ઉ સહસ્સા ॥ ૨૬૪ ॥**

અપ્રતિષ્ઠાન નરકાવાસ ૧ લાખ યોજનનો છે. શેષ નરકાવાસો લંબાઈ-પહોળાઈથી સંખ્યાત કે અસંખ્યાત યોજન છે, ઉંચાઈ ૩,૦૦૦ યોજન છે. (૨૬૪)

**ભવધારણિજ્જહે સત્તમાએ, પંચેવ ધણુસઉક્કોસા ।**
**અદ્ધદ્ધહીણ તદુવરિ, નેઅવ્વા જાવ રયણાએ ॥ ૨૬૫ ॥**

સાતમી પૃથ્વીમાં ભવધારણીય શરીર ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ય છે. તેની ઉપર રત્નપ્રભા સુધી અર્ધ-અર્ધ ઓછુ જાણવુ. (૨૬૫)

**પઢમાએ પુઢવીએ, નેરઈઆણં તુ હોઈ ઉચ્ચત્તં ।**
**સત્તધણુ તિન્નિ રયણી, છચ્ચેવ ય અંગુલાઈં તુ ॥ ૨૬૬ ॥**

પહેલી પૃથ્વીમાં નારકીઓની ઉંચાઈ ૭ ધનુષ્ય ૩ હાથ ૬ અંગુલ છે. (૨૬૬)

**રયણાએ પઢમપયરે, હત્થતિગં દેહઉસ્સયં ભણિયં ।**
**છપ્પન્નંગુલ સડ્ઢા, પયરે પયરે હવઈ વુડ્ઢી ॥ ૨૬૭ ॥**

રત્નપ્રભાના પ્રથમપ્રતરમાં શરીરની ઉંચાઈ ૩ હાથ છે. દરેક પ્રતરમાં ૫૬ $\frac{૧}{૨}$ અંગુલની વૃદ્ધિ થાય છે. (૨૬૭)

**જા તેરસમે પયરે, દેહપમાણેણ હોઈ એયં તુ ।**
**સત્ત ધણુ તિન્નિ રયણી, છચ્ચેવ ય અંગુલા પુન્ના ॥ ૨૬૮ ॥**

યાવત્ તેરમા પ્રતરમાં શરીરપ્રમાણ આ છે - ૭ ધનુષ્ય, ૩ હાથ, ૬ અંગુલ સંપૂર્ણ. (૨૬૮)

**સા ચેવ ય બીઆએ, પઢમે પયરમ્મિ હોઈ ઉસ્સેહો ।**
**હત્થ તિઅ તિન્નિ અંગુલ, પયરે પયરે ય વુડઢીઓ ॥ ૨૬૯ ॥**

બીજી પૃથ્વીના પહેલા પ્રતરમાં તે જ ઉત્કૃષ્ટ ઉંચાઈ છે. દરેક પ્રતરમાં ૩ હાથ ૩ અંગુલની વૃદ્ધિ થાય. (૨૬૯)

**ઈક્કારસમે પયરે, પન્નરસ ધણુયાઈં દુન્નિ રયણીઓ ।**
**બારસ ય અંગુલાઈં, દેહપમાણં તુ વિન્નેયં ॥ ૨૭૦ ॥**

૧૧મા પ્રતરમાં ૧૫ ધનુષ્ય, ૨ હાથ, ૧૨ અંગુલ શરીર-પ્રમાણ જાણવુ. (૨૭૦)

**સો ચેવ ય તઈયાએ, પઢમે પયરમ્મિ હોઈ ઉસ્સેહો,**
**સત્તરયણી ઉ અંગુલ, ઉણવીસં સડ્ઢવુડઢીએ ॥ ૨૭૧ ॥**
**પયરે પયરે અ તહા, નવમે પયરમ્મિ હોઈ ઉસ્સેહો ।**
**ધણુઆણિ એગતીસં, ઈક્કા રયણી ય નાયવ્વા ॥ ૨૭૨ ॥**

ત્રીજી પૃથ્વીના પહેલા પ્રતરમાં તે જ ઉત્કૃષ્ટ ઉંચાઈ છે. દરેક પ્રતરમાં ૭ હાથ ૧૯$\frac{૧}{૨}$ અંગુલની વૃદ્ધિ થાય. નવમા પ્રતરમાં ઉંચાઈ ૩૧ ધનુષ્ય અને ૧ હાથ જાણવી. (૨૭૧, ૨૭૨)

**સો ચેવ ચઉત્થીએ, પઢમે પયરમ્મિ હોઈ ઉસ્સેહો ।**
**પંચ ધણુ વીસ અંગુલ, પયરે ય વુડ્ઢી અ ॥ ૨૭૩ ॥**

ચોથી પૃથ્વીના પહેલા પ્રતરમાં તે જ ઉત્કૃષ્ટ ઉંચાઈ છે. દરેક પ્રતરમાં ૫ ધનુષ્ય ૨૦ અંગુલની વૃદ્ધિ થાય. (૨૭૩)

**જા સત્તમએ પયરે, નેરઈઆણં તુ હોઈ ઉસ્સેહો ।**
**બાસટ્ઠી ધણુઆઈ, દુન્નિ અ રયણી અ બોધવ્વા ॥ ૨૭૪ ॥**

યાવત્ સાતમા પ્રતરમાં નારકીઓની ઉંચાઈ ૬૨ ધનુષ્ય ૨ હાથ જાણવી. (૨૭૪)

**સો ચેવ પંચમીએ, પઢમે પયરમ્મિ હોઈ ઉસ્સેહો ।**
**પનરસ ધણૂણિ દો હત્થ, સડ્ઢ પયરે ય વુડ્ઢી અ ॥ ૨૭૫ ॥**

પાંચમી પૃથ્વીના પહેલા પ્રતરમાં તે જ ઉત્કૃષ્ટ ઉંચાઈ છે. દરેક પ્રતરમાં ૧૫ ધનુષ્ય ૨$\frac{૧}{૨}$ હાથની વૃદ્ધિ થાય. (૨૭૫)

**તહ પંચમએ પયરે, ઉસ્સેહો ધણુસયં તુ પણવીસં ।**
**સો ચેવ ય છટ્ઠીએ, પઢમે પયરમ્મિ હોઈ ઉસ્સેહો ॥ ૨૭૬ ॥**

તથા પાંચમા પ્રતરમાં ઉંચાઈ ૧૨૫ ધનુષ્ય છે. તે જ છઠ્ઠી પૃથ્વીના પહેલા પ્રતરમાં ઉત્કૃષ્ટ ઉંચાઈ છે. (૨૭૬)

**બાસટ્ઠિ ધણુહ સડ્ઢા, પયરે પયરે ય હોઈ વુડ્ઢી અ ।**
**છટ્ઠીએ તઈઅપયરે, દો સય પન્નાસયા હુંતિ ॥ ૨૭૭ ॥**

દરેક પ્રતરમાં ૬૨$\frac{૧}{૨}$ ધનુષ્યની વૃદ્ધ થાય. છઠ્ઠી પૃથ્વીના ત્રીજા પ્રતરમાં (ઉંચાઈ) ૨૫૦ ધનુષ્ય છે. (૨૭૭)

**સત્તમિયાએ પયરે, ઉસ્સેહો ધણુસયાઈ પંચેવ ।**
**ભવધારણીજ્જ એસા, ઉક્કોસા હોઈ નાયવ્વા ॥ ૨૭૮ ॥**

સાતમી પૃથ્વીના પ્રતરમાં ઉંચાઇ ૫૦૦ ધનુષ્ય છે. આ ભવધારણીય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના છે એમ જાણવુ. (૨૭૮)

**જા જમ્મિ હોઈ ભવધારણિજ્જ- ઓગાહણા ય નરએસુ ।**
**સા દુગણા બોધવ્વા, ઉત્તરવેઉવ્વિ ઉક્કોસા ॥ ૨૭૯ ॥**

નરકોમાં જે પૃથ્વીમાં જેટલી ભવધારણીય શરીરની અવગાહના છે તે બમણી ઉત્તરવૈક્રિયશરીરની ઉત્કૃષ્ટ અવગાહના જાણવી. (૨૭૯)

**ભવધારણિજ્જરૂવા, ઉત્તરવેઉવ્વિઆ ય નરએસુ ।**
**ઓગાહણા જહન્ના, અંગુલઅસ્સંખ સંખે ઉ ॥ ૨૮૦ ॥**

નરકોમાં ભવધારણીય શરીરની અને ઉત્તરવૈક્રિય શરીરની જઘન્ય અવગાહના ક્રમશઃ અંગુલનો અસંખ્યાતમો ભાગ અને સંખ્યાતમો ભાગ છે. (૨૮૦)

**ચઉવીસયં મુહુત્તા, સત્ત અહોરત્ત તહ ય પન્નરસ ।**
**માસો અ દો અ ચઉરો, છમ્માસા વિરહકાલો ઉ ॥ ૨૮૧ ॥**
**ઉક્કોસો રયણાઈસુ, સવ્વાસુ જહન્નઓ ભવે સમઓ ।**
**એમેવ ય ઉવ્વટ્ટણ, સંખા પુણ સુરવરુતુલ્લા ॥ ૨૮૨ ॥**

૨૪ મુહૂર્ત, ૭ અહોરાત્ર, ૧૫ અહોરાત્ર, ૧ માસ, ૨ માસ, ૪ માસ, ૬ માસ ક્રમશઃ રત્નપ્રભા વગેરે નરકોમાં ઉત્કૃષ્ટ ઉપપાત વિરહકાળ છે. બધી નરકોમાં જઘન્ય ૧ સમય છે. એ જ પ્રમાણે ઉદ્વર્તનવિરહકાળ છે. (એક સમયમાં ઉપપાત-ઉદ્‌વર્તન) સંખ્યા દેવોતુલ્ય છે. (૨૮૧, ૨૮૨)

**નરતિરિય સંખજીવી, નરએ ગચ્છંતિ કેવિ પંચિંદિ ।**
**અઈકૂરજ્ઝવસાણા, અહો અહો જાવ સત્તમિયા ॥ ૨૮૩ ॥**

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા અતિક્રુર અધ્યવસાયવાળા, કેટલાક પંચેન્દ્રિય મનુષ્ય-તિર્યંચ નરકમાં નીચે નીચે યાવત્ સાતમી નરક સુધી જાય છે. (૨૮૩)

**અસ્સન્ની ખલુ પઢમં, દુચ્ચં ચ સરીસવા તઈય પક્ખી ।**
**સીહા જંતિ ચઉત્થિ, ઉરગા પુણ પંચમિં પુઢવીં ॥ ૨૮૪ ॥**

**છટ્ઠિં ચ ઈત્થિઓ, મચ્છા મણુયા ય સત્તમિં પુઢવિં ।**
**એસો પરમુવવાઓ, બોધવ્વો નરયપુઢવીસુ ॥ ૨૮૫ ॥**

અસંજ્ઞી પહેલી નરક સુધી, ભુજપરિસર્પ બીજી નરક સુધી, પક્ષીઓ ત્રીજી નરક સુધી, સિંહો ચોથી નરક સુધી, સર્પો પાંચમી નરક સુધી, સ્ત્રીઓ છઠ્ઠી નરક સુધી, માછલા અને મનુષ્યો સાતમી પૃથ્વી સુધી જાય. નરકપૃથ્વીઓમાં આ ઉત્કૃષ્ટ ઉત્પત્તિ જાણવી. (૨૮૪, ૨૮૫)

**વાલેસુ અ દાઢીસુ અ, પક્ખીસુ અ જલયરેસુ ઉવવન્ના ।**
**સંખેજ્જાઉઠિઈઆ, પુણો વિ નરયાઉઆ હુંતિ ॥ ૨૮૬ ॥**

(નરકમાંથી) સર્પોમાં, વાઘ-સિંહમાં, પક્ષીઓમાં, જલચરોમાં ઉત્પન્ન થયેલા સંખ્યાતા વર્ષની સ્થિતિવાળા જીવો ફરી પણ નરકાયુષ્ય-વાળા થાય છે. (૨૮૬)

**છેવટ્ઠેણ ઉ ગમ્મઈ, પુઢવીઓ રયણસક્કરાભાઓ ।**
**ઈક્કિક્કપુઢવિવુડ્ઢી, સંઘયણે કીલિયાઈએ ॥ ૨૮૭ ॥**

સેવાર્ત સંઘયણથી રત્નપ્રભા - શર્કરાપ્રભા પૃથ્વીઓમાં જવાય. કીલિકા વગેરે સંઘયણમાં એક-એક પૃથ્વીની વૃદ્ધિ જાણવી. (૨૮૭)

**કાઊ નીલા કિણ્હા, લેસાઓ તિન્નિ હુંતિ નરએસુ ।**
**તઈઆએ કાઊ નીલા, નીલા કિણ્હા ય રિટ્ઠાએ ॥ ૨૮૮ ॥**

નરકમાં કૃષ્ણ, નીલ, કાપોત ત્રણ લેશ્યા હોય છે. ત્રીજી નરકમાં કાપોત, નીલ લેશ્યા હોય છે. રિષ્ટામાં કૃષ્ણ, નીલ લેશ્યા હોય છે. (૨૮૮)

**કાઊ કાઊ તહ કાઊનીલ, નીલા ય નીલકિણ્હા ય ।**
**કિણ્હા કિણ્હા ય તહા, સત્તસુ પુઢવીસુ લેસાઓ ॥ ૨૮૯ ॥**

કાપોત, કાપોત, કાપોત-નીલ, નીલ, નીલ-કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ-આ પ્રમાણે સાત પૃથ્વીઓમાં લેશ્યાઓ છે. (૨૮૯)

**નરયાઓ ઉવ્વટ્ટા, ગબ્ભે પજ્જત્ત સંખજીવીસુ ।**
**નિયમેણ હોઈ વાસો, લદ્ધીણ ઉ સંભવં વોચ્છં ॥ ૨૯૦ ॥**

નરકમાંથી ચ્યવીને નિયમા પર્યાપ્ત ગર્ભજ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળામાં વાસ થાય. હવે લબ્ધિનો સંભવ કહીશ. (૨૯૦)

**તિસુ તિત્થ ચઉત્થીએ ઉ, કેવલં પંચમીએ સામન્નં ।**
**છટ્ઠીઈ વિરયવિરઈ, સત્તમપુઢવીઈ સમ્મત્તં ॥ ૨૯૧ ॥**

ત્રણમાંથી તીર્થંકર, ચોથીમાંથી કેવળજ્ઞાન, પાંચમીમાંથી સાધુપણુ, છઠ્ઠીમાંથી દેશવિરતિ, સાતમી પૃથ્વીમાંથી સમ્યકત્વ પામી શકે. (૨૯૧)

**પઢમાઉ ચક્કવટ્ટી, બિઈયાઓ રામકેસવા હુંતિ ।**
**તચ્ચાઓ અરિહંતા, તહંતકિરિયા ચઉત્થીઓ ॥ ૨૯૨ ॥**

પહેલીમાંથી ચક્રવર્તી થાય, બીજીમાંથી બળદેવ-વાસુદેવ થાય, ત્રીજીમાંથી અરિહંત થાય, ચોથીમાંથી અંતક્રિયા (મોક્ષ) થાય. (૨૯૨)

**ઉવ્વટ્ટિયા ય સંતા, નેરઈયા તમતમાઉ પુઢવીઓ ।**
**ન લહંતિ માણુસત્તં, તિરિક્ખજોણિં ઉવણમંતિ ॥ ૨૯૩ ॥**

તમસ્તમા પૃથ્વીમાંથી નારકીઓ ચ્યવીને મનુષ્યપણુ નથી પામતા, તિર્યંચયોનિમાં જાય છે. (૨૯૩)

**છટ્ઠીઓ પુઢવીઓ, ઉવ્વટ્ટા ઈહ અણંતરભવમ્મિ ।**
**ભજ્જા માણુસજમ્મે, સંજમલંભેણ ઉ વિહીણા ॥ ૨૯૪ ॥**

છઠ્ઠી પૃથ્વીમાંથી ચ્યવીને પછીના ભવમાં મનુષ્ય જન્મની પ્રાપ્તિમાં ભજના છે, તેઓ સંયમના લાભ વિનાના છે. (૨૯૪)

**બલદેવ ચક્કવટ્ટી, દેવટ્ઠાણેસુ હુંતિ સવ્વેસુ ।**
**અરિહંત વાસુદેવા, વિમાણવાસીસુ બોધવ્વા ॥ ૨૯૫ ॥**

બધા દેવસ્થાનોમાંથી બળદેવ, ચક્રવર્તી થાય. અરિહંત-વાસુદેવ વૈમાનિકમાંથી જાણવા. (૨૯૫)

**અરિહંત ચક્કવટ્ટી, બલદેવા તહય વાસુદેવા ય ।**
**ન મણુયતિરિએહિંતો, અણંતરં ચેવ જાયંતિ ॥ ૨૯૬ ॥**

મનુષ્ય-તિર્યંચ માંથી તરત અરિહંત, ચક્રવર્તી, બળદેવ-વાસુદેવ ન થાય. (૨૯૬)

**ભૂદગપંકપ્પભવા, ચઉરો હરિઆઉ છચ્ચ સિજ્ઝંતિ ।**
**વિગલા લભિજ્જ વિરઇં, ન હુ કિંચિ લભિજ્જ સુહુમતસા ॥૨૯૭॥**

પૃથ્વીકાય- અપ્કાય- પંકપ્રભામાંથી આવેલા (એકસમયે) ચાર સિદ્ધ થાય. વનસ્પતિમાંથી આવેલા (એકસમયે) છ સિદ્ધ થાય. વિકલેન્દ્રિયમાંથી આવેલા વિરતિ પામે. સૂક્ષ્મત્રસમાંથી આવેલા કંઈ ન પામે. (૨૯૭)

**મંડલિઅમણુઅરયણાહે-સત્તમતેઉવાઉવજ્જેહિં ।**
**વાસુદેવમણુયરયણા, અણુત્તરવિમાણવજ્જેહિં ॥ ૨૯૮ ॥**

માંડલિક અને ચક્રવર્તિના મનુષ્ય રત્નો સાતમી નરક- તેઉકાય -વાઉકાય સિવાયમાંથી થાય. વાસુદેવ અને મનુષ્યરત્નો અનુત્તર-વિમાન સિવાયમાંથી થાય. (૨૯૮)

**તેરિચ્છમણુઅસંખાઉએહિં, કપ્પાઉ જા સહસ્સારો ।**
**હયગયરયણુવવાઓ, નેરઈએહિં ચ સવ્વેહિં ॥ ૨૯૯ ॥**

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્ય- સહસ્રારસુધીના દેવો-બધા નારકીઓમાંથી અશ્વરત્ન અને ગજરત્નની ઉત્પત્તિ થાય. (૨૯૯)

**એગિંદિઅરયણાઇં, અસુરકુમારેહિં જાવ ઈસાણો ।**
**ઉવવજ્જંતિ અ નિયમા, સેસઠાણેહિં પડિસેહો ॥ ૩૦૦ ॥**

એકેન્દ્રિય રત્નો (દેવોમાંથી ઉત્પન્ન થાય તો) અસુરકુમારથી ઈશાનસુધીના દેવોમાંથી ઉત્પન્ન થાય, શેષસ્થાનોમાંથી અવશ્ય નહીં. (૩૦૦)

**ચક્કં છત્તં દંડં, તિન્નિ એયાઇં વામમિત્તાઇં ।**
**ચમ્મં દુહત્થદીહં, બત્તીસં અંગુલાઇં અસી ॥ ૩૦૧ ॥**

ચક્ર, છત્ર, દંડ-ત્રણેય વ્યામ(ધનુષ્ય) જેટલા છે. ચર્મરત્ન ૨ હાથ લાંબુ છે. ખડ્ગરત્ન ૩૨ અંગુલનું છે. (૩૦૧)

**ચઉરંગુલો મણી પુણ, તસ્સદ્ધં ચેવ હોઈ વિત્થિણ્ણો ।**
**ચઉરંગુલપ્પમાણા, સુવણ્ણવરકાગિણી નેયા ॥ ૩૦૨ ॥**

મણી ચાર અંગુલ લાંબો અને તેના કરતા અડધો પહોળો છે. સુવર્ણમયકાકિણીરત્ન ૪ અંગુલપ્રમાણ જાણવું. (૩૦૨)

**સેણાવઇ ગાહાવઈ, પુરોહિ ગય તુરય વડ્ઢઈ ઇત્થી ।**
**ચક્કં છત્તં ચમ્મં, મણિ કાગિણી ખગ્ગ દંડો ય ॥ ૩૦૩ ॥**

સેનાપતિ, ગૃહપતિ, પુરોહિત, ગજ, અશ્વ, વર્ધકી (સુથાર), સ્ત્રી, ચક્ર, છત્ર, ચર્મ, મણિ, કાગિણિ, ખડ્ગ અને દંડ- આ ૧૪ રત્નો છે. (૩૦૩)

**ચક્કં ખગ્ગં ચ ધણૂ ,મણી ય માલા તહેવ ગય સંખો ।**
**એએ ઉ સત્ત રયણા, સવ્વેસિં વાસુદેવાણં ॥ ૩૦૪ ॥**

ચક્ર, ખડ્ગ, ધનુષ્ય, મણી, માળા, ગદા અને શંખ- આ ૭ રત્નો બધા વાસુદેવોને હોય છે. (૩૦૪)

**રયણપ્પહાએ જોયણમેગં, વિસઓ હવિજ્જ અવહીએ ।**
**પુઢવીએ પુઢવીએ, ગાઉઅમદ્ધં પરિહરિજ્જા ॥ ૩૦૫ ॥**

રત્નપ્રભામાં અવધિજ્ઞાનનો વિષય ૧ યોજન છે. દરેક પૃથ્વીમાં $\frac{૧}{૨}$ ગાઉ ઓછો કરવો. (૩૦૫)

**નરએ સંખેવેસો, ઈત્તો એગિંદિયાણ તિરિઆણં ।**
**ગબ્ભભુયજલયરોભય-પંચિંદિયઆઉમાણં ચ ॥ ૩૦૬ ॥**

આ નરકનો સંક્ષેપ (કહ્યો). હવે એકેન્દ્રિય, તિર્યંચ (વિકલેન્દ્રિય), પંચેન્દ્રિય ગર્ભજ ભુજપરિસર્પ, ગર્ભજ-સંમૂર્ચ્છિમ જલચરના આયુષ્યનું પ્રમાણ (કહીશ). (૩૦૬)

**જોયણસહસ્સમહિયં ઓહેણ, એગિંદિએ તરુગણેસુ ।**
**મચ્છજુઅલે સહસ્સં, ઉરગેસુ ય ગબ્ભજાઈસુ ॥ ૩૦૭ ॥**

એકેન્દ્રિયમાં ઓઘથી અને વનસ્પતિકાયમાં સાધિક ૧૦૦૦ યોજન, માછલા યુગલ (ગર્ભજ - સંમૂર્ચ્છિમ) માં અને ગર્ભજ સર્પોમાં ૧,૦૦૦ યોજન (અવગાહના) છે. (૩૦૭)

**ગબ્ભચઉપ્પય છગ્ગાઉયાઈ, ભુઅગેસુ ગાઉઅપુહુત્તં ।**
**પક્ખિસુ ધણુયપુહુત્તં, મણુએસુ અ ગાઉઆ તિન્નિ ॥ ૩૦૮ ॥**

ગર્ભજ ચતુષ્પદમાં ૬ ગાઉ, (ગર્ભજ) ભુજપરિસર્પમાં ગાઉપૃથક્ત્વ, (ગર્ભજ) પક્ષિઓમાં ધનુષ્યપૃથક્ત્વ, મનુષ્યમાં ૩ ગાઉ (અવગાહના) છે. (૩૦૮)

**ધણુઅપુહુત્તં પક્ખિસુ, ભુઅગે ઉરગે અ જોયણપુહુત્તં ।**
**હોઈ ચઉપ્પય સંમુચ્છિમાણ, તહ ગાઉઅપુહુત્તં ॥ ૩૦૯ ॥**

(સંમૂર્ચ્છિમ) પક્ષિઓમાં ધનુષ્ય પૃથક્ત્વ, (સંમૂર્ચ્છિમ) ભુજપરિસર્પ-ઉરપરિસર્પમાં યોજનપૃથક્ત્વ અને સંમૂર્ચ્છિમ ચતુષ્પદમાં ગાઉપૃથક્ત્વ (અવગાહના) છે. (૩૦૯)

**વિગલિંદિયાણ બારસ ઉ, જોયણા તિન્નિ ચઉર કોસા ય ।**
**સેસાણોગાહણયા, અંગુલભાગો અસંખતમો ॥ ૩૧૦ ॥**

વિકલેન્દ્રિયની ક્રમશઃ ૧૨ યોજન, ૩ ગાઉ, ચાર ગાઉ અવગાહના છે. શેષની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. (૩૧૦)

**વણણંતસરીરાણં, ઈગનિલસરીરગં પમાણેણં ।**
**અનલોદગપુઢવીણં, અસંખગુણિઆ ભવે વુડ્ઢી ॥ ૩૧૧ ॥**

અનંત વનસ્પતિકાયના શરીરના પ્રમાણ જેટલુ એક વાયુકાયનું શરીર છે. તેઉકાય, અપ્કાય, પૃથ્વીકાયનું શરીર ક્રમશઃ અસંખ્યગુણવૃદ્ધિવાળુ છે. (૩૧૧)

**બાવીસ સહસ્સાઈ, સત્ત સહસ્સાઈ તિન્નિ અહોરત્તા ।**
**વાએ તિન્નિ સહસ્સા, દસ વાસસહસ્સિયા રુક્ખા ॥ ૩૧૨ ॥**

**સંવચ્છરાણિ બારસ, રાઈંદિય હુંતિ અઉણપન્નાસા ।**
**છમ્માસ તિન્નિ પલિયા, પુઢવાઈણં ઠિઈ ઉક્કોસા ॥ ૩૧૩ ॥**

(પૃથ્વીની) ૨૨,૦૦૦ વર્ષ, (અપ્કાયની)૭,૦૦૦ વર્ષ (તેઉકાયની) ૩ અહોરાત્ર, વાયુકાયમાં ૩,૦૦૦ વર્ષ, વૃક્ષની ૧૦,૦૦૦ વર્ષ, (બેઈન્દ્રિયની) ૧૨ વરસ, (તેઈન્દ્રિયની) ૪૯ અહોરાત્ર, (ચઉરિન્દ્રિયની) ૬ માસ, (પંચેન્દ્રિયની) ૩ પલ્યોપમ- પૃથ્વી વગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૩૧૨, ૩૧૩)

**સણ્હા ય સુદ્ધ વાલુઅ, મણોસિલા સક્કરા ય ખરપુઢવી ।**
**એગં બારસ ચઉદસ, સોલસ, અટ્ઠાર બાવીસા ॥ ૩૧૪ ॥**

સુંવાળી, શુદ્ધ, વાલુકા, મનશિલ (પારો), શર્કરા, ખર- આ પૃથ્વીઓની સ્થિતિ ક્રમશઃ ૧,૦૦૦ વર્ષ;૧૨,૦૦૦ વર્ષ; ૧૪,૦૦૦ વર્ષ; ૧૬,૦૦૦ વર્ષ; ૧૮,૦૦૦ વર્ષ; ૨૨,૦૦૦ વર્ષ છે. (૩૧૪)

**ગબ્ભભુઅજલચરોભય-ઉરગેસુ અ પુવ્વકોડી ઉક્કોસા ।**
**મણુઅચઉપ્પય તિપલિય, પલિઆસંખિજ્જ પક્ખીસુ ॥ ૩૧૫ ॥**

ગર્ભજ ભુજપરિસર્પ, ગર્ભજ-સંમૂર્ચ્છિમ જલચર, (ગર્ભજ) ઉરપરિસર્પમાં પૂર્વ ક્રોડ વર્ષ, (ગર્ભજ) મનુષ્ય- (ગર્ભજ) ચતુષ્પદમાં ૩ પલ્યોપમ, (ગર્ભજ) પક્ષીમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૩૧૫)

**પુવ્વસ્સ ઉ પરિમાણં, સયરિં ખલુ હુંતિ કોડિલક્ખાઓ ।**
**છપ્પણ્ણં ચ સહસ્સા, બોધવ્વા વાસકોડીણં ॥ ૩૧૬ ॥**

૧ પૂર્વનું પરિમાણ ૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ જાણવું. (૩૧૬)

**વાસસહસ્સ પણિંદિસુ મુચ્છિમ, ચુલસી બિસત્તરિ તિવન્ના ।**
**બાયાલા ઉક્કોસા, થલ ખહઉરગે ભુયંગે ય ॥ ૩૧૭ ॥**

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય સ્થલચર, ખેચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પમાં ૮૪ હજાર, ૭૨ હજાર, ૫૩ હજાર, ૪૨ હજાર વર્ષ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૩૧૭)

**અંગુલ અસંખભાગો, ઉક્કોસોગાહણા મણુસ્સાણં ।**
**સંમૂચ્છિમાણ જાણસુ, અંતમુહુત્તં ચ પરમાઉં ॥ ૩૧૮ ॥**

સંમૂર્ચ્છિમ મનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર્મુહૂર્ત છે. (૩૧૮)

**સવ્વેસિં અમણાણં, ભિન્નમુહુત્તો ભવે જહન્નેણં ।**
**સોવક્કમાઉયાણં, સન્નીણં ચેવ એમેવ ॥ ૩૧૯ ॥**

બધા અસંજ્ઞીઓનું જઘન્યથી અંતર્મુહૂર્ત આયુષ્ય છે. સોપક્રમાયુષ્યવાળા સંજ્ઞીઓનું જઘન્ય આયુષ્ય એજ પ્રમાણે છે. (૩૧૯)

**આઉસ્સ બંધકાલો, અબાહકાલો ઉ અંતસમઓ ય ।**
**અપવત્તણણપવત્તણ-ઉવક્કમાણુવક્કમા ભણિયા ॥ ૩૨૦ ॥**

આયુષ્યના બંધકાળ, અબાધાકાળ, અંતસમય, અપવર્તન, અનપવર્તન,ઉપક્રમ,અનુપક્રમ કહ્યા છે. (૩૨૦)

**દેવા નેરઈઆ અસંખ-વાસાઉઆ ય તિરિમણુઆ ।**
**છમ્માસવસેસાઊ, પરભવિઅં આઉં બંધંતિ ॥ ૩૨૧ ॥**

દેવો, નારકો, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્ય છ માસ આયુષ્ય બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. (૩૨૧)

**એગિંદિઅ તહ વિગલા, પણિંદિઆ જે ય અણપવત્તાઊ ।**
**તે જીવિઅતિભાગે, સેસે બંધંતિ પરમાઉં ॥ ૩૨૨ ॥**

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય જે અનપવર્તનીયાયુષ્યવાળા છે તે જીવિતનો ત્રીજો ભાગ શેષ હોય ત્યારે ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધે છે. (૩૨૨)

**સેસા પુણો તિભાગે, નવભાએ સત્તવીસભાએ વા ।**
**બંધંતિ પરભવાઉં, અંતુમુહત્તંતિમે વાડવિ ॥ ૩૨૩ ॥**

શેષ જીવો ત્રીજો ભાગ, નવમો ભાગ, સત્યાવીસમો ભાગ શેષ હોય ત્યારે અથવા છેલ્લા અંતર્મુહૂર્તમાં પરભવનું આયુષ્ય બાંધે છે. (૩૨૩)

**જે જાવઈમે ભાગે, જીવા બંધંતિ પરભવસ્સાઉં ।**
**તેસિમબાહાકાલો, અણુદયકાલુત્તિ સો ભણિઓ ॥ ૩૨૪ ॥**

જે જીવો જેટલામા ભાગે પરભવનું આયુષ્ય બાંધે છે તેમનો તે અબાધાકાળ - અનુદયકાળ કહ્યો છે. (૩૨૪)

**દુવિહા ગઈ જિઆણં ઉજ્જૂ, વક્કા ય પરભવગ્ગહણે ।**
**ઈગસામઈયા ઉજ્જૂ, વક્કા ચઉપંચસમયંતા ॥ ૩૨૫ ॥**

જીવોની પરભવગ્રહણમાં બે પ્રકારની ગતિ છે - ઋજુ અને વક્ર. ઋજુગતિ ૧ સમયની છે, વક્રગતિ ૪-૫ સમય સુધીની છે. (૩૨૫)

**ઈગદુગતિગવક્કાઈસુ, દુગાઈસમએસુ પરભવાહારો ।**
**દુગવક્કાઈસુ સમયા, ઈગ દો તિન્નિ ય અણાહારા ॥ ૩૨૬ ॥**

એક-બે-ત્રણ વગેરે વક્રવાળી વિગ્રહગતિમાં બીજા વગેરે સમયે પરભવનો આહાર લે. બે વગેરે વક્રવાળી વિગ્રહગતિમાં ૧, ૨, ૩ સમય અણાહારી હોય. (૩૨૬)

**બહુકાલવેઅણિજ્જં, કમ્મં અપ્પેણ જમિહ કાલેણ ।**
**વેઈજ્જઈ જુગવં ચિઅ, ઉઈણ્ણસવ્વપ્પએસગ્ગં ॥ ૩૨૭ ॥**
**અપવત્તણિજ્જમેયં, આઉં અહવા અસેસ કમ્મં પિ ।**
**બંધસમએ વિ બદ્ધં, સિઢિલં ચિય તં જહાજુગ્ગં ॥ ૩૨૮ ॥**

ઘણાકાળમાં ભોગવવા યોગ્ય જે કર્મના અહીં અલ્પકાળમાં બધા પ્રદેશો ઉદયમાં આવી એકસાથે ભોગવાય એ અપવર્તનીય આયુષ્ય અથવા બધા કર્મો પણ અપવર્તનીય છે. તે બંધસમયે પણ યથાયોગ્ય ઢીલા જ બંધાયેલા હોય છે. (૩૨૭, ૩૨૮)

**જં પુણ ગાઢ નિકાયણબંધેણં, પુવ્વમેવ કિલ બદ્ધં ।**
**તં હોઈ અણપવત્તણજોગ્ગં, કમવેઅણિજ્જફલં ॥ ૩૨૯ ॥**

જે કર્મ પહેલા જ ગાઢ નિકાચિતબંધથી બાંધ્યુ હોય તે અનપવર્તન યોગ્ય અને ક્રમે ભોગવવાના ફળવાળુ છે. (૩૨૯)

**જેણાઉમુવક્કમિજ્જઈ, અપ્પસમુત્થેણ ઈઅરગેણાવિ ।**
**અજ્ઝવસાણાઈઓ, ઉવક્કમો સો ઈહં નેઓ ॥ ૩૩૦ ॥**

પોતાનાથી થયેલ (અધ્યવસાય વગેરે) કે બીજા પણ જેનાથી આયુષ્યનો ઉપક્રમ થાય તે અધ્યવસાય વગેરે અહીં ઉપક્રમ જાણવા. (૩૩૦)

**અજ્ઝવસાણનિમિત્તે, આહારે વેયણા પરાઘાએ ।**
**ફાસે આણાપાણૂ ,સત્તવિહં ભિજ્જએ આઉં ॥ ૩૩૧ ॥**

અધ્યવસાય, નિમિત્ત, આહાર, વેદના, પરાઘાત, સ્પર્શ, શ્વાસોચ્છ્વાસ- આ સાત રીતે આયુષ્ય ભેદાય છે. (૩૩૧)

**પુઢવાઈણ ભવટ્ઠિઈ, એસા મે વણ્ણિઆ સમાસેણ ।**
**એએસિં કાયઠિઈ, ઉડ્ઢં તુ અઓ પરં વુચ્છં ॥ ૩૩૨ ॥**

આ પૃથ્વી વગેરેની સંક્ષેપમાં મેં ભવસ્થિતિ કહી. હવે પછી ઉપર એમની કાયસ્થિતિ કહીશ. (૩૩૨)

**અસ્સંખોસપ્પિણિસપ્પિણીઉ, એગિંદિયાણ ય ચઉણ્હં ।**
**તા ચેવ ઉ અણંતા, વણસ્સઈએ ઉ બોધવ્વા ॥ ૩૩૩ ॥**

ચાર એકેન્દ્રિયની કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી છે. વનસ્પતિકાયની કાયસ્થિતિ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી છે. (૩૩૩)

**વાસસહસ્સા સંખા, વિગલાણ ઠિઈઉ હોઈ બોધવ્વા ।**
**સત્તટ્ઠ ભવા ઉ ભવે, પણિંદિતિરિમણુઅ ઉક્કોસા ॥ ૩૩૪ ॥**

વિકલેન્દ્રિયની કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષ છે. પંચેન્દ્રિય તિર્યંચ - મનુષ્યની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૭-૮ ભવ છે. (૩૩૪)

**અણુસમયમસંખિજ્જા, સંખિજ્જાઊ અ તિરિયમણુઆ ય ।**
**એગિંદિએસુ ગચ્છે, આરા ઈસાણદેવા ય ॥ ૩૩૫ ॥**

પ્રતિસમય અસંખ્ય એકેન્દ્રિય ઉત્પન્ન થાય છે. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચ-મનુષ્ય અને ઈશાનસુધીના દેવો એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય. (૩૩૫)

**જયા મોહોદઓ તિવ્વો, અન્નાણં સુમહબ્ભયં ।**
**પેલવં વેયણીયં ચ, તયા એગિંદિઓ ભવે ॥ ૩૩૬ ॥**

જ્યારે તીવ્ર મોહનો ઉદય હોય, અતિભયંકર અજ્ઞાન હોય, અસાતા વેદનીયનો ઉદય હોય ત્યારે જીવ એકેન્દ્રિય થાય. (૩૩૬)

**ભિન્નમુહુત્તો વિગલિંદિઆણ, સમ્મુચ્છિમાણ ય તહેવ ।**
**બારસ મુહુત્ત ગબ્ભે, ઉક્કોસ જહન્નઓ સમઓ ॥ ૩૩૭ ॥**

વિકલેન્દ્રિય અને સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયનો અંતર્મુહૂર્ત, ગર્ભજનો ૧૨ મુહૂર્ત ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ છે, જઘન્યથી ૧ સમય છે. (૩૩૭)

**ઉવ્વટ્ટણા વિ એવં, સંખા સમએણ સુરવરુતુલ્લા ।**
**નરતિરિ ય સંખ સવ્વેસુ, જંતિ સુરનારયા ગબ્ભે ॥ ૩૩૮ ॥**

ઉદ્વર્તના પણ એ જ પ્રમાણે. ૧ સમયમાં (ઉપપાત-ઉદ્વર્તન) સંખ્યા દેવોતુલ્ય છે. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ બધે જાય. દેવ-નારક ગર્ભજમાં જાય. (૩૩૮)

**ઉવ્વટ્ટા તિરિયાઓ, ચઉસું પિ ગઈસુ જંતિ પંચિંદી ।**
**થાવરવિગલા દોસું નિયમા પુણ સંખજીવીસુ ॥ ૩૩૯ ॥**

પંચેન્દ્રિય તિર્યંચમાંથી મરી ચારે ગતિમાં જાય છે. સ્થાવર અને વિકલેન્દ્રિય અવશ્ય સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચમાં જાય. (૩૩૯)

**બારસ મુહુત્ત ગબ્ભે, મુહુત્ત સમ્મુચ્છિમેસુ ચઉવીસં ।**
**ઉક્કોસ વિરહકાલો, દોસુ વિ ય જહન્નઓ સમઓ ॥ ૩૪૦ ॥**

ગર્ભજ મનુષ્યમાં ૧૨ મુહૂર્ત, સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ૨૪ મુહૂર્ત ઉત્કૃષ્ટ વિરહકાળ છે. બન્નેમાં જઘન્ય ૧ સમય છે. (૩૪૦)

**એમેવ ય ઉવ્વટ્ટણસંખા, સમએણ સુરુવરુતુલ્લા ।**
**મણુએસું ઉવવાઓ-ડસંખાઉય મુત્તુ સેસાઓ ॥ ૩૪૧ ॥**

એ જ પ્રમાણે ઉદ્વર્તના સમજવી. ૧ સમયમાં (ઉપપાત-ઉદ્વર્તન) સંખ્યા દેવોતુલ્ય છે. અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ સિવાયના જીવો મનુષ્યમાં ઉત્પન્ન થાય. (૩૪૧)

**પુઢવીઆઉવણસ્સઈ, બાયરપત્તેસુ લેસ ચત્તારી ।**
**ગબ્ભયતિરિયનરેસું, છલ્લેસા તિન્નિ સેસાણં ॥ ૩૪૨ ॥**

બાદર પર્યાપ્તા પૃથ્વીકાય-અપ્કાય-વનસ્પતિકાયમાં ચાર લેશ્યા છે, ગર્ભજ મનુષ્ય-તિર્યંચમાં છ લેશ્યા છે, શેષ જીવોને ૩ લેશ્યા છે. (૩૪૨)

**સત્તમમહિનેરઈયા, તેઊ વાઊ અણંતરુવ્વટ્ટા ।**
**ન વિ પાવે માણુસ્સં, તહા અસંખાઉઆ સવ્વે ॥ ૩૪૩ ॥**

સાતમી પૃથ્વીના નારકીઓ, તેઉકાય, વાઉકાય તથા બધા અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચ મરીને તરત મનુષ્યપણુ ન પામે. (૩૪૩)

**મુત્તૂણ મણુયદેહં, પંચસુવિ ગઈસુ જંતિ અવિરુદ્ધા ।**
**પરિણામવિસેસેણં, સંખાઉ ય પઢમસંઘયણા ॥ ૩૪૪ ॥**

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા, પહેલા સંઘયણવાળા પરિણામવિશેષથી અવિરુદ્ધ મનુષ્યો મનુષ્યદેહને છોડીને પાંચે ય ગતિમાં જાય છે. (૩૪૪)

**જહન્નેણેગસમઓ, ઉક્કોસેણં તુ હુંતિ છમ્માસા ।**
**વિરહો સિદ્ધિગઈએ, ઉવ્વટ્ટણવજ્જિઆ નિયમા ॥ ૩૪૫ ॥**

સિદ્ધિગતિનો ઉપપાતવિરહકાળ જઘન્યથી ૧ સમય, ઉત્કૃષ્ટથી ૬ માસ છે. તે નિયમા ઉદ્વર્તન વિનાની છે. (૩૪૫)

**ઈક્કો વ દો વ તિન્નિ વ, અટ્ઠસયં જાવ એગસમએણં ।**
**મણુઅગઈઓ ગચ્છે, સંખાઉઅ વીઅરાગા ઉ ॥ ૩૪૬ ॥**

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા વીતરાગ ભગવંતો મનુષ્ય ગતિમાંથી ૧ સમયમાં ૧ કે ૨ કે ૩ યાવત્ ૧૦૮ મોક્ષે જાય. (૩૪૬)

**બત્તીસા અડયાલા, સટ્ઠી બાવત્તરી બોદ્ધવ્વા ।**
**ચુલસીઈ છણ્ણઉઈ, દુરહિઅમટ્ઠુત્તરસયં ચ ॥ ૩૪૭ ॥**

૩૨, ૪૮, ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૧૦૨ અને ૧૦૮ (ક્રમશઃ ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧ સમય સુધી સિદ્ધ થાય) એમ જાણવુ. (૩૪૭)

**ઠિઈભવણાણોગાહણવક્કંતી, વણ્ણિયા સમાસેણં ।**
**ઈત્તો તિવિહપમાણં, જોણી પજ્જત્તિં વુચ્છામિ ॥ ૩૪૮ ॥**

સ્થિતિ, ભવન, અવગાહના, વ્યુત્ક્રાન્તિ (ગતિ-આગતિ) સંક્ષેપથી કહી. હવે ત્રણ પ્રકારના પ્રમાણ, યોનિ અને પર્યાપ્તિ કહીશ. (૩૪૮)

**આયંગુલેણ વત્થું, ઉસ્સેહપમાણઓ મિણસુ દેહં ।**
**નગપુઢવિવિમાણાઈં, મિણસુ પમાણંગુલેણં તુ ॥ ૩૪૯ ॥**

આત્માંગુલથી વાસ્તુ, ઉત્સેધપ્રમાણના અંગુલથી શરીર માપ, પ્રમાણાંગુલથી પર્વત, પૃથ્વી, વિમાનો માપ. (૩૪૯)

**ઉસ્સેહંગુલમેગં હવઈ, પમાણંગુલં સહસ્સગુણં ।**
**ઉસ્સેહંગુલદુગુણં, વીરસ્સાયંગુલં ભણિઅં ॥ ૩૫૦ ॥**

૧ ઉત્સેધાંગુલ હજારગણુ થયુ થકુ ૧ પ્રમાણાંગુલ થાય. બે ગણુ ઉત્સેધાંગુલ એ વીરપ્રભુનું આત્માંગુલ કહ્યુ છે. (૩૫૦)

**પુઢવિદગઅગણિમારુય, ઈક્કિક્કક્કે સત્ત જોણિલક્ખાઓ ।**
**વણપત્તેય અણંતે, દસ ચઉદસ જોણિલક્ખાઓ ॥ ૩૫૧ ॥**
**વિગલિંદિએસુ દો દો, ચઉરો ચઉરો અ નારયસુરેસું**
**તિરિએસુ હુંતિ ચઉરો, ચઉદસ લક્ખાઉ મણુએસું ॥ ૩૫૨ ॥**

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય-એકેકમાં ૭ લાખ યોનિઓ છે, પ્રત્યેક વનસ્પતિકાયમાં અને અનંતકાયમાં (ક્રમશઃ) ૧૦ લાખ અને ૧૪ લાખ યોનિ છે, વિકલેન્દ્રિયમાં ૨-૨ લાખ, નારક-દેવોમાં ૪-૪ લાખ, તિર્યંચમાં ૪ લાખ, મનુષ્યમાં ૧૪ લાખ યોનિ છે. (૩૫૧, ૩૫૨)

**બારસ સત્ત ય તિન્નિ ય, સત્ત કુલકોડિ સયસહસ્સાઈં ।**
**નેયા પુઢવિદગાગણિ-વાઊણ ચેવ પરિસંખા ॥ ૩૫૩ ॥**

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાયમાં ક્રમશઃ ૧૨ લાખ, ૭ લાખ, ૩ લાખ, ૭ લાખ કુલકોટિ જાણવી. (૩૫૩)

**કુલકોડિસયસહસ્સા, સત્તટ્ઠ ય નવ ય અટ્ઠવીસં ચ ।**
**બેઇંદિઅતેઇંદિઅ-ચઉરિંદિઅહરિયકાયાણં ॥ ૩૫૪ ॥**

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, વનસ્પતિકાયમાં ક્રમશઃ ૭ લાખ, ૮ લાખ, ૯ લાખ, ૨૮ લાખ કુલકોટિ છે. (૩૫૪)

**અદ્ધતેરસ બારસ, દસ દસ નવ ચેવ સયસહસ્સાઈં ।**
**જલયરપક્ખિ-ચઉપ્પય-ઉરભુઅસપ્પાણ કુલસંખા ॥ ૩૫૫ ॥**

જલચર, પક્ષિ, ચતુષ્પદ, ઉરપરિસર્પ, ભુજપરિસર્પની કુલકોટિની સંખ્યા ક્રમશઃ ૧૨ $\frac{૧}{૨}$ લાખ, ૧૨ લાખ, ૧૦ લાખ, ૧૦ લાખ અને ૯ લાખ છે. (૩૫૫)

**છવ્વીસા પણવીસા, સુરનેરઈઆણ સયહસ્સાઈં ।**
**બાર સયસહસ્સાઈં, કુલકોડીણં મણુસ્સાણં ॥ ૩૫૬ ॥**

દેવો-નારકોની ક્રમશઃ ૨૬ લાખ, ૨૫ લાખ, મનુષ્યની ૧૨ લાખ કુલકોટિ છે. (૩૫૬)

**એગા કોડાકોડી, સત્તાણઉઈ ભવે સયસહસ્સા ।**
**પન્નાસં ચ સહસ્સા, કુલકોડીણં મુણેયવ્વા ॥ ૩૫૭ ॥**

કુલ ૧,૯૭,૫૦,૦૦૦ કુલકોટિ જાણવી. (૩૫૭)

**એગિંદિયનેરઈયા, સંવુડજોણી હવંતિ દેવા ય ।**
**વિગલિંદિયાણ વિઅડા, સંવુડવિઅડા ય ગબ્ભમ્મિ ॥ ૩૫૮ ॥**

એકેન્દ્રિય-નારકી-દેવો સંવૃત(ઢંકાયેલ)યોનિવાળા છે, વિકલેન્દ્રિય વિવૃત (પ્રગટ) યોનિવાળા છે, ગર્ભજ જીવો સંવૃતવિવૃત યોનિવાળા છે. (૩૫૮)

**અચ્ચિત્તા ખલુ જોણી, નેરઈઆણં તહેવ દેવાણં ।**
**મીસા ય ગબ્ભવસહી, તિવિહા જોણી ઉ સેસાણં ॥ ૩૫૯ ॥**

નારકી-દેવોની અચિત્ત યોનિ છે, ગર્ભજ જીવોની મિશ્ર યોનિ છે, શેષ જીવોની યોનિ ત્રણ પ્રકારની છે. (૩૫૯)

**સીઉસણજોણીઆ, સવ્વે દેવા ય ગબ્ભવક્કંતી ।**
**ઉસિણા ય તેઉકાએ, દુહ નરએ તિવિહ સેસાણં ॥ ૩૬૦ ॥**

દેવો અને ગર્ભજ જીવો શીતોષ્ણ યોનિવાળા છે, તેઉકાયની ઉષ્ણયોનિ છે, નારકીની યોનિ બે પ્રકારની છે, શેષ જીવોની યોનિ ૩ પ્રકારની છે. (૩૬૦)

**સંખાવત્તા જોણી, કુમ્મુન્નય વંસપત્ત જોણી અ ।**
**સંખાવત્તાઈ તહિં, નિયમાઉ વિણસ્સએ ગબ્ભો ॥ ૩૬૧ ॥**

શંખાવર્ત યોનિ, કુર્મોન્નત યોનિ અને વંશીપત્રા યોનિ (-આ મનુષ્યયોનિના ત્રણ પ્રકાર છે). તેમાં શંખાવર્તયોનિમાં ગર્ભ અવશ્ય નાશ પામે છે. (૩૬૧)

**કુમ્મુન્નયજોણીએ, તિત્થયરા દુવિહ ચક્કવટ્ટી ય ।**
**રામા વિ ય જાયંતે, સેસાએ સેસગજણો ય ॥ ૩૬૨ ॥**

કુર્મોન્નતયોનિમાં તીર્થંકર, બે પ્રકારના ચક્રવર્તી (ચક્રવર્તી અને વાસુદેવ) અને બળદેવ ઉત્પન્ન થાય છે, શેષ યોનિમાં શેષ લોકો ઉત્પન્ન થાય છે. (૩૬૨)

**આહારસરીરિંદિય પજ્જત્તિ, આણપાણભાસમણે ।**
**ચત્તારિ પંચ છપ્પિઅ, એગિંદિઅવિગલસન્નીણં ॥ ૩૬૩ ॥**

આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન (-આ છ પર્યાપ્તિ છે). એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સંજ્ઞીને ક્રમશઃ ૪, ૫, ૬ પર્યાપ્તિ હોય છે. (૩૬૩)

**એસા સંખેવત્થા, ભવ્વાણ હિયટ્ઠયાઈ સમયાઓ ।**
**કહિયા ભે સંઘયણી, સંખિત્તયરી ઈમા વન્ના ॥ ૩૬૪ ॥**

ભવ્યજીવોના હિત માટે આગમમાંથી (ઉદ્ધાર કરીને) સંક્ષિપ્તઅર્થવાળી આ સંગ્રહણિ તમને કહી છે. તેનાથી વધુ સંક્ષિપ્ત આ બીજી સંગ્રહણિ છે. (૩૬૪)

**સરીરોગાહણસંઘયણસંઠાણ- કસાય હુંતિ સણ્ણાઓ ।**
**લેસિંદિયસમુગ્ઘાએ, સન્ની વેએ અ પજ્જત્તી ॥ ૩૬૫ ॥**
**દિટ્ઠી દંસણનાણે, જોગુવઓગે તહા કિમાહારે ।**
**ઉવવાયઠિઈ સમુગ્ઘાય, ચવણ ગઈરાગઈ ચેવ ॥ ૩૬૬ ॥**

શરીર, અવગાહના, સંઘયણ, સંસ્થાન, કષાય, સંજ્ઞા, લેશ્યા, ઈન્દ્રિય, સમુદ્ઘાત, સંજ્ઞી, વેદ, પર્યાપ્તિ, દષ્ટિ, દર્શન, જ્ઞાન, યોગ, ઉપયોગ, કિમાહાર, ઉપપાત, સ્થિતિ, સમુદ્ઘાત, ચ્યવન, ગતિ અને આગતિ. (૩૬૫, ૩૬૬)

**જં ઉદ્ધિયં સુયાઓ, પુવ્વાયરિયકયમહવ સમઈએ ।**
**ખમિયવ્વં સુયહરેહિં, તહેવ સુયદેવયાએ ય ॥ ૩૬૭ ॥**

જે શ્રુતમાંથી ઉદ્ધૃત કર્યુ અથવા પૂર્વાચાર્યકૃત ઉદ્ધૃત કર્યુ અથવા સ્વમતિથી ઉદ્ધૃત કર્યુ હોય તેની શ્રુતધરોએ અને શ્રુતદેવતાએ ક્ષમા આપવી. (૩૬૭)

**શ્રીબૃહત્સંગ્રહણિના મૂળગાથા-શબ્દાર્થ સમાપ્ત**

• • •

# શ્રીસંગ્રહણિસૂત્ર

## મૂળગાથા-શબ્દાર્થ

**નમિઉં અરિહંતાઈ, ઠિઈ-ભવણોગાહણા ય પત્તેયં ।**
**સુર-નારયાણ વુચ્છં, નર-તિરિયાણં વિણા ભવણં ॥૧ ॥**
**ઉવવાય-ચવણ-વિરહં, સંખં ઈગ-સમઈયં ગમા-ગમણે ।**
**દસ વાસસહસ્સાઈ, ભવણવઈણં જહન્નઠિઈ ॥૨॥**

અરિહંત વગેરેને નમસ્કાર કરીને દેવતા અને નારકીના દરેકના (૧) સ્થિતિ, (૨) ભવન, (૩) અવગાહના, મનુષ્ય અને તિર્યંચના દરેકના ભવન વિના (સ્થિતિ અને અવગાહના), (૪) ઉપપાતવિરહ, (૫) ચ્યવનવિરહ, (૬) એક સમયમાં ઉપપાતસંખ્યા, (૭) એક સમયમાં ચ્યવનસંખ્યા, (૮) ગતિ, (૯) આગતિ કહીશ. ભવનપતિની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે (૧, ૨)

**ચમર બલિ સારમહિઅં, તદ્દેવીણં તુ તિન્નિ ચત્તારિ ।**
**પલિયાઈ સડ્ઢાઈ, સેસાણં નવનિકાયાણં ॥૩॥**
**દાહિણ દિવડ્ઢ પલિયં, ઉત્તરઓ હુન્તિ દુન્નિ દેસૂણા ।**
**તદ્દેવીમદ્ધપલિયં, દેસૂણં આઉમુક્કોસં ॥૪॥**

(ઉત્કૃષ્ટ આયુષ્ય) ચમરેન્દ્રનું અને બલીન્દ્રનું ક્રમશઃ ૧ સાગરોપમ અને સાધિક ૧ સાગરોપમ છે. તેમની દેવીઓનું ક્રમશઃ ૩$\frac{૧}{૨}$ પલ્યોપમ અને ૪$\frac{૧}{૨}$ પાલ્યોપમ, શેષ નવ નિકાયના દક્ષિણ તરફના દેવોનું ૧$\frac{૧}{૨}$ પલ્યોપમ અને ઉત્તર તરફના દેવોનું દેશોન ૨ પલ્યોપમ, તેમની દેવીઓનું ક્રમશઃ $\frac{૧}{૨}$ પલ્યોપમ અને દેશોન ૧ પલ્યોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. (૩, ૪)

**વંતરયાણં જહન્નં, દસ વાસસહસ્સ પલિયમુક્કોસં**
**દેવીણં પલિયદ્ધં, પલિયં અહિયં સસિરવીણં ॥૫॥**

**લક્ખેણ સહસ્સેણ ય, વાસાણ ગહાણ પલિયમેએસિં ।**
**ઠિઈ અદ્ધં દેવીણં, કમેણ નક્ખત્ત-તારાણં ॥૬॥**

**પલિયદ્ધં ચઉભાગો, ચઉઅડભાગાહિગાઉ દેવીણં ।**
**ચઉજુઅલે ચઉભાગો, જહન્નમડભાગ પંચમએ ॥૭॥**

વ્યન્તર (દેવો અને દેવીઓ)નું જઘન્ય આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષ છે. (દેવોનું) ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ છે. દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય $\frac{૧}{૨}$ પલ્યોપમ છે. ચન્દ્ર-સૂર્ય (દેવો)નું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રમશઃ ૧ પલ્યોપમ + ૧ લાખ વર્ષ અને ૧ પલ્યોપમ + ૧,૦૦૦ વર્ષ છે. ગ્રહ (દેવો)નું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પલ્યોપમ છે. એમની (ચન્દ્ર, સૂર્ય, ગ્રહની) અડધી સ્થિતિ (તેમની) દેવીની છે. નક્ષત્ર અને તારા (દેવો)ની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ $\frac{૧}{૨}$ પલ્યોપમ અને $\frac{૧}{૪}$ પલ્યોપમ છે. (તેમની) દેવીની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ સાધિક $\frac{૧}{૪}$ પલ્યોપમ અને સાધિક $\frac{૧}{૮}$ પલ્યોપમ છે. ચાર યુગલ (દેવ-દેવી)ની જઘન્ય સ્થિતિ $\frac{૧}{૪}$ પલ્યોપમ છે અને પાંચમા યુગલની જઘન્ય સ્થિતિ $\frac{૧}{૮}$ પલ્યોપમ છે. (૫, ૬, ૭)

**દો સાહિ સત્ત સાહિય, દસ ચઉદસ સત્તર અયર જા સુક્કો ।**
**ઇક્કિક્કમહિયમિત્તો, જા ઇગતિસુવરિ ગેવિજ્જે ॥૮॥**

**તિત્તીસણુત્તરેસુ, સોહમ્માઈસુ ઇમા ઠિઈ જિટ્ઠા ।**
**સોહમ્મે ઈસાણે, જહન્ન ઠિઈ પલિયમહિયં ચ ॥૯॥**

(સૌધર્મથી) મહાશુક્ર સુધી ક્રમશઃ ૨ સાગરોપમ, સાધિક ૨ સાગરોપમ, ૭ સાગરોપમ, સાધિક ૭ સાગરોપમ, ૧૦

સાગરોપમ, ૧૪ સાગરોપમ , ૧૭ સાગરોપમ, અહીંથી (ઉપર) ૧-૧ સાગરોપમ અધિક યાવત્ ઉપરના ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમ અને અનુત્તરમાં ૩૩ સાગરોપમ - સૌધર્મ વગેરેમાં આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. સૌધર્મમાં અને ઇશાનમાં જઘન્ય સ્થિતિ ક્રમશઃ ૧ પલ્યોપમ અને સાધિક ૧ પલ્યોપમ છે (૮, ૯)

**દો-સાહિસત્ત-દસ-ચઉદસ-સત્તર-અયરાઈ જા સહસ્સારો ।**
**તપ્પરઓ ઇક્કિક્કં, અહિયં જાણુત્તરચઉક્કે ॥૧૦॥**

**ઇગતીસ સાગરાઇં, સવ્વટ્ઠે પુણ જહન્ન ઠિઈ નત્થિ ।**
**પરિગ્ગહિયાણિયરાણિ ય, સોહમ્મીસાણદેવીણં ॥૧૧॥**

**પલિયં અહિયં ચ કમા, ઠિઈ જહન્ના ઇઓ ય ઉક્કોસા ।**
**પલિયાઇં સત્ત પન્નાસ, તહ ય નવ પંચવન્ના ય ॥૧૨॥**

(ત્યાર પછી) સહસ્રાર સુધી ૨ સાગરોપમ, સાધિક ૨ સાગોરપમ, ૭ સાગરોપમ, ૧૦ સાગરોપમ, ૧૪ સાગરોપમ, ૧૭ સાગરોપમ, ત્યારપછી ૧-૧ સાગરોપમ અધિક યાવત્ અનુત્તર-૪માં ૩૧ સાગરોપમ જઘન્ય સ્થિતિ છે. સર્વાર્થસિદ્ધમાં જઘન્ય સ્થિતિ નથી. સૌધર્મ અને ઇશાનની પરિગૃહીતા અને અપરિગૃહીતા દેવીની જઘન્ય સ્થિતિ ક્રમશઃ ૧ પલ્યોપમ અને સાધિક ૧ પલ્યોપમ છે. હવે (તેમની) ઉત્કૃષ્ટ સ્થિતિ ૭ પલ્યોપમ, ૫૦ પલ્યોપમ અને ૯ પલ્યોપમ, ૫૫ પલ્યોપમ છે. (૧૦,૧૧, ૧૨)

**પણ છ ચઉ ચઉ અટ્ઠ ય, કમેણ પત્તેયમગ્ગમહિસીઓ ।**
**અસુર-નાગાઇ-વંતર, જોઇસ-કપ્પદુગિંદાણં ॥૧૩॥**

અસુરકુમાર, નાગકુમાર વગેરે, વ્યન્તર, જ્યોતિષ, બે દેવલોકના ઇન્દ્રોની દરેકની ક્રમશઃ ૫, ૬, ૪, ૪, ૮ અગ્રમહિષીઓ છે. (૧૩)

**દુસુ તેરસ દુસુ બારસ, છ પણ ચઉ ચઉ દુગે દુગે ય ચઉ ।**
**ગેવિજ્જણુત્તરે દસ, બિસટ્ઠિ પયરા ઉવરિ લોએ ॥૧૪॥**

બેમાં ૧૩, બેમાં ૧૨, ૬, ૫, ૪, ૪, બે-બેમાં ૪, ગ્રૈવેયક-અનુત્તરમાં ૧૦ - આ ઊર્ધ્વલોકમાં ૬૨ પ્રતર છે. (૧૪)

**સોહમ્મુક્કોસઠિઈ, નિયપયરવિહત્તઇચ્છસંગુણિઓ ।**
**પયરુક્કોસઠિઈઓ, સવ્વત્થ જહન્નઓ પલિયં ॥૧૫॥**

સૌધર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને પોતાના પ્રતરોથી ભાગીને ઇષ્ટ પ્રતરથી ગુણવાથી તે પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. બધા પ્રતરોમાં જઘન્ય સ્થિતિ ૧ પલ્યોપમ છે. (૧૫)

**સુરકપ્પઠિઈવિસેસો, સગપયરવિહત્તઇચ્છસંગુણિઓ ।**
**હિટ્ઠિલ્લઠિઈસહિઓ, ઇચ્છિયપયરંમિ ઉક્કોસા ॥૧૬॥**

દેવલોકની સ્થિતિના વિશેષ (તફાવત)ને પોતાના પ્રતરથી ભાગી ઇષ્ટપ્રતરથી ગુણી નીચેના દેવલોકની સ્થિતિથી સહિત તે ઇષ્ટ પ્રતરમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૧૬)

**કપ્પસ્સ અંતપયરે, નિય કપ્પવડિંસયા વિમાણાઓ ।**
**ઇંદનિવાસા તેસિં, ચઉદિસિ લોગપાલાણં ॥૧૭॥**

દેવલોકના છેલ્લા પ્રતરમાં ઇન્દ્રોના નિવાસસ્થાનરૂપ પોત-પોતાના કલ્પાવતંસક વિમાનો છે. તેમની ચારે દિશામાં લોકપાલોના વિમાનો છે. (૧૭)

**સોમજમાણં સતિભાગ, પલિય વરૂણસ્સ દુન્નિ દેસૂણા ।**
**વેસમણે દો પલિયા, એસ ઠિઇ લોગપાલાણં ॥૧૮॥**

સોમ અને યમની ૧$\frac{1}{3}$પલ્યોપમ, વરુણની દેશોન ૨ પલ્યોપમ વૈશ્રમણની ૨ પલ્યોપમ - આ લોકપાલોની સ્થિતિ છે. (૧૮)

**અસુરા નાગ સુવન્ના, વિજ્જુ અગ્ગી ય દીવ ઉદહી અ ।**
**દિસી પવણ થણિય દસવિહ, ભવણવઈ તેસુ દુ દુ ઇંદા ॥૧૯॥**

અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુત્કુમાર, અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશિકુમાર, વાયુકુમાર, સ્તનિતકમાર - આ ૧૦ પ્રકારના ભવનપતિ દેવો છે. તેમાં બે-બે ઇન્દ્રો છે. (૧૯)

**ચમરે બલી અ ધરણે, ભૂયાણંદે ય વેણુદેવે ય ।**
**તત્તો ય વેણુદાલી, હરિકંતે હરિસ્સહે ચેવ ॥૨૦॥**

**અગ્ગિસિહ અગ્ગિમાણવ, પુન્ન વસિટ્ઠે તહેવ જલકંતે ।**
**જલપહ તહ અમિઅગઈ, મિયવાહણ દાહિણુત્તરઓ ॥૨૧॥**

**વેલંબે ય પહંજણ ઘોસ, મહાઘોસ એસિમન્નયરો ।**
**જંબુદ્દીવં છત્તં, મેરું દંડં પહુ કાઉં ॥૨૨॥**

ચમર, બલિ, ધરણ, ભૂતાનંદ, વેણુદેવ, વેણુદાલી, હરિકાંત, હરિસ્સહ, અગ્નિશિખ, અગ્નિમાનવ, પૂર્ણ, વશિષ્ટ, જલકાન્ત, જલપ્રભ, અમિતગતિ, મિતવાહન, વેલંબ, પ્રભંજન, ઘોષ, મહાઘોષ - આ ભવનપતિના દક્ષિણ અને ઉત્તર તરફના ઇન્દ્રો છે. આમાંનો કોઈ પણ ઇન્દ્ર જંબુદ્વીપને છત્ર અને મેરુપર્વતને દંડ કરવા સમર્થ છે. (૨૦, ૨૧, ૨૨)

**ચઉતીસા ચઉચત્તા, અટ્ઠતીસા ય ચત્ત પંચણ્હં ।**
**પન્ના ચત્તા કમસો, લક્ખા ભવણાણ દાહિણઓ ॥૨૩॥**

૩૪ લાખ, ૪૪ લાખ, ૩૮ લાખ, પાંચના ૪૦ લાખ, ૫૦ લાખ, ૪૦ લાખ ક્રમશઃ દક્ષિણ તરફના ભવનો છે. (૨૩)

**ચઉ ચઉ લક્ખા વિહૂણા, તાવઇયા ચેવ ઉત્તર દિસાએ ।**
**સવ્વેવિ સત્તકોડી, બાવત્તરિ હુન્તિ લક્ખા ય ॥૨૪॥**

ઉત્તર દિશામાં ચાર-ચાર લાખ ઓછા એવા તેટલા જ ભવનો છે. બધા મળીને ૭ કરોડ ૭૨ લાખ ભવનો છે. (૨૪)

**રયણાએ હિટ્ઠુવરિં, જોયણસહસ્સં વિમુત્તું તે ભવણા ।**
**જંબુદીવ સમા તહ, સંખમસંખિજ્જ વિત્થારા ॥૨૫॥**

રત્નપ્રભા પૃથ્વીના નીચે અને ઉપર ૧,૦૦૦ યોજન છોડીને તે ભવનો આવેલા છે. તે જંબુદ્વીપ સમાન વિસ્તારવાળા, સંખ્યાતા યોજન વિસ્તારવાળા, અસંખ્યાતા યોજન વિસ્તારવાળા છે. (૨૫)

**ચૂડામણિ ફણિ ગરુડે, વજ્જે તહ કલસ સીહ અસ્સે ય ।**
**ગય મયર વદ્ધમાણે, અસુરાઈણં મુણસુ ચિંધે ॥૨૬॥**

ચૂડામણિ, ફણા, ગરુડ, વજ્ર, કળશ, સિંહ, અશ્વ, હાથી, મગર, વર્ધમાન - આ અસુરકુમાર વગેરેના ચિહ્નો જાણવા (૨૬)

**અસુરા કાલા નાગુદહિ, પંડુરા તહ સુવન્ન દિસિથણિયા ।**
**કણગાભ વિજ્જુ-સિહિ-દીવ, અરૂણા વાઉ પિયંગુનિભા ॥૨૭॥**

અસુરકુમાર કાળા છે, નાગકુમાર-ઉદધિકુમાર સફેદ છે, સુવર્ણકુમાર-દિશિકુમાર-સ્તનિતકુમાર સુવર્ણ જેવા વર્ણવાળા છે, વિદ્યુત્કુમાર-અગ્નિકુમાર-દ્વીપકુમાર લાલ છે, વાયુકુમાર રાયણના વૃક્ષ જેવા (નીલ) વર્ણવાળા છે. (૨૭)

**અસુરાણ વત્થ રત્તા, નાગો-દહિ-વિજ્જુ-દીવ-સિહિ નીલા ।**
**દિસિ-થણિય-સુવન્નાણં, ધવલા વાઉણ સંઝરુઈ ॥૨૮॥**

અસુરકુમારના વસ્ત્ર લાલ છે, નાગકુમાર-ઉદધિકુમાર-વિદ્યુત્કુમાર-દ્વીપકુમાર-અગ્નિકુમારના વસ્ત્ર નીલ છે, દિશિકુમાર-

સ્તનિતકુમાર-સુવર્ણકુમારના વસ્ત્રો સફેદ છે, વાયુકુમારના વસ્ત્ર સન્ધ્યાના રંગ જેવા છે. (૨૮)

**ચઉસટ્ઠિ સટ્ઠિ અસુરે, છચ્ચ સહસ્સાઇં ધરણમાઈણં ।**
**સામાણિયા ઈમેસિં, ચઉગ્ગુણા આયરક્ખા ય ॥૨૯॥**

બે અસુરેન્દ્રના ૬૪ હજાર અને ૬૦ હજાર, ધરણેન્દ્ર વગેરેના ૬,૦૦૦ સામાનિક દેવો છે. એના કરતા ચારગુણા આત્મરક્ષક દેવો છે. (૨૯)

**રયણાએ પઢમજોયણસહસ્સે, હિટ્ઠુવરિં સયસયવિહૂણે ।**
**વંતરિયાણં રમ્મા, ભોમ્મા નયરા અસંખિજ્જા ॥૩૦॥**

રત્નપ્રભાના પ્રથમ ૧૦૦૦ યોજનમાં નીચે ઉપર ૧૦૦-૧૦૦ યોજન છોડીને વ્યન્તરોના પૃથ્વીકાયના અસંખ્ય સુંદર નગરો છે. (૩૦)

**બહિં વટ્ટા અંતો ચઉરંસા, અહો ય કણ્ણિઆયારા ।**
**ભવણવઈણં તહ વંતરાણાં, ઈંદભવણાઓ નાયવ્વા ॥૩૧॥**

ભવનપતિ અને વ્યન્તરના ઈન્દ્રો (દેવો)ના ભવનો બહારથી ગોળ, અંદરથી ચોરસ અને નીચેથી કર્ણિકાના આકારના જાણવા (૩૧)

**તહિં દેવા વંતરિયા, વરતરુણીગીયવાઈયરવેણં ।**
**નિચ્ચં સુહિયા પમુઈયા, ગયંપિ કાલં ન યાણંતિ ॥૩૨॥**

તે ભવનોમાં વ્યન્તર દેવો સુંદર દેવીઓ અને ગીત-વાજીંત્રોના નાદ વડે હંમેશા સુખી અને ખુશ થયેલા ગયેલા પણ કાળને જાણતા નથી. (૩૨)

**તે જંબુદ્દીવ ભારહ વિદેહ સમ, ગુરૂ જહન્ન મજ્ઝિમગા ।**
**વંતર પુણ અટ્ઠવિહા, પિસાય ભૂયા તહા જક્ખા ॥૩૩॥**

**રક્ખસ કિંનર કિંપુરિસા, મહોરગા અટ્ઠમા ય ગંધવ્વા ।**
**દાહિણુત્તર ભેયા, સોલસ તેસિં ઈમે ઈંદા ॥૩૪॥**

તે ભવનો ઉત્કૃષ્ટથી, જઘન્યથી, મધ્યમથી જંબુદ્વીપ સમાન, ભરતક્ષેત્ર સમાન અને મહાવિદેહક્ષેત્ર સમાન છે. વ્યંતરો ૮ પ્રકારના છે- પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અને આઠમા ગંધર્વ, દક્ષિણ-ઉત્તર ભેદથી તેમના સોળ ઈન્દ્રો આ પ્રમાણે છે - (૩૩, ૩૪)

**કાલે ય મહાકાલે, સુરૂવ પડિરૂવ પુન્નભદ્દે ય ।**
**તહ ચેવ માણિભદ્દે, ભીમે ય તહા મહાભીમે ॥૩૫॥**

**કિંનર કિંપુરિસે સપ્પુરિસા, મહાપુરિસ તહ ય અઈકાયે ।**
**મહાકાય ગીયરઈ, ગીયજસે દુન્નિ દુન્નિ કમા ॥૩૬॥**

કાલ, મહાકાલ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ, મહાભીમ, કિન્નર, કિંપુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, અતિકાય, મહાકાય, ગીતરતિ, ગીતયશ - ક્રમશઃ બે-બે. (૩૫, ૩૬)

**ચિંધં કલંબસુલસે, વડખટ્ટંગે અસોગચંપયએ ।**
**નાગે તુંબુરૂ અ ઝએ, ખટ્ટંગવિવજ્જિયા રુક્ખા ॥૩૭॥**

તેમના ધ્વજ ઉપર કદંબ, સુલસ, વડ, ખટ્વાંગ, અશોક, ચંપક, નાગ, તુંબુરુ - આ ચિહ્નો છે. તેમાં ખટ્વાંગ સિવાયના બધા વૃક્ષ છે. (૩૭)

**જક્ખ-પિસાય-મહોરગ-ગંધવ્વા સામ કિંનરા નીલા ।**
**રક્ખસ-કિંપુરિસા વિ ય, ધવલા ભૂયા પુણો કાલા ॥૩૮॥**

યક્ષ-પિશાચ-મહોરગ-ગન્ધર્વ શ્યામવર્ણના છે, કિન્નર નીલવર્ણના છે, રાક્ષસ-કિંપુરુષ સફેદવર્ણના છે, ભૂત કાળાવર્ણના છે (૩૮)

**અણપન્ની પણપન્ની, ઈસિવાઈઅ ભૂયવાઈએ ચેવ ।**
**કંદી ય મહાકંદી, કોહંડે ચેવ પયએ ય ॥૩૯॥**
**ઈય પઢમજોયણસએ, રયણાએ અટ્ઠ વંતરા અવરે ।**
**તેસુ ઈહ સોલસિંદા, રુયગ અહો દાહિણુત્તરઓ ॥૪૦॥**

અણપન્ની, પણપન્ની, ઋષિવાદી, ભૂતવાદી, કંદિત, મહાકંદિત, કુષ્માંડ, પતંગ - રત્નપ્રભાના પહેલા ૧૦૦ યોજનમાં આ આઠ અન્ય વ્યન્તરો છે. રુચકની નીચે દક્ષિણ-ઉત્તર તરફ તેમના અહીં ૧૬ ઇન્દ્રો છે. (૩૯, ૪૦)

**સંનિહિએ સામાણે, ધાએ વિહાએ ઈસી ય ઈસીવાલે ।**
**ઈસર મહેસરે વિ ય, હવઈ સુવચ્છે વિસાલે ય ॥૪૧॥**
**હાસે હાસરઈ વિ ય, સેએ ય ભવે તહા મહાસેએ ।**
**પયંગે પયંગવઈ વિ ય, સોલસ ઇંદાણ નામાઇં ॥૪૨॥**

સંનિહિત, સામાન, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાલ, ઈશ્વર, મહેશ્વર, સુવત્સ, વિશાલ, હાસ્ય, હાસ્યરતિ, શ્વેત, મહાશ્વેત, પતંગ, પતંગપતિ- આ ૧૬ ઇન્દ્રોના નામો છે. (૪૧, ૪૨)

**સામાણિયાણ ચઉરો, સહસ્સ સોલસ ય આયરક્ખાણં ।**
**પત્તેયં સવ્વેસિં, વંતરવઈ-સસિ-રવીણં ચ ॥૪૩॥**

બધા વ્યન્તરેન્દ્રો અને ચન્દ્ર-સૂર્યના દરેકના ૪૦૦૦ સામાનિક દેવો છે અને ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો છે. (૪૩)

**ઇંદ સમ તાયતીસા, પરિસતિયા રક્ખ લોગપાલા ય ।**
**અણિય પઇન્ના અભિઓગા, કિબ્બિસં દસ ભવણ વેમાણી ॥૪૪॥**

ઇન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પર્ષદાના, આત્મરક્ષક, લોકપાલ, સૈન્યના, પ્રકીર્ણક, આભિયોગિક, કિલ્બિષ - આ દસ પ્રકારના દેવો ભવનપતિ અને વૈમાનિકમાં હોય છે. (૪૪)

**ગંધવ્વ નટ્ટ હય ગય, રહ ભડ અણિયાણિ સવ્વ ઇંદાણં ।**
**વેમાણિયાણ વસહા, મહિસા ય અહોનિવાસીણં ॥૪૫॥**

ગન્ધર્વ, નાટ્ય, અશ્વ, હાથી, રથ, સૈનિક - આ સૈન્યો બધા ઇન્દ્રોને હોય છે. વૈમાનિકોને બળદનું સૈન્ય હોય છે, નીચેના દેવોને પાડાનું સૈન્ય હોય છે. (૪૫)

**તિત્તીસ તાયતીસા, પરિસ તિયા લોગપાલ ચત્તારિ ।**
**અણિઆણિ સત્ત સત્ત ય, અણિયાહિવ સવ્વઇંદાણં ॥૪૬॥**

બધા ઇન્દ્રોના ત્રાયસ્ત્રિંશ દેવો ૩૩ છે, પર્ષદા ૩ પ્રકારની છે, લોકપાલ ચાર છે, સૈન્ય ૭ છે, સેનાપતિ ૭ છે. (૪૬)

**નવરં વંતર-જોઇસ-ઇંદાણ, ન હુન્તિ લોગપાલાઓ ।**
**તાયત્તીસભિહાણા, તિયસાવિ ય તેસિં ન હુ હુન્તિ ॥૪૭॥**

પણ વ્યન્તર-જ્યોતિષના ઇન્દ્રોને લોકપાલ નથી હોતા, ત્રાયસ્ત્રિંશ નામના દેવો પણ તેમના નથી હોતા. (૪૭)

**સમભૂતલાઓ અટ્ઠહિં, દસૂણ જોયણસએહિં આરબ્ભ ।**
**ઉવરિ દસુત્તરજોયણ-સયંમિ ચિટ્ઠન્તિ જોઇસિયા ॥૪૮॥**

સમભૂતલથી ૧૦ યોજન ન્યૂન ૮૦૦ યોજનથી (૭૯૦ યોજનથી) માંડીને ઉપર ૧૧૦ યોજનમાં જ્યોતિષ દેવો રહેલા છે (૪૮)

**તત્થ રવી દસ જોયણ, અસીઈ તદુવરિં સસી અ રિક્ખેસુ ।**
**અહ ભરણિ સાઈ ઉવરિં, બહિં મૂલો ભિંતરે અભિઈ ॥૪૯॥**

તેમાં ૭૯૦ યોજનથી ૧૦ યોજન ઉપર સૂર્ય, તેની ઉપર ૮૦ યોજને ચન્દ્ર છે. નક્ષત્રોમાં નીચે ભરણી, ઉપર સ્વાતિ, બહાર મૂળ, અંદર અભિજિત્ છે. (૪૯)

**તારા રવી ચંદ રિક્ખા, બુહ સુક્કા જીવ મંગલ સણિયા ।**
**સગ સય નઉય દસ અસિઈ, ચઉ ચઉ કમસો તિયા ચઉસુ ॥૫૦॥**

તારા, સૂર્ય, ચન્દ્ર, નક્ષત્ર, બુધ, શુક્ર, બૃહસ્પતિ, મંગળ, શનિ ક્રમશઃ ૭૯૦ યોજને, ૧૦ યોજને, ૮૦ યોજને, ૪-૪ યોજને, ચારમાં ૩ - ૩ યોજને આવેલા છે. (૫૦)

**ઈક્કારસ જોયણસય, ઈગવીસિક્કાર સાહિયા કમસો ।**
**મેરુ-અલોગાબાહં, જોઈસ ચક્કં ચરઈ ઠાઈ ॥૫૧॥**

જ્યોતિષચક્ર મેરુ પર્વત અને અલોકથી ક્રમશઃ ૧,૧૨૧ અને ૧,૧૧૧ યોજન અબાધાએ ચાલે છે અને સ્થિર રહે છે. (૫૧)

**અદ્ધકવિટ્ઠાગારા, ફલિહમયા રમ્મ જોઈસવિમાણા ।**
**વંતરનયરેહિંતો, સંખિજ્જગુણા ઈમે હુન્તિ ॥૫૨॥**

જ્યોતિષના વિમાનો અડધા કોઠાના આકારના અને સ્ફટિકના છે. એ વ્યન્તરના નગરો કરતા સંખ્યાતગુણા છે. (૫૨)

**તાઈ વિમાણાઈ પુણ, સવ્વાઈ હુન્તિ ફાલિહમયાઈ**
**દગફાલિહમયા પુણ, લવણે જે જોઈસવિમાણા ॥૫૩॥**

તે વિમાનો બધા સ્ફટિકના હોય છે. લવણસમુદ્રમાં જે જ્યોતિષવિમાનો છે તે ઉદકસ્ફટિકના છે. (૫૩)

**જોયણિગસટ્ઠિ ભાગા, છપ્પન્ન અડયાલ ગાઉ દુ ઈગદ્ધં ।**
**ચંદાઈ-વિમાણા-યામ-વિત્થડા અદ્ધમુચ્ચત્તં ॥૫૪॥**

ચન્દ્ર વગેરેના વિમાનોની લંબાઈ અને પહોળાઈ $\frac{૫૬}{૬૧}$ યોજન, $\frac{૪૮}{૬૧}$ યોજન, ૨ ગાઉ, ૧ ગાઉ અને $\frac{૧}{૨}$ ગાઉ છે, ઉંચાઈ તેના કરતા અડધી છે (૫૪)

**પણયાલ લક્ખ જોયણ, નરખિત્તં તત્થિમે સયા ભમિરા ।**
**નરખિત્તાઉ બહિં પુણ, અદ્ધપમાણા ઠિઆ નિચ્ચં ॥૫૫॥**

મનુષ્યક્ષેત્ર ૪૫ લાખ યોજનનું છે. ત્યાં આ (ચન્દ્ર વગેરે) સદા ભમતા હોય છે. મનુષ્યક્ષેત્રની બહાર તે ચન્દ્ર વગેરે અડધા પ્રમાણવાળા હોય છે અને હંમેશા સ્થિર હોય છે. (૫૫)

**સસિ-રવિ-ગહ-નક્ખત્તા, તારાઓ હુન્તિ જહુત્તરં સિગ્ઘા ।**
**વિવરીયા ઉ મહઢ્ઢિઅ, વિમાણવહગા કમેણેસિં ॥૫૬॥**
**સોલસ સોલસ અડ ચઉ, દો સુરસહસ્સા પુરઓ દાહિણઓ ।**
**પચ્છિમ ઉત્તર સીહા, હત્થી વસહા હયા કમસો ॥૫૭॥**

ચન્દ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા ઉત્તરોત્તર શીઘ્ર છે અને વિપરીત રીતે મહર્દ્ધિક છે. એમના વિમાનોને વહન કરનારા ક્રમશઃ ૧૬૦૦૦, ૧૬૦૦૦, ૮૦૦૦, ૪૦૦૦, ૨૦૦૦ દેવો છે. તેઓ પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં અને ઉત્તરમાં ક્રમશઃ સિંહ, હાથી, બળદ અને અશ્વના રૂપે હોય છે. (૫૬,૫૭)

**ગહ અટ્ઠાસી નક્ખત્ત, અડવીસં તારકોડિકોડીણં ।**
**છાસટ્ઠિસહસ્સ નવસય, પણહત્તરિ એગસસીસિન્નં ॥૫૮॥**

ગ્રહો ૮૮ છે, નક્ષત્રો ૨૮ છે, તારાઓ ૬૬,૯૭૫ કોટિકોટિ છે- આ એક ચન્દ્રનું સૈન્ય છે. (૫૮)

**કોડાકોડી સન્નંતરં તુ, મન્નન્તિ ખિત્તથોવતયા ।**
**કેઈ અન્ને ઉસ્સેહં-ગુલમાણેણ તારાણં ॥૫૯॥**

ક્ષેત્ર થોડુ હોવાથી કેટલાક કોટાકોટિને અન્ય સંજ્ઞા માને છે. બીજા કેટલાક તારાના વિમાનનું માપ ઉત્સેધઅંગુલથી કહે છે. (૫૯)

**કિણ્હં રાહુવિમાણં, નિચ્ચં ચંદેણ હોઈ અવિરહિયં ।**
**ચઉરંગુલમપ્પત્તં, હિટ્ઠા ચંદસ્સ તં ચરઈ ॥૬૦॥**

રાહુનું કાળું વિમાન હંમેશા ચન્દ્રની નજીકમાં હોય છે. તે ચન્દ્રની નીચે ચાર અંગુલ દૂર ચરે છે. (૬૦)

**તારસ્સ ય તારસ્સ ય, જંબુદ્દીવંમિ અંતરં ગુરુયં ।**
**બારસ જોયણ સહસ્સા, દુન્નિ સયા ચેવ બાયાલા ॥૬૧॥**

જંબુદ્વીપમાં તારા અને તારાનું ઉત્કૃષ્ટ અંતર ૧૨,૨૪૨ યોજન છે. (૬૧)

**નિસઢો ય નીલવંતો, ચત્તારિ સય ઉચ્ચ પંચ સય કૂડા ।**
**અદ્ધં ઉવરિં રિક્ખા, ચરંતિ ઉભયડ્ઢ બાહાએ ॥૬૨॥**

નિષધ અને નીલવંત પર્વત ૪૦૦ યોજન ઉંચા છે. તેની ઉપર ૫૦૦ યોજન ઉંચા શિખર છે. તે ઉપર અડધા (૨૫૦ યોજન) પહોળા છે. તેમની બન્ને બાજુ ૮ યોજનની અબાધાએ નક્ષત્રો ચરે છે. (૬૨)

**છાવટ્ઠા દુન્નિ સયા, જહન્નમેયં તુ હોઈ વાઘાએ ।**
**નિવ્વાઘાએ ગુરુ લહુ, દો ગાઉ ય ધણુ સયા પંચ ॥૬૩॥**

૨૬૬ યોજન - આ વ્યાઘાતમાં (તારાઓનું) જઘન્ય અંતર છે. નિર્વ્યાઘાતમાં (તારાઓનું) ઉત્કૃષ્ટ અને જઘન્ય અંતર ક્રમશઃ ૨ ગાઉ અને ૫૦૦ ધનુષ્ય છે. (૬૩)

**માણુસનગાઓ બાહિં, ચંદા સુરસ્સ સુર ચંદસ્સ ।**
**જોયણ સહસ્સ પન્નાસ-ણુણગા અંતરં દિટ્ઠં ॥૬૪॥**

માનુષોત્તરપર્વતની બહાર ચન્દ્રથી સૂર્યનું અને સૂર્યથી ચંદ્રનું અંતર અન્યૂન ૫૦,૦૦૦ યોજન જોવાયું છે. (૬૪)

**સસિ સસિ રવિ રવિ સાહિય, જોયણ લક્ખેણ અંતરં હોઈ ।**
**રવિ અંતરિયા સસિણો, સસિ અંતરિયા રવિ દિત્તા ॥૬૫॥**

ચન્દ્ર-ચન્દ્રનું અને સૂર્ય-સૂર્યનું અંતર સાધિક લાખ યોજન છે. સૂર્યના આંતરે ચન્દ્ર અને ચંદ્રના આંતરે સૂર્ય દેદીપ્યમાન છે. (૬૫)

**બહિયા ઉ માણુસુત્તરઓ, ચંદા સૂરા અવટ્ઠિઉજ્જોયા ।**
**ચંદા અભિઈજુત્તા, સૂરા પુણ હુન્તિ પુસ્સેહિં ॥૬૬॥**

માનુષોતર પર્વતથી બહાર ચન્દ્ર અને સૂર્ય અવસ્થિત તેજવાળા છે, ચન્દ્ર અભિજિત્ નક્ષત્રથી યુક્ત છે અને સૂર્ય પુષ્યનક્ષત્રથી યુક્ત છે. (૬૬)

**ઉદ્ધારસાગર દુગે, સડ્ઢે સમએહિં તુલ્લ દીવુદહિ ।**
**દુગુણાદુગુણપવિત્થર, વલયાગારા પઢમવજ્જં ॥૬૭॥**

બમણા બમણા વિસ્તારવાળા, અઢી સાગરોપમના સમયની તુલ્ય દ્વીપસમુદ્રો છે. તેમાં પહેલા સિવાયના વલયાકારે છે (૬૭)

**પઢમો જોયણલક્ખં, વટ્ટો તં વેઢિઉં ઠિઆ સેસા ।**
**પઢમો જંબુદીવો, સયંભૂરમણોદહી ચરમો ॥૬૮॥**

પહેલો દ્વીપ ૧ લાખ યોજનનો અને ગોળ છે. શેષ દ્વીપ-સમુદ્રો તેને વીંટીને રહેલા છે. પહેલો જંબુદ્વીપ છે, છેલ્લો સ્વયંભૂરમણસમુદ્ર છે. (૬૮)

**જંબૂ ધાયઈ પુક્ખર, વારુણીવર ખીર ઘય ખોય નંદીસરા ।**
**અરુણ-રુણુવાય કુંડલ, સંખ રુયગ ભુયગ કુસ કુંચા ॥૬૯॥**

જંબૂ, ધાતકી, પુષ્કરવર, વારુણીવર, ક્ષીરવર, ઘૃતવર, ઈક્ષુવર, નંદીશ્વર, અરુણ, અરુણોપપાત (અરુણવર-અરુણવરાવભાસ) કુંડલ, (કુંડલવર, કુંડલવરાવભાસ), શંખ, (શંખવર, શંખવરાવભાસ), રુચક, (રુચકવર, રુચકવરાવભાસ), ભુજગ, (ભુજગવર, ભુજગવરાવભાસ), કુશ, (કુશવર, કુશવરાવભાસ), ક્રૌંચ, (ક્રૌંચવર, ક્રૌંચવરાવભાસ)-દ્વીપો છે. (૬૯)

**પઢમે લવણો જલહી, બીએ કાલોય પુક્ખરાઈસુ ।**
**દીવેસુ હુન્તિ જલહી, દીવસમાણેહિં નામેહિં ॥૭૦॥**

પહેલા દ્વીપ પછી લવણસમુદ્ર છે, બીજા દ્વીપ પછી કાલોદધિ છે, પુષ્કરવર વગેરે દ્વીપો પછી દ્વીપની સમાન નામવાળા સમુદ્રો છે. (૭૦)

**આભરણ વત્થ ગંધે, ઉપ્પલતિલએ ય પઉમ નિહિરયણે ।**
**વાસહર દહ નઈઓ, વિજયા વક્ખાર કપ્પિંદા ॥૭૧॥**
**કુરૂ મંદર આવાસા, કૂડા નક્ખત્ત ચંદ સૂરા ય ।**
**અન્નેવિ એવમાઈ, પસત્થવત્થૂણ જે નામા ॥૭૨॥**
**તન્નામા દીવુદહી, તિપડોયાયાર હુન્તિ અરુણાઈ ।**
**જંબૂલવણાઈયા, પત્તેયં તે અસંખિજ્જા ॥૭૩॥**

અલંકાર, વસ્ત્ર, ગંધ, ચંદ્રવિકાસી કમળ, તિલક વગેરે વૃક્ષ, સૂર્યવિકાસી કમળ, નવનિધિ, રત્નો, વર્ષધર પર્વતો, દ્રહો, નદીઓ, વિજયો, વક્ષસ્કારપર્વતો, દેવલોક, ઇન્દ્ર, દેવકુરુ- ઉત્તરકુરુ, મેરુપર્વત, આવાસો, શિખરો, નક્ષત્રો, ચંદ્ર, સૂર્ય અને બીજા પણ એવા સારી વસ્તુઓના જે નામ છે તે નામના દ્વીપસમુદ્રો છે.

અરુણ વગેરે દ્વીપો-સમુદ્રો ત્રિપ્રત્યવતાર છે. જંબુદ્વીપ, લવણસમુદ્ર વગેરે દરેક અસંખ્ય છે. (૭૧, ૭૨, ૭૩)

**તાણંતિમ સૂરવરાવભાસ, જલહી પરં તુ ઇક્કિક્કા ।**
**દેવે નાગે જક્ખે, ભૂએ ય સયંભુરમણે ય ॥૭૪॥**

તેમાંનો છેલ્લો સૂર્યવરાવભાસ સમુદ્ર છે, ત્યાર પછી દેવ, નાગ, યક્ષ, ભૂત, સ્વયંભૂરમણ દ્વીપો-સમુદ્રો એક એક છે (૭૪)

**વારુણીવર ખીરવરો, ઘયવર લવણો ય હુન્તિ ભિન્નરસા ।**
**કાલોય પુક્ખરોદહિ, સયંભુરમણો ય ઉદગરસા ॥૭૫॥**

વારુણીવર સમુદ્ર, ક્ષીરવર સમુદ્ર, ઘૃતવર સમુદ્ર, લવણસમુદ્ર ભિન્ન ભિન્ન સ્વાદવાળા છે. કાલોદધિ, પુષ્કરવરસમુદ્ર અને સ્વયંભૂરમણસમુદ્ર પાણીના જેવા સ્વાદવાળા છે. (૭૫)

**ઈક્ખુરસ સેસ જલહી, લવણે કાલોએ ચરિમિ બહુમચ્છા ।**
**પણ સગ દસ જોયણસય-તણુ કમા થોવ સેસેસુ ॥૭૬॥**

શેષ સમુદ્રો શેરડીના રસ જેવા સ્વાદવાળા છે. લવણસમુદ્ર, કાલોદધિ અને છેલ્લા સમુદ્રમાં ક્રમશઃ ૫૦૦, ૭૦૦, ૧૦૦૦ યોજનના શરીરવાળા ઘણા માછલા છે. શેષ સમુદ્રમાં થોડા માછલા છે. (૭૬)

**દો સસિ દો રવિ પઢમે, દુગુણા લવણંમિ ધાયઈસંડે ।**
**બારસ સસિ બારસ રવિ, તપ્પભિઈનિદ્દિટ્ઠસસિરવિણો ॥૭૭॥**
**તિગુણા પુવ્વિલ્લ જુયા, અણંતરાણંતરંમિ ખિત્તંમિ ।**
**કાલોએ બાયાલા, બિસત્તરી પુક્ખરદ્ધંમિ ॥૭૮॥**

પહેલા દ્વીપમાં બે ચન્દ્ર-બે સૂર્ય છે. લવણસમુદ્રમાં બમણા (ચન્દ્ર-સૂર્ય) છે. ધાતકીખંડમાં ૧૨ ચન્દ્ર અને ૧૨ સૂર્ય છે.

ત્યારથી માંડીને પછી પછીના ક્ષેત્રમાં ત્રણ ગુણા નિર્દિષ્ટ ચન્દ્ર-સૂર્ય અને પૂર્વેના ચન્દ્ર-સૂર્ય યુક્ત ચન્દ્ર-સૂર્ય કહ્યા છે. કાલોદધિમાં ૪૨ અને પુષ્કરવરાર્ધમાં ૭૨ ચન્દ્ર-સૂર્ય છે. (૭૭-૭૮)

**દો દો સસિરવિપંતી, એગંતરિયા છસટ્ઠિ સંખાયા ।**
**મેરું પયાહિણંતા, માણુસખિત્તે પરિઅડન્તિ ॥૭૯॥**

મનુષ્યક્ષેત્રમાં ૬૬ની સંખ્યાવાળી ચન્દ્રની બે પંક્તિ અને સૂર્યની બે પંક્તિ એકાંતરે મેરુપર્વતને પ્રદક્ષિણા આપતી ફરે છે. (૭૯)

**એવં ગહાઈણો વિ હુ, નવરં ધુવપાસવત્તિણો તારા ।**
**તં ચિય પયાહિણંતા, તત્થેવ સયા પરિભમન્તિ ॥૮૦॥**

એ પ્રમાણે ગ્રહ વગેરેની પણ પંક્તિઓ જાણવી, પણ ધ્રુવતારાની નજીકમાં રહેલા તારાઓ તેને જ પ્રદક્ષિણા આપતા ત્યાં જ હંમેશા ફરે છે. (૮૦)

**પન્નરસ ચુલસીઈસયં, ઈહ સસિરવિમંડલાઇં તક્ખિત્તં ।**
**જોયણ પણ સય દસહિય, ભાગા અડયાલ ઈગસટ્ઠા ॥૮૧॥**

અહીં ચન્દ્રના અને સૂર્યના ક્રમશઃ ૧૫ અને ૧૮૪ મંડલ છે. તેમનું ક્ષેત્ર ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન છે. (૮૧)

**તીસિગસટ્ઠા ચઉરો, ઈગ ઈગસટ્ઠસ્સ સત્ત ભઈયસ્સ ।**
**પણતીસં ચ દુ જોયણ, સસિરવિણો મંડલંતરયં ॥૮૨॥**

ચન્દ્ર અને સૂર્યના મંડલોનું અંતર ક્રમશઃ ૩૫ $\frac{૩૦}{૬૧}$ $\frac{૪}{૭}$ યોજન અને ૨ યોજન છે. (૮૨)

**મંડલદસગં લવણે, પણગં નિસઢંમિ હોઈ ચંદસ્સ ।**
**મંડલઅંતરમાણં, જાણ પમાણં પુરા કહિયં ॥૮૩॥**

ચન્દ્રના ૧૦ મંડલ લવણસમુદ્રની ઉપર છે અને ૫ મંડલ નિષધપર્વતની ઉપર છે. મંડલના અંતરનું પ્રમાણ અને વિમાનનું પ્રમાણ પૂર્વે કહ્યા મુજબ જાણ. (૮૩)

**પણસટ્ઠી નિસઢંમિ ય, દુન્નિ ય બાહા દુજોયણંતરિયા ।**
**ઈગુણવીસં તુ સયં, સૂરસ્સ ય મંડલા લવણે ॥૮૪॥**

સૂર્યના ૨ યોજનના અંતરવાળા ૬૫ મંડલ નિષધપર્વત ઉપર છે, તેમાંથી બે મંડલ (હરિવર્ષક્ષેત્રની) બાહા ઉપર છે અને ૧૧૯ મંડલ લવણસમુદ્ર ઉપર છે. (૮૪)

**સસિરવિણો લવણંમિ ય, જોયણસય તિન્નિ તીસ અહિયાઈ ।**
**અસીયં તુ જોયણસયં, જંબુદીવંમિ પવિસન્તિ ॥૮૫॥**

ચન્દ્ર-સૂર્ય લવણસમુદ્રમાં ૩૩૦ યોજન અને જંબુદ્વીપમાં ૧૮૦ યોજન પ્રવેશે છે. (૮૫)

**ગહ-રિક્ખ-તાર-સંખં, જત્થેચ્છસિ નાઉમુદહિદીવે વા ।**
**તસ્સસિહિ એગસસિણો, ગુણ સંખં હોઈ સવ્વગ્ગં ॥૮૬॥**

જે દ્વીપમાં કે સમુદ્રમાં ગ્રહ, નક્ષત્ર અને તારાની સંખ્યા જાણવા ઈચ્છે છે તેના ચન્દ્રો વડે એક ચન્દ્રના (પરિવારની) સંખ્યાને ગુણવાથી સર્વસંખ્યા થાય છે. (૮૬)

**બત્તીસટ્ઠાવીસા, બારસ અડ ચઉ વિમાણલક્ખાઈ ।**
**પન્નાસ ચત્ત છ સહસ્સ, કમેણ સોહમ્માઈસુ ॥૮૭॥**

સૌધર્મ વગેરે દેવલોકમાં ક્રમશઃ ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦,૦૦૦, ૪૦,૦૦૦, ૬,૦૦૦ દેવવિમાનો છે. (૮૭)

**દુસુ સય ચઉ દુસુ સયતિગ-મિગારસહિયં સયં તિગે હિટ્ઠા ।**
**મજ્ઝે સત્તુત્તર-સય-મુવરિ તિગે સયમુવરિ પંચ ॥૮૮॥**

બે દેવલોકમાં ૪૦૦, બે દેવલોકમાં ૩૦૦, નીચેના ૩ ગૈવેયકમાં ૧૧૧, વચ્ચેના ૩ ગ્રૈવેયકમાં ૧૦૭, ઉપરના ૩ ગ્રૈવેયકમાં ૧૦૦ અને ઉપર (અનુત્તરમાં) ૫ વિમાનો છે. (૮૮)

**ચુલસીઈ લક્ખ સત્તાણવઈ, સહસ્સા વિમાણ તેવીસં ।**
**સવ્વગ્ગમુઢ્ઢલોગંમિ, ઈંદયા બિસટ્ઠિ પયરેસુ ॥૮૯॥**

ઊર્ધ્વલોકમાં કુલ ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે, પ્રતરોમાં ૬૨ ઈંદ્રકવિમાનો છે. (૮૯)

**ચઉ દિસિ ચઉ પંતીઓ, બાસટ્ઠિ વિમાણિયા પઢમપયરે ।**
**ઉવરિ ઈક્કિક્ક હીણા, અણુત્તરે જાવ ઈક્કિક્કં ॥૯૦॥**

પહેલા પ્રતરમાં ચાર દિશામાં ૬૨ વિમાનની ચાર પંક્તિ છે, ઉપરના પ્રતરોની પંક્તિમાં ૧-૧ વિમાન ઓછું છે, યાવત્ અનુત્તરમાં પંક્તિમાં ૧-૧ વિમાન છે. (૯૦)

**ઈંદય વટ્ટા પંતીસુ, તો કમસો તંસ ચઉરંસા વટ્ટા ।**
**વિવિહા પુપ્ફવકિન્ના, તયંતરે મુત્તું પુવ્વદિસિં ॥૯૧॥**

ઈંદ્રક વિમાન ગોળ છે, પછી પંક્તિમાં ક્રમશઃ ત્રિકોણ, ચોરસ અને ગોળ વિમાનો છે. તેમની વચ્ચે પૂર્વદિશાને છોડીને વિવિધ પુષ્પાવકીર્ણ વિમાનો છે. (૯૧)

**એગં દેવે દીવે, દુવે ય નાગોદહીસુ બોદ્ધવ્વે ।**
**ચત્તારિ જક્ખદીવે, ભૂયસમુદેસુ અટ્ઠેવ ॥૯૨॥**

દેવદ્વીપ ઉપર ૧, નાગસમુદ્ર ઉપર બે, યક્ષદ્વીપ ઉપર ૪ અને ભૂતસમુદ્ર ઉપર ૮ વિમાનો જાણવા (૯૨)

**સોલસ સયંભુરમણે, દીવે સુપઈટ્ઠિયા ય સુરભવણા ।**
**ઈગતીસં ચ વિમાણા, સયંભુરમણે સમુદ્દે ય ॥૯૩॥**

સ્વયંભૂરમણદ્વીપ ઉપર ૧૬ અને સ્વયંભૂરમણ સમુદ્ર ઉપર ૩૧ દેવવિમાનો પ્રતિષ્ઠિત છે. (૯૩)

**વટ્ટં વટ્ટસ્સુવરિં, તંસં તંસસ્સ ઉવરિમં હોઈ ।**
**ચઉરંસે ચઉરંસં, ઉડ્ઢં તુ વિમાણસેઢીઓ ॥૯૪॥**

ગોળ વિમાનની ઉપર ગોળ વિમાન, ત્રિકોણ વિમાનની ઉપર ત્રિકોણ વિમાન અને ચોરસ વિમાનની ઉપર ચોરસ વિમાન છે. એમ ઉપર વિમાનોની શ્રેણીઓ છે. (૯૪)

**સવ્વે વટ્ટવિમાણા, એગદુવારા હવન્તિ નાયવ્વા ।**
**તિન્નિ ય તંસવિમાણે, ચત્તારિ ય હુન્તિ ચઉરંસે ॥૯૫॥**

બધા ગોળ વિમાનો ૧ દ્વારવાળા છે, ત્રિકોણ વિમાનોમાં ૩ અને ચોરસ વિમાનોમાં ૪ દ્વાર છે. (૯૫)

**પાગારપરિક્ખિત્તા, વટ્ટવિમાણા હવન્તિ સવ્વેવિ ।**
**ચઉરંસવિમાણાણં, ચઉદિસિં વેઈયા હોઈ ॥૯૬॥**

બધા ગોળ વિમાનો કિલ્લાથી વીંટાયેલા છે, ચોરસ વિમાનોની ચારે દિશામાં વેદિકા છે. (૯૬)

**જત્તો વટ્ટ વિમાણા, તત્તો તંસસ્સ વેઈયા હોઈ ।**
**પાગારો બોદ્ધવ્વો, અવસેસેસું તુ પાસેસું ॥૯૭॥**

ત્રિકોણ વિમાનની જે તરફ ગોળ વિમાન હોય તે તરફ વેદિકા છે, બાકીની બાજુએ કિલ્લો જાણવો (૯૭)

**આવલિયવિમાણાણં, અંતરં નિયમસો અસંખિજ્જં ।**
**સંખિજ્જ-મસંખિજ્જં, ભણિયં પુપ્ફાવકિન્નાણં ॥૯૮॥**

આવલિકાગત વિમાનોનું અંતર નિયમથી અસંખ્ય યોજન છે, પુષ્પાવકીર્ણ વિમાનોનું અંતર સંખ્યાતા કે અસંખ્યાતા યોજન છે (૯૮)

**અચ્ચંતસુરહિગંધા, ફાસે નવણીયમઉયસુહફાસા ।**
**નિચ્ચુજ્જોયા રમ્મા, સયંપહા તે વિરાયંતિ ॥૯૯॥**

અત્યંત સુગંધવાળા, સ્પર્શમાં માખણ જેવા મૃદુ અને સુખકારી સ્પર્શવાળા, હંમેશા પ્રકાશવાળા, સુંદર, પોતાની પ્રભાવાળા તે વિમાનો શોભે છે. (૯૯)

**જે દક્ખિણેણ ઈંદા, દાહિણઓ આવલી મુણેયવ્વા ।**
**જે પુણ ઉત્તરઈંદા, ઉત્તરઓ આવલી મુણે તેસિં ॥૧૦૦॥**

જે દક્ષિણ તરફના ઇન્દ્ર છે તેમના દક્ષિણ તરફના આવલિકાગત વિમાનો જાણવા અને જે ઉત્તર તરફના ઇન્દ્ર છે તેમના ઉત્તર તરફના આવલિકાગત વિમાનો જાણવા. (૧૦૦)

**પુવ્વેણ પચ્છિમેણ ય, સામન્ના આવલી મુણેયવ્વા ।**
**જે પુણ વટ્ટ વિમાણા, મજ્ઝિલ્લા દાહિણિલ્લાણં ॥૧૦૧॥**

પૂર્વના અને પશ્ચિમના આવલિકાગત વિમાનો સામાન્ય (બંનેના) જાણવા. જે વચ્ચેના ગોળ વિમાન છે તે દક્ષિણેન્દ્રના છે. (૧૦૧)

**પુવ્વેણ પચ્છિમેણ ય, જે વટ્ટા તે વિ દાહિણિલ્લસ્સ ।**
**તંસ ચઉરંસગા પુણ, સામન્ના હુન્તિ દુણ્હં પિ ॥૧૦૨॥**

પૂર્વના અને પશ્ચિમના જે ગોળ વિમાનો છે તે પણ દક્ષિણેન્દ્રના છે. ત્રિકોણ અને ચોરસ વિમાનો બન્ને ઇન્દ્રોના સામાન્ય છે (૧૦૨)

**પઢમંતિમપયરાવલિ, વિમાણ મુહ ભૂમિ તસ્સમાસદ્ધં ।**
**પયરગુણમિટ્ઠકપ્પે, સવ્વગ્ગં પુપ્ફકિન્નિયરં ॥૧૦૩॥**

પહેલા અને છેલ્લા પ્રતરના આવલિકાગત વિમાનોને ક્રમશઃ મુખ અને ભૂમિ કહેવાય. તેનો સરવાળો કરી તેને અર્ધ કરી પ્રતરથી ગુણતા ઈષ્ટ દેવલોકના કુલ (આવલિકાગત) વિમાનો આવે, શેષ પુષ્પાવકીર્ણ વિમાનો છે. (૧૦૩)

**ઈગદિસિપંતિવિમાણા, તિવિભત્તા તંસ ચઉરંસા વટ્ટા ।**
**તંસેસુ સેસમેગં, ખિવ સેસ દુગસ્સ ઈક્કિક્કં ॥૧૦૪॥**
**તંસેસુ ચઉરંસેસુ ય, તો રાસિ તિગંપિ ચઉગુણં કાઉં ।**
**વટ્ટેસુ ઈંદયં ખિવ, પયરધણં મીલિયં કપ્પે ॥૧૦૫॥**

એક દિશાના પંક્તિગત વિમાનોને ત્રણથી ભાગતા ત્રિકોણ, ચોરસ અને ગોળ વિમાનો આવે, શેષ એકને ત્રિકોણ વિમાનમાં નાખ, શેષ બેમાંથી ત્રિકોણ-ચોરસ વિમાનમાં ૧-૧ નાંખ, પછી ત્રણે રાશિને ચારથી ગુણી ગોળ વિમાનમાં ઈન્દ્રકવિમાનો ઉમેરવા. ત્રણે રાશિને ભેગા કરતા તે દેવલોકના પ્રતરના આવલિકાગત વિમાનો આવે. (૧૦૪, ૧૦૫)

**સત્તસય સત્તવીસા, ચત્તારિ સયા ય હુન્તિ ચઉનઉયા ।**
**ચત્તારિ ય છાસીયા, સોહમ્મે હુન્તિ વટ્ટાઈ ॥૧૦૬॥**

સૌધર્મ દેવલોકમાં ગોળ વગેરે વિમાનો ક્રમશઃ ૭૨૭, ૪૯૪, ૪૮૬ છે. (૧૦૬)

**એમેવ ય ઈસાણે, નવરં વટ્ટાણ હોઈ નાણત્તં ।**
**દો સય અટ્ઠતીસા, સેસા જહ ચેવ સોહમ્મે ॥૧૦૭॥**

ઈશાન દેવલોકમાં એ જ પ્રમાણે છે, પણ ગોળવિમાનોમાં ફરક છે. તે ૨૩૮ છે. શેષ વિમાનો સૌધર્મની જેમ છે. (૧૦૭)

**પુવ્વાવરા છલંસા, તંસા પુણ દાહિણુત્તરા બજ્ઝા ।**
**અબ્ભિન્તર ચઉરંસા, સવ્વાવિ ય કણ્હરાઈઓ ॥૧૦૮॥**

પૂર્વ-પશ્ચિમમાં ષટ્કોણ, દક્ષિણ-ઉત્તરમાં બહારની ત્રિકોણ અને અંદરની બધી ય (લંબ)ચોરસ કૃષ્ણરાજીઓ છે. (૧૦૮)

**ચુલસી અસીઈ બાવત્તરિ, સત્તરિ સટ્ઠી ય પન્ન ચત્તાલા ।**
**તુલ્લ સુર તીસ વીસા, દસ સહસ્સ આયરક્ખ ચઉગુણિયા ॥૧૦૯॥**

૧૨ દેવલોકમાં ક્રમશઃ ૮૪,૦૦૦, ૮૦,૦૦૦, ૭૨,૦૦૦, ૭૦,૦૦૦, ૬૦,૦૦૦, ૫૦,૦૦૦, ૪૦,૦૦૦, ૩૦,૦૦૦, ૨૦,૦૦૦, ૧૦,૦૦૦ સામાનિક દેવો છે. તેમનાથી ચારગુણા આત્મરક્ષક દેવો છે. (૧૦૯)

**કપ્પેસુ ય મિય મહિસો, વરાહ સીહા ય છગલ સાલૂરા ।**
**હય ગય ભુયંગ ખગ્ગી, વસહા વિડિમાઈ ચિંધાઈ ॥૧૧૦॥**

૧૨ દેવલોકમાં દેવોના હરણ, પાડો, ભૂંડ, સિંહ, બકરો, દેડકો, ઘોડો, હાથી, સર્પ, ગેંડો, બળદ, વિડિમ (મૃગવિશેષ) ચિહ્નો છે. (૧૧૦)

**દુસુ તિસુ તિસુ કપ્પેસુ, ઘણુદહિ ઘણવાય તદુભયં ચ કમા ।**
**સુરભવણપઈટ્ઠાણં, આગાસ પઈટ્ઠિયા ઉવરિં ॥૧૧૧॥**

બે, ત્રણ, ત્રણ દેવલોકમાં દેવવિમાનોના આધાર ક્રમશઃ ઘનોદધિ, ઘનાવત અને તે બન્ને છે. ઉપરના વિમાનો આકાશ ઉપર પ્રતિષ્ઠિત છે. (૧૧૧)

**સત્તાવીસસયાઈ, પુઢવિપિંડો વિમાણઉચ્ચત્તં ।**
**પંચ સયા કપ્પદુગે, પઢમે તત્તો ય ઈક્કિક્કં ॥૧૧૨॥**

**હાયઈ પુઢવીસુ સયં, વઢ્ઢઈ ભવણેસુ દુ દુ દુ કપ્પેસુ ।**
**ચઉગે નવગે પણગે, તહેવ જાડણુત્તરેસુ ભવે ॥૧૧૩॥**
**ઈગવીસસયા પુઢવી, વિમાણમિક્કારસેવ ય સયાઈ ।**
**બત્તીસ જોયણસયા, મિલિયા સવ્વત્થ નાયવ્વા ॥૧૧૪॥**

પહેલા બે દેવલોકમાં પૃથ્વીપિંડ ૨૭૦૦ યોજન છે અને વિમાનની ઉંચાઈ ૫૦૦ યોજન છે. ત્યારપછી ૨, ૨, ૨, ૪, ૯, ૫ દેવલોકમાં પૃથ્વીપિંડમાં ૧૦૦-૧૦૦ યોજન ઘટે છે અને વિમાનોની ઉંચાઈ ૧૦૦-૧૦૦ યોજન વધે છે. યાવત્ અનુત્તરમાં પૃથ્વીપિંડ ૨૧૦૦ યોજન છે અને વિમાનની ઉંચાઈ ૧૧૦૦ યોજન છે. બધે બન્ને (પૃથ્વીપિંડ-વિમાનની ઉંચાઈ) મળીને ૩૨૦૦ યોજન જાણવા. (૧૧૨, ૧૧૩, ૧૧૪)

**પણ ચઉ તિ દુ વન્ન વિમાણ, સધય દુસુ દુસુ ય જા સહસ્સારો ।**
**ઉવરિ સિય ભવણવંતરજોઈસિયાણં વિવિહવન્ના ॥૧૧૫॥**

સહસ્રાર દેવલોક સુધી બે-બે દેવલોકમાં ધજાસહિત વિમાનો ૫, ૪, ૩, ૨, વર્ણના છે. ઉપરના વિમાનો સફેદ છે. ભવનપતિ-વ્યંતર-જ્યોતિષના વિમાનો વિવિધવર્ણના છે (૧૧૫)

**રવિણો ઉદયત્થંતર, ચઉનવઈ સહસ્સ પણસય છવીસા ।**
**બાયાલ સટ્ઠિ ભાગા, કક્કડસંકંતિદિયહંમિ ॥૧૧૬॥**
**એયંમિ પુણો ગુણિએ, તિ પંચ સગ નવ ય હોઈ કમમાણુ ।**
**તિગુણંમિ ય દો લક્ખા, તેસીઈ સહસ્સ પંચ સયા ॥૧૧૭॥**
**અસીઈ છ સટ્ઠિ ભાગા, જોયણ ચઉ લક્ખ બિસત્તરિ સહસ્સા ।**
**છચ્ચ સયા તેત્તીસા, તીસ કલા પંચ ગુણિયંમિ ॥૧૧૮॥**
**સત્તગુણે છ લક્ખા, ઈગસટ્ઠિ સહસ્સ છ સય છાસીયા ।**
**ચઉપન્ન કલા તહ, નવગુણંમિ અડલક્ખ સઢ્ઢાઓ ॥૧૧૯॥**

**સત્તસયા ચત્તાલા, અટ્ઠારસ કલા ય ઈય કમા ચઉરો ।**
**ચંડા ચવલા જયણા, વેગા ય તહા ગઈ ચઉરો ॥૧૨૦॥**

કર્કસંક્રાંતિના દિવસે સૂર્યના ઉદય અને અસ્તનું અંતર ૯૪,૫૨૬$\frac{૪૨}{૬૦}$યોજન છે. એને ૩, ૫, ૭, ૯થી ગુણતા પગલાનું માપ આવે છે. ત્રણથી ગુણતા ૨,૮૩,૫૮૦ $\frac{૬}{૬૦}$ યોજન થાય છે, પાંચથી ગુણતા ૪,૭૨,૬૩૩ $\frac{૩૦}{૬૦}$ યોજન થાય છે, સાતથી ગુણતા ૬,૬૧,૬૮૬$\frac{૫૪}{૬૦}$ યોજન થાય છે. નવથી ગુણતા ૮,૫૦,૭૪૦$\frac{૧૮}{૬૦}$ યોજન થાય છે. આ ચાર પગલારૂપ ચંડા, ચપલા, જવના, વેગા ચારગતિ છે. (૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦)

**ઈત્થ ય ગઈ ચઉત્થિ, જયણયરિં નામ કેઈ મન્નંતિ ।**
**એહિં કમેહિમિમાહિં, ગઈહિં ચઉરો સુરા કમસો ॥૧૨૧॥**
**વિક્ખંભં આયામં, પરિહિં અબ્ભિંતરં ચ બાહિરિયં ।**
**જુગવં મિણંતિ છમ્માસ, જાવ ન તહાવિ તે પારં ॥૧૨૨॥**
**પાવંતિ વિમાણાણં; કેસિં પિ હુ અહવ તિગુણિયાઈએ ।**
**કમચઉગે પત્તેયં, ચંડાઈ ગઈ ઉ જોઈજ્જા ॥૧૨૩॥**
**તિગુણેણ કપ્પચઉગે, પંચગુણેણં તુ અટ્ઠસુ મુણિજ્જા ।**
**ગેવિજ્જે સત્તગુણેણં, નવગુણેડણુત્તરચઉક્કે ॥૧૨૪॥**

કેટલાક અહીં ચોથી ગતિને જવનતરી માને છે.આ ચાર પગલારૂપ આ ચાર ગતિ વડે ચાર દેવો ક્રમશઃ પહોળાઈ, લંબાઈ, અંદરની અને બહારની પરિધિને એક સાથે ૬ મહિના સુધી માપે છે. છતાં પણ તેઓ કેટલાક વિમાનોના પારને નથી પામતા. અથવા ત્રણ ગુણા વગેરે ચાર પગલામાં દરેકમાં ચંડા વગેરે ગતિઓ જોડવી. ત્રણ ગુણા પગલા વડે ચાર દેવલોકમાં, પાંચ

ગુણા પગલા વડે આઠ દેવલોકમાં, સાત ગુણા પગલા વડે ગ્રૈવેયકમાં અને નવગુણા પગલા વડે ચાર અનુત્તરમાં જાણવું. (૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪)

**પઢમપયરંમિ પઢમે, કપ્પે ઉડુ નામ ઈંદયવિમાણં ।**
**પણયાલલક્ખજોયણ, લક્ખં સવ્વુવરિ સવ્વટ્ઠં ॥૧૨૫॥**

પહેલા દેવલોકના પહેલા પ્રતરમાં, ઉડુ નામનું ઈન્દ્રક વિમાન ૪૫ લાખ યોજનનું છે. બધાની ઉપર રહેલ સર્વાર્થસિદ્ધ વિમાન ૧ લાખ યોજનનું છે. (૧૨૫)

**ઉડુ ચંદ રયય વગ્ગુ, વીરિય વરુણે તહેવ આણંદે ।**
**બંભે કંચણ રુઈરે, ચંદ અરુણે ય વરુણે ય ॥૧૨૬॥**

ઉડુ, ચંદ્ર, રજત, વલ્ગુ, વીર્ય, વરુણ, આનંદ, બ્રહ્મ, કાંચન, રુચિર, ચન્દ્ર, અરુણ અને વરુણ - (આ પહેલા-બીજા દેવલોકના ઇન્દ્રક વિમાનો છે.) (૧૨૬)

**વેરૂલિય રુયગ રુઈરે, અંકે ફલિહે તહેવ તવણિજ્જે ।**
**મેહે અગ્ઘ હાલિદ્દે, નલિણે તહ લોહિયક્ખે ય ॥૧૨૭॥**
**વઈરે અંજણ વરમાલ, રિટ્ઠ દેવે ય સોમ મંગલએ ।**
**બલભદ્દે ચક્ક ગયા, સોવત્થિય ણંદિયાવત્તે ॥૧૨૮॥**

વૈડુર્ય, રુચક, રુચિર, અંક, સ્ફટિક, તપનીય, મેઘ, અર્ઘ, હાલિદ્ર, નલિન, લોહિતાક્ષ, વજ્ર - (આ ત્રીજા-ચોથા દેવલોકના ઇન્દ્રક વિમાનો છે.) અંજન, વરમાલ, રિષ્ટ, દેવ, સોમ, મંગળ- (આ બ્રહ્મલોક દેવલોકના ઇન્દ્રક વિમાનો છે.) બલભદ્ર, ચક્ર, ગદા, સ્વસ્તિક, નંદાવર્ત - (આ લાંતક દેવલોકના ઇન્દ્રક વિમાનો છે.) (૧૨૭, ૧૨૮)

**આભંકરે ય ગિદ્ધી, કેઉ ગરુલે ય હોઈ બોદ્ધવ્વે ।**
**બંભે બંભહિએ પુણ, બંભુત્તર લંતએ ચેવ ॥૧૨૯॥**

આભંકર, ગૃદ્ધિ, કેતુ, ગરુડ - (આ મહાશુક્ર દેવલોકના ઈન્દ્રક વિમાનો) જાણવા. બ્રહ્મ, બ્રહ્મહિત, બ્રહ્મોત્તર, લાંતક (-આ સહસ્રાર દેવલોકના ઈન્દ્રક વિમાનો છે.) (૧૨૯)

**મહાસુક્કસહસ્સારે, આણય તહ પાણએ ય બોદ્ધવ્વે ।**
**પુપ્ફેડલંકારે, આરણે અ તહ અચ્ચુએ ચેવ ॥૧૩૦॥**

મહાશુક્ર, સહસ્રાર, આનત અને પ્રાણત - (આ આનત-પ્રાણત દેવલોકના ઈન્દ્રક વિમાનો) જાણવા. પુષ્પ, અલંકાર, આરણ અને અચ્યુત - (આ આરણ-અચ્યુત દેવલોકના ઈન્દ્રક વિમાનો છે). (૧૩૦)

**સુદંસણ સુપ્પડિબદ્ધે, મણોરમે ચેવ હોઈ પઢમતિગે ।**
**તત્તો ય સવ્વઓભદ્દે, વિસાલએ સુમણે ચેવ ॥૧૩૧॥**

(ગ્રૈવેયકની) પહેલી ત્રિકમાં સુદર્શન, સુપ્રતિબદ્ધ અને મનોરમ (આ ઈન્દ્રક વિમાનો છે.) ત્યાર પછી (બીજી ત્રિકમાં) સર્વતોભદ્ર, વિશાલ અને સુમન (આ ઈન્દ્રક વિમાનો છે.) (૧૩૧)

**સોમણસે પીઈકરે, આઈચ્ચે ચેવ હોઈ તઈયતિગે ।**
**સવ્વટ્ઠસિદ્ધનામે, સૂરિંદયા એવ બાસટ્ઠી ॥૧૩૨॥**

ત્રીજી ત્રિકમાં સોમનસ, પ્રીતિકર અને આદિત્ય - (આ ઈન્દ્રક વિમાનો) છે. સર્વાર્થસિદ્ધ નામે (ઈન્દ્રકવિમાન છે.) આમ દેવોના ૬૨ ઈન્દ્રક વિમાનો છે. (૧૩૨)

**પણયાલીસં લક્ખા, સીમંતય માણુસં ઉડુ સિવં ચ ।**
**અપઈટ્ઠાણો સવ્વટ્ઠ, જંબૂદીવો ઈમં લક્ખં ॥૧૩૩॥**

સીમન્તક નરકાવાસ, મનુષ્ય ક્ષેત્ર, ઉડુ વિમાન અને સિદ્ધશિલા - આ ૪૫ લાખ યોજનના વિસ્તારવાળા છે. અપ્રતિષ્ઠાન નરકાવાસ, સર્વાર્થસિદ્ધ વિમાન, જંબૂદ્વીપ- આ ૧ લાખ યોજન વિસ્તારવાળા છે. (૧૩૩)

**અહ ભાગા સગ પુઢવીસુ, રજ્જુ ઈક્કિક્ક તહેવ સોહમ્મે ।**
**માહિંદ લંત સહસ્સાર-ડચ્ચુઅ ગેવિજ્જ લોગંતે ॥૧૩૪॥**

અધોલોકમાં સાત પૃથ્વીઓને વિષે સાત ભાગ ૧-૧ રજ્જુ પ્રમાણ છે, તેમજ સૌધર્મ, માહેન્દ્ર, લાંતક, સહસ્રાર, અચ્યુત, ગ્રૈવેયક, લોકાન્ત ૧-૧ રજ્જુએ આવેલા છે. (૧૩૪)

**સમ્મત્તચરણસહિયા, સવ્વં લોગં ફુસે નિરવસેસં ।**
**સત્ત ય ચઉદસ ભાએ, પંચ ય સુય દેસવિરઈએ ॥૧૩૫॥**

સમ્યક્ત્વ-ચારિત્ર સહિત જીવો સર્વલોકને સંપૂર્ણપણે સ્પર્શે છે. શ્રુતજ્ઞાની લોકના $\frac{૭}{૧૪}$ ભાગને સ્પર્શે છે. દેશવિરત લોકના $\frac{૫}{૧૪}$ ભાગને સ્પર્શે છે (૧૩૫)

**ભવણવણજોઈસોહમ્મી-સાણે સત્તહત્થ તણુમાણં ।**
**દુ દુ દુ ચઉક્કે ગેવિજ્જ-ણુત્તરે હાણિ ઈક્કિક્કે ॥૧૩૬॥**

ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાનમાં શરીરનું પ્રમાણ ૭ હાથ છે. બે, બે, બે, ચાર, ગ્રૈવેયક, અનુત્તર દેવલોકમાં ૧-૧ હાથની હાનિ થાય છે. (૧૩૬)

**કપ્પ દુગ દુ દુ દુ ચઉગે, નવગે પણગે ય જિટ્ઠઠિઈ અયરા ।**
**દો સત્ત ચઉદડટ્ઠારસ, બાવીસિગતીસ તિત્તીસા ॥૧૩૭॥**

બે, બે, બે, બે, ચાર, નવ અને પાંચ દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૨ સાગરોપમ, ૭ સાગરોપમ, ૧૪ સાગરોપમ,

૧૮ સાગરોપમ, ૨૨ સાગરોપમ, ૩૧ સાગરોપમ, ૩૩ સાગરોપમ છે. (૧૩૭)

**વિવરે તાણિક્કૂણે, ઈક્કારસગા ઉ પાડિએ સેસા ।**
**હત્થિક્કારસ ભાગા, અયરે અયરે સમહિયંમિ ॥૧૩૮॥**
**ચય પુવ્વસરીરાઓ, કમેણ ઈગુત્તરાઈ વુઠ્ઠીએ ।**
**એવં ઠિઈવિસેસા, સણંકુમારાઈતણુમાણં ॥૧૩૯॥**

(બે સ્થિતિના) તફાવતમાંથી ૧ ઓછો કરી તેને ૧૧થી ભાગી શેષ રહે તે હાથના અગીયારીયા ભાગ છે. ૧-૧ સાગરોપમની વૃદ્ધિએ પૂર્વના શરીરમાંથી એકોત્તર વૃદ્ધિએ અગીયારીયા ભાગ ઓછા કરવા. એમ સ્થિતિના વિશેષથી સનત્કુમારાદિના શરીરનું પ્રમાણ આવે છે. (૧૩૮, ૧૩૯)

**ભવધારણિજ્જ એસા, ઉત્તરવેઉવ્વિ જોયણા લક્ખં ।**
**ગેવિજ્જડણુત્તરેસુ, ઉત્તરવેઉવ્વિયા નત્થિ ॥૧૪૦॥**

આ ભવધારણીય શરીર છે. ઉત્તરવૈક્રિયશરીર ૧ લાખ યોજનનું છે. ગ્રૈવેયક-અનુત્તરમાં ઉત્તરવૈક્રિય શરીર નથી. (૧૪૦)

**સાહાવિય વેઉવ્વિય, તણૂ જહન્ના કમેણ પારંભે ।**
**અંગુલઅસંખભાગો, અંગુલસંખિજ્જભાગો ય ॥૧૪૧॥**

સ્વાભાવિક અને વૈક્રિય શરીર જઘન્યથી શરુઆતમાં ક્રમશઃ અંગુલનો અસંખ્યાતમો ભાગ અને અંગુલનો સંખ્યાતમો ભાગ છે. (૧૪૧)

**સામન્નેણં ચઉવિહસુરેસુ, બારસ મુહુત્ત ઉક્કોસો ।**
**ઉવવાયવિરહકાલો, અહ ભવણાઈસુ પતેયં ॥૧૪૨॥**

સામાન્યથી ચારે પ્રકારના દેવોમાં ઉપપાતવિરહકાળ ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત છે. હવે ભવનપતિ વગેરે દરેકનો ઉપપાતવિરહકાળ કહીશ (૧૪૨)

**ભવણવણજોઈસોહમ્મી-સાણેસુ મુહુત્ત ચઉવીસં ।**
**તો નવદિણ વીસ મુહૂ, બારસ દિણ દસ મુહુત્તા ॥૧૪૩॥**

**બાવીસ સઢ઼ દિયહા, પણયાલ અસીઈ દિણ સયં તત્તો ।**
**સંખિજ્જા દુસુ માસા, દુસુ વાસા તિસુ તિગેસુ કમા ॥૧૪૪॥**

**વાસાણ સયા સહસ્સા, લક્ખ તહ ચઉસુ વિજયમાઈસુ ।**
**પલિયા અસંખભાગો, સવ્વટ્ઠે સંખભાગો ય ॥૧૪૫॥**

ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ, સૌધર્મ, ઈશાનમાં ૨૪ મુહૂર્ત, પછી (સનત્કુમારમાં) ૯ દિવસ ૨૦ મુહૂર્ત, (માહેન્દ્રમાં) ૧૨ દિવસ ૧૦ મુહૂર્ત, (બ્રહ્મલોકમાં) સાડા બાવીસ દિવસ, (લાંતકમાં) ૪૫ દિવસ, (મહાશુક્રમાં) ૮૦ દિવસ, (સહસ્રારમાં) ૧૦૦ દિવસ, પછી બેમાં સંખ્યાતા માસ, બેમાં સંખ્યાતા વર્ષ, ત્રણ ત્રિકમાં ક્રમશઃ સંખ્યાતા સો વર્ષ, સંખ્યાતા હજાર વર્ષ અને સંખ્યાતા લાખ વર્ષ, અને વિજય વગેરે ચારમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ (ઉપપાતવિરહકાળ છે). (૧૪૩, ૧૪૪, ૧૪૫)

**સવ્વેસિંપિ જહન્નો, સમઓ એમેવ ચવણવિરહો વિ ।**
**ઈગ-દુ-તિ-સંખ-મસંખા, ઈગસમએ હુન્તિ ય ચવંતિ ॥૧૪૬॥**

બધાયનો જઘન્ય ઉપપાતવિરહકાળ જઘન્યથી ૧ સમય છે, એ જ પ્રમાણે ચ્યવનવિરહકાળ પણ જાણવો. ૧ સમયમાં ૧, ૨, ૩, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. (૧૪૬)

**નરપંચિંદિયતિરિયાણુપ્પત્તી, સુરભવે પજ્જત્તાણં ।**
**અજ્ઝવસાયવિસેસા, તેસિં ગઈતારતમ્મં તુ ॥૧૪૭॥**

પર્યાપ્ત મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચોની ઉત્પત્તિ દેવલોકમાં થાય છે, પણ અધ્યવસાયવિશેષથી તેમની ગતિમાં તારતમ્ય હોય છે. (૧૪૭)

**નર તિરિ અસંખજીવી, સવ્વે નિયમેણ જંતિ દેવેસુ ।**
**નિયઆઉયસમહીણા-ઉએસુ ઈસાણઅંતેસુ ॥૧૪૮॥**

અસંખ્ય વર્ષના આયુષ્યવાળા બધા મનુષ્યો-તિર્યંચો નિયમા પોતાના આયુષ્યની સમાન કે ઓછા આયુષ્યવાળા ઈશાન સુધીના દેવલોકમાં જાય છે. (૧૪૮)

**જંતિ સમુચ્છિમતિરિયા, ભવણવણેસુ ન જોઈમાઈસુ ।**
**જં તેસિં ઉવવાઓ, પલિયાસંખંસઆઉસુ ॥૧૪૯॥**

સંમૂર્ચ્છિમ તિર્યંચો ભવનપતિ અને વ્યન્તરમાં જાય છે, જયોતિષ વગેરેમાં નહીં, કેમકે તેમની ઉત્પત્તિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળામાં થાય છે. (૧૪૯)

**બાલતવે પડિબદ્ધા, ઉક્કડરોસા તવેણ ગારવિયા ।**
**વેરેણ ય પડિબદ્ધા, મરિઉં અસુરેસુ જાયંતિ ॥૧૫૦॥**

બાલતપ કરનારા, ઉત્કટ રોષવાળા, તપના અભિમાનવાળા, વૈરવાળા જીવો મરીને અસુરકુમાર દેવોમાં ઉત્પન્ન થાય છે. (૧૫૦)

**રજ્જુગ્ગહ-વિસભક્ખણ-જલ-જલણ-પવેસ-તણ્હ-છુહ-દુહઓ ।**
**ગિરિસિરપડણાઉ મયા, સુહભાવા હુંતિ વંતરિયા ॥૧૫૧॥**

દોરડાનો ફાંસો ખાવાથી, વિષ ખાવાથી, પાણી કે અગ્નિમાં પ્રવેશ કરવાથી, તરસ કે ભૂખના દુઃખથી, પર્વતના શિખર પરથી પડવાથી મરેલા જીવો શુભભાવથી વ્યન્તર થાય છે. (૧૫૧)

**તાવસ જા જોઈસિયા, ચરગપરિવ્વાય બંભલોગો જા ।**
**જા સહસ્સારો પંચિંદિતિરિય, જા અચ્ચુઓ સઢ્ઢા ॥૧૫૨॥**

તાપસો જ્યોતિષ સુધી, ચરક-પરિવ્રાજક બ્રહ્મલોક સુધી, પંચેન્દ્રિય તિર્યંચ સહસ્રાર સુધી, શ્રાવકો અચ્યુત સુધી જાય છે. (૧૫૨)

**જઈલિંગ મિચ્છદિટ્ઠી, ગેવિજ્જા જાવ જંતિ ઉક્કોસં ।**
**પયમપિ અસદહંતો, સુત્તત્થં મિચ્છદિટ્ઠી ઉ ॥૧૫૩॥**

સાધુના વેષવાળા મિથ્યાદૃષ્ટિ જીવો ઉત્કૃષ્ટથી ગ્રૈવેયક સુધી જાય છે. સૂત્ર કે અર્થના એક પદની પણ અશ્રદ્ધા કરનારો જીવ મિથ્યાદૃષ્ટિ છે. (૧૫૩)

**સુત્તં ગણહરરઈયં, તહેવ પત્તેયબુદ્ધરઈયં ચ ।**
**સુયકેવલિણા રઈયં, અભિન્નદસપુવ્વિણા રઈયં ॥૧૫૪॥**

ગણધરોએ રચેલું, પ્રત્યેકબુદ્ધોએ રચેલું, શ્રુતકેવલીએ રચેલું અને સંપૂર્ણ ૧૦ પૂર્વીએ રચેલું તે સૂત્ર છે. (૧૫૪)

**છઉમત્થસંજયાણં, ઉવવાઉક્કોસઓ અ સવ્વટ્ઠે ।**
**તેસિં સઢ્ઢાણં પિ ય, જહન્નઓ હોઈ સોહમ્મે ॥૧૫૫॥**

છદ્મસ્થ સાધુઓની ઉત્કૃષ્ટથી ઉત્પત્તિ સર્વાર્થસિદ્ધમાં થાય છે. તેમની અને શ્રાવકોની પણ જઘન્યથી ઉત્પત્તિ સૌધર્મમાં થાય છે. (૧૫૫)

**લંતંમિ ચઉદપુવ્વિસ્સ, તાવસાઈણ વંતરેસુ તહા ।**
**એસો ઉવવાયવિહિ, નિયનિયકિરિયઠિયાણ સવ્વોવિ ॥૧૫૬॥**

૧૪ પૂર્વીની લાંતકમાં અને તાપસ વગેરેની વ્યંતરોમાં જઘન્યથી ઉત્પત્તિ થાય છે. આ ઉત્પન્ન થવાની બધી વિધિ પોતપોતાની ક્રિયામાં રહેલાની સમજવી. (૧૫૬)

**વજ્જરિસહનારાયં, પઢમં બીયં ચ રિસહનારાયં ।**
**નારાયમદ્ધનારાયં, કીલિયા તહ ય છેવટ્ઠં ॥૧૫૭॥**
**એએ છ સંઘયણા, રિસહો પટ્ટો ય કીલિયા વજ્જં ।**
**ઉભઓ મક્કડબંધો, નારાઓ હોઈ વિન્નેઓ ॥૧૫૮॥**

પહેલુ વ્રજઋષભનારાચ, બીજુ ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા અને છેવટ્ઠુ આ છ સંઘયણ છે. ઋષભ એટલે પાટો, વજ્ર એટલે ખીલી, નારાચ એટલે બન્ને બાજુ મર્કટબંધ છે એમ જાણવું (૧૫૭, ૧૫૮)

**છ ગબ્ભતિરિનરાણં, સમુચ્છિમપણિંદિવિગલ છેવટ્ઠં ।**
**સુરનેરઈયા એગિંદિયા ય, સવ્વે અસંઘયણા ॥૧૫૯॥**

ગર્ભજ તિર્યંચો અને મનુષ્યોને છ, સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય અને વિકલેન્દ્રિયને છેવટ્ઠુ સંઘયણ હોય છે. દેવો, નારકો અને એકેન્દ્રિયો બધા સંઘયણ વિનાના છે. (૧૫૯)

**છેવટ્ઠેણ ઉ ગમ્મઈ, ચઉરો જા કપ્પ કીલિયાઈસુ ।**
**ચઉસુ દુ દુ કપ્પ વુઢ્ઢી, પઢમેણં જાવ સિદ્ધી વિ ॥૧૬૦॥**

છેવટ્ઠા સંઘયણ વડે ચાર દેવલોક સુધી જવાય છે. કીલિકા વગેરે ચાર સંઘયણો હોતે છતે બે બે દેવલોકની વૃદ્ધિ કરવી. પહેલા સંઘયણ વડે સિદ્ધિ સુધી પણ જઈ શકાય છે. (૧૬૦)

**સમચઉરંસે નગ્ગોહ, સાઈ વામણ ય ખુજ્જ હુંડે ય ।**
**જીવાણ છ સંઠાણા, સવ્વત્થ સુલક્ખણં પઢમં ॥૧૬૧॥**

સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાદિ, વામન, કુબ્જ અને હુંડક - આ જીવોના છ સંસ્થાન છે. પહેલુ સંસ્થાન સર્વત્ર સારા લક્ષણવાળું છે. (૧૬૧)

**નાહીઈ ઉવરિ બીયં, તઈયમહો પિટ્ઠિઉયરઉરવજ્જં ।**
**સિરગીવપાણિપાએ, સુલક્ખણં તં ચઉત્થં તુ ॥૧૬૨॥**

બીજુ સંસ્થાન નાભીની ઉપર સારા લક્ષણવાળુ છે, ત્રીજુ સંસ્થાન નાભીની નીચે સારા લક્ષણવાળું છે, ચોથું સંસ્થાન પીઠ, પેટ, છાતી સિવાયના મસ્તક, ગળુ, હાથ, પગમાં સારા લક્ષણવાળું છે (૧૬૨)

**વિવરીયં પંચમગં, સવ્વત્થ અલક્ખણં ભવે છટ્ઠં ।**
**ગબ્ભય નર તિરિય છહા, સુરા સમા હુંડયા સેસા ॥૧૬૩॥**

પાંચમુ સંસ્થાન (ચોથાથી) વિપરીત છે. છઠ્ઠુ સંસ્થાન સર્વત્ર લક્ષણ વિનાનું છે, ગર્ભજ મનુષ્ય-તિર્યંચને છ પ્રકારના સંસ્થાન હોય છે. દેવોને સમચતુસ્ર્સ સંસ્થાન હોય છે. શેષ જીવોને હુંડકસંસ્થાન હોય છે. (૧૬૩)

**જંતિ સુરા સંખાઉય-ગબ્ભયપજ્જત્તમણુય-તિરિએસુ ।**
**પજ્જત્તેસુ ય બાયર-ભૂ-દગ-પત્તેયગવણેસુ ॥૧૬૪॥**

દેવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ મનુષ્ય-તિર્યંચમાં અને પર્યાપ્તા બાદર પૃથ્વીકાય, અપ્‌કાય અને પ્રત્યેક વનસ્પતિકાયમાં જાય છે. (૧૬૪)

**તત્થવિ સણંકુમાર-પ્પભિઈ એગિંદિએસુ નો જંતિ ।**
**આણયપમુહા ચવિઉં, મણુએસુ ચેવ ગચ્છન્તિ ॥૧૬૫॥**

તેમાં પણ સનત્કુમાર વગેરે દેવો એકેન્દ્રિયોમાં નથી જતા, આનત વગેરે દેવો ચ્યવીને મનુષ્યમાં જ જાય છે. (૧૬૫)

**દો કપ્પ કાયસેવી, દો દો દો ફરિસ-રૂવ-સદ્દેહિં ।**
**ચઉરો મણેણુવરિમા, અપ્પવિયારા અણંતસુહા ॥૧૬૬॥**

બે દેવલોકના દેવો કાયા વડે મૈથુન સેવનારા છે, બે-બે-બે દેવલોકના દેવો ક્રમશઃ સ્પર્શ-રૂપ-શબ્દથી મૈથુન સેવનારા છે, ચાર દેવલોકના દેવો મનથી મૈથુન સેવનારા છે, ઉપરના દેવલોકના દેવો મૈથુન નહીં સેવનારા અને અનંત સુખવાળા છે. (૧૬૬)

**જં ચ કામસુહં લોએ, જં ચ દિવ્વં મહાસુહં ।**
**વીયરાયસુહસ્સેઅં, ણંતભાગં પિ નગ્ઘઈ ॥૧૬૭॥**

લોકમાં જે કામસુખ છે અને જે દેવતાઈ મહાસુખ છે તે વીતરાગના સુખના અનંતમા ભાગને પણ યોગ્ય નથી. (૧૬૭)

**ઉવવાઓ દેવીણં, કપ્પદુગં જા પરઓ સહસ્સારા ।**
**ગમણાગમણં નત્થી, અચ્ચુયપરઓ સુરાણંપિ ॥૧૬૮॥**

દેવીઓની ઉત્પત્તિ બે દેવલોક સુધી છે, સહસ્રાર પછી દેવીઓનું ગમનાગમન નથી, અચ્યુત દેવલોક પછી દેવોનું પણ ગમનાગમન નથી. (૧૬૮)

**તિ પલિય તિ સાર તેરસ, સારા કપ્પદુગ તઈય લંત અહો ।**
**કિબ્બિસિય ન હુન્તિ ઉવરિં, અચ્ચુયપરઓડભિઓગાઈ ॥૧૬૯॥**

૩ પલ્યોપમ, ૩ સાગરોપમ અને ૧૩ સાગરોપમ આયુષ્યવાળા કિલ્બિષિયા દેવો બે દેવલોક, ત્રીજા દેવલોક અને લાતંક દેવલોકની નીચે હોય છે. ઉપર કિલ્બિષિયા દેવો નથી હોતા. અચ્યુત દેવલોક પછી આભિયોગિક વગેરે દેવો નથી હોતા. (૧૬૯)

**અપરિગ્ગહદેવીણં, વિમાણલક્ખા છ હુંતિ સોહમ્મે ।**
**પલિયાઈ સમયાહિય, ઠિઈ જાસિં જાવ દસ પલિયા ॥૧૭૦॥**

**તાઓ સણંકુમારાણેવં, વઢ્ઢન્તિ પલિયદસગેહિં ।**
**જા બંભ-સુક્ક-આણય-આરણ દેવાણ પન્નાસા ॥૧૭૧॥**

સૌધર્મમાં અપરિગૃહીતા દેવીઓના છ લાખ વિમાનો છે. જે દેવીઓની સ્થિતિ ૧ પલ્યોપમથી માંડીને સમયાધિક યાવત્ ૧૦ પલ્યોપમ સુધીની છે તેઓ સનત્કુમાર દેવોને યોગ્ય છે. એમ ૧૦-૧૦ પલ્યોપમ વધતા ક્રમશઃ બ્રહ્મલોક, મહાશુક્ર, આનત સુધીના દેવોને યોગ્ય છે, યાવત્ ૫૦ પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ આરણ દેવોને યોગ્ય છે. (૧૭૦, ૧૭૧)

**ઈસાણે ચઉલક્ખા, સાહિયપલિયાઈ સમયઅહિયઠિઈ ।**
**જા પન્નર પલિય જાસિં, તાઓ માહિંદદેવાણં ॥૧૭૨॥**
**એએણ કમેણ ભવે, સમયાહિય પલિયદસગવુઢ્ઢીએ ।**
**લંત-સહસ્સાર-પાણય-અચ્ચુય-દેવાણ પણપન્ના ॥૧૭૩॥**

ઈશાનમાં અપરિગૃહીતા દેવીઓના ચાર લાખ વિમાનો છે. સાધિક પલ્યોપમથી માંડીને સમયાધિક યાવત્ ૧૫ પલ્યોપમ સુધીની જેમની સ્થિતિ છે તે દેવીઓ માહેન્દ્રના દેવોને યોગ્ય છે. એ ક્રમે સમયાધિક યાવત્ ૧૦ પલ્યોપમની વૃદ્ધિ કરતા ક્રમશઃ લાંતક, સહસ્રાર, પ્રાણતના દેવોને યોગ્ય છે, યાવત્ ૫૫ પલ્યોપમ સ્થિતિવાળી દેવીઓ અચ્યુત દેવોને યોગ્ય છે. (૧૭૨, ૧૭૩)

**કિણ્હા નીલા કાઊ, તેઊ પમ્હા ય સુક્ક લેસ્સાઓ ।**
**ભવણવણ પઢમ ચઉ લેસ, જોઈસ કપ્પદુગે તેઊ ॥૧૭૪॥**
**કપ્પતિય પમ્હલેસા, લંતાઈસુ સુક્કલેસ હુન્તિ સુરા ।**
**કણગાભ પઉમકેસર, વન્ના દુસુ તિસુ ઉવરિ ધવલા ॥૧૭૫॥**

કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ- આ છ લેશ્યાઓ છે. ભવનપતિ અને વ્યન્તરને પહેલી ચાર લેશ્યા હોય છે. જ્યોતિષ

અને બે દેવલોકમાં તેજોલેશ્યા હોય છે. ત્રણ દેવલોકમાં પદ્મલેશ્યા હોય છે, લાંતક વગેરેમાં શુક્લ લેશ્યાવાળા દેવો હોય છે. બે દેવલોકમાં સુવર્ણ વર્ણવાળા, ત્રણ દેવલોકમાં કમળની કેસરાના વર્ણવાળા અને ઉપર સફેદ વર્ણવાળા દેવો છે. (૧૭૪, ૧૭૫)

**દસ વાસસહસ્સાઈં, જહન્નમાઉં ધરંતિ જે દેવા ।**
**તેસિં ચઉત્થાહારો, સત્તહિં થોવેહિં ઊસાસો ॥૧૭૬॥**

જે દેવો જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષના આયુષ્યને ધારણ કરે છે તેમનો આહાર એકાંતરે અને ઉચ્છ્વાસ સાત સ્તોકે હોય છે. (૧૭૬)

**આહિવાહિવિમુક્કસ્સ, નિસાસૂસ્સાસ એગગો ।**
**પાણુ સત્ત ઈમો થોવો, સોવિ સત્તગુણો લવો ॥૧૭૭॥**

**લવસત્તહત્તરીએ હોઈ, મુહુત્તો ઈમંમિ ઊસાસા ।**
**સગતીસસય તિહુત્તર, તીસગુણા તે અહોરત્તે ॥૧૭૮॥**

**લક્ખં તેરસ સહસા, નઉયસયં અયરસંખયા દેવે ।**
**પક્ખેહિં ઊસાસે, વાસસહસ્સેહિં આહારો ॥૧૭૯॥**

આધિ-વ્યાધિથી રહિત મનુષ્યનો ૧ શ્વાસોચ્છ્વાસ તે પ્રાણ છે, ૭ પ્રાણ તે ૧ સ્તોક છે, સાત ગુણો સ્તોક તે ૧ લવ છે, ૭૭ લવનો ૧ મુહૂર્ત છે, ૧ મુહૂર્તમાં ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ છે, તેને ત્રીસ ગુણા કરતા ૧ અહોરાત્રમાં ૧,૧૩,૧૯૦ શ્વાસોચ્છ્વાસ છે. સાગરોપમની સંખ્યાવડે દેવમાં પખવાડિયે શ્વાસોચ્છ્વાસ અને હજાર વરસે આહાર હોય છે. (૧૭૭, ૧૭૮, ૧૭૯)

**દસ વાસસહસ્સુવરિં, સમયાઈ જાવ સાગરં ઊણં ।**
**દિવસ મુહુત્ત પુહુત્તા, આહારૂસાસ સેસાણં ॥૧૮૦॥**

૧૦,૦૦૦ વર્ષથી ઉપર સમય વગેરેથી માંડીને ૧ સાગરોપમથી ઓછા આયુષ્યવાળા બાકીના દેવોના આહાર અને ઉચ્છ્વાસ ક્રમશઃ दिवसपृथक्त्वे અને मुहूर्तपृथक्त्वे થાય છે. (૧૮૦)

**સરીરેણ ઓયાહારો, તયાઈ ફાસેણ લોમઆહારો ।**
**પક્ખેવાહારો પુણ, કાવલિઓ હોઈ નાયવ્વો ॥૧૮૧॥**

શરીર વડે ઓજાહાર હોય છે, ત્વચાના સ્પર્શ વડે લોમાહાર હોય છે અને પ્રક્ષેપાહાર કોળીયાનો હોય છે એમ જાણવું. (૧૮૧)

**ઓયાહારા સવ્વે, અપજ્જત્ત પજ્જત્ત લોમઆહારો ।**
**સુર-નિરય-ઈગિંદિ વિણા, સેસા ભવત્થા સપક્ખેવા ॥૧૮૨॥**

બધા અપર્યાપ્તા જીવો ઓજાહારવાળા છે, પર્યાપ્તા જીવો લોમાહારાવાળા છે, દેવો-નારકો-એકેન્દ્રિય સિવાયના શેષ સંસારી જીવો પ્રક્ષેપ આહારવાળા છે. (૧૮૨)

**સચિત્તાચિત્તોભયરૂવો, આહાર સવ્વતિરિયાણં ।**
**સવ્વનરાણં ચ તહા, સુરનેરઈયાણ અચ્ચિત્તો ॥૧૮૩॥**

બધા તિર્યંચોનો અને બધા મનુષ્યોનો આહાર સચિત્ત-અચિત્ત-ઉભયરૂપ છે. દેવો-નારકોનો આહાર અચિત્ત હોય છે. (૧૮૩)

**આભોગાડણાભોગા, સવ્વેસિં હોઈ લોમઆહારો ।**
**નિરયાણં અમણુન્નો, પરિણમઈ સુરાણ સમણુન્નો ॥૧૮૪॥**

બધા જીવોનો લોમાહાર જાણતા અને અજાણતા થાય છે. નારકીઓને તે અશુભરૂપે પરિણમે છે અને દેવોને તે શુભરૂપે પરિણમે છે (૧૮૪)

**તહ વિગલનારયાણં, અંતમુહુત્તા સ હોઈ ઉક્કોસો ।**
**પંચિંદિતિરિનરાણં, સાહાવિઓ છટ્ઠઅટ્ઠમઓ ॥૧૮૫॥**

વિકલેન્દ્રિય અને નારકોને તે આહાર ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તે હોય છે. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોનો સ્વાભાવિક આહાર ઉત્કૃષ્ટથી ક્રમશઃ છટ્ઠે અને અટ્ઠમે હોય છે. (૧૮૫)

**વિગ્ગહગઈમાવન્ના, કેવલિણો સમુહયા અજોગી ય ।**
**સિદ્ધા ય અણાહારા, સેસા આહારગા જીવા ॥૧૮૬॥**

વિગ્રહગતિ પામેલા, કેવલીઓ, સમુદ્ઘાતવાળા, અયોગી જીવો અને સિદ્ધો અણાહારી છે, શેષ જીવો આહારક છે. (૧૮૬)

**કેસટ્ઠિ-મંસ-નહ-રોમ-રુહિર-વસ-ચમ્મ-મુત્ત-પુરિસેહિં ।**
**રહિયા નિમ્મલદેહા, સુગંધનીસાસ ગયલેવા ॥૧૮૭॥**
**અંતમુહુત્તેણં ચિય, પજ્જત્તા તરુણપુરિસસંકાસા ।**
**સવ્વંગભૂસણધરા, અજરા નિરુયા સમા દેવા ॥૧૮૮॥**

દેવો કેશ-હાડકા-માંસ-નખ-રોમ-લોહી-ચરબી-મૂત્ર-વિષ્ટાથી રહિત નિર્મળ શરીરવાળા, સુગંધી શ્વાસોચ્છ્વાસવાળા, લેપ (પરસેવા)થી રહિત, અંતર્મુહૂર્તમાં પર્યાપ્તા થનારા, યુવાન પુરુષ જેવા, બધા અંગો ઉપર અલંકારોને ધારણ કરનારા, જરા (ઘડપણ) રહિત, રોગરહિત અને સમચતુરસ્રસંસ્થાનવાળા હોય છે. (૧૮૭-૧૮૮)

**અણિમિસનયણા મણ-કજ્જસાહણા પુપ્ફદામઅમિલાણા ।**
**ચઉરંગુલેણ ભૂમિં, ન છિવન્તિ સુરા જિણા બિંતિ ॥૧૮૯॥**

અનિમેષ નયનવાળા, મનથી કાર્ય સાધનારા, નહીં કરમાયેલી ફૂલની માળાવાળા દેવો ભૂમિને ચાર આંગળ વડે સ્પર્શતા નથી એમ જિનેશ્વરો કહે છે. (૧૮૯)

**પંચસુ જિણકલ્લાણેસુ ચેવ, મહરિસિતવાણુભાવાઓ ।**
**જમ્મંતરનેહેણ ય, આગચ્છન્તિ સુરા ઈહઈ ॥૧૯૦॥**

જિનેશ્વરોના પાંચ કલ્યાણકોમાં, મહર્ષિના તપના પ્રભાવથી અને અન્ય જન્મના સ્નેહથી દેવો અહીં આવે છે. (૧૯૦)

**સંકંતદિવ્વપેમા, વિસયપસત્તાઽસમત્તકત્તવ્વા ।**
**અણહીણમણુયકજ્જા, નરભવમસુહં ન ઈંતિ સુરા॥૧૯૧॥**

સંક્રાન્ત થયેલા દિવ્ય પ્રેમવાળા, વિષયમાં આસક્ત, સમાપ્ત નથી થયા કર્તવ્ય જેમના એવા, મનુષ્યોને અનધીન કાર્યવાળા દેવો અશુભ મનુષ્યભવમાં નથી આવતા (૧૯૧)

**ચત્તારિ પંચ જોયણસયાઈ, ગંધો ય મણુયલોગસ્સ ।**
**ઉડ્ઢં વચ્ચઈ જેણં, ન હુ દેવા તેણ આવન્તિ ॥૧૯૨॥**

જે કારણથી મનુષ્યલોકની ગંધ ૪૦૦ કે ૫૦૦ યોજન ઉપર જાય છે તે કારણથી દેવો અહીં આવતા નથી. (૧૯૨)

**દો કપ્પ પઢમપુઢવિં, દો દો દો બીય-તઈયગ-ચઉત્થિં ।**
**ચઉ ઉવરિમ ઓહીએ, પાસન્તિ પંચમં પુઢવિં ॥૧૯૩॥**

બે દેવલોકના દેવો પહેલી પૃથ્વીને, બે-બે-બે દેવલોકના દેવો ક્રમશઃ બીજી-ત્રીજી-ચોથી પૃથ્વીને, ઉપરના ચાર દેવલોકના દેવો પાંચમી પૃથ્વીને અવધિજ્ઞાનથી જુવે છે. (૧૯૩)

**છટ્ઠિં છ ગેવિજ્જા, સત્તમિમીયરે અણુત્તરસુરા ઉ ।**
**કિંચૂણ લોગનાલિં, અસંખદીવુદહિ તિરિયં તુ ॥૧૯૪॥**

છ ગ્રૈવેયકના દેવો છટ્ઠી પૃથ્વીને, ત્રણ ગ્રૈવેયકના દેવો સાતમી પૃથ્વીને, અનુત્તર દેવો કંઈક ન્યૂન લોકનાલીને અવધિજ્ઞાનથી જુવે અને તીર્છા અસંખ્ય દ્વીપ-સમુદ્રોને જુવે છે. (૧૯૪)

**બહુઅયરગં ઉવરિમગા, ઉડ્ઢં સવિમાણચુલિયધયાઈ ।**
**ઊણદ્ધ સાગરે સંખ-જોયણા તપ્પરમસંખા ॥૧૯૫॥**

ઉપરના દેવો તીર્ચ્છું ઘણું જુવે. ઉપર પોતાના વિમાનની ચૂલિકાની ધજા સુધી જુવે. અડધા સાગરોપમથી ઓછા આયુષ્યવાળા દેવો સંખ્યાતા યોજન સુધી જુવે, તેનાથી વધુ આયુષ્યવાળા દેવો અસંખ્ય યોજન સુધી જુવે. (૧૯૫)

**પણવીસ જોયણ લહુ, નારય-ભવણ-વણ-જોઈ-કપ્પાણં ।**
**ગેવિજ્જડણુત્તરાણ ય, જહસંખં ઓહિઆગારા ॥૧૯૬॥**
**તપ્પાગારે પલ્લગ પડહગ-ઝલ્લરિ-મુઈંગ-પુપ્ફ-જવે ।**
**તિરિયમણુએસુ ઓહી, નાણાવિહસંઠિઓ ભણિઓ ॥૧૯૭॥**

ભવનપતિ-વ્યન્તર જઘન્યથી ૨૫ યોજન જુવે. નારકી, ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ, ૧૨ દેવલોક, ગ્રૈવેયક, અનુત્તરના દેવોના અવધિજ્ઞાનના આકારો ક્રમશઃ ત્રાપો, પ્યાલો, ઢોલ, ઝાલર, મૃદંગ, પુષ્પચંગેરી, જવનાલક (કન્યાનો કંચુક સહિત ચણીયો)ના આકારે છે. તિર્યંચો અને મનુષ્યોમાં અવધિજ્ઞાન વિવિધ સંસ્થાનોવાળું કહ્યું છે. (૧૯૬, ૧૯૭)

**ઉડ્ઢં ભવણવણાણં, બહુગો વેમાણિયાણડહો ઓહી ।**
**નારય-જોઈસ તિરિયં, નરતિરિયાણં અણેગવિહો ॥૧૯૮॥**

ભવનપતિ-વ્યન્તરનું અવધિજ્ઞાન ઉપર વધુ હોય છે, વૈમાનિકોનું અવધિજ્ઞાન નીચે વધુ હોય છે, નારકી-જ્યોતિષનું અવધિજ્ઞાન તીર્ચ્છું વધુ હોય છે, મનુષ્યો-તિર્યંચોનું અવધિજ્ઞાન અનેક પ્રકારનું છે. (૧૯૮)

**ઈય દેવાણં ભણિયં, ઠિઈપમુહં નારયાણ વુચ્છામિ ।**
**ઈગ તિન્નિ સત્ત દસ સત્તર, અયર બાવીસ તિત્તીસા ॥૧૯૯॥**

**સત્તસુ પુઢવીસુ ઠિઈ, જિટ્ઠોવરિમા ય હિટ્ઠ પુઢવીએ ।**
**હોઈ કમેણ કણિટ્ઠા, દસવાસસહસ્સ પઢમાએ ॥૨૦૦॥**

આમ દેવોના સ્થિતિ વગેરે કહ્યા. હવે નારકીઓના કહીશ. સાત નરકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨, ૩૩ સાગરોપમ છે. ઉપરની પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ નીચેની પૃથ્વીની જઘન્ય સ્થિતિ છે. પહેલી પૃથ્વીની જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ છે. (૧૯૯- ૨૦૦)

**નવઈ સમ સહસ લક્ખા, પુવ્વાણં કોડી અયર દસ ભાગ ।**
**ઈક્કિક્ક ભાગ વુઢ્ઢી, જા અયરં તેરસે પયરે ॥૨૦૧॥**
**ઈઅ જિટ્ઠ જહન્ના પુણ, દસવાસસહસ્સ લક્ખ પયર દુગે ।**
**સેસેસુ ઉવરિ જિટ્ઠા, અહો કણિટ્ઠાઉ પઈ પુઢવિં ॥૨૦૨॥**

૯૦,૦૦૦ વર્ષ, ૯૦ લાખ વર્ષ, ૧ ક્રોડ પૂર્વ, $\frac{૧}{૧૦}$ સાગરોપમ, ૧-૧ ભાગની વૃદ્ધિ યાવત્ ૧૩મા પ્રતરમાં ૧ સાગરોપમ - આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. જઘન્ય સ્થિતિ બે પ્રતરમાં ૧૦,૦૦૦ વર્ષ અને ૧ લાખ વર્ષ, શેષ પ્રતરોમાં દરેક પૃથ્વીમાં ઉપરના પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ નીચેના પ્રતરની જઘન્ય સ્થિતિ છે. (૨૦૧- ૨૦૨)

**ઉવરિખિઈઠિઈવિસેસો, સગપયરવિહત્તુ ઈચ્છસંગુણિઓ ।**
**ઉવરિમખિઈઠિઈસહિઓ ઈચ્છિયપયરંમિ ઉક્કોસા ॥૨૦૩॥**

ઉપરની પૃથ્વીની સ્થિતિના તફાવતને પોતાના પ્રતરથી ભાગી ઈષ્ટ પ્રતરથી ગુણી ઉપરની પૃથ્વીની સ્થિતિથી સહિત તે ઈષ્ટ પ્રતરમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે (૨૦૩)

**બંધણ ગઈ સંઠાણા, ભેયા વન્ના ય ગંધ રસ ફાસા ।**
**અગુરુલહુ સદ્દ દસહા, અસુહા વિય પુગ્ગલા નિરએ ॥૨૦૪॥**

બંધન, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, શબ્દ - એ દશ પ્રકારના અશુભ પુદ્ગલ (પરિણામો) નરકમાં છે. (૨૦૪)

**નરયા દસવિહ વેયણ, સીઉસિણ-ખુહ-પિવાસ-કંડૂહિં ।**
**પરવસ્સં જરં દાહં, ભયં સોગં ચેવ વેયંતિ ॥૨૦૫॥**

નારકીઓ ૧૦ પ્રકારની વેદના ભોગવે છે - ઠંડી, ગરમી, ભૂખ, તરસ, ખંજવાળ, પરવશતા, તાવ, દાહ, ભય અને શોક. (૨૦૫)

**સત્તસુ ખિત્તજવિયણા, અન્નન્નકયાવિ પહરણેહિ વિણા ।**
**પહરણકયા વિ પંચસુ, તિસુ પરમાહમ્મિયકયાવિ ॥૨૦૬॥**

સાતે પૃથ્વીમાં ક્ષેત્રજ અને પ્રહરણ વિના પરસ્પરકૃત વેદના હોય છે. પાંચ પૃથ્વીમાં પ્રહરણકૃત વેદના પણ હોય છે. ત્રણ પૃથ્વીમાં પરધામીકૃત વેદના પણ હોય છે. (૨૦૬)

**રયણપ્પહ સક્કરપહ, વાલુયપહ પંકપહ ય ધૂમપહા ।**
**તમપહા તમતમપહા, કમેણ પુઢવીણ ગોત્તાઈ ॥૨૦૭॥**

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા, તમસ્તમઃ પ્રભા - આ ક્રમશઃ સાત પૃથ્વીના ગોત્ર છે. (૨૦૭)

**ઘમ્મા વંસા સેલા, અંજણ રિટ્ઠા મઘા ય માઘવઈ ।**
**નામેહિં પુઢવીઓ, છત્તાઈછત્ત સંઠાણા ॥૨૦૮॥**

ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી - આ નામો વડે સાત પૃથ્વીઓ છત્રાતિછત્રના આકારે રહેલી છે. (૨૦૮)

**અસીઈ બત્તીસ અડવીસ, વીસા અટ્ઠાર સોલ અડ સહસ્સા ।**
**લક્ખુવરિ પુઢવિપિંડો, ઘણુદહિ-ઘણવાય-તણુવાયા ॥૨૦૯॥**
**ગયણં ચ પઈટ્ઠાણં, વીસસહસ્સાઈં ઘણુદહી પિંડો ।**
**ઘણતણુવાયાગાસા, અસંખજોયણજુયા પિંડે ॥૨૧૦॥**

૧ લાખની ઉપર ૮૦ હજાર, ૩૨ હજાર, ૨૮ હજાર, ૨૦ હજાર, ૧૮ હજાર, ૧૬ હજાર, ૮ હજાર યોજન, એ પૃથ્વીપિંડ છે. તેમાં નીચે ઘનોદધિ, ઘનવાત, તનવાત અને આકાશ આધાર છે. ઘનોદધિનો પિંડ ૨૦,૦૦૦ યોજન છે. ઘનવાત-તનવાત-આકાશનો પિંડ અસંખ્ય યોજનયુક્ત છે. (૨૦૯- ૨૧૦)

**ન ફુસંતિ અલોગં, ચઉદિસંપિ પુઢવીઉ વલયસંગહિયા ।**
**રયણાએ વલયાણં, છદ્ધપંચમજોયણં સડ્ઢં ॥૨૧૧॥**
**વિક્ખંભો ઘણઉદહી, ઘણતણુવાયાણ હોઈ જહસંખં ।**
**સતિભાગ ગાઉયં, ગાઉયં ચ તહ ગાઉયતિભાગો ॥૨૧૨॥**
**પઢમમહીવલએસું, ખિવિજ્જ એયં કમેણ બીયાએ ।**
**દુ-તિ-ચઉ-પંચ-છ-ગુણં, તઈયાઈસુ તંપિ ખિવ કમસો ॥૨૧૩॥**

વલયોથી વીંટાયેલી પૃથ્વીઓ ચારેય દિશામાં અલોકને સ્પર્શતી નથી. રત્નપ્રભાના ઘનોદધિ, ઘનવાત, તનવાતના વલયો ક્રમશઃ ૬, ૪$\frac{૧}{૨}$, ૧$\frac{૧}{૨}$ યોજન જાડા છે. પહેલી પૃથ્વીના વલયોમાં ૧$\frac{૧}{૩}$ ગાઉ, ૧ ગાઉ અને $\frac{૧}{૩}$ ગાઉ ઉમેરતા એ ક્રમશઃ બીજી પૃથ્વીના વલયોની પહોળાઈ છે. તેને ૨, ૩, ૪, ૫, ૬ ગુણા કરી ઉમેરવાથી ક્રમશઃ ત્રીજી વગેરે પૃથ્વીમાં વલયોની જાડાઈ આવે છે. (૨૧૧, ૨૧૨, ૨૧૩)

**મજ્ઝે ચિય પુઢવીઅહે, ઘણુદહિપમુહાણ પિંડપરિમાણં ।**
**ભણિયં તઓ કમેણં, હાયઈ જા વલયપરિમાણં ॥૨૧૪॥**

પૃથ્વીની નીચે મધ્યભાગે જ ઘનોદધિ વગેરેના પિંડનું પરિમાણ કહ્યુ છે, ત્યાર પછી ક્રમશઃ વલયના પરિમાણ સુધી ઘટે છે. (૨૧૪)

**તીસ પણવીસ પન્નરસ, દસ તિન્નિ પણૂણ એગ લક્ખાઇં ।**
**પંચ ય નરયા કમસો, ચુલસી લક્ખાઈ સત્તસુ વિ ॥૨૧૫॥**

૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, ૫ ન્યૂન ૧ લાખ અને પાંચ નરકાવાસો ક્રમશઃ સાત પૃથ્વીઓમાં છે. સાતેમાં ૮૪ લાખ નરકાવાસ છે. (૨૧૫)

**તેરિક્કારસ નવ સગ, પણ તિન્નિગ પયર સવ્વિગુણવન્ના ।**
**સીમંતાઈ અપ્પઈ-ઠાણંતા ઇંદયા મજ્ઝે ॥૨૧૬॥**

સાત પૃથ્વીમાં ક્રમશઃ ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩, ૧ પ્રતરો છે. કુલ ૪૯ પ્રતર છે. તેમની વચ્ચે સીમન્તકથી માંડીને અપ્રતિષ્ઠાન સુધીના ઇન્દ્રક નરકાવાસ છે. (૨૧૬)

**તેહિંતો દિસિવિદિસિં, વિણિગ્ગયા અટ્ઠ નિરયઆવલીયા ।**
**પઢમે પયરે દિસિ, ઈગુણવન્ન વિદિસાસુ અડયાલા ॥૨૧૭॥**
**બીયાઇસુ પયરેસુ, ઇગ ઇગ હીણા ઉ હુન્તિ પંતીઓ ।**
**જા સત્તમમહીપયરે, દિસી ઇક્કિક્કો વિદિસિ નત્થિ ॥૨૧૮॥**

તે ઇન્દ્રક નરકાવાસોથી દિશા-વિદિશામાં નરકાવાસોની ૮ આવલિઓ નીકળેલી છે. પહેલા પ્રતરમાં દિશામાં ૪૯ અને વિદિશામાં ૪૮ નરકાવાસ છે. બીજા વગેરે પ્રતરોમાં પંક્તિઓ ૧-૧ હીન નરકાવાસવાળી છે, યાવત્ સાતમી પૃથ્વીના પ્રતરમાં દિશામાં ૧-૧ નરકાવાસ છે અને વિદિશામાં નરકાવાસ નથી. (૨૧૭-૨૧૮)

**ઇટ્ઠપયરેગદિસિ સંખ, અડગુણા ચઉવિણા સઇગસંખા ।**
**જહ સીમંતયપયરે, એગુણનઉયા સયા તિન્નિ ॥૨૧૯॥**
**અપઇટ્ઠાણે પંચ ઉ, પઢમો મુહમંતિમો હવઇ ભૂમી ।**
**મુહભૂમીસમાસદ્ધં, પયરગુણં હોઇ સવ્વધણં ॥૨૨૦॥**

ઇષ્ટ પ્રતરની એક દિશાની નરકાવાસની સંખ્યાને ૮થી ગુણી, તેમાં ૪ ઓછા કરી ૧ ઉમેરવો, જેમકે સીમન્તક પ્રતરમાં ૩૮૯ નરકાવાસ થાય. અપ્રતિષ્ઠાન પ્રતરમાં ૫ નરકાવાસ છે. પહેલો મુખ છે. છેલ્લો ભૂમિ છે. મુખ અને ભૂમિનો સરવાળો કરી અર્ધ કરી પ્રતર સાથે ગુણતા નરકાવાસની કુલ સંખ્યા આવે. (૨૧૯-૨૨૦)

**છન્નવઇસય તિવન્ના, સત્તસુ પુઢવીસુ આવલી નિરયા ।**
**સેસ તિયાસી લક્ખા, તિસય સિયાલા નવઇસહસા ॥૨૨૧॥**

સાત પૃથ્વીઓમાં આવલિકાગત નરકાવાસો ૯,૬૫૩ છે. શેષ ૮૩,૯૦,૩૪૭ પુષ્પાવકીર્ણ નરકાવાસો છે. (૨૨૧)

**તિસહસ્સુચ્ચા સવ્વે, સંખમસંખિજ્જવિત્થડાયામા ।**
**પણયાલલક્ખ, સીમંતઓ ય લક્ખં અપઇટ્ઠાણો ॥૨૨૨॥**

બધા નરકાવાસો ૩૦૦૦ યોજન ઉંચા છે અને સંખ્યાતા-અસંખ્યાતા યોજન લાંબા-પહોળા છે. સીમન્તક નરકાવાસ ૪૫ લાખ યોજનનો છે અને અપ્રતિષ્ઠાન નરકાવાસ ૧ લાખ યોજનનો છે. (૨૨૨)

**છસુ હિટ્ઠોવરિ જોયણસહસ્સ, બાવન્ન સઢ્ઢ ચરિમાએ ।**
**પુઢવીએ નરયરહિયં, નરયા સેસંમિ સવ્વાસુ ॥૨૨૩॥**

છ પૃથ્વીઓમાં નીચે-ઉપર ૧૦૦૦ યોજન અને છેલ્લી પૃથ્વીમાં નીચે-ઉપર ૫૨,૫૦૦ યોજન નરકાવાસ રહિત છે. બધી પૃથ્વીઓમાં શેષ ક્ષેત્રમાં નરકાવાસો છે (૨૨૩)

**બિસહસ્સૂણા પુઢવી, તિસહસ્સગુણિએહિં નિયયપયરેહિં ।**
**ઊણા રૂવૂણનિયપયર-ભાઇયા પત્થડંતરયં ॥૨૨૪॥**

૨૦૦૦ યોજન ન્યૂન પૃથ્વીપિંડમાં ૩૦૦૦ વડે ગુણાયેલા પોતાના પ્રતરો ઓછા કરી એક ન્યૂન પોતાના પ્રતરો વડે ભાગવાથી પ્રતરોનું આંતરુ આવે છે. (૨૨૪)

**પઉણટ્ઠ ધણુ છ અંગુલ, રયણાએ દેહમાણમુક્કોસં ।**
**સેસાસુ દુગુણદુગુણં, પણ ધણુસય જાવ ચરમાએ ॥૨૨૫॥**

રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ શરીરમાન ૭$\frac{૩}{૪}$ ધનુષ્ય ૬ અંગુલ છે, શેષ પૃથ્વીઓમાં બમણું બમણું છે, યાવત્ છેલ્લી પૃથ્વીમાં ૫૦૦ ધનુષ્ય છે. (૨૨૫)

**રયણાએ પઢમપયરે, હત્થતિય દેહમાણમણુપયરં ।**
**છપ્પન્નંગુલસઢ્ઢા, વુઢ્ઢી જા તેરસે પુન્નં ॥૨૨૬॥**

રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ પ્રતરમાં શરીરમાન ૩ હાથ છે. ત્યાર પછી દરેક પ્રતરે ૫૬$\frac{૧}{૨}$ અંગુલની વૃદ્ધિ કરવી યાવત્ તેરમા પ્રતરે સંપૂર્ણ થાય. (૨૨૬)

**જં દેહપમાણં ઉવરિમાએ, પુઢવીએ અંતિમે પયરે ।**
**તં ચિય હિટ્ઠિમપુઢવીએ, પઢમપયરંમિ બોદ્ધવ્વં ॥૨૨૭॥**

ઉપરની પૃથ્વીના અંતિમ પ્રતરમાં જે શરીરમાન હોય તે જ નીચેની પૃથ્વીના પહેલા પ્રતરમાં જાણવું. (૨૨૭)

**તં ચેગૂણગસગપયરભઇયં, બીયાઈ પયરવુઢ્ઢિ ભવે ।**
**તિકર તિઅંગુલ કરસત્ત, અંગુલા સઢ્ઢિગુણવીસં ॥૨૨૮॥**
**પણ ધણુ અંગુલ વીસં, પનરસ ધણુ દુન્નિ હત્થ સડ્ઢા ।**
**બાસટ્ઠિ ધણુહ સઢ્ઢા, પણ પુઢવી પયરવુઢ્ઢિ ઈમા ॥૨૨૯॥**

તેને ૧ ન્યૂન પોતાના પ્રતરો વડે ભાગતા બીજી વગેરે પૃથ્વીના પ્રતરોમાં વૃદ્ધિ થાય છે. ૩ હાથ ૩ અંગુલ, ૭ હાથ ૧૯$\frac{૧}{૨}$ આંગુલ, ૫ ધનુષ્ય ૨૦ અંગુલ, ૧૫ ધનુષ્ય ૨$\frac{૧}{૨}$ હાથ, ૬૨$\frac{૧}{૨}$ ધનુષ્ય આ પાંચ પૃથ્વીઓમાં દરેક પ્રતરે વૃદ્ધિ છે. (૨૨૮, ૨૨૯)

**ઈઅ સાહાવિય દેહો, ઉત્તરવેઉવ્વિઓ ય તદુગુણો ।**
**દુવિહોવિ જહન્ન કમા, અંગુલઅસંખસંખંસો ॥૨૩૦॥**

આ સ્વાભાવિક શરીરનું પ્રમાણ છે. ઉત્તરવૈક્રિયશરીર તેનાથી બમણું છે. બન્ને પ્રકારનું શરીર જઘન્યથી ક્રમશઃ અંગુલનો અસંખ્યાતમો અને સંખ્યાતમો ભાગ છે. (૨૩૦)

**સત્તસુ ચઉવીસ મુહૂ, સગ પન્નર દિણેગ ચઉ છમ્માસા ।**
**ઉવવાયચવણવિરહો, ઓહે બારસ મુહુત્ત ગુરૂ॥૨૩૧॥**

**લહુઓ દુહાવિ સમઓ, સંખા પુણ સુરસમા મુણેયવ્વા ।**
**સંખાઉ પજ્જત્ત પણિંદિ, તિરિ-નરા જંતિ નરએસુ ॥૨૩૨॥**

સાત પૃથ્વીઓમાં (ઉત્કૃષ્ટ) ઉપપાત-ચ્યવન વિરહકાળ ક્રમશઃ ૨૪ મુહૂર્ત, ૭ દિવસ, ૧૫ દિવસ, ૧ માસ, ૨ માસ, ૪ માસ, ૬ માસ છે. સામાન્યથી નરકમાં ઉત્કૃષ્ટ ઉપપાતવિરહકાળ ૧૨ મુહૂર્ત છે. સામાન્યથી અને વિશેષથી જઘન્ય ઉપપાત-ચ્યવન વિરહકાળ ૧ સમય છે. ૧ સમયે ઉપપાત-ચ્યવન સંખ્યા દેવોની સમાન જાણવી. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો નરકમાં જાય છે. (૨૩૧, ૨૩૨)

**મિચ્છદિટ્ઠિ મહારંભ, પરિગ્ગહો તિવ્વકોહ નિસ્સીલો ।**
**નરયાઉઅં નિબંધઈ, પાવરુઈ રુદપરિણામો ॥૨૩૩॥**

મિથ્યાદષ્ટિ, મહારંભી, પરિગ્રહી, તીવ્ર ક્રોધવાળો,

શીલરહિત, પાપરુચિવાળો, રૌદ્ર પરિણામવાળો જીવ નરકાયુષ્ય બાંધે છે. (૨૩૩)

**અસન્નિ સરિસિવ પક્ખી, સીહ ઉરગિત્થિ જન્તિ જા છટ્ઠિં ।**
**કમસો ઉક્કોસેણં, સત્તમપુઢવિં મણુય મચ્છા ॥૨૩૪॥**

અસંજ્ઞી, ભુજપરિસર્પ, પક્ષી, સિંહ, સર્પ, સ્ત્રી ક્રમશઃ ઉત્કૃષ્ટથી (પહેલી થી) છટ્ઠી પૃથ્વી સુધી જાય છે. સાતમી પૃથ્વીમાં મનુષ્યો અને માછલા જાય છે. (૨૩૪)

**વાલા દાઢી પક્ખી, જલયર નરયાગયા ઉ અઈકૂરા ।**
**જંતિ પુણો નરએસું, બાહુલ્લેણં ન ઉણ નિયમો ॥૨૩૫॥**

અતિક્રૂર એવા સર્પ, વાઘ-સિંહ, પક્ષી, જલચર નરકમાંથી આવેલા ફરીને ઘણું કરીને નરકમાં જાય છે, પણ નિયમ નથી. (૨૩૫)

**દોપઢમપુઢવિગમણં, છેવટ્ઠે કીલિયાઈ સંઘયણે ।**
**ઈક્કિક્ક પુઢવી વુઢ્ઢી, આઈતિલેસાઉ નરએસુ ॥૨૩૬॥**

છેવટ્ઠા સંઘયણમાં પહેલી બે પૃથ્વીમાં જાય, કીલિકા વગેરે સંઘયણમાં ૧-૧ પૃથ્વીની વૃદ્ધિ છે. નરકોમાં પહેલી ત્રણ લેશ્યાઓ છે. (૨૩૬)

**દુસુ કાઊ તઈયાએ, કાઊ નીલા ય નીલ પંકાએ ।**
**ધૂમાએ નીલકિણ્હા, દુસુ કિણ્હા હુન્તિ લેસાઓ ॥૨૩૭॥**

બે પૃથ્વીમાં કાપોતલેશ્યા છે, ત્રીજી પૃથ્વીમાં કાપોત-નીલ લેશ્યા છે, પંકપ્રભામાં નીલલેશ્યા છે, ધૂમપ્રભામાં નીલ-કૃષ્ણલેશ્યા છે, બે નરકમાં કૃષ્ણ લેશ્યા છે. (૨૩૭)

**સુરનારયાણ તાઓ, દવ્વલેસા અવટ્ઠિઆ ભણિયા ।**
**ભાવપરાવત્તીએ, પુણ એસિં હુન્તિ છલ્લેસા ॥૨૩૮॥**

દેવો-નારકોને તે દ્રવ્યલેશ્યાઓ અવસ્થિત કહી છે. ભાવના પરાવર્તનથી એમને છએ લેશ્યાઓ હોય છે. (૨૩૮)

**નિરઉવ્વટ્ટા ગબ્ભે, પજ્જત્ત સંખાઉ લદ્ધિ એએસિં ।**
**ચક્કિ હરિજુઅલ અરિહા, જિણ જઈ દિસ સમ્મ પુહવિકમા ॥૨૩૯॥**

નરકમાંથી આવેલા જીવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ થાય. પૃથ્વીના ક્રમથી એમની લબ્ધિ ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, અરિહંત, સામાન્ય કેવળી, સાધુ, દેશવિરતિ અને સમ્યક્ત્વ છે. (૨૩૯)

**રયણાએ ઓહિ ગાઉઆ, ચત્તારિ અદ્ધુટ્ઠ ગુરૂ લહુ કમેણ ।**
**પઈ પુઢવિ ગાઉયદ્ધં, હાયઈ જા સત્તમિ ઈગદ્ધં ॥૨૪૦॥**

રત્નપ્રભામાં ઉત્કૃષ્ટ જઘન્ય અવધિજ્ઞાન ક્રમશઃ ૪ ગાઉ અને ૩$\frac{૧}{૨}$ ગાઉ છે. દરેક પૃથ્વીમાં $\frac{૧}{૨}$ ગાઉ ઓછો થાય છે, યાવત્ સાતમી પૃથ્વીમાં ૧ ગાઉ અને $\frac{૧}{૨}$ ગાઉ છે. (૨૪૦)

**ગબ્ભનર તિપલિયાઉ, તિ ગાઉ ઉક્કોસ તે જહન્નેણં ।**
**મુચ્છિમ દુહાવિ અંતમુહૂ, અંગુલઅસંખભાગતણૂ ॥૨૪૧॥**

ગર્ભજ મનુષ્યો ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા છે. તેઓ ઉત્કૃષ્ટથી ૩ ગાઉના શરીરવાળા છે. તેઓ જઘન્યથી અને સંમૂર્ચ્છિમ મનુષ્યો બન્ને રીતે અંતર્મુહૂર્તના આયુષ્યવાળા અને અંગુલના અસંખ્યાતમા ભાગના શરીરવાળા છે (૨૪૧)

**બારસ મુહુત્ત ગબ્ભે, ઈયરે ચઉવીસ વિરહ ઉક્કોસો ।**
**જમ્મમરણેસુ સમઓ, જહન્ન સંખા સુરસમાણા ॥૨૪૨॥**

ઉપપાત-ચ્યવન વિરહકાળ ઉત્કૃષ્ટથી ગર્ભજ મનુષ્યોનો ૧૨ મુહૂર્ત છે અને સંમૂર્ચ્છિમ મનુષ્યોનો ૨૪ મુહૂર્ત છે. જઘન્યથી (બધાનો) ૧ સમય છે. ૧ સમયમાં ઉપપાત-ચ્યવન સંખ્યા દેવોની સમાન છે. (૨૪૨)

**સત્તમમહિનેરઈએ, તેઊ વાઊ અસંખનરતિરિએ ।**
**મુત્તૂણ સેસ જીવા, ઉપ્પજ્જંતિ નરભવંમિ ॥૨૪૩॥**

સાતમી પૃથ્વીના નારકો, તેઉકાય, વાયુકાય અસંખ્ય વર્ષાયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચોને છોડીને શેષ જીવો મનુષ્ય ભવમાં ઉત્પન્ન થાય છે. (૨૪૩)

**સુરનેરઈએહિં ચિય, હવંતિ હરિ-અરિહ-ચક્કિ-બલદેવા ।**
**ચઊવિહ સુર ચક્કિ-બલા, વેમાણિય હુન્તિ હરિ-અરિહા ॥૨૪૪॥**

વાસુદેવ, અરિહંત, ચક્રવર્તી, બળદેવ દેવ-નરકમાંથી જ આવેલા થાય છે. ચારે પ્રકારના દેવો ચક્રવર્તી અને બળદેવ થાય છે. વૈમાનિક દેવો વાસુદેવ અને અરિહંત થાય છે. (૨૪૪)

**હરિણો મણુસ્સરયણાઈં, હુન્તિ નાણુત્તરેહિં દેવેહિં ।**
**જહ સંભવમુવવાઓ, હય-ગય-એગિંદિ-રયણાણં ॥૨૪૫॥**

વાસુદેવ અને ચક્રવર્તિના મનુષ્યરત્નો અનુત્તરદેવોમાંથી નથી થતા. અશ્વ, હાથી, એકેન્દ્રિય રત્નોની ઉત્પત્તિ યથાસંભવ હોય છે. (૨૪૫)

**વામપમાણં ચક્કં, છત્તં દંડં દુહત્થયં ચમ્મં ।**
**બત્તીસંગુલ ખગ્ગો, સુવન્નકાગિણિ ચઉરંગુલિયા ॥૨૪૬॥**
**ચઉરંગુલો દુઅંગુલપિહુલો ય, મણિ પુરોહિગયતુરયા ।**
**સેણાવઈ ગાહાવઈ, વઢ્ઢઈત્થી ચક્કિરયણાઈં ॥૨૪૭॥**

ચક્ર-છત્ર-દંડ વ્યામ (ધનુષ્ય) પ્રમાણ છે, ચર્મરત્ન બે હાથનું છે, ખડ્ગ રત્ન ૩૨ અંગુલનું છે, સુવર્ણનું કાકિણી રત્ન ચાર અંગુલનું છે, ચાર અંગુલ લાંબુ અને ૨ અંગુલ પહોળું મણિરત્ન છે. પુરોહિત, હાથી, ઘોડો, સેનાપતિ, ગાથાપતિ, વર્ધકી (સુથાર), સ્ત્રી - આ ચક્રવર્તિના રત્નો છે. (૨૪૬, ૨૪૭)

**ચક્કં ધણુહં ખગ્ગો, મણી ગયા તહ ય હોઈ વણમાલા ।**
**સંખો સત્ત ઈમાઇં, રયણાઈં વાસુદેવસ્સ ॥૨૪૮॥**

ચક્ર, ધનુષ્ય, ખડ્ગ, મણિ, ગદા, વનમાલા, શંખ - આ સાત રત્નો વાસુદેવના છે. (૨૪૮)

**સંખનરા ચઉસુ ગઈસુ, જંતિ પંચસુ વિ પઢમસંઘયણે ।**
**ઈગ દુ તિ જા અટ્ઠસયં, ઈગસમએ જંતિ તે સિદ્ધિં ॥૨૪૯॥**

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્યો ચારે ગતિમાં જાય છે. પહેલા સંઘયણમાં તેઓ પાંચે ગતિમાં જાય છે. ૧ સમયમાં તેઓ ૧, ૨, ૩, યાવત્ ૧૦૮ મોક્ષમાં જાય છે. (૨૪૯)

**વીસિત્થિ દસ નપુંસગ, પુરિસટ્ઠસયં તુ એગસમએણં ।**
**સિજ્ઝઇ ગિહિઅન્નસલિંગ, ચઉ દસ અટ્ઠાહિય સયં ચ ॥૨૫૦॥**

૧ સમયમાં ૨૦ સ્ત્રીઓ, ૧૦ નપુંસકો, ૧૦૮ પુરુષો, ગૃહિલિંગ-અન્યલિંગ-સ્વલિંગમાં ક્રમશઃ ૪-૧૦-૧૦૮ સિદ્ધ થાય છે. (૨૫૦)

**ગુરુ લહુ મજ્ઝિમ દો ચઉ, અટ્ઠસયં ઉઢ્ઢહો તિરિયલોએ ।**
**ચઉ બાવીસડટ્ઠસયં, દુ સમુદ્દે તિન્નિ સેસજલે ॥૨૫૧॥**

ઉત્કૃષ્ટ-જઘન્ય-મધ્યમ અવગાહનાવાળા ક્રમશઃ ૨-૪-૧૦૮, ઊર્ધ્વલોક-અધોલોક-તિર્ચ્છાલોકમાં ક્રમશઃ ૪-૨૨-૧૦૮, સમુદ્રમાં ૨, શેષ જલમાં ૩ સિદ્ધ થાય છે. (૨૫૧)

**નરયતિરિયાગયા દસ, નરદેવગઈઉ વીસ અટ્ઠસયં ।**
**દસ રયણા સક્કર વાલુયાઉ, ચઉ પંક-ભૂ-દગઓ ॥૨૫૨॥**
**છચ્ચ વણસ્સઈ દસ તિરિ, તિરિત્થી દસ મણુય વીસ નારીઓ ।**
**અસુરાઈ વંતરા દસ, પણ તદ્દેવિઉ પત્તેયં ॥૨૫૩॥**

નરક-તિર્યંચમાંથી આવેલા ૧૦, મનુષ્ય-દેવમાંથી આવેલા ૨૦ અને ૧૦૮, રત્નપ્રભા-શર્કરાપ્રભા-વાલુકાપ્રભામાંથી આવેલા ૧૦, પંકપ્રભા-પૃથ્વીકાય-અપ્કાયમાંથી આવેલા ૪, વનસ્પતિમાંથી આવેલા ૬, તિર્યંચ પુરુષ અને સ્ત્રીમાંથી આવેલા ૧૦, મનુષ્યપુરુષમાંથી આવેલા ૧૦, મનુષ્યસ્ત્રીમાંથી આવેલા ૨૦, અસુરકુમારથી વ્યન્તર દરેકમાંથી આવેલા ૧૦, તેમની દેવીઓમાંથી દરેકમાંથી આવેલા ૫ એક સમયમાં સિદ્ધ થાય છે. (૨૫૨-૨૫૩)

**જોઈ દસ દેવી વીસં, વેમાણિ અટ્ઠસય વીસ દેવીઓ ।**
**તહ પુંવેએહિંતો, પુરિસા હોઊણ અટ્ઠસયં ॥૨૫૪॥**
**સેસટ્ઠભંગએસું, દસ દસ સિજ્ઝન્તિ એગસમએણં ।**
**વિરહો છમાસ ગુરુઓ, લહુ સમઓ ચવણમિહ નત્થિ ॥૨૫૫॥**

જ્યોતિષ દેવમાંથી આવેલા ૧૦, જ્યોતિષ દેવીમાંથી આવેલા ૨૦, વૈમાનિક દેવમાંથી આવેલા ૧૦૮, વૈમાનિક દેવીમાંથી આવેલા ૨૦, તથા પુરુષવેદમાંથી પુરુષ થઈને ૧૦૮, શેષ ૮ ભાંગામાં ૧૦-૧૦ એક સમયમાં સિદ્ધ થાય છે. ઉત્કૃષ્ટ ઉપપાત-વિરહકાળ છ માસ છે, જઘન્ય ઉપપાતવિરહકાળ ૧ સમય છે. અહીં ચ્યવન નથી. (૨૫૪- ૨૫૫)

**અડ સગ છ પંચ ચઉ તિન્નિ, દુન્નિ ઈક્કો ય સિજ્ઝમાણેસુ ।**
**બત્તીસાઈસુ સમયા, નિરંતરં અંતરં ઉવરિં ॥૨૫૬॥**

**બત્તીસા અડયાલા, સટ્ઠી બાવત્તરી ય અવહીઓ ।**
**ચુલસીઈ છન્નવઈ, દુરહિયમટ્ઠુત્તરસયં ચ ॥૨૫૭॥**

૩૨ વગેરે સિદ્ધ થતે છતે ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧ સમય નિરંતર હોય છે. ઉપર અંતર છે. (તે ૩૨ વગેરે) અવધિઓ આ પ્રમાણે છે- ૩૨, ૪૮, ૬૦, ૭૨, ૮૪, ૯૬, ૧૦૨ અને ૧૦૮. (૨૫૬, ૨૫૭)

**પણયાલલક્ખજોયણ-વિક્ખંભા સિદ્ધસિલ ફલિહવિમલા ।**
**તદુવરિગજોયણંતે, લોગંતો તત્થ સિદ્ધઠિઈ ॥૨૫૮॥**

૪૫ લાખ યોજન પહોળી સ્ફટિકની, નિર્મળ સિદ્ધશિલા છે. તેની ઉપર એક યોજનને અંતે લોકનો છેડો છે ત્યાં સિદ્ધો રહેલા છે. (૨૫૮)

**બાવીસ સગ તિ દસ વાસ-સહસગણિ તિદિણ બેઇંદિયાઈસુ ।**
**બારસવાસુણપણદિણ, છમ્માસ તિપલિયઠિઈ જિટ્ઠા ॥૨૫૯॥**

(પૃથ્વીકાય, અપ્કાય, વાયુકાય, વનસ્પતિકાયની ક્રમશઃ) ૨૨,૦૦૦ વર્ષ, ૭,૦૦૦ વર્ષ, ૩૦૦૦ વર્ષ, ૧૦,૦૦૦ વર્ષ, તેઉકાયની ૩ દિવસ, બેઇન્દ્રિય વગેરેમાં ક્રમશઃ ૧૨ વર્ષ - ૪૯ દિવસ - ૬ માસ - ૩ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૨૫૯)

**સણ્હા ય સુદ્ધવાલુય, મણોસિલા સક્કરા ય ખરપુઢવી ।**
**ઈગ બાર ચઉદ સોલસ-ટ્ઠાર બાવીસ સમસહસા ॥૨૬૦॥**

સુંવાળી, શુદ્ધ, રેતી, મનશિલ (પારો), કાંકરા, કઠણ પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૧,૦૦૦ વર્ષ, ૧૨,૦૦૦ વર્ષ, ૧૪,૦૦૦ વર્ષ, ૧૬,૦૦૦ વર્ષ, ૧૮,૦૦૦ વર્ષ, ૨૨,૦૦૦ વર્ષ છે. (૨૬૦)

**ગબ્ભભુય જલયરોભય, ગબ્ભોરગ પુવ્વકોડિ ઉક્કોસા ।**
**ગબ્ભચઉપ્પયપક્ખિસુ, તિપલિય પલિયાઅસંખંસો ॥૨૬૧॥**

ગર્ભજ ભુજપરિસર્પ, બન્ને જલચર, ગર્ભજ ઉરપરિસર્પની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પૂર્વક્રોડ વર્ષ છે, ગર્ભજ ચતુષ્પદ અને પક્ષીઓમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૩ પલ્યોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. (૨૬૧)

**પુવ્વસ્સ ઉ પરિમાણં, સયરિં ખલુ વાસ કોડિલક્ખાઓ ।**
**છપ્પન્નં ચ સહસ્સા, બોદ્ધવ્વા વાસકોડીણં ॥૨૬૨॥**

પૂર્વનું પ્રમાણ ૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ છે. (૨૬૨)

**સંમુચ્છપણિંદિ-થલ-ખહયરુરગ-ભુયગ-જિટ્ઠઠિઇ કમસો ।**
**વાસસહસ્સા ચુલસી, બિસત્તરિ તિપન્ન બાયાલા ॥૨૬૩॥**

સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય, સ્થલચર (ચતુષ્પદ), ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રમશઃ ૮૪,૦૦૦ વર્ષ, ૭૨,૦૦૦ વર્ષ, ૫૩,૦૦૦ વર્ષ, ૪૨,૦૦૦ વર્ષ છે. (૨૬૩)

**એસા પુઢવાઈણં, ભવઠિઇ સંપયં તુ કાયઠિઈ ।**
**ચઉ એગિંદિસુ ણેયા, ઓસ્સપ્પિણિઓ અસંખેજ્જા ॥૨૬૪॥**

આ પૃથ્વીકાય વગેરેની ભવસ્થિતિ છે. હવે કાયસ્થિતિ કહીશ - ચાર એકેન્દ્રિયમાં અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી જાણવી. (૨૬૪)

**તાઓ વણંમિ અણંતા, સંખેજ્જા વાસસહસ વિગલેસુ ।**
**પંચિંદિ-તિરિ-નરેસુ, સત્તટ્ઠ ભવા ઉ ઉક્કોસા ॥૨૬૫॥**

વનસ્પતિકાયમાં અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી, વિકલે-*ન્દ્રિયમાં સંખ્યાતા હજાર વર્ષ, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોમાં* ૭-૮ ભવ ઉત્કૃષ્ટ કાયસ્થિતિ છે. (૨૬૫)

**સવ્વેસિંપિ જહન્ના, અંતમુહુત્તં ભવે ય કાયે ય ।**
**જોયણસહસ્સમહિયં, એગિંદિયદેહમુક્કોસં ॥૨૬૬॥**

બધા જીવોની જઘન્ય ભવસ્થિતિ અને કાયસ્થિતિ અંતર્મુહૂર્ત છે. એકેન્દ્રિયનું ઉત્કૃષ્ટ શરીરમાન સાધિક હજાર યોજન છે. (૨૬૬)

**બિતિચઉરિંદિસરીરં, બારસજોયણ તિકોસ ચઉકોસં ।**
**જોયણસહસ પણિંદિય, ઓહે વુચ્છં વિસેસં તુ ॥૨૬૭॥**

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયનું ક્રમશઃ ૧૨ યોજન, ૩ ગાઉ, ૪ ગાઉ અને પંચેન્દ્રિયનું ઓઘે ૧૦૦૦ યોજન ઉત્કૃષ્ટ શરીરમાન છે. વિશેષ શરીરમાન હવે કહીશ. (૨૬૭)

**અંગુલઅસંખભાગો, સુહુમનિગોઓ અસંખગુણ વાઊ ।**
**તો અગણિ તઓ આઊ, તત્તો સુહુમા ભવે પુઢવી ॥૨૬૮॥**

**તો બાયરવાઉગણી, આઊ પુઢવી નિગોઅ અણુક્કમસો ।**
**પત્તેઅવણસરીરં, અહિયં જોયણસહસ્સં તુ ॥૨૬૯॥**

સૂક્ષ્મ નિગોદનું શરીરમાન અંગુલના અસંખ્યાતમા ભાગનું છે. તેના કરતા સૂક્ષ્મ વાયુકાયનું અસંખ્યગુણ, તેના કરતા સૂક્ષ્મ તેઉકાયનું અસંખ્યગુણ, તેના કરતા સૂક્ષ્મ અપ્કાયનું અસંખ્યગુણ, તેના કરતા સૂક્ષ્મ પૃથ્વીકાયનું અસંખ્યગુણ, તેના કરતા બાદર વાયુકાય - તેઉકાય - અપ્કાય - પૃથ્વીકાય, નિગોદનું ક્રમશઃ અસંખ્યગુણ શરીરમાન છે, પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર સાધિક ૧૦૦૦ યોજન છે. (૨૬૮, ૨૬૯)

**ઉસ્સેહંગુલજોયણ-સહસ્સમાણે જલાસએ નેયં ।**
**તં વલ્લિપઉમપમુહં, અઓ પરં પુઢવીરૂવં તુ ॥૨૭૦॥**

ઉત્સેધાંગુલથી ૧૦૦૦ યોજન પ્રમાણવાળા સરોવરમાં તે

(પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર) વેલડી, કમળ વગેરેનું જાણવું. એનાથી વધુ પ્રમાણવાળા પૃથ્વીકાયરૂપ જાણવા. (૨૭૦)

**બારસજોયણ સંખો, તિકોસ ગુમ્મીય જોયણં ભમરો ।**
**મુચ્છિમચઉપયભુયગુરગ, ગાઉઅ-ધણુ-જોયણ-પુહત્તં ॥૨૭૧॥**

૧૨ યોજન પ્રમાણ શંખ, ૩ ગાઉ પ્રમાણ કાનખજુરા, ૧ યોજન પ્રમાણ ભમરો છે. સંમૂર્ચ્છિમ ચતુષ્પદ-ભુજપરિસર્પ-ઉરપરિસર્પનું શરીરમાન ક્રમશઃ ગાઉપૃથક્ત્વ, ધનુષ્યપૃથક્ત્વ અને યોજનપૃથક્ત્વ છે. (૨૭૧)

**ગબ્ભચઉપ્પય છગ્ગાઉયાઈ, ભુયગા ઉ ગાઉયપુહત્તં ।**
**જોયણસહસ્સમુરગા, મચ્છા ઉભયે વિ ય સહસ્સં ॥૨૭૨॥**

ગર્ભજ ચતુષ્પદનું ૬ ગાઉ, ગર્ભજ ભુજપરિસર્પનું ગાઉપૃથક્ત્વ, ગર્ભજ ઉરપરિસર્પનું ૧૦૦૦ યોજન, બન્ને (ગર્ભજ-સંમૂર્ચ્છિમ) માછલાનું ૧૦૦૦ યોજન શરીરમાન છે. (૨૭૨)

**પક્ખિદુગ ધણુપુહત્તં, સવ્વાણંગુલઅસંખભાગ લહૂ ।**
**વિરહો વિગલાસન્નીણ, જમ્મમરણેસુ અંતમુહૂ ॥૨૭૩॥**
**ગબ્ભે મુહુત્ત બારસ, ગુરુઓ લહુ સમય સંખ સુરતુલ્લા ।**
**અણુસમયમસંખિજ્જા, એગિંદિય હુંતિ ય ચવંતિ ॥૨૭૪॥**

બે (ગર્ભજ-સંમૂર્ચ્છિમ) પક્ષીઓનું ધનુષ્યપૃથક્ત્વ, બધાનું જઘન્ય શરીરમાન અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચનો અંતમુહૂર્ત, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચનો ૧૨ મુહૂર્ત ઉત્કૃષ્ટ ઉપપાત-ચ્યવન વિરહકાળ છે, જઘન્ય ૧ સમય છે. એક સમયે ઉપપાત-ચ્યવન સંખ્યા દેવતુલ્ય છે. એકેન્દ્રિય પ્રતિસમય અસંખ્યાતા ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. (૨૭૩, ૨૭૪)

**વણકાઈઓ અણંતા, ઈક્કિક્કાઓ વિ જં નિગોયાઓ ।**
**નિચ્ચમસંખો ભાગો, અણંતજીવો ચયઈ એઈ ॥૨૭૫॥**

વનસ્પતિકાયમાં દરેક સમયે અનંતા ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે, કેમકે એક-એક નિગોદમાં હંમેશા અનંતજીવોવાળો અસંખ્યાતમો ભાગ ચ્યવે છે અને ઉત્પન્ન થાય છે. (૨૭૫)

**ગોલા ય અસંખિજ્જા, અસંખ નિગોયઓ હવઈ ગોલો ।**
**ઈક્કિક્કંમિ નિગોએ, અણંતજીવા મુણેયવ્વા ॥૨૭૬॥**

અસંખ્ય ગોળા છે, અસંખ્ય નિગોદવાળો ૧ ગોળો છે, એક એક નિગોદમાં અનંત જીવો જાણવા. (૨૭૬)

**અત્થિ અણંતા જીવા, જેહિં ન પત્તો તસાઈ પરિણામો ।**
**ઉપ્પજ્જંતિ ચયંતિ ય, પુણોવિ તત્થેવ તત્થેવ ॥૨૭૭॥**

અનંતજીવો એવા છે કે જેઓ ત્રસ વગેરે પરિણામ નથી પામ્યા. તેઓ ફરી ત્યાં ને ત્યાં જ ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. (૨૭૭)

**સવ્વોવિ કિસલઓ ખલુ, ઉગ્ગમમાણો અણંતઓ ભણિઓ ।**
**સો ચેવ વિવઢ્ઢન્તો, હોઈ પરિત્તો અણંતો વા ॥૨૭૮॥**

ઉત્પન્ન થતો બધો કિસલય (પ્રથમ પાંદડાની અવસ્થા) અનંતકાય કહ્યો છે. તે જ વધતો થકો પ્રત્યેક કે અનંતકાય થાય છે. (૨૭૮)

**જયા મોહોદઓ તિવ્વો, અન્નાણં ખુ મહબ્ભયં ।**
**પેલવં વેયણીયં તુ, તયા એગિંદિયત્તણં ॥૨૭૯॥**

જ્યારે મોહોદય તીવ્ર હોય, મહાભયરૂપ અજ્ઞાન હોય અને અસાર (અસાતા) વેદનીયનો ઉદય હોય ત્યારે જીવો એકેન્દ્રિયપણું પામે. (૨૭૯)

**તિરિએસુ જંતિ સંખાઉ, તિરિનરા જા દુકપ્પદેવાઓ ।**
**પજ્જત્તસંખગબ્ભય-બાયરભૂદગપરિત્તેસુ ॥૨૮૦॥**
**તો સહસારંતસુરા, નિરયા ય પજ્જત્તસંખગબ્ભેસુ ।**
**સંખપણિંદિયતિરિયા, મરિઉં ચઉસુ વિ ગઈસુ જન્તિ ॥૨૮૧॥**

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચો-મનુષ્યો, તિર્યંચમાં જાય છે. બે દેવલોક સુધીના દેવો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ (તિર્યંચ-મનુષ્ય) અને બાદર પૃથ્વીકાય, અપકાય પ્રત્યેક વનસ્પતિકાયમાં જાય છે. ત્યાર પછી સહસ્રાર સુધીના દેવો અને નારકો સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પર્યાપ્તા ગર્ભજ (તિર્યંચ-મનુષ્ય)માં જાય. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચો મરીને ચારેય ગતિમાં જાય છે. (૨૮૦, ૨૮૧)

**થાવર-વિગલા નિયમા, સંખાઉયતિરિનરેસુ ગચ્છન્તિ ।**
**વિગલા લબ્ભિજ્જ વિરઈં, સમ્મંપિ ન તેઉવાઉચુયા ॥૨૮૨॥**

સ્થાવર અને વિકલેન્દ્રિય અવશ્ય સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા તિર્યંચો-મનુષ્યોમાં જાય છે. વિકલેન્દ્રિયમાંથી ચ્યવેલા સર્વવિરતિ પામે, તેઉકાય-વાયુકાયમાંથી ચ્યવેલા સમ્યક્ત્વ પણ ન પામે. (૨૮૨)

**પુઢવી-દગ-પરિત્તવણા, બાયરપજ્જત્ત હુન્તિ ચઉલેસા ।**
**ગબ્ભયતિરિયનરાણં, છલ્લેસા તિન્નિ સેસાણં ॥૨૮૩॥**

બાદર પર્યાપ્તા પૃથ્વીકાય-અપ્‌કાય-પ્રત્યેકવનસ્પતિકાય ચાર લેશ્યાવાળા છે, ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોને ૬ લેશ્યા હોય છે, શેષ જીવોને ૩ લેશ્યા હોય છે. (૨૮૩)

**અંતમુહુત્તંમિ ગએ, અંતમુહુત્તંમિ સેસએ ચેવ ।**
**લેસાહિ પરિણયાહિં, જીવા વચ્ચંતિ પરલોયં ॥૨૮૪॥**

અંતર્મુહૂર્ત ગયે છતે અને અંતર્મુહૂર્ત શેષ હોતે છતે પરિણામ પામેલી લેશ્યાઓ વડે જીવો પરલોકમાં જાય છે. (૨૮૪)

**તિરિ-નર આગામિભવલેસ્સાએ, અઈગયે સુરા નિરયા ।**
**પુવ્વભવલેસ્સસેસે, અંતમુહુત્તે મરણમિંતિ ॥૨૮૫॥**

તિર્યંચો અને મનુષ્યો આગામી ભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત ગયે છતે અને દેવ-નારકો પૂર્વભવની લેશ્યાનું અંતર્મુહૂર્ત બાકી હોતે છતે મરણ પામે છે. (૨૮૫)

**અંતમુહુત્તઠિઈઓ, તિરિયનરાણં હવન્તિ લેસ્સાઓ ।**
**ચરિમા નરાણ પુણ, નવવાસૂણા પુવ્વકોડી વિ ॥૨૮૬॥**

તિર્યંચો-મનુષ્યોની લેશ્યાઓ અંતર્મૂહુર્ત સ્થિતિવાળી હોય છે. મનુષ્યોની છેલ્લી (શુક્લ) લેશ્યા ૯ વર્ષ ન્યૂન ૧ પૂર્વક્રોડ વર્ષની પણ હોય. (૨૮૬)

**તિરિયાણ વિ ઠિઇપમુહં, ભણિયમસેસં પિ સંપયં વુચ્છં ।**
**અભિહિયદારબ્ભહિયં, ચઉગઈજીવાણ સામન્નં ॥૨૮૭॥**

તિર્યંચોનું પણ સ્થિતિ વગેરે બધુ ય કહ્યું. હવે કહેલા દ્વારથી અધિક ચારે ગતિના જીવોને વિષે સામાન્યથી કહીશ. (૨૮૭)

**દેવા અસંખનરતિરિ, ઈત્થી પુંવેય ગબ્ભનરતિરિયા ।**
**સંખાઉયા તિવેયા, નપુંસગા નારયાઈઆ ॥૨૮૮॥**

દેવો, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચો સ્ત્રીવેદી અને પુરુષવેદી છે. સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ મનુષ્યો-તિર્યંચો ત્રણ વેદવાળા છે. નારકી વગેરે નપુંસકવેદવાળા છે. (૨૮૮)

**આયંગુલેણ વત્થું, સરીરમુસ્સેહઅંગુલેણ તહા ।**
**નગપુઢવિવિમાણાઇં, મિણસુ પમાણંગુલેણં તુ ॥૨૮૯॥**

આત્માંગુલથી વાસ્તુ (મકાન વગેરે), ઉત્સેધાંગુલથી શરીર અને પ્રમાણાંગુલથી પર્વત-પૃથ્વી-વિમાન વગેરે માપ. (૨૮૯)

**સત્થેણ સુતિક્ખેણ વિ, છેત્તું ભિત્તું ચ જં કિર ન સક્કા ।**
**તં પરમાણું સિદ્ધા, વયંતિ આઈ પમાણાણં ॥૨૯૦॥**

ખૂબ તીક્ષ્ણ એવા પણ શસ્ત્ર વડે જે છેદી અને ભેદી નથી શકાતો તે પરમાણુને સિદ્ધો પ્રમાણની આદિ (શરૂઆત) કહે છે. (૨૯૦)

**પરમાણુ તસરેણુ, રહરેણુ વાલઅગ્ગ લિક્ખા ય ।**
**જૂય જવો અટ્ઠગુણા, કમેણ ઉસ્સેહઅંગુલયં ॥૨૯૧॥**
**અંગુલછક્કં પાઓ, સો દુગુણ વિહત્થિ સા દુગુણ હત્થો ।**
**ચઉહત્થં ધણુ દુસહસ, કોસો તે જોયણં ચઉરો ॥૨૯૨॥**

પરમાણુ, ત્રસરેણુ, રથરેણુ, વાલાગ્ર, લીખ, જૂ, જવ, ઉત્સેધાંગુલ ક્રમશઃ આઠગુણ કરતા થાય છે. છ અંગુલનો ૧ પાદ, તે બમણો ૧ વેંત, તે બમણો ૧ હાથ, ચાર હાથનું ૧ ધનુષ્ય, ૨૦૦૦ ધનુષ્યનો ૧ કોશ, ચાર કોશનો એક યોજન થાય. (૨૯૧, ૨૯૨)

**ચઉસયગુણં પમાણંગુલ-મુસ્સેહંગુલાઓ બોદ્ધવ્વં ।**
**ઉસ્સેહંગુલદુગુણં, વીરસ્સાયંગુલં ભણિયં ॥૨૯૩॥**

ઉત્સેધાંગુલથી પ્રમાણાંગુલ ૪૦૦ ગણુ જાણવુ. બમણુ ઉત્સેધાંગુલ તે વીરપ્રભુનું ૧ આત્માંગુલ કહ્યુ છે. (૨૯૩)

**પુઢવાઈસુ પત્તેયં સગ, વણપત્તેયણંત દસ ચઉદસ ।**
**વિગલે દુ દુ સુર-નારય-તિરિ, ચઉ ચઉ ચઉદસ નરેસુ ॥૨૯૪॥**

પૃથ્વીકાય વગેરે દરેકની ૭ લાખ, પ્રત્યેક-અનંતકાય વનસ્પતિકાયની ક્રમશઃ ૧૦ લાખ અને ૧૪ લાખ, વિકલેન્દ્રિયની દરેકની ૨ લાખ, દેવો-નારકો-તિર્યંચોની ૪-૪ લાખ મનુષ્યોની ૧૪ લાખ યોનિ છે. (૨૯૪)

**જોણીણ હોંતિ લક્ખા, સવ્વે ચુલસી ઈહેવ ઘેપ્પંતિ ।**
**સમવણ્ણાઈસમેઆ, એગત્તેણેવ સામન્ના ॥૨૯૫॥**

બધી મળીને ૮૪ લાખ યોનિ છે. સમાન વર્ણ વગેરેથી યુક્ત હોવાથી એકપણા વડે જાતિરૂપ થયેલી યોનિઓનું આ ૮૪ લાખ યોનિમાં જ ગ્રહણ થઈ જાય છે. (૨૯૫)

**એગિંદિએસુ પંચસુ, બાર સગ તિ સત્ત અડ્ઠવીસા ય ।**
**વિગલેસુ સત્ત અડ નવ, જલ-ખહ-ચઉપય-ઉરગ ભુયગે ॥૨૯૬॥**
**અદ્ધતેરસ બારસ, દસ દસ નવગં નરામરે નરએ ।**
**બારસ છવ્વીસ પણવીસ, હુન્તિ કુલકોડિલક્ખાઈં ॥૨૯૭॥**

પાંચ એકેન્દ્રિયોમાં ક્રમશઃ ૧૨ લાખ, ૭ લાખ, ૩ લાખ, ૭ લાખ, ૨૮ લાખ, વિકલેન્દ્રિયમાં ક્રમશઃ ૭ લાખ, ૮ લાખ, ૯ લાખ, જલચર-ખેચર-ચતુષ્પદ-ઉરપરિસર્પ-ભુજપરિસર્પમાં ક્રમશઃ સાડા ૧૨ લાખ - ૧૨ લાખ - ૧૦ લાખ - ૧૦ લાખ - ૯ લાખ, મનુષ્ય-દેવ-નારકમાં ક્રમશઃ ૧૨ લાખ - ૨૬ લાખ - ૨૫ લાખ કુલકોટી છે. (૨૯૬- ૨૯૭)

**ઈગ કોડિ સત્તનવઈ, લક્ખા સઢ્ઢા કુલાણ કોડીણં ।**
**સંવુડજોણિ સુરેગિંદિનારયા, વિયડ વિગલ ગબ્ભુભયા ॥૨૯૮॥**

કુલ ૧,૯૭,૫૦,૦૦૦ કુલકોટી છે. દેવો-એકેન્દ્રિય-નારકો સંવૃત (ઢંકાયેલી) યોનિવાળા છે, વિકલેન્દ્રિય વિવૃત (પ્રગટ) યોનિવાળા છે. ગર્ભજ જીવો સંવૃત-વિવૃત યોનિવાળા છે. (૨૯૮)

**અચિત્તજોણિ સુર-નિરય, મીસ ગબ્ભે તિભેય સેસાણં ।**
**સીઉસિણ નિરયસુરગબ્ભ, મીસ ઉસિણ સેસ તિહા ॥૨૯૯॥**

દેવો-નારકો અચિત્ત યોનિવાળા છે, ગર્ભજ જીવો મિશ્ર યોનિવાળા છે, શેષ જીવો ત્રણ પ્રકારની યોનિવાળા છે. નારકો શીત અને ઉષ્ણ યોનિવાળા છે. દેવો અને ગર્ભજ મનુષ્યો-તિર્યંચો મિશ્ર યોનિવાળા છે, તેઉકાય ઉષ્ણ યોનિવાળા છે, શેષ જીવો ત્રણ પ્રકારની યોનિવાળા છે. (૨૯૯)

**હયગબ્ભ સંખવત્તા, જોણી કુમુન્નયાઈ જાયંતિ ।**
**અરિહ હરિ ચક્કિ રામા, વંસીપત્તાઈ સેસનરા ॥૩૦૦॥**

શંખાવર્ત યોનિ ગર્ભને હણી નાખે છે. કુર્મોન્નત યોનિમાં અરિહંત, વાસુદેવ, ચક્રવર્તી અને બળદેવ ઉત્પન્ન થાય છે. શેષ મનુષ્યો વંશીપત્રા યોનિમાં ઉત્પન્ન થાય છે. (૩૦૦)

**આઉસ્સ બંધકાલો, અબાહકાલો ય અંતસમઓ ય ।**
**અપવત્તણણપવત્તણ, ઉવક્કમણુવક્કમા ભણિયા॥૩૦૧॥**

આયુષ્યના બંધકાલ, અબાધાકાલ, અંતસમય, અપવર્તન, અનપવર્તન, ઉપક્રમ, અનુપક્રમ કહ્યા છે. (૩૦૧)

**બંધન્તિ દેવનારય, અસંખતિરિનર છમાસસેસાઊ ।**
**પરભવિયાઉં સેસા, નિરુવક્કમ તિભાગસેસાઊ ॥૩૦૨॥**
**સોવક્કમાઉયા પુણ, સેસતિભાગે અહવ નવમભાગે ।**
**સત્તાવીસઈમે વા, અંતમુહુત્તંતિમે વાવિ ॥૩૦૩॥**

દેવો - નારકો - અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચો છ માસ આયુષ્ય બાકી હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે. શેષ નિરુપક્રમ આયુષ્યવાળા જીવો ત્રીજો ભાગ આયુષ્ય

બાકી હોય ત્યારે પરભવાયુષ્ય બાંધે. સોપક્રમ આયુષ્યવાળા જીવો ત્રીજો ભાગ અથવા નવમો ભાગ અથવા સત્યાવીશમો ભાગ આયુષ્ય બાકી હોય ત્યારે અથવા છેલ્લા અંતર્મુહૂર્તમાં પરભવાયુષ્ય બાંધે. (૩૦૨- ૩૦૩)

**જઈમે ભાગે બંધો, આઉસ્સ ભવે અબાહકાલો સો ।**
**અંતે ઉજ્જુગઈ ઈગ, સમય વક્ક ચઉ પંચ સમયંતા ॥૩૦૪॥**

જેટલામા ભાગે આયુષ્યનો બંધ થાય તેટલો કાળ અબાધા છે. અંતે ઋજુગતિ ૧ સમયની અને વક્રગતિ ૪ કે ૫ સમય સુધીની હોય છે. (૩૦૪)

**ઉજ્જુગઈપઢમસમએ, પરભવિયં આઉયં તહાહારો ।**
**વક્કાઈ બીયસમએ, પરભવિયાઉં ઉદયમેઈ ॥૩૦૫॥**

ઋજુગતિના પહેલા સમયે પરભવનું આયુષ્ય અને આહાર ઉદયમાં આવે છે, વક્રગતિના બીજા સમયે પરભવનું આયુષ્ય ઉદયમાં આવે છે. (૩૦૫)

**ઈગ-દુ-તિ-ચઉ-વક્કાસુ, દુગાઈસમએસુ પરભવાહારો ।**
**દુગવક્કાઈસુ સમયા, ઈગ દો તિન્નિ ય અણાહારા ॥૩૦૬॥**

૧,૨,૩,૪ વક્રવાળી વિગ્રહગતિમાં ક્રમશઃ બીજા વગેરે સમયે પરભવનો આહાર હોય છે. બે વગેરે વક્રવાળી વિગ્રહગતિમાં ક્રમશઃ ૧,૨,૩ સમય અણાહારી હોય છે. (૩૦૬)

**બહુકાલવેયણિજ્જં, કમ્મં અપ્પેણ જમિહ કાલેણં ।**
**વેઈજ્જઈ જુગવં ચિય, ઉઈન્નસવ્વપએસગ્ગં ॥૩૦૭॥**
**અપવત્તણિજ્જમેયં, આઉં અહવા અસેસકમ્મંપિ ।**
**બંધસમએવિ બદ્ધં, સિઢિલં ચિય તં જહાજોગં ॥૩૦૮॥**

અહીં ઘણા કાળે ભોગવવા યોગ્ય જે કર્મ અલ્પકાળમાં બધા પ્રદેશોના ઉદય દ્વારા એક સાથે ભોગવાય છે તે અપર્વતનીય આયુષ્ય છે અથવા બધા કર્મો છે. તે બંધસમયે પણ યથાયોગ્ય રીતે ઢીલું જ બાંધેલું હોય છે. (૩૦૭- ૩૦૮)

**જં પુણ ગાઢનિકાયણબંધેણં, પુવ્વમેવ કિલ બદ્ધં ।**
**તં હોઈ અણપવત્તણ-જુગ્ગં કમવેયણિજ્જફલં ॥૩૦૯॥**

જે પહેલા જ ગાઢ નિકાચિત બંધ વડે બાંધેલું હોય તે અનપવર્તનયોગ્ય કર્મ છે. તે ક્રમે કરીને ભોગવવા યોગ્ય ફળવાળું છે. (૩૦૯)

**ઉત્તમચરમસરીરા, સુરનેરઈયા અસંખનરતિરિયા ।**
**હુન્તિ નિરુવક્કમાઓ, દુહાવિ સેસા મુણેયવ્વા ॥૩૧૦॥**

ઉત્તમ પુરુષો, ચરમશરીરી જીવો, દેવો, નારકો, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્યો-તિર્યંચો નિરુપક્રમ આયુષ્યવાળા છે, શેષ જીવો બન્ને પ્રકારના જાણવા. (૩૧૦)

**જેણાઉમુવક્કમિજ્જઈ, અપ્પસમુત્થેણ ઈયરગેણાવિ ।**
**સો અજ્ઝવસાણાઈ, ઉવક્કમણુવક્કમો ઈયરો ॥૩૧૧॥**

પોતાનાથી ઉત્પન્ન થયેલા અથવા અન્ય એવા પણ જેના વડે આયુષ્યનો ઉપક્રમ થાય તે અધ્યવસાય વગેરે ઉપક્રમ છે અને બીજા અનુપક્રમ છે. (૩૧૧)

**અજ્ઝવસાણ નિમિત્તે, આહારે વેયણા પરાઘાએ ।**
**ફાસે આણાપાણૂ, સત્તવિહં ઝિજ્ઝએ આઉં ॥૩૧૨॥**

અધ્યવસાય, નિમિત્ત, આહાર, વેદના, પરાઘાત, સ્પર્શ, શ્વાસોચ્છ્વાસ - આ સાત રીતે આયુષ્ય ક્ષય પામે છે. (૩૧૨)

**આહાર સરીરિંદિય, પજ્જત્તી આણપાણ ભાસ મણે ।**
**ચઉ પંચ પંચ છપ્પિ ય, ઈગવિગલાસન્નિસન્નીણં ॥૩૧૩॥**

આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન- આ છ પર્યાપ્તિ છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞીને ક્રમશઃ ૪,૫,૫ અને ૬ પર્યાપ્તિ હોય છે. (૩૧૩)

**આહાર-સરીરિંદિય-ઊસાસ-વઉ-મણોઽભિનિવ્વત્તી ।**
**હોઈ જઓ દલિયાઓ, કરણં પઈ સા ઉ પજ્જત્તી ॥૩૧૪॥**

જે દલિકોમાંથી જે શક્તિ વડે આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, વચન અને મન બને છે તે પર્યાપ્તિ છે. (૩૧૪)

**પણિંદિયતિબલૂસા, આઉઅ દસપાણ ચઉ છ સગ અટ્ઠ ।**
**ઈગ-દુ-તિ-ચઉરિંદીણં, અસન્નિ-સન્નીણ નવ દસ ય ॥૩૧૫॥**

પાંચ ઈન્દ્રિય, ૩ બળ, શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય - આ ૧૦ પ્રાણ છે. એકેન્દ્રિય-બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિયને ક્રમશઃ ૪, ૬, ૭, ૮ પ્રાણ છે, અસંજ્ઞી-સંજ્ઞીને ક્રમશઃ ૯ અને ૧૦ પ્રાણ છે. (૩૧૫)

**સંખિત્તા સંઘયણી, ગુરુતરસંઘયણિમજ્ઝઓ એસા ।**
**સિરિ-સિરિચંદમુણિંદેણ, નિમ્મિયા અપ્પપઢણટ્ઠા ॥૩૧૬॥**

શ્રી શ્રીચન્દ્રસૂરિએ પોતાના અભ્યાસ માટે મોટી સંગ્રહણિમાંથી આ સંક્ષિપ્ત સંગ્રહણિ બનાવી. (૩૧૬)

**સંખિત્તયરી ઉ ઈમા, સરીરમોગાહણા ય સંઘયણા ।**
**સન્ના સંઠાણ કસાય, લેસિંદિય દુસમુગ્ઘાયા ॥૩૧૭॥**
**દિટ્ઠી-દંસણ-નાણે, જોગુ-વઓગો-વવાય-ચવણ-ઠિઈ ।**
**પજ્જત્તિ-કિમાહારે, સન્નિ-ગઈ-આગઈ-વેએ ॥૩૧૮॥**

આ વધુ સંક્ષિપ્ત સંગ્રહણિ છે - શરીર, અવગાહના, સંઘયણ, સંજ્ઞા, સંસ્થાન, કષાય, લેશ્યા, ઈન્દ્રિય, બે સમુદ્‌ઘાત, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, યોગ, ઉપયોગ, ઉપપાત, ચ્યવન, સ્થિતિ, પર્યાપ્તિ, કિમાહાર, સંજ્ઞી, ગતિ, આગતિ, વેદ. (૩૧૭- ૩૧૮)

**મલહારિહેમસૂરીણ, સીસલેસેણ વિરઈયં સમ્મં ।**
**સંઘયણિરયણમેયં, નંદઈ જા વીરજિણતિત્થં ॥૩૧૯॥**

મલધારી શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજના શિષ્યલેશે સારી રીતે રચેલ આ સંગ્રહણિરત્ન જ્યાં સુધી વીરપ્રભુનું તીર્થ છે ત્યાં સુધી વૃદ્ધિ પામે. (૩૧૯)

## શ્રીસંગ્રહણિરત્નને ઉપયોગી પ્રક્ષેપગાથાઓ

**પંચ સયા બાવીસા, તિન્નેવ સયા ઉ હુંતિ છપ્પન્ના ।**
**તિન્નિ સયા અડયાલા, સણંકુમારસ્સ વટ્ટાઈ ॥ ૧ ॥**

સનત્કુમાર દેવલોકના ગોળ વગેરે વિમાનો ક્રમશઃ ૫૨૨, ૩૫૬ અને ૩૪૮ છે. (૧)

**સત્તરિસયમણૂણં, તિન્નેવ સયા હવન્તિ છપ્પન્ના ।**
**તિન્નિ સયા અડયાલા, વટ્ટાઈ માહિંદસગ્ગસ્સ ॥ ૨ ॥**

માહેન્દ્ર દેવલોકના ગોળ વગેરે વિમાનો ક્રમશઃ ૧૭૦, ૩૫૬ અને ૩૪૮ છે. (૨)

**ચોવત્તરિ ચુલસીયા, છસુત્તરયા દુવે દુવે સયાઓ ।**
**કપ્પંમિ બંભલોએ, વટ્ટા તંસા ય ચઉરંસા ॥ ૩ ॥**

બ્રહ્મલોક દેવલોકમાં ગોળ, ત્રિકોણ અને ચોરસવિમાનો ક્રમશઃ ૨૭૪, ૨૮૪ અને ૨૭૬ છે. (૩)

**તેણઉઅં ચેવ સયં, દો ચેવ સયા સયં ચ બાણઉયં ।**
**કપ્પંમિ લંતયંમિ, વટ્ટા તંસા ય ચઉરંસા ॥ ૪ ॥**

લાંતક દેવલોકમાં ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનો ક્રમશઃ ૧૯૩, ૨૦૦ અને ૧૯૨ છે. (૪)

**અટ્ઠાવીસં ચ સયં છત્તીસ-સયં સયં ચ બત્તીસં ।**
**કપ્પંમિ મહાસુક્કે, વટ્ટા તંસા ય ચઉરંસા ॥ ૫ ॥**

મહાશુક્ર દેવલોકમાં ગોળ, ત્રિકોણ અને ચોરસ વિમાનો ક્રમશઃ ૧૨૮, ૧૩૬ અને ૧૩૨ છે. (૫)

**અટ્ઠોત્તરં ચ સોલં, અટ્ઠ સયં ચેવ હોઅણૂણં તુ ।**
**કપ્પંમિ સહસ્સારે,વટ્ટા તંસા ય ચઉરંસા ॥ ૬ ॥**

સહસ્રાર દેવલોકમાં ગોળ, ત્રિકોણ અને ચોરસ વિમાનો ક્રમશઃ ૧૦૮, ૧૧૬ અને અન્યૂન ૧૦૮ છે. (૬)

**અડસીઈ બાણઉઈ, અટ્ઠાસીઈ ય હોઈ બોદ્ધવ્વા ।**
**આણયપાણયકપ્પે, વટ્ટા તંસા ય ચઉરંસા ॥ ૭ ॥**

આનત-પ્રાણત દેવલોકમાં ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનો ક્રમશઃ ૮૮, ૯૨ અને ૮૮ એમ જાણવા યોગ્ય છે. (૭)

**ચઉસટ્ઠી બાવત્તરિ, અડસટ્ઠી ચેવ હોઈ બોદ્ધવ્વા ।**
**આરણઅચ્ચુયકપ્પે, વટ્ટા તંસા ય ચઉરંસા ॥ ૮ ॥**

આરણ-અચ્યુત દેવલોકમાં ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનો ક્રમશઃ ૬૪, ૭૨ અને ૬૮ એમ જાણવા યોગ્ય છે. (૮)

**પણતીસા ચત્તાલા, છત્તીસા હેટ્ઠિમંમિ ગેવિજ્જે ।**
**તેવીસ અટ્ઠવીસા, ચઉવીસા ચેવ મજ્ઝિમએ ॥ ૯ ॥**

નીચેના ત્રણ ગ્રૈવેયકમાં ક્રમશઃ ૩૫, ૪૦, ૩૬ અને મધ્યમ ત્રણ ગ્રૈવેયકમાં ક્રમશઃ ૨૩, ૨૮, ૨૪ ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનો છે. (૯)

**એક્કારસ સોલસ, બારસેવ ગેવિજ્જ ઉવરિમે હુંતિ ।**
**એગં વટ્ટં તંસા, ચઉરો ય અણુત્તરવિમાણા ॥ ૧૦ ॥**

ઉપરના ત્રણ દેવલોકમાં ક્રમશઃ ૧૧, ૧૬, ૧૨ ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનો છે. અનુત્તર વિમાનો ૧ ગોળ અને ૪ ત્રિકોણ છે. (૧૦)

**અચ્ચી તહાચ્ચિમાલી, વઈરોયણ પભંકરં ય ચંદાભં ।**
**સૂરાભં સુક્કાભં, સુપઈટ્ઠાભં ચ રિટ્ઠાભં ॥ ૧૧ ॥**

અર્ચિ, અર્ચિમાલી, વૈરોચન, પ્રભંકર, ચન્દ્રાભ, સૂર્યાભ, શુક્રાભ, સુપ્રતિષ્ઠાભ, રિષ્ટાભ (આ ૯ લોકાન્તિક દેવોના વિમાનો છે.) (૧૧)

**સારસ્સયમાઈચ્ચા, વણ્હી વરૂણા ય ગદતોયા ય ।**
**તુસિયા અવ્વાબાહા, અગ્ગીચ્ચા ચેવ રિટ્ઠા ય ॥ ૧૨ ॥**

સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, અગ્નિ, રિષ્ટ- (આ ૯ લોકાન્તિક દેવોના નામ છે.) (૧૨)

**નાણસ્સ કેવલીણં, ધમ્માયરિયસ્સ સવ્વાસાહૂણં ।**
**માઈ અવણ્ણવાઈ, કિબ્બિસિયં ભાવણં કુણઈ ॥ ૧૩ ॥**

જ્ઞાનના, કેવળીના, ધર્માચાર્યના, સર્વસાધુઓના અવર્ણવાદ કરનાર, માયાવી કિલ્બિષિક ભાવના કરે છે. ( એટલે કે કિલ્બિષિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે.) (૧૩)

**કોઉયભૂઈકમ્મે, પસિણાપસિણે નિમિત્તમાજીવે ।**
**ઈઢ્ઢિ-રસ-સાય-ગુરુઓ, આભિઓગં ભાવણં કુણઈ ॥૧૪ ॥**

કૌતુક કરનાર, ભૂતિકર્મ કરનાર, પ્રશ્નાપ્રશ્ન કહેનાર, નિમિત્તથી આજીવિકા કરનાર, ઋદ્ધિ-રસ-સાતા ગારવવાળો આભિયોગિક ભાવના કરે છે. (એટલે કે આભિયોગિક દેવ તરીકે ઉત્પન્ન થાય છે.) (૧૪)

**તેસીયા પંચસયા, એક્કારસ ચેવ જોયણસહસ્સા ।**
**રયણાએ પત્થડંતર - મેગો ચિય જોયણતિભાગો ॥ ૧૫ ॥**

રત્નપ્રભા પૃથ્વીમાં પ્રતરોનું આંતરુ ૧૧,૫૮૩$\frac{૧}{૩}$ યોજન છે. (૧૫)

**સત્તાણઉઈ સયાઈ, બીયાએ પત્થડંતરં હોઈ ।**
**પણસત્તરિ તિન્નિ સયા, બારસ ય સહસ્સ તઈયાએ ॥ ૧૬ ॥**

બીજી પૃથ્વીમાં પ્રતરોનું આંતરુ ૯૭૦૦ યોજન છે. ત્રીજી પૃથ્વીમાં પ્રતરોનું આંતરુ ૧૨,૩૭૫ યોજન છે. (૧૬)

**છાવટ્ઠસયં સોલસ, સહસ્સ પંકાએ દો તિભાગા ય ।**
**અઢ્ઢાઈજ્જ સયાઈ, પણવીસસહસ્સ ધૂમાએ ॥ ૧૭ ॥**

ચોથી પૃથ્વીમાં પ્રતરોનું આંતરુ ૧૬,૧૬૬$\frac{૨}{૩}$યોજન છે. ધૂમપ્રભામાં પ્રતરોનું અંતર ૨૫,૨૫૦ યોજન છે. (૧૭)

**બાવન્ન સહસ્સાઈ, પંચેવ હવંતિ જોયણસયાઈ ।**
**પત્થડમંતરમેયં તુ, છટ્ઠપુઢવીએ નેયવ્વં ॥ ૧૮ ॥**

૫૨,૫૦૦ યોજન આ છઠ્ઠી પૃથ્વીમાં પ્રતરોનું આંતરુ જાણવું (૧૮)

**સીમંતઉત્થ પઢમો, બીઓ પુણ રોરુયત્તિ નાયવ્વો ।**
**ભંતો ઉણત્થ તઈઓ, ચઉત્થો હોઈ ઉબ્ભંતો ॥૧૯॥**
**સંભંતમસંભંતો, વિબ્ભંતો ચેવ સત્તમો નિરઓ ।**
**અટ્ઠમઓ તત્તો પુણ, નવમો સીઓત્તિ નાયવ્વો ॥ ૨૦ ॥**
**વક્કંતમવક્કંતો, વિક્કંતો ચેવ રોરુઓ નિરઓ ।**
**પઢમાએ પુઢવીએ, તેરસ નિરઈંદયા એએ ॥ ૨૧ ॥**

અહીં પહેલો સીમન્તક, બીજો રોરુક જાણવો, ત્રીજો ભ્રાંત, ચોથો ઉદ્‌ભ્રાન્ત છે, સમ્ભ્રાન્ત, અસમ્ભ્રાન્ત, સાતમો નરકાવાસ વિભ્રાન્ત, ત્યારપછી આઠમો વળી તપ્ત, નવમો શીત જાણવો. વ્યુત્ક્રાન્ત, અવ્યુત્ક્રાન્ત, વિક્રાન્ત અને રોરુક નરકાવાસ - આ પહેલી પૃથ્વીના તેર નરકેન્દ્રક છે. (૧૯, ૨૦, ૨૧)

**થણિએ થણએ મણએ અ તહા વણએ અ હોઈ નાયવ્વો ।**
**ઘટ્ટે તહ સંઘટ્ટે, જિબ્ભે અવજિબ્ભએ ચેવ ॥ ૨૨ ॥**
**લોલે લોલાવત્તે, તહેવ થણલોલુએ ય બોદ્ધવ્વે ।**
**બીયાએ પુઢવીએ, ઈક્કારસ ઈંદયા એએ ॥ ૨૩ ॥**

સ્તનિત, સ્તનક, મનક, વનક જાણવા યોગ્ય છે, ઘટ્ટ, સંઘટ્ટ, જિહ્વ, અપજિહ્વ, લોલ, લોલાવર્ત, સ્તનલોલુપ - આ બીજી પૃથ્વીના ૧૧ ઇન્દ્રક નરકાવાસ જાણવા (૨૨, ૨૩)

**તત્તો તવિઓ તવણો, તાવણો પંચમો નિદાઘો ય ।**
**છટ્ઠો પુણ પજ્જલિઓ, ઉજ્જલિઓ સત્તમો નિરઓ ॥ ૨૪ ॥**

**સંજલિઓ અટ્ઠમઓ, સંપજ્જલિઓ અ નવમઓ ભણિઓ ।**
**તઈયાએ પુઢવીએ, એએ નવ હોંતિ નરઈંદા ॥ ૨૫ ॥**

તપ્ત, તપિત, તપન, તાપન, પાંચમો નિદાઘ, છટ્ઠો વળી પ્રજ્વલિત, સાતમો ઉજ્જ્વલિત, આઠમો સંજ્વલિત અને નવમો સંપ્રજ્વલિત કહ્યો છે. આ ત્રીજી પૃથ્વીના નવ ઇન્દ્રક નરકેન્દ્રક છે. (૨૪- ૨૫)

**આરે તારે મારે, વચ્ચે તમએ ય હોઈ નાયવ્વે ।**
**ખાડખડે ય ખડખડે, ઈંદયનિરયા ચઉત્થીએ ॥ ૨૬ ॥**

આર, તાર, માર, વર્ચ, તમક જાણવા યોગ્ય છે, ખાડખડ, ખડખડ - આ ચોથી પૃથ્વીના ઇન્દ્રકનરકાવાસ છે. (૨૬)

**ખાએ તમએ અ તહા, ઝસે ય અંધે તહય તિમિસે અ ।**
**એએ પંચમપુઢવીએ, પંચ નિરઈંદયા હુંતિ ॥ ૨૭ ॥**

ખાદ, તમક, ઝષ, અંધક, તમિસ્ર - આ પાંચમી પૃથ્વીના પાંચ નરકેન્દ્રક છે. (૨૭)

**હિમ વદ્દલ લલ્લકે, તિન્નિ ય નિરઈંદયા ઉ છટ્ઠીએ ।**
**એક્કો ય સત્તમીએ, બોદ્ધવ્વો અપ્પઈટ્ઠાણો ॥ ૨૮ ॥**

હિમ, વર્દલ, લલ્લક આ છટ્ઠી પૃથ્વીના ત્રણ નરકેન્દ્રક છે. સાતમી પૃથ્વીમાં એક અપ્રતિષ્ઠાન નરકાવાસ છે. (૨૮)

**શ્રીસંગ્રહણિસૂત્રના મૂળગાથા-શબ્દાર્થ સમાપ્ત**

● ● ●

# રત્નપ્રભાપૃથ્વીમાં ભવનપતિ, વ્યન્તર, વાણવ્યન્તર અને નરકના સ્થાન

(ચિત્ર નં. ૧)




ચિત્રમાં તે તે વસ્તુઓ સ્પષ્ટ સમજી શકાય એ માટે માપો સ્કેલ પ્રમાણે લીધા નથી એમ આગળ પણ બધે જાણવું

# જ્યોતિષ વિમાનોના સ્થાનો

(ચિત્ર નં. ૨)



# તિર્ચ્છાલોક અને મનુષ્યક્ષેત્ર

(ચિત્ર નં. ૩)




૧ = જંબુદ્વીપ

૨ = લવણસમુદ્ર

૩ = ધાતકી ખંડ

૪ = કાળોદધિ સમુદ્ર

૫ = અર્ધપુષ્કરવર દ્વીપ (માનુષોત્તર પર્વતની અંદરનો)

૬ = અર્ધપુષ્કરવર દ્વીપ (માનુષોત્તર પર્વતની બહારનો)

૭ = પુષ્કરવર સમુદ્ર

# વૈમાનિક દેવલોકના એક પ્રતરમાં રહેલા આવલિકાગત અને પુષ્પાવકીર્ણ વિમાનો

(ચિત્ર નં. ૪)



# વૈમાનિક દેવલોકના આવલિકાગત ગોળ, ત્રિકોણ, ચોરસ વિમાનો

(ચિત્ર નં. ૫)

## ગોળ વિમાન




## ત્રિકોણ વિમાન




## ચોરસ વિમાન



# તમસ્કાય

## (ચિત્ર નં. ૬)


ત્રીજુ પ્રતર
બીજુ પ્રતર
પ્રથમ પ્રતર
બ્રહ્મલોક
માહેન્દ્ર
સનત્કુમાર
ઈશાન
સૌધર્મ
તમસ્કાય (કુકડાના પાંજરાના આકારે)
૧,૭૨૧ યોજન (ભીંત આકારે)
અસંખ્ય દ્વીપ-સમુદ્ર
અરુણવરદ્વીપ
અરુણવરસમુદ્ર
જંબૂદ્વીપ
૪૨,૦૦૦ યોજન
અસંખ્ય દ્વીપ-સમુદ્ર

# કૃષ્ણરાજી

(ચિત્ર નં. ૭)




छ = અર્ચિ વિમાન

अ = અર્ચિમાલી વિમાન

ब = વૈરોચન વિમાન

क = પ્રભંકર વિમાન

ख = ચન્દ્રાભ વિમાન

ग = સૂર્યાભ વિમાન

घ = શુક્રાભ વિમાન

च = સુપ્રતિષ્ઠાભ વિમાન

ज = રિષ્ટ વિમાન

## ચૌદ રાજલોકનું સ્વરૂપ તથા વૈમાનિક દેવલોકો અને નરકોના સ્થાનો

(ચિત્ર નં. ૮)



# નરકના એક પ્રતરના નરકાવાસો

(ચિત્ર નં. ૯)



# સિદ્ધશિલા અને સિદ્ધભગવંતો

## (ચિત્ર નં. ૧૦)



# નિગોદનું સ્વરૂપ

**(ચિત્ર નં. ૧૧)**



# નિશ્ચયમતે વક્રગતિમાં અને ઋજુગતિમાં પરભવના આયુષ્યનો ઉદય અને પરભવનો આહાર

**(ચિત્ર નં. ૧૨)**

**(૧) એક વક્રવાળી વક્રગતિ :**




**(૨) બે વક્રવાળી વક્રગતિ :**




**(૩) ત્રણ વક્રવાળી વક્રગતિ :**




**(૪) ચાર વક્રવાળી વક્રગતિ :**




**(૫) ઋજુગતિ :**



# વ્યવહારમતે વક્રગતિમાં અને ઋજુગતિમાં પરભવના આયુષ્યનો ઉદય અને પરભવનો આહાર

**(ચિત્ર નં. ૧૩)**

(૧) એક વક્રવાળી વક્રગતિ :




(૨) બે વક્રવાળી વક્રગતિ :




(૩) ત્રણ વક્રવાળી વક્રગતિ :




(૪) ચાર વક્રવાળી વક્રગતિ :




(૫) ઋજુગતિ :



# સમર્પણ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દી
વર્ષ નિમિત્તે આ ગ્રન્થપુષ્પ
ભવોદધિતારક પૂજ્ય પ્રગુરુદેવ
**શ્રીભુવનભાનુસૂરીશ્વરજી**
મહારાજાના કરકમલમાં
સાદર સમર્પણ કરું છું.

- આ. હેમચન્દ્રસૂરિ

# ત્રિલોક તીર્થ વંદના

**નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ-નિક્ષેપે**

**અરિહંત પરમાત્માની આરાધના**

**- આચાર્ય હેમચન્દ્રસૂરિ**

- ❑ પાંચ ભરતક્ષેત્રમાં અને પાંચ ઐરવતક્ષેત્રમાં ત્રણે ચોવીશીના ૭૨૦ તીર્થંકર ભગવંતો, પાંચ મહાવિદેહમાં ઉત્કૃષ્ટ કાળે થયેલા ૧૬૦ તીર્થંકર ભગવંતો, વર્તમાન વિહરમાન શ્રીસીમંધરસ્વામી આદિ વીશ તીર્થંકર ભગવંતો, ચાર શાસ્વત જિન, ચોવીશ ભગવાનના પાંચે કલ્યાણક-આમ સહસ્રકુટ ૧૦૨૪ જિનની આરાધના સચિત્ર...
- ❑ ઊર્ધ્વલોક-અધોલોક-વ્યંતર તથા જ્યોતિષચક્રના શાશ્વત ચૈત્યો...
- ❑ નંદીશ્વર દ્વીપ-રુચક દ્વીપ - કુંડલ દ્વીપ - માનુષોત્તર પર્વત પરના ચૈત્યો, મહાવિદેહક્ષેત્રના તથા જંબુદ્વીપમાં કુટો - વૈતાઢ્ય પર્વતો - દ્રહો - નદીના કુંડો - મેરૂ પર્વતના ચૈત્યો, આ જ રીતે ધાતકીખંડ - પુષ્કરવરાર્ધ દ્વીપના શાશ્વત ચૈત્યો, ચિત્રો - નકશાઓ સાથે...
- ❑ શત્રુંજય, ગીરનાર, અષ્ટાપદ, આબુ, સમેતશિખર તીર્થો, અન્ય ૧૦૮ તીર્થોના મૂળનાયક તથા ચૈત્યો સાથે કેટલાક આધુનિક તીર્થો... ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુ...
- ❑ અતીતમાં થયેલા તીર્થંકર ભગવંતો, અનાગતમાં થનારા તીર્થંકર ભગવંતો, વર્તમાનમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરતા દેવો-મનુષ્યો-નારકો...
- ❑ વર્તમાનમાં પાંચ મહાવિદેહક્ષેત્રમાં વિચરતા વીશ જિનેશ્વરો, ૮૪ ગણધરો, ૧૦ લાખ કેવળજ્ઞાની, ૧૦૦ કરોડ સાધુ-સાધ્વીઓ, અબજો શ્રાવક-શ્રાવિકાઓ અને અસંખ્ય ઈન્દ્રાદિ દેવોથી પરિવરિત શ્રીસીમંધરપ્રભુ...

આ બધાને જુહારવાનો, દર્શન-વંદન કરવાનો માહિતસભર અદ્ભુત ગ્રંથ એટલે 'ત્રિલોક તીર્થ વંદના'. આ ગ્રંથ જીવનને પ્રભુભક્તિથી ભરી દેશે.

## સુકૃતની કમાણી કરનાર
## પુણ્યશાળી પરિવાર

પદાર્થપ્રકાશ ભાગ-૮ના
પ્રકાશનનો સંપૂર્ણ લાભ
**'હેમસુકૃતનિધિ'**માંથી
**મૂળીબેન અંબાલાલ શાહ ખંભાતવાળાએ લીધેલ છે.**

હ. પુત્રવધૂ રમાબેન પુંડરીકભાઈ,
પૌત્રવધૂ ખ્યાતિ શર્મેશકુમાર, મલય-દર્શી,
પૌત્રી પ્રેરણા દેવેશકુમાર, મેઘ-કુંજીતા,
પૌત્રી પ્રીતિ રાજેશકુમાર, દેવાંશ-નિર્જરા.

સંપત્તિનો સદ્વ્યય કરનાર સૌભાગ્યશાળી
પરિવારની અમે ભૂરિ ભૂરિ
અનુમોદના કરીએ છીએ.